બજેટ

સને ૨૦૧૨ - ૨૦૧૩

અમદાવાદ
મ્યુનિસિપલ કોર્પોરેશન

૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનું અંદાજપત્ર

અનુક્રમણિકા

		પાના નંબર
૧	મ્યુનિસિપલ કોર્પોરેશન બોર્ડનો ઠરાવ	I
૨	સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવ	૧-૫૨
૩	મ્યુનિસિપલ કમિશનરશ્રીની નોંધ	૧-૧૧૫
૪	રેવન્યુ આવક-ખર્ચનું એબ્સ્ટ્રેકટ	A
૫	રેવન્યુ આવકનું એબ્સ્ટ્રેકટ	B
૬	રેવન્યુ આવક	૧–૧૪
૭	રેવન્યુ ખર્ચનું એબ્સ્ટ્રેકટ	C
૮	રેવન્યુ ખર્ચ	૧૫–૫૭
૯	કેપીટલ ખર્ચ	૫૮-૬૮
૧૦	કેપીટલ આવક	૬૯-૭૧
૧૧	અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ અને આર્થિક તથા સામાજીક પછાતવર્ગો	D to J

સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રને મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ખાસ સભા મ્યુ. કમ્પાઉન્ડમાં નવનિર્મિત મ્યુનિ. બિલ્ડીગના છઠ્ઠા માળે આવેલ "મહાત્મા ગાંધી હોલ" માં ગુરુવાર તા.૧૬/૦૨/૨૦૧૨ના રોજ સવારના ૧૦:૩૦ વાગે મળી હતી તેમાં થયેલા ઠરાવની નકલ.

કામ નં. ૫ ઠરાવ નંર૬૧૫ સને ૨૦૧૨-૧૩

ઠરાવ કર્યો કે સ્ટે. ક. ઠ. નં.૨૧૩૫ તા.૦૩/૦૨/૨૦૧૨ની ભલામણ અનુસાર સ્ટેન્ડીગ કમિટીના મજકુર ઠરાવમાં જણાવ્યા મુજબની ભલામણ અને સુધારા વધારા સાથે ધી બી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ની કલમ-૯૬ મુજબ વિગતવાર નોંધ સાથે તૈયાર કરેલ સને ૨૦૧૨-૧૩ના વર્ષમાં અંદાજપત્ર "એ" ની તથા ધી બી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ ની કલમ-૯૯ અનુસાર સને ૨૦૧૨-૧૩ની ટેક્ષેસન પ્રપોઝલની તથા મ્યુ. કો. ઠરાવ નં.૨૦૦ તા.૧૬/૧૧/૧૯૫૦મુજબસ્ટે.કમિટીસમક્ષડ્રાફટઅંદાજપત્રરજૂકરવામાંતેમજસ્ટે.કમિટીને અંદાજપત્ર "એ" તૈયાર કરવામાં તેમજ બજેટની છાપેલી નકલો મ્યુ. કાઉન્સીલરશ્રીઓને નિયત સમયમાં વહેંચવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવાની મંજૂરી આપવામાં આવે છે.

સને ૨૦૧૨-૨૦૧૩ નાં ડ્રાફ્ટ અંદાજપત્ર ઉપર સ્ટેન્ડીંગ કમિટીનો ઠરાવ નં.૨૧૩૫ તા.૦૩/૦૨/૨૦૧૨

ઠરાવ કર્યો કે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ બી.પી.એમ.સી. એકટની કલમ ૯૫ મુજબ તેઓનાં પત્ર ક્રમાંક :- CA/MIS/SC/૪ તા:- ૨૧/૦૧/૨૦૧૨ થી સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના આવક તથા ખર્ચના અંદાજો અને દરખાસ્તો વિગતવાર રજૂ કર્યા છે. સ્ટેન્ડીંગ કમિટીએ આ અંદાજપત્રની દરખાસ્ત ઉપર ચર્ચા - વિચારણા કરી છે.

આજે સમગ્ર વિશ્વ વિકાસના માઈલ સ્ટોન સુધી પહોંચવાની સ્પર્ધામાં છે ત્યારે દુનિયાના દેશોની ચર્ચામાં ભારત દેશના ગુજરાત રાજયની ચર્ચા થાય છે અને વિકાસના મોડેલ તરીકે સ્વીકૃતિ પામેલ ગુજરાત રાજયની આર્થિક રાજધાની અમદાવાદ મહાનગરની ચર્ચા થાય છે. આ મહાનગર વૈશ્વિક કક્ષાના વિકાસની સાથે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું મહાનગર છે. આ મહાનગર સાથે ગૌરવપૂર્ણ ઈતિહાસ જોડાયેલ છે. સાબરમતી નદીનાં બંન્ને કિનારા તરફ વિકસેલ શહેરની ભૂમિ પૂજય મહાત્મા ગાંધીજીના સ્વતંત્રતા આંદોલનની કર્મભૂમિ છે અને ગુજરાતના પનોતા પુત્ર લોહપુરૂષ ભારતના નાયબ વડાપ્રધાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે દરિયાપુર વોર્ડના પ્રતિનિધિ તરીકે બિનહરીફ ચૂંટાઈ પ્રમુખ તરીકે સેવા આપી આ નગરને વહીવટી નેતૃત્ત્વ અને વિકાસની દિશા આપી હતી, સાથે સાથે ઉચ્ચ વહીવટી પ્રણાલિકાઓ સ્થાપી હતી. આ ઉચ્ચ પ્રણાલિકાઓને જાળવીને આ મહાનગરપાલિકાએ વિકાસના અનેક આયામો પાર કર્યા છે.

આજે ૨૧ મી સદીની વિકાસ ક્રાંતિના અગ્રેસર અને ગુજરાત રાજયને દેશના શ્રેષ્ઠ રાજય તરીકે સ્થાન અપાવનાર વિકાસ પુરૂષ " રાષ્ટ્રનેતા " ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ તથા માનનીય પ્રભારી મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા ૧૦ શહેરોમાં ત્રીજા ક્રમે છે,જે આપણા સૌ માટે ગૌરવનો વિષય છે. ઉપરાંત તાજેતરના સર્વેક્ષણ પ્રમાણે અમદાવાદ શહેર ભારતના રહેવા લાયક શ્રેષ્ઠ શહેરોમાં ત્રીજા સ્થાને છે.

સને ૧૯૫૭ માં ૫૨.૪૭ ચોરસ કીલો મીટરનો વિસ્તાર અને ૮.૫૦ લાખની જનસંખ્યા ધરાવતું નગર આજે ૪૬૬ ચો. કી.મી.નો વિશાળ વિસ્તાર અને અંદાજીત ૫૫ લાખની જનસંખ્યા સાથે વહીવટી દ્રષ્ટિએ ૬ ઝોન, ૬૪ વોર્ડ અને ૧૯૨ જનપ્રતિનિધિ ધરાવતું વિરાટ મહાનગર બન્યું છે.

અમદાવાદ મહાનગરનાં સમતોલ વિકાસ સાથે વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધાઓના વિવિધ પ્રોજેક્ટો સાથે અમદાવાદ શહેરે આગવી ઓળખ ઊભી કરી છે. શહેરમાં પ્રારંભ થયેલ જનમાર્ગ- બી.આર. ટી.એસ., કાંકરીયા લેઈકફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, ભદ્ર ફોર્ટ વિસ્તાર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, શહેરી ગરીબ આવાસ યોજના પ્રોજેક્ટ, ઈ-ગર્વનન્સ પ્રોજેક્ટ વિગેરે પ્રોજેક્ટોથી અમદાવાદ શહેર " બ્રાન્ડ " ઉપસાવી શક્યું છે. શહેરનાં વિવિધ પ્રોજેક્ટોને પ્રાપ્ત થયેલ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ દ્વારા આ શહેરની વૈશ્વિક ઓળખ ઉભી થયેલ છે.

અગાઉના વર્ષોમાં અમદાવાદ શહેરના આ વિરાટ ભૌતિક વિકાસ સાથે તાલ મેળવીને શહેરના સમતોલ વિકાસ સાથે નાગરિકોની પાયાની જરૂરીયાત અને અપેક્ષાઓને સંતોષવા વિશાળ કદના ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે સેવાકીય માળખાનું અભૂતપૂર્વ આયોજન કરવામાં આવેલ છે.

વહીવટી વ્યવસ્થાના કેન્દ્ર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી "સરદાર પટેલ ભવન" નું અદ્યતન મકાન રૂ.૨૨ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. આ ઉપરાંત દક્ષિણઝોનમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ભવન, નવા પશ્ચિમઝોન કચેરી "રાજમાતા વિજયારાજે સિંધિયાભવન" અને અનેકવિધ સબઝોનલ કચેરીઓ નિર્માણ કરવામાં આવી છે. નગર વ્યવસ્થાના આધુનિક મોડેલ સમાન શહેરનાં મુખ્ય માર્ગોને આગવી ઓળખ આપવા માટે શહેરમાં " મોડેલ રોડ " પ્રોજેક્ટનો અમલ કરવામાં આવેલ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ કુલ ૯૪.૩૦ કીલો મીટરના રસ્તા મોડેલ રોડ તરીકે વિકસાવવાનું આયોજન કરેલ છે. શહેરમાં પ્રથમ તબક્કામાં ૧૧૩ કરોડના ખર્ચે ૪૫.૩૦ કીલો મીટરની લંબાઈના જુદા જુદા ૮ રસ્તાઓ વિકસાવવાની કામગીરીનો પ્રારંભ કરેલ છે. મોડેલ રસ્તાઓ નેશનલ હાઈવેની ડીઝાઈન પ્રમાણે વોલ ટુ વોલ રોડ કરીને સંપૂર્ણ ડસ્ટ ફ્રી કરાશે, નવીન ડીઝાઈનની સેન્ટ્રલ વર્જ, સ્ટ્રીટ ફર્નીચર સાઈનેઝ સિસ્ટમ, ટ્રાફિક સિગ્નલ સાથે થર્મોપ્લાસ્ટિક પેઈન્ટનો ઉપયોગ કરી, જંકશન પેઈન્ટીંગ સ્ટોપ લાઈન, ઝિબ્રા ક્રોસીંગ કરાશે તેમજ સોલાર કેટ આઈ મુકવામાં આવશે. બીજા તબક્કામાં ૪૯ કીલો મીટરની લંબાઈના ૧૯ રસ્તાઓ મોડેલ રોડ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

સાબરમતી નદીના બંન્ને તરફના ૧૧ કિલોમીટરના કિનારાઓના વિકાસ સાથે અમલમાં આવેલ મહત્વકાંક્ષી યોજના સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે. સાબરમતી નદીના શુધ્ધિકરણ સાથે પર્યાવરણનું જતન કરી આયોજનના અભ્યાસ માટે દેશ વિદેશના ઉચ્ચકક્ષાના ટેકનીકલ નિષ્ણાંત લોકો મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રોજેક્ટમાં નગરજનો માટે હેરીટેજ પાર્ક, એકઝીબીશન સેન્ટર,

બોટીંગ, વોટર સ્પોર્ટસ, વિશાળ સુંદર બગીચાઓ ફ્લોટીંગ રેસ્ટોરન્ટ, વોક વે સાથે અનેક સુવિધાઓ ટુંક સમયમાં પ્રાપ્ત થશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ડિસેમ્બર-૨૦૧૧ સુધી કુલ રૂા.૮૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ભારતભરમાં નગર આયોજનની સૌ પ્રથમ અને કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત થયેલ નવતર યોજના છે. અમદાવાદ શહેરને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નવી ઓળખ અને નગરજનોને મનોરંજનપૂર્ણ સૌંદર્ય સ્થાન પ્રાપ્ત થશે.

શહેરીજનોની વાહનવ્યવહારની ઉપયોગિતા સરળ, પ્રદૂષણરહિત ઝડપી અને આધુનિક સેવા માટે જનમાર્ગ (બી.આર.ટી.એસ.) પ્રોજેક્ટ દુનિયાના જાહેર પરિવહન ક્ષેત્રના નિષ્ણાંતોને મુલાકાત માટે આકર્ષી રહ્યું છે તેમજ આ પ્રોજેક્ટને **ભારતનાં વડાપ્રધાન ડો. મનમોહનસિંહજીના વરદ્હસ્તે " નેશનલ એવોર્ડ ફોર બેસ્ટ માસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ" એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.** કુલ ૪૫ કી.મી. રૂટ સાથે આધુનિક બસ સ્ટેન્ડ તેમજ કુલ ૧૦૨ અધતન એરકંડીશન બસો સાથે પ્રતિદિન ૧,૪૦,૦૦૦ કરતાં વધુ નાગરિકોને સેવા આપતી ટ્રાન્સપોર્ટ સર્વીસ કાર્યરત કરવામાં આવી છે.

બી.આર.ટી.એસ.ના ત્રીજા તબક્કામાં સરદાર પટેલ રીંગ રોડ, નારોલ-વટવા-નરોડા-સી.ટી.એમ.-ખોખરા-સીવીલ-અખબારનગર-ગોતા-સોલા સાયન્સ સીટી-સરખેજ વગેરે વિસ્તારોને સાંકળતી સુવિધા માટે રૂા.૧૦૦૦ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે.

ઐતિહાસિક કાંકરિયા તળાવનો કાંકરિયા લેઈકફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ વિકાસ કરી શહેરની ઐતિહાસીક ભવ્યતાને પુનઃજીવંત કરેલ છે. કાંકરીયા તળાવ આજે લાખો સહેલાણીઓનું પ્રિય સ્થળ બન્યું છે. તળાવ ખાતે દેશમાં સૌ પ્રથમ બનાવવામાં આવેલ હિલીયમ તીથર્ડ બલુન, મીની ટ્રેઈન, કિડ્ઝ સીટી, લેસર શો, બોટીંગ, એમ્યુઝમેન્ટ, બાલવાટિકા, ઝૂ, માછલી ઘર જેવા અનેક આર્કષણોને કારણે શહેરનું કાંકરીયા તળાવ ટુરીઝમના નકશા ઉપર કેન્દ્ર સ્થાને રહ્યું છે. આ વર્ષ દરમ્યાન કાંકરીયા લેઈકફ્રન્ટ પ્રોજેક્ટમાં બટર ફલાય પાર્ક અને કાંકરીયા પરિસરમાં ગુજરાતનો ઈતિહાસ ભાવિ પેઢી માટે એક સ્થાયી રૂપે ભીંતચિત્ર ઉપર કંડારવા માટેનો વિશિષ્ટ પ્રોજેક્ટ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી પ્રારંભ કરેલ છે. આ મ્યુરલ પ્રોજેક્ટમાં ૨.૧ કિ.મીટર લાંબા ચિત્રોમાં ઈતિહાસની ઝાંખી પથ્થર ઉપર તૈયાર કરવામાં આવશે જે પૂર્ણ થયા બાદ ૩૦ હજાર ચોરસ ફુટનું મ્યુરલ પેઈન્ટીંગ થશે. સ્વ.બળવંતરાય ઠાકોર હોલ તથા સ્વ.જયેન્દ્ર પંડીત પિકનીક હાઉસનું નવીનીકરણ તેમજ કાંકરીયા સ્નાનાગાર ખાતે નવું

બાળ સ્નાનાગારનાં પ્રોજેકટો ઉમેરાયા છે.

પ્રતિ વર્ષ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઇના જન્મદિન ૨૫ ડિસેમ્બરથી પ્રારંભ થતો કાંકરીયા કાર્નિવલ આ મહાનગરનો મહાઉત્સવ બન્યો છે. ઉત્સવ દરમ્યાન યોજાતા લોકનૃત્ય, હોર્સ શો, ડોગ શો, યોગ નિદર્શન, પેરાસેઇલીંગ, વોટર સ્પોર્ટસ, પોલીસ બેન્ડ, શસ્ત્ર પ્રદર્શન, આતશબાજી, લેસર શો વિગેરે આ કાર્યક્રમના આકર્ષણ બન્યા છે.

શહેરના નવા સમાવેશ થયેલ વિસ્તારને ૧૦૦% પાણી, ડ્રેનેજની સુવિધા આપવાનાં લક્ષ તરફ તંત્ર ઝડપભેર કામગીરી કરી રહ્યું છે. વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તથા નવા ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તૈયાર કરવામાં આવી રહ્યા છે. પાઇપ લાઇન નેટવર્કની કામગીરીને સમાંતર ચાલી રહી છે. ચાલુ નાણાંકીય વર્ષમાં પાણીનાં કામો માટે રૂા.૨૨૬ કરોડ અને નવા વર્ષમાં રૂા.૨૮૩ કરોડ ફાળવેલ છે.

શહેરની ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં લઇ નવા ફ્લાય ઓવરબ્રિજ, રિવરબ્રિજ, અન્ડરબ્રિજ અને રેલ્વેઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. વર્ષ દરમ્યાન સી.ટી.એમ. જંકશન ખાતે ટુ લેવલ ફ્લાય ઓવરબ્રિજ, ઠક્કરબાપાનગર ઓવરબ્રિજ, આઇ.ટી.આઇ. રેલ્વે અન્ડરપાસ, ગોતા રેલ્વે ઓવરબ્રિજ, વાડજ દૂધેશ્વર રીવર ઓવરબ્રિજ, વટવા રેલ્વે ઓવરબ્રિજ પ્રજાની સેવામાં લોકાર્પણ કરેલ છે. સાથે ગુજરાત કોલેજથી વિવેકાનંદ પુલને જોડતો એલીવેટેડ કોરીડોર રૂા. ૫૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી રહ્યો છે.

શહેરનાં વિકાસ સાથે દિનપ્રતિદિન વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાનમાં લઇ શહેરમાં મલ્ટી સ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષના પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે. કાંકરીયા ખાતે રૂા.૨૮ કરોડના ખર્ચે અધતન પાર્કીંગ કોમ્પલેક્ષનું કામ પ્રગતિમાં છે.

આ ઉપરાંત શહેરમાં બી.ઓ.ટી. ધોરણે પાર્કીંગ કોમ્પ્લેક્ષનું આયોજન કરેલ છે. નવા ટ્રાફિક જંકશન ઉપર એલ.ઇ.ડી. ટ્રાફિક સિગ્નલ " ટ્રાફિક આઇ લેન્ડ વિકાસ "ની વ્યવસ્થા કરવામાં આવી છે.

"આપણું શહેર - સ્વચ્છ શહેર " અભિયાનના ભાગરૂપે શહેરમાં ઉત્પન્ન થતા કચરાનું એકત્રીકરણ તથા વૈજ્ઞાનીક પધ્ધતિથી નિકાલ કરવા માટે રૂા.૧૧૮.૮૪ કરોડનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે. પ્રતિદિન શહેરમાંથી ૩૭૫૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. ન્યુસન્સ સ્પોટની સંખ્યામાં ઘટાડો થઇ રહ્યો છે. ગેટ ટુ ડમ્પની કામગીરીની અસરકારકતા વધારવામાં આવી છે. દેશમાં સૌ પ્રથમ

વિશાળ સાયન્ટીફીક લેન્ડ ફીલ સાઈટ તૈયાર કરવામાં આવી છે. કચરાના ઝડપી નિકાલ માટે શહેરમાં ૬ ટ્રાન્સફર સ્ટેશન તૈયાર કરી ઈંધણની બચત કરી ઝડપી કામગીરી હાથ ધરાશે. નગરજનોના સાથ સહકાર સિવાય આ શહેરને સ્વચ્છ બનાવવું મુશ્કેલ છે તે માટે નગરજનોના સહકાર માટે વિવિધ લોકજાગૃતિના કાર્યક્રમો સાથે વિવિધ સામાજિક સંસ્થાઓ, સિનિયર સીટીઝન, કોલેજના વિદ્યાર્થીઓ, એન.જી.ઓ. ને લોકજાગૃતિ અભિયાનમાં સાંકળવાનું આયોજન કરેલ છે.

નગરજનોની પાયાની સુવિધા સાથે સ્વાસ્થ્યની સંભાળ માટે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા સંચાલિત હોસ્પિટલોના નવીનીકરણ સાથે અદ્યતન મેડીકલ સાધનોથી સજ્જ કરી શહેરના નાગરીકોને આરોગ્યલક્ષી સેવા પૂરી પાડવામાં આવી રહી છે, શેઠ એલ.જી. જનરલ હોસ્પિટલ ખાતે ૭૦૦ બેડ ધરાવતી હોસ્પિટલ આકાર લઈ રહી છે. મેડીકલ કોલેજની સુવિધા માટે રૂા.૬૮.૨૦ કરોડના ખર્ચે ૧૪ માળની ભવ્ય હોસ્ટેલ તથા ૬૦૦ વિદ્યાર્થીની બેઠક ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ તૈયાર કરવામાં આવી રહ્યું છે. શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ કેમ્પસમાં ૧૬૫૦ બેડ કેપેસીટીનું ૧૦ લાખ ચોરસ ફુટ બાંધકામ સાથેનું ૭૦ મીટરની હાઈટનું ગ્રીન સસ્ટેઈનેબલ બિલ્ડીંગ તૈયાર કરવા રૂા.૩૫૦ કરોડનો પ્રોજેક્ટ અમલમાં મુકયો છે.

મણીનગર પૂર્વ ખાતે પ્રારંભ થયેલ ડેન્ટલ કોલેજના હયાત બિલ્ડીંગમાં વધુ ૪ માળનું બાંધકામ કરવા માટે રૂા.૨૦.૧૬ કરોડના ખર્ચે આયોજન કરી હોસ્ટેલ, સ્ટાફ કવાર્ટસ તથા કલાસ રૂમ તૈયાર કરવાનું આયોજન કરેલ છે. નગરી આઈ હોસ્પિટલ ખાતે નવીનીકરણ સાથે અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે. શા.ચી.લા. હોસ્પિટલ ખાતે નવા બ્લોકનું આયોજન કરેલ છે. શહેરનાં ૬૪ વોર્ડમાં અદ્યતન અર્બન હેલ્થ સેન્ટર સુવિધાપૂર્ણ બને તેવો પ્રયાસ કરેલ છે. ચાલુ વર્ષના બજેટમાં નવા અર્બન હેલ્થ સેન્ટરનું આયોજન કરેલ છે.

અમદાવાદ શહેરની ઐતિહાસિક ઓળખ એટલે હેરીટેજ વારસો છે. અમદાવાદ શહેરને "વર્લ્ડ હેરીટેજ સીટી " તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય તેવા પ્રયાસ હાથ ધરેલ છે. સાથે સાથે ઐતિહાસિક વારસા તરીકે શહેરનાં દરવાજાઓ, પોળોના મકાનો, વાવની જાળવણી માટે હેરીટેજ વિભાગ કાર્ય કરી રહ્યું છે. મુખ્ય કચેરી ખાતે આવેલ " સરદાર પટેલ ભવન " ની ઐતિહાસિક ઈમારતનું નવીનીકરણ કરી આ વારસાની જાળવણી કરી છે.

ભદ્રનો કિલ્લો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આ વિસ્તારના વિકાસ માટે રૂા.૭૫ કરોડનો ડેવલપમેન્ટ

પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. દેશમાં સૌ પ્રથમ આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા(એએસઆઈ) અને અ.મ્યુ.કો. સાથે એમ.ઓ.યુ. કરી હેરીટેજની ગાઈડ લાઈન પ્રમાણે ભદ્ર કિલ્લાનો વિકાસ કરવાના પ્રોજેક્ટનો પ્રારંભ થયેલ છે. હેરીટેજ સાથે સંસ્કારોના સન્માનની ઉચ્ચ પરંપરાની જાળવણી માટે સંસ્કાર ચોરાની પ્રવૃત્તિએ શહેરમાં કલા અને સાંસ્કૃતિક વારસાની જાળવણી સાથે કલા જગતના શ્રેષ્ઠીઓના સન્માનની ઉચ્ચ પરંપરા નિર્માણ કરી છે.

શહેરને વૈશ્વિક સ્તરની માળખાકીય સુવિધાથી સજ્જ કરવાની સાથે ભારતીય જનતા પાર્ટીએ શહેરના સમતોલ વિકાસ અને શહેરી ગરીબોની સુવિધાના કામોને પણ પ્રાધાન્ય આપેલ છે.

શહેરી ગરીબોને સુવિધાપૂર્ણ મકાનો પ્રાપ્ત થાય તે હેતુથી શહેરી ગરીબ આવાસ યોજના અંતર્ગત રૂ.૩૩૮.૭૬ કરોડના ખર્ચે શહેરી ગરીબ આવાસ યોજના પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે.

મેસ્કોન - એલ્યુમિનીયમ ફેબવર્કની આધુનિક ટેકનોલોજીથી આર.સી.સી. વોલ સાથેના ૬.૭૨ લાખ ચો.મી. જમીનમાં ૧૮,૯૭૬ આવાસ બનાવવામાં આવી રહ્યા છે. જે પૈકી ૧૪,૯૫૪ મકાનો તૈયાર કરી દેવામાં આવેલ છે. અને આ પ્રોજેક્ટના લાભાર્થીઓને ફાળવવાની કામગીરી ચાલુ છે.

શહેરી ગરીબ આવાસ યોજનાના પ્રોજેક્ટને ભારત સરકાર દ્વારા "Innovations in Services to Urban Poor (Housing) award" તથા "Best City in Implementation of BSUP" રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. શહેરમાં સફાઈ કામદારો માટે આવાસ યોજના પણ કાર્યરત છે. ગુજરાત સરકારની સ્લમ રીહેબીલેટેશન પોલીસી હેઠળ ઝૂંપડપટ્ટીમાં રહેતા નાગરીકોને પાકા મકાન આપવા કુલ ૪ પ્રોજેક્ટ અંતર્ગત આશરે ૨૦૦૦ જેટલા મકાનો તૈયાર કરાશે. શહેરમાં રોજગારી માટે આવતા શ્રમજીવીઓની સુવિધા માટે ૪૫ નાઈટ શેલ્ટરો રૂ.૫૫૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. બહેરામપુરા ખાતે ગુજરાત સરકારના સહયોગથી સર્વીસ એક્ષચેન્જ પ્રમોશન સેન્ટર રૂ. ૧૫૦ લાખના ખર્ચે તૈયાર કરેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મરજીયાત સેવા પાછળ પણ મ્યુ.કોર્પોરેશન નગરજનોની સેવા માટે વ્યવસ્થા કરી રહ્યું છે.અ.મ્યુ.કો. સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના માધ્યમથી ૪૬૬ શાળાઓમાં ૧.૬૦ લાખ બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ગુજરાતી-હિન્દી-ઉર્દુ-સિંધી-અંગ્રેજી તથા તમીલ ભાષાઓમાં શિક્ષણ આપવાની વ્યવસ્થા છે. શહેરમાં નગરજનોની વાંચન પ્રવૃતિને પૂરક થવા માટે મ્યુ. કોર્પોરેશન દ્વારા સંચાલન કરાતી દેશની શ્રેષ્ઠ લાયબ્રેરીઓમાં ગણના થતી શેઠ માણેકલાલ જેઠાલાલ લાયબ્રેરી આ શહેરનું ગૌરવ છે. રૂ.૭.૫ કરોડના ખર્ચે આ લાયબ્રેરીનાં જયપુરી પધ્ધતિના મકાનને નવીનીકરણ સાથે નવા મકાનને આકાર અપાઇ રહ્યો છે.

સ્લમ વિસ્તારમાં ૨૦૪૩ જેટલી આંગણવાડીમાં ૧ લાખ કરતાં વધારે બાળકોને પૌષ્ટિક આહાર સાથે તેઓનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરવામાં આવેલ છે. માન. પ્રભારી મંત્રીશ્રી આનંદીબેન પટેલની પ્રેરણાથી આંગણવાડીમાં લોકભાગીદારી માટે "તિથિ ભોજન" યોજનાનો પ્રારંભ કર્યો છે. ઉમ્મીદ કેન્દ્રો દ્વારા રોજગારલક્ષી તાલીમ અને તાલીમ બાદ રોજગારીની તક આપવામાં આવે છે. શહેરમાં ૨૭ ઉમ્મીદ કેન્દ્ર દ્વારા ૨૦,૪૯૫ લાભાર્થીઓને તાલીમ આપી ૧૬,૦૭૫ તાલીમ પામેલને રોજગારી આપેલ છે. આ ઉપરાંત ગરીબ, મધ્યમ વર્ગના નાગરીકોની સુવિધા માટે વર્ષ દરમ્યાન ૧૯,૦૦૦ વ્યકિતગત શૌચાલય ૧૦૦ % રાજય સરકારશ્રીની ગ્રાન્ટમાંથી તૈયાર કરેલ છે.

શહેરની પર્યાવરણની જાળવણીને ધ્યાને લઈ નવા બાગ-બગીચા, વૃક્ષારોપણ, ઓક્સીજન પાર્કનું આયોજન કરવામાં આવેલ છે.

નગરજનોને વિવિધ પ્રસંગોની ઉજવણી માટે તથા સાંસ્કૃતિક-સામાજીક કાર્યક્રમોના આયોજન માટે શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ ખાતે તથા નવા પશ્ચિમઝોનમાં બોડકદેવ ખાતે અધતન ઓડીટોરીયમ આકાર લઈ રહ્યા છે.

ગુજરાત રાજયના ગુર્જર ઘરેણાં તરીકે સ્થાપિત થયેલી આ ઐતિહાસીક વિરાસત સાથેનું વૈશ્વિક કક્ષાની માળખાકીય સુવિધા વિસ્તારની સાથે વિકાસતા આ મહાનગરનું સને ૨૦૧૨-૧૩ નું અંદાજપત્ર 'એ'

આ અંદાજપત્ર.....	ભારતીય જનતાપાર્ટીએ સંકલ્પ પત્રમાં જાહેર કરેલ ઘોષણાઓને આકાર આપતું અંદાજપત્ર છે.
આ અંદાજપત્ર.....	ગુજરાતના વિકાસશીલ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પ્રભારી મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન પ્રમાણે ગુજરાત રાજયની આર્થિક રાજધાની અમદાવાદને વૈશ્વિક કક્ષાની સુવિધાઓથી સજ્જ કરવાનું આયોજન સાથેનું અંદાજપત્ર છે.
આ અંદાજપત્ર.....	શહેરનાં સમતોલ વિકાસનું ઘોષણાપત્ર છે.
આ અંદાજપત્ર.....	શહેરના ઐતિહાસિક વારસાની જાળવણીનું આયોજન છે.

આ અંદાજપત્ર.....	શહેરનાં છેવાડાના માનવીને પાયાની સુવિધા આપવાનું આયોજન છે.
આ અંદાજપત્ર.....	શહેરનાં નગરજનોને ઝડપી, સસ્તી અને સુવિધાપૂર્ણ પરિવહન સેવા પૂરી પાડવાનું આયોજન છે.
આ અંદાજપત્ર.....	૪૬૪ શાળાઓ દ્વારા ૧.૬૦ લાખ બાળકોને સુવિધાપૂર્ણ શિક્ષણ આપવાનું આયોજન છે.
આ અંદાજપત્ર.....	શહેરને સ્વચ્છ અને હરિયાળું શહેર બનાવવા માટેના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ અને ગ્રીન અમદાવાદ પ્રોજેક્ટનું આયોજન છે.
આ અંદાજપત્ર.....	માત્ર આંકડાની માયાજાળ નહીં પરંતુ ભારતીય જનતા પાર્ટીની સંકલ્પબધ્ધતા અને કટીબધ્ધતાનું પ્રતિબિંબ છે.
આ અંદાજપત્ર.....	સૌના સાથ અને સૌના વિકાસનાં આદર્શ મંત્રની પૂર્તિ માટેનું અંદાજપત્ર છે.
આ અંદાજપત્ર.....	નગરજનોને વેરાનું વળતર વિકાસ દ્વારા આપવાનું અંદાજપત્ર છે.
આ અંદાજપત્ર.....	ભારતીય જનતા પાર્ટીએ શહેરના વિકાસ માટે તૈયાર કરેલ સપ્તક્રાંતિના માધ્યમથી શહેરને નવું સ્વરૂપ આપવાનું આ અંદાજપત્રમાં આયોજન છે.
આ અંદાજપત્ર.....	૪૬૬ ચો. કીલો મીટર વિસ્તાર અને ૫૫ લાખની જનસંખ્યા ધરાવતા વિરાટ મહાનગરની જનતાની અપેક્ષાઓને પૂર્ણ કરી પ્રાથમિક જરૂરીયાત **"ન ગ ર"** નળ, ગટર અને રસ્તાની સુવિધા આપવાનું આયોજન છે.

વહીવટી વ્યવસ્થામાં નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન અને લોકભાગીદારીના સહયોગ સાથે અમદાવાદ મહાનગરને વિશ્વના નકશામાં ગૌરવપૂર્ણ સ્થાન ઉપર મુકવાની ભારતીય જનતા પાર્ટીની સંકલ્પબધ્ધતા અને કટીબધ્ધતા છે. તે સંકલ્પની પૂર્તતા માટે અભિવ્યક્તિ કરતું સને ૨૦૧૨-૧૩ ના વર્ષનું અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

(૧). વોટર ટેક્ષ અને કોન્ઝરવન્સી ટેક્ષના દરમાં ઘટાડો

ઠરાવ કર્યો કે ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે પાણીનો કર વસુલ કરવામાં આવે છે. તેમજ ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧AA(b) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧B હેઠળ સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે હલાલખોર કર વસુલ કરવામાં આવે છે.જે અંગે મ્યુ. કમિશ્નરશ્રીએ સુચવેલ દરમાં નીચે દર્શાવેલ સુધારો સ્ટેન્ડીગ કમિટી સુચવે છે જેના કારણે અંદાજીત રૂા.૧૮.૦૦ કરોડની આવકમાં થનાર ઘટાડાને બાકી ટેક્ષ વસુલાતની સઘન ઝુંબેશ કરીને સદરહું આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

વોટર ટેક્સના દર

	પ્રવર્તમાન વોટર ટેક્સના દર	મ્યુ. કમિશનરશ્રીએ સુચવેલ વોટર ટેક્સના દર	સ્ટે. કમિટીએ સુચવેલ સુધારો
રહેઠાણની મિલકતોના ફેક્ટરના દર	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત
બિન રહેઠાણની મિલકતોના વપરાશ અંગેના ફેક્ટર ફેક્ટર-૭	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેક્ટર-૬	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૫%	સામાન્ય કરના ૪૦%
ફેક્ટર-૨	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેક્ટર-૧	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત

કોન્ઝરવન્સી ટેક્સના દર

	પ્રવર્તમાન કોન્ઝરવન્સી ટેક્સના દર	મ્યુ. કમિશનરશ્રીએ સુચવેલ કોન્ઝરવન્સી ટેક્સના દર	સ્ટે. કમિટીએ સુચવેલ સુધારો
રહેઠાણની મિલકતોના ફેક્ટરના દર	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત
બિન રહેઠાણની મિલકતોના વપરાશ અંગેના ફેક્ટર ફેક્ટર-૭	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેક્ટર-૬	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૫%	સામાન્ય કરના ૪૦%
ફેક્ટર-૨	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેક્ટર-૧	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત

(૨). ગૌશાળા (પાંજરાપોળ)ને પ્રોપર્ટી ટેક્ષમાં સંપૂર્ણ માફી તથા વૃધ્ધાશ્રમ-ઘરડાઘરને પ્રોપર્ટી ટેક્ષમાં રાહત

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન વિસ્તારમાં આવેલ કેટલીક સામાજીક સંસ્થાઓ કે જે ચેરીટી કમિશનરમાં નોંધાયેલ ચેરીટેબલ ટ્રસ્ટ ગૌશાળા(પાંજરાપોળ) તથા વૃધ્ધાશ્રમ-ઘરડાઘરને પોતાના જ બિલ્ડીગમાં વપરાશ અર્થે આપવામાં આવેલ હોય તેવી સેવાકીય સંસ્થાઓને પ્રોપર્ટી ટેક્ષની નવી ફોર્મ્યુલા અંતર્ગત ટેક્ષનો આર્થિક બોજો સહન કરવો પડે છે. ટેક્ષનું ભારણ ઘટાડવા આ બિલ્ડીગોમાં સેવા આપતી સંસ્થાઓને ટેક્ષ વર્ષ ૨૦૧૧-૧૨ સુધીનો મિલકત વેરો સંપૂર્ણપણે ભરપાઇ કરેલો હોય તો ગૌશાળા(પાંજરાપોળ)ને વર્ષ ૨૦૧૨-૧૩ના નાણાંકીય વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષમાં સંપૂર્ણ રાહત આપવા તથા વૃધ્ધાશ્રમ-ઘરડાઘરને વર્ષ ૨૦૧૨-૧૩ નાં નાંણાકીય વર્ષમાં રહેઠાણનાં ધોરણે ટેક્ષ વસુલ લેવા અંગેની નીતિ રાખવા અંગેનું ઠરાવવામાં આવે છે.

ઉપરોકત માફી તથા રાહત પ્રતિવર્ષ આપવા અંગે રાજય સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૩). હાઇડ્રો પાવર એનર્જી

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સુએજ તથા પાણીના વપરાશ બાદનો જથ્થો નદીમાં બિનઉપયોગી રીતે ઠલવાય છે.સદર બિનઉપયોગી પાણીના જથ્થાનો દુનિયામાં ઉપલબ્ધ લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરી સદર વેસ્ટ જથ્થામાંથી હાઈડ્રો ટર્બાઈનની મદદથી વીજ ઉત્પાદન કરવાનું આયોજન કરેલ છે. સદર ઉત્પાદિત વીજળીનું તે જ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઉપયોગમાં લેવાશે તેથી વીજ બચત તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આર્થિક ભારણમાં ઘટાડો થશે. હાલમાં પ્રાયોગિક ધોરણે પીરાણા ખાતે હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપર તથા રાસ્કા ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપર વેસ્ટમાંથી એનર્જી ઉત્પાદન કરવાનું આયોજન છે. રીસાઈકલીંગ દ્વારા રાસ્કા અને પિરાણા બન્ને ખાતેથી ૫૪ કિલો વૉટ વિજળી ઉત્પન્ન થશે અને જેને લઈ અંદાજે રૂા.૧૫૦ લાખની બચત થશે તેમજ ૭ થી ૮ વર્ષમાં પ્રોજેકટ ખર્ચનું વળતર મળશે. આ પ્રોજેક્ટ માટે રૂા.૨૫૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

(૪). હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગમાં પેક્સ સિસ્ટમ

ઠરાવ કર્યો કે રોગોના નિદાન અને સારવાર અંગે થતા આધુનિક સંશોધનો અને ટેકનોલોજીનો લાભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ એલ.જી. જનરલ હોસ્પિટલ તથા શ્રીમતી શારદાબેન હોસ્પિટલ ખાતે સારવાર મેળવવા આવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને મળી રહે તે હેતુથી આગામી નાણાંકિય વર્ષ સને ૨૦૧૨-૧૩ માં સદરહુ હોસ્પિટલો ખાતે રેડિયોલોજી વિભાગના અપગ્રેડેશનના ભાગરૂપે PACS સીસ્ટમના અમલીકરણનું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ સીસ્ટમના કારણે દર્દીનો એક્સ-રે પડાવ્યા પછી તેની પ્લેટ ડેવલપ કરી ફિલ્મ લેવાની જરૂરિયાત રહેતી નથી જેને કારણે એક્સ-રે ફિલ્મનાં ખર્ચમાં બચત થવા પામશે. વધુમાં નેટવર્કિંગ દ્વારા સદરહુ એક્સ-રેની ઈમેજ ઓ.પી.ડી., વોર્ડ તથા ઓપરેશન થિયેટર ખાતે રાખવામાં આવેલ મોનિટર પર જોઈ શકાતી હોઈ દર્દીના રોગના નિદાન તથા સારવારમાં ઝડપ આવવા પામે છે તથા રેડિયોલોજી વિભાગ દ્વારા તેનું રિપોર્ટીંગ પણ ઝડપથી કરી શકાય છે. જેના કારણે દર્દી અને તેના સગાવ્હાલાઓનો સમય બચે છે ઉપરાંત તેઓએ એક્સ-રે પડાવ્યા બાદ તેની ફિલ્મના ડેવલપમેન્ટ અને ડિલીવરી માટે આમ તેમ ફરવુ પડતું નથી. સદરહુ PACS સીસ્ટમના અમલીકરણ માટે આગામી નાણાંકિય વર્ષ સને ૨૦૧૨-૧૩ માં રૂા. ૧ કરોડ ૭૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૫). મ્યુનિસિપલ હોસ્પિટલમાં દવાની દુકાનો

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ એલ.જી. જનરલ હોસ્પિટલ તથા શ્રીમતી શારદાબેન હોસ્પિટલ ખાતે સારવાર મેળવવા આવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને દવાઓ, ઈન્જેકશનો, કન્ઝયુમેબલ વગેરે રાહત દરે હોસ્પિટલ ખાતેથી જ મળી રહે તે હેતુથી આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૨-૧૩ માં સદરહુ હોસ્પિટલો ખાતે ડીસ્પેન્સરી સ્ટોર્સ ચાલુ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ સ્ટોર્સ ખાતે દર્દીને જરૂરી મોટાભાગની તમામ દવાઓ મળી રહે અને આ દવાઓ લેવા માટે તેના સગાવ્હાલાઓને હોસ્પિટલની બહાર જવું ન પડે તે મુજબનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રકારની ડિસ્પેન્સરી શેઠ એલ.જી. જનરલ હોસ્પિટલ તથા શ્રીમતી શારદાબેન હોસ્પિટલ ખાતે શરૂ થતાં હોસ્પિટલ દ્વારા ખરીદવામાં આવેલી દવાઓ દર્દીને રાહત દરે મળવા પામશે. સદરહુ કામગીરી માટે આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં રૂા. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૬). ૫ નંગ મોબાઈલ ટોઈલેટવાન તથા ૫ શબવાહીની

ઠરાવ કર્યો કે સ્વચ્છતાનાં ઉંચાધોરણની જાળવણીનાં ભાગરૂપે વિવિધ સામાજીક ધાર્મિક પ્રસંગો તથા યાત્રા સંઘો માટે શૌચાલયની સુવિધા માટે મોબાઈલ ટોયલેટવાનની સુવિધા આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન શહેરની આસપાસના વિસ્તારમાંથી પણ આ પ્રકારની સુવિધાની માંગણી આવે છે. જે ધ્યાને લઈ ૫ નવી મોબાઈલ ટોઈલેટવાન - નવી ડિઝાઈન સાથે - વધુ સુવિધા પૂર્ણ તૈયાર કરવા તથા અંતિમવિધિમાં ઉપયોગમાં લેવાતી ૫ ડેડ બોડીવાન નવી ડિઝાઈન સાથે ખરીદવા બજેટમાં રૂા. ૧.૫૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૭). નવા પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક

ઠરાવ કર્યો કે શહેરમાં દિનપ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થતો જાય છે. જે ધ્યાને લઈ ખુલ્લા રસ્તા, ઓવરબ્રિજ, ટ્રાફિક સિગ્નલ, સાઈનેઝ સીસ્ટમ, મલ્ટી સ્ટોરી પાર્કીંગ કોમ્પલેક્ષની સુવિધા કરવામાં આવી રહી છે. વાહન ચાલકો અને રાહદારીઓમાં ટ્રાફિકનાં નિયમો પ્રત્યે જાગૃતતા આવે તથા ટ્રાફિક એજયુકેશન પ્રાપ્ત થાય તે હેતુથી શહેરનાં નવા પ્રશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક તૈયાર કરવા. જેમાં શાળાના બાળકોને પ્રેકટીકલ ટ્રાફિક નિયમોની જાણકારી મળે તેવા કાર્યક્રમોનું આયોજન કરવા અંદાજપત્રમાં રૂા. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૮). "આઈ કેર મેડીકલ વાન"

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ. કોર્પો. સંચાલિત શેઠ ચી.હ. નગરી હોસ્પીટલ ખાતે નાગરિકોને ખૂબજ નજીવા દરે આંખના રોગોની સારવાર આપવામાં આવે છે. પરંતુ ચાલી, સ્લમ વિસ્તારમાં રહેતા નાગરિકો આંખની વધુ કાળજી લેતા નથી જેને કારણે મોતીયા, ઝામર, વધુ પડતા ચશ્માના નંબરની સારવાર અંગે જાગૃતિ ઓછી હોય છે. જેને કારણે લાંબા ગાળે આવા નાગરિકોની દ્રષ્ટીને નુકશાન થાય છે. તે ધ્યાને લઈ નગરી હોસ્પિટલ દ્વારા ઘરઆંગણે આંખની તપાસ માટે નેત્રરોગનાં કેમ્પનું આયોજન કરવા અદ્યતન "આઈ કેર" મેડીકલ વાન તૈયાર કરી નાગરિકોની સેવામાં મૂકવા અંદાજપત્રમાં રૂા.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૯). શ્રી સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મજયંતિ ઉજવણી

ઠરાવ કર્યો કે ભારત અને ભારતીયોના સામર્થ્યની વિશ્વ સમસ્તને ઓળખ આપનારા આપણા રાષ્ટ્રના પનોતા પુત્ર સ્વામી વિવેકાનંદજીની સ્મૃતિમાં ગુજરાત વર્ષ-૨૦૧૨ " યુવા શકિત વર્ષ " તરીકે ઉજવી રહયું છે. તેનાં સંદર્ભમાં વર્ષ દરમ્યાન "યુવા શકિત - રાષ્ટ્રશકિત " ના સુત્રને સાકાર કરતા વિવિધ કાર્યક્રમો અન્વયે પ્રતિ માસ એક કાર્યક્રમનું આયોજન કરવા જેવા કે યુવા સેમીનાર, શાળાઓ/કોલેજોમાં વકતૃત્વ સ્પર્ધા, વિવેકાનંદ ખેલ સ્પર્ધા, રેલી, પ્રદર્શન વિગેરે કાર્યક્રમો માટે અંદાજપત્રમાં રૂા. ૧.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૦.) યુવાશકિત વર્ષ - (ખેલ મહાકુંભ)

ઠરાવ કર્યો કે ગુજરાત સરકારશ્રી દ્વારા સને ૨૦૧૨ નાં વર્ષને યુવા શકિત વર્ષ તરીકે ઘોષણા કરવામાં આવી છે. પ્રતિવર્ષ યુવા પ્રતિભાઓના વિકાસ માટે "ખેલ મહાકુંભ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. શ્રી સ્વામીવિવેકાનંદજીની ૧૫૦ મી જન્મજયંતિ સંદર્ભમાં ખેલમહાકુંભની વિશિષ્ટ પ્રતિભાને સન્માન કરી પ્રમાણપત્ર એનાયત કરવા તથા આ જ પ્રકારે શહેરમાં અનેક સેવાકીય પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન પ્રદાન કરતાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વ્યકિત તેમજ કલાજગત - સાંસ્કૃતિક પ્રવૃત્તિનાં અગ્રણીઓને સન્માન સાથે "શ્રી સ્વામી વિવેકાનંદ- યુવા એવોર્ડ -૨૦૧૨" થી સન્માનીત કરવા સાથે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમનાં આયોજન માટે બજેટમાં રૂા. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૧). ક્રાંતિ યાત્રા

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર વૈશ્વિક સ્તરે હેરીટેજ સિટીનો દરજ્જો મેળવવા જઈ રહ્યું છે ત્યારે આઝાદ ભારતના ૧૫૦ વર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામની ક્રાંતિકારી ઘટનાઓમાં પૂ.મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલથી લઈ ક્રાંતિકારી વ્યકિતવિશેષોનું વિરલ યોગદાન રહેવા પામેલ છે. શહેર વિકાસના ગ્રોથ એન્જીન તરીકે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામ્યું છે તેની સાથે તેના આઝાદીકાળ સહિતના ઐતિહાસિક વારસાનું જતન કરવામાં પણ અગ્રેસર બન્યુ છે અને જેની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ રહી છે ત્યારે દેશ-પરદેશથી આવતા પ્રવાસીઓ અને શહેરની ભાવિ પેઢીને શહેરના આઝાદી સમયના વ્યકિતવિશેષોના યોગદાન અને તેના ઈતિહાસની તાદશ્ય ઝાંખી થતી રહે તેવા ઉમદા હેતુસર પાંચકુવા મસ્ટર સ્ટેશનથી શરૂ કરી આકાશેઠનો ખાંચો સુધીના નીચે જણાવ્યા પ્રમાણેના રૂટ પર "ક્રાંતિયાત્રા" પુનઃ શરૂ કરવાનું અને તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ આનુષાંગિક કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. પાંચકુવા મસ્ટર સ્ટેશનથી શરૂ થઈને

૨. ખાડિયા ચાર રસ્તાથી ગોલવાડ તરફ

૩. અમૃતલાલની પોળ

૪. હાટકેશ્વર મંદિર

૫. ધોબીની પોળ (યુનાઈટેડ બાંગલા હોમ, ચુનીલાલ ભટ્ટ (આશુતોષ ભટ્ટની હવેલી)

૬. દેસાઈની પોળ

૭. કામેશ્વરની પોળ

૮. આકાશેઠ કૂવા પોળ - સુરેન્દ્રરાય મેઢ અને આનંદશંકર ધ્રુવ

૯. રાયપુર ચકલા

૧૦. બઉઆની પોળ - નવી ગુજરાતી શાળા

આ ક્રાંતિયાત્રાના આયોજન માટે અંદાજપત્રમાં રૂા.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૨). રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન

ઠરાવ કર્યો કે સને ૨૦૧૨ ના વર્ષ દરમ્યાન ગુજરાત રાજયના સ્થાપના દિન ૧ મે થી પ્રારંભ કરી ૭ મે સુધી શહેરમાં રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવું. જેમાં સમગ્ર દેશ ભરનાં વિવિધ ભાષાનાં પુસ્તક પ્રકાશકો, ડિસ્ટ્રીબ્યુટર, પુસ્તક વિક્રેતાઓ, પબ્લીશરોને આમંત્રિત કરવા તેમજ સપ્તાહ દરમ્યાન સાહિત્યને ઉત્તેજના મળે તથા લોકકલા અને સાહિત્યનાં સંગમ સાથેનાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવા સાથે પ્રતિવર્ષે આ પ્રકારે શહેરમાં રાષ્ટ્રિય પુસ્તકમેળાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ રાષ્ટ્રિય પુસ્તક મેળાનાં આયોજન માટે અંદાજપત્રમાં રૂા.૩૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૩). ન્યુટ્રીશન - પર્યાવરણ જાગૃતિ યાત્રા

બાળકો એ ભારતનું ભાવિ છે અને ચાલી - ઝૂંપડા સહીત વિવિધ વિસ્તારમાં રહેતા એવા નાના બાળકો પૂરતા પૌષ્ટીક પોષણના અભાવે માનસિક અને શારીરિક રીતે પીડાતા હોય છે. કુપોષણની માત્રા ઘટવાને લઈ કુપોષિત બાળકોમાં ઉંમર પ્રમાણે વજન ઓછું હોવાને કારણે રોગ પ્રતિકારક શકિત ઘટે અને ગંભીર પ્રકારની બીમારીઓનો ભોગ બનવાનો સંભવ રહેલ છે. આથી કુપોષિત બાળકોને પૂરતા પ્રમાણમાં વિટામીન, પ્રોટીન સાથેનું પૂરક પોષણ મળે તેમજ તેઓની તંદુરસ્તી જળવાય તેમજ ગ્લોબલ વોર્મિંગને ધ્યાનમાં લઈ પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુસર તે અંગે લોકજાગૃતિ કેળવાય તે માટે મ્યુનિ. કોર્પોરેશનના તમામ ૬૪ વોર્ડમાં ન્યુટ્રીશન - પર્યાવરણ જાગૃતિ યાત્રાનું વર્ષ દરમ્યાન આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે અને તે અંગે રૂા.૩૦ લાખ ફાળવવામાં આવે છે.

(૧૪). આંગણવાડીનાં મકાનો - આંગણવાડી દત્તક યોજના

ઠરાવ કર્યો કે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા શહેરનાં વિવિધ વિસ્તારમાં સેવા વસ્તીમાં ૨૦૪૩ જેટલી આંગણવાડીનું સંચાલન કરવામાં આવે છે. આ આંગણવાડીઓ માટે પ્રિ ફેબ્રિકેટેડ અથવા તો પાકા સુવિધાવાળા મકાન તૈયાર કરવા માટે અંદાજપત્રમાં વધુ રૂા.૧૦.૦૦ કરોડ ફાળવવામાં આવે છે. તેમજ આ આંગણવાડીઓને વિવિધ સામાજિક સંસ્થાઓ, મહાજનો, એસોસીએશનો, એન.જી.ઓ.ને દત્તક આપવા માટે યોજના તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ આંગણવાડીના લાભાર્થીઓને કાંકરીયા તળાવની મુલાકાત માટે જરૂરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૫). ફલાય ઓવરબ્રિજ તથા રેલ્વે ઓવરબ્રિજ

- જજીસ બંગલાથી સિંધુભવન તરફનાં માર્ગ ઉપર ફલાય ઓવર બ્રિજ
- હેલ્મેટ સર્કલ ખાતે ટુ લેવલ ફલાય ઓવર બ્રિજ
- નરોડા નેશનલ હાઈવે નં.૮ રેલ્વે ક્રોસીંગ ઉપર રેલ્વે ઓવર બ્રિજ

ઠરાવ કર્યો કે શહેરમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થતો જાય છે. તેમજ પ્રતિદિન શહેર બહારથી હજારોની સંખ્યામાં વાહનો શહેરમાં પ્રવેશે છે. જેને કારણે જંકશન ઉપર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. શહેરમાંથી પસાર થતી રેલ્વેલાઈન ઉપર રેલ્વે ક્રોસીંગ લાંબો સમય બંધ રહેતો હોવાથી સમય અને ઈંધણનો વ્યય થાય છે. ગતવર્ષ દરમ્યાન શહેરમાં ૧૭ જેટલા ફલાય ઓવર, અન્ડરપાસ, રેલ્વે ઓવરબ્રિજ , સ્પ્લીટ ઓવરબ્રિજ, રેલ્વે અન્ડરપાસ, કેનાલબ્રિજ, રીવર ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવેલ છે. જેનાથી મહદ અંશે ટ્રાફિક સમસ્યા હલ કરવામાં આવેલ છે. શહેરના નવા પશ્ચિમ વિસ્તારમાંથી પસાર થતો ૨૦૦ ફૂટનો સરદાર પટેલ રીંગરોડ તરફ અનેક શોપીંગ મોલ, કોર્પોરેટ હાઉસ, કોર્મશીયલ કોમ્પલેક્ષો વિકસી રહયા છે. જે ધ્યાને લઈ ૨૦૦ ફૂટ રીંગરોડ ઉપર જજીસ બંગલા રોડથી સિન્ધુભવન તરફના માર્ગ ઉપર ફલાય ઓવરબ્રીજ તથા હેલ્મેટ સર્કલ ખાતે ટુ લેવલ ફલાય ઓવરબ્રિજ તેમજ નરોડા રેલ્વે ક્રોસીંગ ખાતે રેલ્વે ઓવરબ્રિજનું આયોજન કરવા સાથે ટ્રાફિક સર્વેનાં રીપોર્ટને ધ્યાને લઈ અગ્રીમતા નકકી કરવા પ્રાથમિક તબક્કે અંદાજપત્રમાં રૂા.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૬.) નાનાં તળાવોનો વિકાસ

ઠરાવ કર્યો કે શહેરમાં આવેલ મોટા તળાવોને તબક્કાવાર વિકસાવવામાં આવી રહયા છે. પરંતુ ખાસ કરીને નવા પશ્ચિમ તથા નવા પૂર્વ વિસ્તારમાં અનેક નાના નાના તળાવો આવેલ છે. જયાં ચોમાસા દરમ્યાન કુદરતી રીતે પાણીનો સંગ્રહ થાય છે તેવા તળાવોની ફરતે પાકી પાળ બાંધી આસપાસ પેવીંગ કરી વિકસાવવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા. ૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૭). ખારીકટ કેનાલને સમાંતર રસ્તા નવીનીકરણ તથા ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ

ઠરાવ કર્યો કે રાજય સરકાર દ્વારા શહેરનાં પૂર્વ, દક્ષિણ અને ઉત્તરઝોનમાંથી પસાર થતી ૧૧૦ વર્ષ જુની ખારીકટ કેનાલને રીનોવેશન કરી બ્યુટિફિકેશનની કામગીરી તબક્કાવાર કરવામાં આવી રહી છે. વર્ષ દરમ્યાન ઘોડાસર પોલીસ ચોકીથી ઘોડાસર સ્મૃતિ મંદિર, ગેબનશાહ, વટવા થઈ નેશનલ હાઈવે, અસલાલીને જોડતા કેનાલના ભાગનું નવીનીકરણ થઈ રહયું છે. તેની સાથે કેનાલને સમાંતર આવેલ અ.મ્યુ.કો.નાં સર્વિસરોડ, ટી.પી. રસ્તાને દબાણ મુક્ત કરી વોલ ટુ વોલ પાકા કરી રીસરફેઈસ કરવા તથા ફૂટપાથ તેમજ ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટથી સજજ કરવા અંદાજપત્રમાં રૂા. ૩.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૮). ખારીનદી - ઓવરબ્રિજ

ઠરાવ કર્યો કે શહેરનાં પૂર્વઝોનમાંથી પસારથતી ખારીનદીમાં ચોમાસા દરમ્યાન પાણીને કારણે વિવેકાનંદનગર તરફનાં વાહન વ્યવહારને અસર થાય છે. વિવેકાનંદનગર તરફ જતા નાગરિકોને કીલો મીટર સુધીનાં અન્ય રસ્તાનો ઉપયોગ કરવો પડે છે, જે ધ્યાને લઈ શ્રી લાલગેબી આશ્રમ માર્ગથી વિવેકાનંદનગર તરફ જતા ખારીનદીનાં હયાત રસ્તા ઉપર રીવરબ્રિજ તૈયાર કરવા બજેટમાં પ્રારંભીક ધોરણે રૂા. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૧૯). ઉમ્મીદ કેન્દ્રોમાં મહીલાઓ માટે ગૃહઉદ્યોગ તાલીમ કેન્દ્ર

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિ. કોર્પોર્શનના ૨૭ જેટલા ઉમ્મીદ કેન્દ્રો દ્વારા તાલીમ અને રોજગારી આપવાનું કાર્ય સફળતાપૂર્વક થઈ રહયું છે. તે જ પ્રકારે શ્રમજીવી બહેનોને ગૃહઉદ્યોગ દ્વારા રોજગારી પ્રાપ્ત કરી શકે તે હેતુથી ગૃહઉદ્યોગ તાલીમ કેન્દ્રનો પ્રારંભ કરવા જરૂરી આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જે માટે અંદાજપત્રમાં રૂા.૧.૦૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૨૦). આશ્રમ રોડના રેલ્વે સમાંતર રસ્તાનો વિકાસ

ઠરાવ કર્યો કે આશ્રમ રોડની સમાંતર આવેલ રેલ્વેની મીટરગેજ લાઈનની બંન્ને તરફના ટી.પી. રસ્તાઓને રિ-સરફેસ કરી સ્ટ્રીટલાઈટની સુવિધા સાથે વિકસાવવાનું આયોજન કરવાથી આશ્રમરોડ ઉપરનાં ટ્રાફિકનાં ભારણમાં ઘટાડો કરી શકાય તેમ છે. જે ધ્યાને લઈ રેલ્વેલાઈનના બંન્ને તરફના રસ્તાઓના વિકાસ માટે પ્રારંભીક ધોરણે રૂા. ૧.૦૦ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨૧). તબીબી સારવાર અંગે ડીઝીટલ હેલ્થ કાર્ડ

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેના કર્મચારીઓ, મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, માજી મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, પત્રકારો - ફોટોગ્રાફરો વિગેરેને મ્યુનિસિપલ હોસ્પિટલમાં મફત તબીબી સારવાર તેમજ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ માટેની નીતિ સ્વીકારવામાં આવેલ છે અને જે અંગે હેલ્થ પુસ્તિકા આપવામાં આવેલ છે અને તે પુસ્તિકા જે તે મ્યુનિસિપલ હોસ્પિટલમાં રજૂ કરવાથી તેમાં તબીબી સારવાર અને મેડીકલ રીઈમ્બર્સમેન્ટ અંગેની જરૂરી વિગતની નોંધ થતી હોય છે. સદરહુ પુસ્તિકામાં આશ્રિતો તેમજ પુખ્ત થતા સંતાનોની વિગતના ફેરફાર અંગેની નોંધ સમયાંતરે કરાવવા અંગે જે તે જવાબદાર તરફથી ઉદાસીનતા સેવાતી હોવાનું ધ્યાન પર આવેલ છે તેમજ પુસ્તિકામાં આશ્રિતોના ફોટોગ્રાફ નહી હોવાને કારણે તેનો ઘણીવાર દૂરઉપયોગ થવાનો સંભવ રહેલ છે. સદર સઘળી હકીકત ધ્યાનમાં લઈ હેલ્થ પુસ્તિકાને બદલે જે તે જવાબદાર વ્યકિત અને તેના આશ્રિતોની જરૂરી વિગતો અને ફોટોગ્રાફનો રેકોર્ડ મેમરી ચીપમાં રાખવામાં આવે કે જે તબીબી સારવાર અને રીઈમ્બર્સમેન્ટ મેળવવા અંગે સ્વેપ કરી તેની નોંધ થાય તેવા પ્રકારના ડીજીટલ કાર્ડ સ્વરૂપે આપવાનું ઠરાવવામાં આવે છે અને જે અંગે હાલ પ્રાથમિક તબક્કે રૂા.૫૦ લાખ ફાળવવામાં આવે છે.

(૨૨). ૧૦૦ જંકશન ઉપર ટ્રાફિક સિગ્નલ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેર ૪૬૬ ચોરસ કિલોમીટર ૧૩૨ ફૂટ રીંગરોડ અને ૨૦૦ ફૂટનો સરદાર પટેલ રીંગરોડ સાથે ૩૦૦૦ કીલોમીટરના રસ્તા ધરાવતુ વિરાટ શહેર બન્યુ છે. શહેરમાં પ્રતિ વર્ષ અંદાજે ૧.૪૦ લાખ વાહનોનો ઉમેરો થાય છે. દિનપ્રતિદિન આ સંખ્યામાં વધારો થતો જાય છે. જેને કારણે ટ્રાફિકની સમસ્યા વિકટ બનતી જાય છે. ટ્રાફિક વ્યવસ્થાના સરળીકરણ માટે સર્વે રીપોર્ટ તૈયાર કરાવી શહેરમાં કુલ ૧૦૦ સ્થાનો ઉપર ટ્રાફિક સિગ્નલ મૂકવા અંદાજપત્રમાં રૂા.૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૩). બાલવાટિકા નવીનીકરણ

ઠરાવ કર્યો કે કાંકરીયા ખાતે આવેલ બાલવાટીકામાં કાચઘર, નભોદર્શન કેન્દ, ચિલ્ડ્રન પ્લે એરીયા, કોઈન હાઉસ, સ્ટેમ્પ હાઉસ, ફાઉન્ટેઈન, કલાત્મક હિંચકો વિગેરેની સુવિધા છે. આ બાલવાટિકામાં જરૂરી વિકાસ કામો તથા મેઈન્ટેનન્સનાં કામો માટે અંદાજપત્રમાં રૂા.૫૦ લાખ ફાળવવામાં આવે છે.

(૨૪). પ્રોપર્ટી ટેક્ષનો લોક દરબાર

ઠરાવ કર્યો કે વેરાનું વળતર વિકાસ દ્વારા આપવા માટે મ્યુનિસિપલ તંત્ર દ્વારા પ્રતિ વર્ષ પ્રોપર્ટીટેક્ષ બિલ દ્વારા મેળવવામાં આવે છે પરંતુ પ્રોપર્ટી ટેક્ષના બિલોમાં ભાડુઆત -મકાનમાલિક-માપમાં ફેરફાર-ફેક્ટરમાં ફેરફાર જેવા પ્રશ્નોને કારણે નાગરિકો ટેક્ષનું બિલ સમયસર ભરપાઇ કરતા નથી અને મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષની બાકી વસુલાત વધતી જાય છે. નાગરિકોની પ્રોપર્ટી ટેક્ષ બિલ અંગેની વાંધા અરજીઓના નિકાલ માટે દર બે મહિને પ્રોપર્ટી ટેક્ષનો લોક દરબાર યોજવાનું ઠરાવવામાં આવે છે.

(૨૫). ગાર્ડનમાં સિનિયર સીટીઝન કોર્નર

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરનાં વિવિધ વિસ્તારમાં આવેલ ગાર્ડનમાં પ્લાન્ટેશન, ફુવારા, વોક વે , ચિલ્ડ્રન પ્લે એરિયાની વ્યવસ્થા હોય છે. સિનિયર સીટીઝનની સગવડતા માટે શહેરમાં મોટા ગાર્ડનમાં સિનિયર સીટીઝન કોર્નર તૈયાર કરવા. જેમાં મેડીટેશન સેન્ટર, યોગ સેન્ટર, વાર્તાલાપ, મ્યુઝિક સીસ્ટમની વ્યવસ્થા કરવામાં આવે આ માટે અંદાજપત્રમાં રૂા. ૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૬). હરીયાળુ શહેર - સરદાર પટેલ રીંગ રોડના ૭૬ કિ.મી.ના પટ્ટા ઉપર વૃક્ષારોપણ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાંથી પસાર થતાં અને સમાંતર આવેલ ૭૬ કિલોમીટર લંબાઈના સરદાર પટેલ રીંગરોડની બંન્ને તરફનાં સર્વિસ રોડને સમાંતર કુલ ૧૫૨ કિલોમીટરનાં પટ્ટામાં વિવિધ સામાજિક સંસ્થાઓ, એન.જી.ઓ.ના સાથ સહકાર, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ના ધોરણે લાખોની સંખ્યામાં વૃક્ષારોપણનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૧.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

(૨૭). નવા વિસ્તારમાં રસ્તાની સુવિધા

ઠરાવ કર્યો કે શહેરમાં મોટા પ્રમાણમાં નવા વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં ટી.પી. રસ્તા ઉપર પાણી તથા ડ્રેનેજની વિવિધ લાઈનો નાંખવાનો પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રક્રિયા લાંબાગાળાની પ્રક્રિયા છે. જેને કારણે જયાં સુધી જે ટી.પી. રસ્તા પર ડ્રેનેજ તથા પાણીની લાઈનો નાંખવાની બાકી હોય તેવા રસ્તા ઉપર હાલમાં રોડ તૈયાર કરવામાં આવતા નથી. જેને કારણે નાગરિકોને અગવડતા પડે છે. તે ધ્યાને લઈ આવા રસ્તા ઉપર રસ્તાની બંન્ને તરફ યુટીલીટી પાઈપ લાઈન નેટવર્ક માટેની જગ્યા ખુલ્લી રાખી ૧૦ થી ૧૫ ફુટ પહોળા રોડ તૈયાર કરવાનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા.૫.૦૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૨૮). નવા પશ્ચિમ વિસ્તારમાં ૧૫૦૦ બેઠકની ક્ષમતા સાથેનું અદ્યતન ઓડીટોરિયમ બી.ઓ.ટી. ધોરણે

ઠરાવ કર્યો કે હાલમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સંચાલિત શેઠ શ્રી મંગળદાસ ગીરધરલાલ મેમોરીયલ હોલ, ટાગોર હોલ, ડૉ. બાબા સાહેબ આંબેડકર મેમોરીયલ હોલ તથા શ્રી કુશાભાઉ ઠાકરે ઓડીટોરિયમ તેમજ તાજેતરમાં લોકાર્પણ કરેલ શહીદ મંગલ પાંડે ઓડીટોરિયમમાં વિવિધ સંસ્થા તથા કંપનીઓ દ્વારા સેમીનાર, નાટક, સામાજિક મેળાવડો વિગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. નવા પ્રશ્ચિમ વિસ્તારમાં આ પ્રકારના કાર્યક્રમોનાં આયોજન માટે ૧૫૦૦ બેઠકની ક્ષમતા ધરાવતુ ઓડીટોરિયમ તૈયાર કરવા ઠરાવવામાં આવે છે જે માટે બી.ઓ.ટી.ધોરણે પ્રોજેક્ટ અમલમાં મુકવા આનુસાંગીક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

(૨૯). ફુટ ઓવરબ્રિજ (બી.ઓ.ટી. ધોરણે)

ઠરાવ કર્યો કે શહેરમાં વધતી જતી વસ્તી, ટ્રાફિક ભારણને કારણે રાહદારીઓ રસ્તાની એકતરફથી બીજી તરફ જવામાં મુશ્કેલી પડે છે. તથા રાહદારીઓને રસ્તા ઓળંગતા ટ્રાફિકની મુશ્કેલી સર્જાય છે. તે ધ્યાને લઈ કાળુપુર રેલ્વે સ્ટેશન, ગીતામંદિર એસ.ટી. બસસ્ટેન્ડ જેવા ભારે ટ્રાફિકવાળા વિવિધ વિસ્તારમાં બી.ઓ.ટી. ધોરણે ખાનગી કંપની, સંસ્થાને જાહેરાતનાં હક્કો આપવાની નીતિ તૈયાર કરી શહેરનાં જરૂરીયાતવાળા રોડ ઉપર ફુટ ઓવરબ્રિજ તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૦). સુવિધાપૂર્ણ સ્મશાનગૃહ - નવા સ્મશાનગૃહ

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ જુદા જુદા મુકિતધામોને સુવિધાઓથી સજ્જ કરી નવીનીકરણ કરવા તેમજ અમદાવાદ શહેરની નવી હદમાં સમાવેશ કરેલ ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકાઓનાં સ્મશાનમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ લાઈટ, પાણી, ડ્રેનેજ, ડાઘુઓને સ્નાન માટેની સુવિધા, બેઠકવ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા શૌચાલયની સુવિધા કરવા અંદાજપત્રમાં રૂા.૧.૦૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૩૧). ગામતળના વિકાસ માટે નાણાં ફાળવણી

ઠરાવ કર્યો કે શહેરના વિસ્તાર - હદમાં વધારો થવાથી આસપાસની નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોના વિસ્તારનો શહેરની હદમાં સમાવિષ્ટ થયેલ છે.આ નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારનાં લોકો અમદાવાદ શહેરમાં થયેલ વિરાટ ભૌતિક વિકાસની સાથે તાલ મિલાવી શકે અને નાગરિકોને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ ગ્રામ પંચાયત સમયના આયોજનને નવું સ્વરૂપ આપી ગામડાંઓને શહેરી વિસ્તારની જેમ જ સુવિધા આપવા ગામતળમાં આર.સી.સી. રોડ, સોડિયમ સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણી માટે પીવીસી લાઈનને બદલે કાસ્ટ આયર્ન પાઈપ લાઈન, નીક વાળી ખુલ્લી ગટરને બદલે સીસ્ટમેટિક ડ્રેનેજ લાઈન, પીવાનું શુદ્ધ પાણી તથા પંચાયત સમયના જૂનાપુરાણા મકાનોનું નવીનીકરણ કરવા સાથે અમદાવાદ શહેરમાં નવા સમાવેશ થયેલ નવા પશ્ચિમ વિસ્તારમાં થલતેજ ગામતળ, શીલજ, હેબતપુર, બોડકદેવ ગામતળ-મેમનગર, જોધપુર, વસ્ત્રાપુર, મકરબા, સરખેજ, વણજર, બાકરોલ, બાબરાબાદ, નરીમાનપુરા, વેજલપુર, ગોતા, સોલા, ઓગણજ, છારોડી, ભાડજ, જગતપુર, ત્રાગડ, ઘાટલોડીયા, કાળીગામ, ચેનપુર, રાણીપ, ચાંદલોડીયા, નિકોલ તથા પૂર્વ વિસ્તારમાં નિકોલ ગામતળ અને રામોલ, હાથીજણ વોર્ડમાં આવેલ રામોલ વિઝોંલ અને હાથીજણ ગામતળ સહિત ગ્રામ્ય વિસ્તારના "ગામતળ"નો મોટા પ્રમાણમાં સમાવેશ થયેલ છે. આ ગામતળ વિસ્તારમાં સુવિધાઓ આપવા તેમજ ચોરા તથા ગામ ચબૂતરાઓનો વિકાસ કરવા માટે અંદાજપત્રમાં રૂા.૧૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૩૨). ઓક્સીજન પાર્ક - થીક ફોરેસ્ટ

ઠરાવ કર્યો કે શહેરમાં દિન-પ્રતિદિન વધતા વાહનોને કારણે પ્રદુષણની માત્રામાં વધારો થઇ રહયો છે. પર્યાવરણની જાળવણીના હેતુથી શહેરમાં સઘન વૃક્ષારોપણ ઝુંબેશ સાથે એક જ સ્થળે હજારોની સંખ્યામાં વૃક્ષારોપણ કરી ઓક્સીજન પાર્ક તૈયાર કરવામાં આવી રહયા છે. હાલ શહેરના પૂર્વ વિસ્તારમાં બાપુનગર ખાતે ઓક્સીજન પાર્ક તૈયાર કરવામાં આવી રહયો છે. આ પ્રકારે ઓક્સીજન થીક ફોરેસ્ટ પાર્કનું નિર્માણ કરવા માટે અંદાજપત્રમાં રૂા.૧૫ લાખ ફાળવવામાં આવે છે.

(૩૩). મ્યુ. કર્મચારીઓને વિનામૂલ્યે મેડીકલ ચેકઅપ

ઠરાવ કર્યો કે મ્યુનિસિપલ કર્મચારીઓના આરોગ્યની કાળજી લેવાના ભાગરૂપે ૫૦ વર્ષથી વધુ વયમર્યાદા ધરાવતા કર્મચારીઓને મ્યુ. સંચાલિત હોસ્પિટલમાં નિવૃત્તિ સમય સુધીમાં એક વખત હોસ્પિટલની પ્રવર્તમાન નીતિ પ્રમાણે મેડીકલ ચેકઅપ વિનામૂલ્યે કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૪). હોસ્પિટલમાં કોમ્પ્યુટરાઇઝ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ સીસ્ટમ

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શેઠ એલ.જી. જનરલ હોસ્પિટલ તથા શ્રીમતી શારદાબેન હોસ્પિટલ ખાતે આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૧૨-૧૩ થી હોસ્પિટલ કોમ્પ્યુટરાઈઝ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ સીસ્ટમનો અમલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના કારણે હોસ્પિટલ સ્ટોર્સ ખાતે ઉપલબ્ધ તમામ દવાઓ, ઈન્જેકશનો, કન્ઝયુમેબલ, ચીજવસ્તુઓ વગેરેનું ઓનલાઈન સ્ટેટસ એટલે કે સ્ટોક, પડતર કિંમત, એકસપાઈરી ડેઈટ વગેરે સરળતાથી જાણી શકાશે તથા હોસ્પિટલ દ્વારા ખરીદાતી દવાઓ, ઈન્જેકશનો, કન્ઝયુમેબલ ચીજ વસ્તુઓ વગેરેનું ઓર્ડરીંગ, રીઓર્ડરીંગ તથા જથ્થાનું લેવલ ઉપલબ્ધ થતાં તેની ખરીદી અંગેની પ્રક્રિયા સમયસર હાથ ધરી શકાશે, જેના કારણે હોસ્પિટલો ખાતે દવાઓ, ઈન્જેકશનો, કન્ઝયુમેબલ, ચીજ વસ્તુઓની ઉપલબ્ધી રહેવા પામશે અને જેનો લાભ સારવાર માટે આવતાં દર્દીઓને થવા પામશે.

(૩૫). વોર્ડના સમતોલ વિકાસનું આયોજન

ઠરાવ કર્યો કે શહેરનાં નવા સીમાંકનમાં મતદારોની સંખ્યાને ધ્યાનમાં લઈ વોર્ડ રચના કરવામાં આવેલ છે. જેમાં કેટલાક વોર્ડમાં વસ્તીની ગીચતા વધારે હોવાથી વોર્ડનું કુલ ક્ષેત્રફળ માત્ર ૨ થી ૪ ચો. કીલોમીટરનું છે. જયારે કેટલાક વોર્ડ ખૂબજ મોટુ ક્ષેત્રફળ ધરાવે છે. આ પ્રકારના વિશાળ ક્ષેત્રફળ ધરાવતા વોર્ડોમાં રસ્તા, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈનની જરૂરિયાત સામાન્ય ક્ષેત્રફળ ધરાવતા વોર્ડ કરતાં વિશેષ હોય છે. શહેરના તમામ વોર્ડના સમતોલ વિકાસને ધ્યાને લઈ નીચે દર્શાવેલ વોર્ડ માટે રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટનાં કામો માટે વધુ નાણાંકીય જોગવાઈ કરવામાં આવે છે.

અ.નં.	ઝોન	વોર્ડનું નામ	વોર્ડ ચો.કી.મીટર વિસ્તાર	વધુ નાણાંકીય જોગવાઈ (રૂા.કરોડમાં)
૧	પૂર્વ ઝોન	રામોલ, હાથીજણ વોર્ડ	૨૭.૪૧	૨.૦૦
૨	પૂર્વ ઝોન	નિકોલ વોર્ડ	૧૩.૭૪	૧.૦૦
૩	પૂર્વ ઝોન	વસ્ત્રાલ વોર્ડ	૧૫.૫૦	૧.૦૦
૪	નવા પશ્ચિમ ઝોન	ગોતા વોર્ડ	૫૨.૧૦	૨.૫૦
૫	નવા પશ્ચિમ ઝોન	થલતેજ વોર્ડ	૨૧.૭૨	૧.૫૦
૬	નવા પશ્ચિમ ઝોન	બોડકદેવ વોર્ડ	૧૪.૪૦	૧.૦૦
૭	નવા પશ્ચિમ ઝોન	સરખેજ વોર્ડ	૩૭.૮૦	૨.૦૦
૮	નવા પશ્ચિમ ઝોન	જોધપુર વોર્ડ	૨૩.૨૪	૧.૫૦
૯	પશ્ચિમ ઝોન	ચાંદખેડા-મોટેરા વોર્ડ	૧૬.૦૦	૧.૦૦
૧૦	ઉત્તર ઝોન	નોબલનગર વોર્ડ	૧૬.૩૩	૧.૦૦
૧૧	દક્ષિણ ઝોન	લાંભા વોર્ડ	૫૭.૩૭	૨.૫૦

અંદાજ પત્રમાં કુલ રૂા. ૧૭ કરોડ વધુ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૩૬). ડીસીલ્ટીંગ માટે વધારાના નાણાંની જોગવાઇ

ઠરાવ કર્યો કે શહેરમાં ડ્રેનેજ લાઈન તથા સ્ટોર્મ વોટર લાઈનનું નેટવર્ક વર્ષો પુરાણું છે. હજારો કિલોમીટરનાં ડ્રેનેજ - સ્ટોર્મ વોટર લાઈનની હયાત વહન ક્ષમતામાં વધારો કરવા લાઈનો ડીસીલ્ટીંગ કરવી જરૂરી છે. જેને કારણે ડ્રેનેજ બેકીંગનાં પ્રશ્ન તથા વરસાદી પાણી ભરાવવાનાં પ્રશ્નોનું નિરાકરણ આવશે. આ માટે અંદાજપત્રમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ફાળવેલ નાણાં ઉપરાંત વધુ રૂા. ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૩૭). કોમ્યુનીટી હોલનું નવીનીકરણ

ઠરાવ કર્યો કે સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક કાર્યક્રમો માટે શહેરનાં વિવિધ વિસ્તારમાં કોમ્યુનીટી હોલ તૈયાર કરવામાં આવેલ છે. જે પૈકી સ્વ. ખંડુભાઈ દેસાઈ હોલ- અસારવા, વીર ભગતસિંહ હોલ- ગોમતીપુર તથા સ્વ. ઈંદુલાલ યાજ્ઞિક હોલ - બાપુનગરનું બાંધકામ ખુબ જ જુનું છે. આ હોલનાં નવીનીકરણ કરી અદ્યતન હોલ તૈયાર કરવા માટે અંદાજપત્રમાં નીચે દર્શાવેલ હોલ પ્રમાણે નાણાંકીય આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

અ.નં.	હોલનું નામ	વિસ્તારનું નામ	ફાળવેલ નાણાં
૧	સ્વ. વાસુદેવ ત્રિપાઠી હોલ	શાહપુર	રૂા. ૫૦ લાખ
૨	સ્વ. ખંડુભાઈ દેસાઈ હોલ	અસારવા	રૂા. ૫૦ લાખ
૩	સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિક હોલ	બાપુનગર	રૂા. ૫૦ લાખ
૪	વીર ભગતસિંહ હોલ	ગોમતીપુર	રૂા. ૫૦ લાખ
૫	સ્વ.ડી.કે. પટેલ હોલ (સેન્ટ્રલી એ.સી.)	નવરંગપુરા	રૂા.૧૦૦ લાખ

જેના માટે કુલ રૂા.૩.૦૦ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૮). ટાઉન હોલ નવીનીકરણ

ઠરાવ કર્યો કે પશ્ચિમ ઝોનમાં વિવેકાનંદબ્રિજ સામે આવેલ સ્વ. મંગળદાસ ટાઉનહોલને નવીનીકરણ તથા મેન્ટેનન્સ કરવા માટે અંદાજપત્રમાં રૂા. ૨૫ લાખની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩૯). સ્વ.શ્યામાપ્રસાદ વસાવડા મ્યુ. હોલ નવીનીકરણ

ઠરાવ કર્યો કે શહેરનાં દક્ષિણઝોનનાં ખોખરા મહેમદાવાદવોર્ડ ખાતે આવેલ સ્વ.શ્યામાપ્રસાદ વસાવડા મ્યુ. હોલની હયાત જગ્યામાં નવી ડિઝાઈન કરી બે માળના બાંધકામ સાથેનો નવો અધ્યતન કોમ્યુનિટી હોલ તૈયાર કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં પ્રારંભીક તબકકા માટે રૂા.૪.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૪૦). સફાઈ - ટ્રાફિક અવેરનેસ માટે - લોકજાગૃતી કાર્યક્રમ

ઠરાવ કર્યો કે શહેરને સ્વચ્છ અને ટ્રાફિક સમસ્યા મુકત શહેર બનાવવા માટે મ્યુ. તંત્ર દ્વારા પ્રયાસ થઈ રહ્યા છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત સોલીડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડોર ટુ ડમ્પ પધ્ધતિ સાથે કચરાનો સમયસર નિકાલ કરવા સારૂ વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર કરેલ લેન્ડફિલ્ડ સાઈટ ઉપર પ્રતિદિન ૩૩૦૦ ટન કચરાનો નિકાલ સમયસર કરવામાં આવી રહયો છે. પ્રતિવર્ષ શહેરમાં ૧.૪૦ લાખ જેટલા નવા વાહનોનો ઉમેરો થાય છે. દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકટ બનતી જાય છે. આ બંન્ને પ્રશ્નોનાં સરળીકરણ માટે મ્યુ.તંત્રનાં પ્રયાસની સાથે નગરજનોનો સાથ સહકાર જરૂરી છે. આ માટે સફાઈ - ટ્રાફિક અવેરનેસ માટે લોકજાગૃતિનાં વિવિધ કાર્યક્રમનાં આયોજન માટે અંદાજપત્રમાં રૂા. ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવે છે.

(૪૧). વિજળીઘરથી કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ - એલીવેટેડ કોરીડોર

ઠરાવ કર્યો કે શહેરનાં કોટ વિસ્તારમાં આવેલ રસ્તાઓ ખૂબ જ સાંકડા છે. દિનપ્રતિદિન વાહનોની સંખ્યા વધતા ટ્રાફિકનાં પ્રશ્નો ઉદભવે છે. જેને ધ્યાને લઈ કોટ વિસ્તારમાં મુખ્ય માર્ગ રીલીફરોડ ઉપર વિજળીઘરથી કાલુપુર રેલ્વે સ્ટેશન સુધીના માર્ગ ઉપર એલીવેટેડ કોરીડોર તૈયાર કરવાનાં પ્રોજેકટ અંગે ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરી સ્ટે. કમિટી સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે ફિઝીબીલીટી રીપોર્ટ કાર્યવાહી માટે રૂા. ૧૫ લાખની ફાળવણી કરવામાં આવે છે.

(૪૨). " અર્બન હાઉસ "

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર અગાઉ ૧૯૦.૧૫ ચોરસ કિલોમીટર જેટલો હતો જે હવે સને ૨૦૦૬થી વધીને આશરે ૪૬૬ ચોરસ કિલોમીટર જેટલો થવા પામેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી, માસ્ટર પ્લાનને આધાર રાખીને માઈક્રોલેવલ પ્લાનીંગની કામગીરી જેવીકે ટી.પી સ્કીમો બનાવવાની કામગીરી સીટી પ્લાનીંગ વિભાગ દ્વારા કરવામાં આવે છે, તથા તૈયાર થયેલ ટી.પી.સ્કીમને સરકારની મંજુરી મેળવ્યા બાદ નગર રચના અધીકારીશ્રીની નિમણુંક થયેથી અંતિમ કરવા સુધીની કામગીરી સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ નગર રચના અધીકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે, જ્યારે અંતિમ થયેલ ટી.પી.સ્કીમો મુજબ અમલીકરણની કાર્યવાહી એસ્ટેટ વિભાગ દ્વારા સંબધિત ઝોન મારફતે કરવામાં આવે છે.

ઉપરોક્ત તમામ કામગીરી હાલમાં

(૧) સીટી પ્લાનીંગ વિભાગ, અ.મ્યુ.કોર્પોરેશન, મુખ્ય બિલ્ડીંગ ખાતે કાર્યરત

(કામગીરીઃ- માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી, માસ્ટર પ્લાનને આધાર રાખીને માઈક્રોલેવલ પ્લાનીંગની કામગીરી જેવીકે ટી.પી સ્કીમો બનાવવાની કામગીરી)

(૨) નગર રચના અધિકારીશ્રીઓ, તેઓને અ.મ્યુ.કોર્પો./ઔડા/સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ અલગ અલગ જગ્યાએ કાર્યરત

(કામગીરીઃ- તૈયાર થયેલ ટી.પી.સ્કીમને સરકારની મંજુરી મળ્યા બાદ નગર રચના અધિકારીશ્રીની નિમણુંક થયેથી અંતિમ કરવા સુધીની કામગીરી)

(૩) અમલીકરણની કાર્યવાહી સંબધિત ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા કાર્યરત

(કામગીરીઃ- અંતિમ થયેલ ટી.પી.સ્કીમો મુજબ અમલીકરણની કાર્યવાહીની કામગીરી)

(૪) એસ્ટેટ વિભાગ, અ.મ્યુ.કોર્પોરેશન, મુખ્ય બિલ્ડીંગ તથા સંબધિત ઝોન ખાતે કાર્યરત

(કામગીરીઃ- નીતિ વિષયક નિર્ણયો,એક્વીઝીશન,જાહેર ખબર, પબ્લિક હોલ મેનેજમેન્ટ, પ્રોપર્ટી, ડ્રોઈંગ બ્રાંચ વિગેરેની કામગીરી)

(૫) નગર વિકાસ વિભાગ, અ.મ્યુ.કોર્પોરેશન, મુખ્ય બિલ્ડીંગ તથા સંબધિત ઝોન ખાતે કાર્યરત

(કામગીરીઃ- નિતી વિષયક નિર્ણયો, એન્જી./આર્કિટેક્ટને લાયસન્સ, ડ્રોઈંગ બ્રાંચ વિગેરેની કામગીરી)

આમ, ઉપરોક્ત તમામ કામગીરી અલગ અલગ જગ્યાઓએથી થતી હોઇ, જાહેર જનતાને તેઓના કામકાજ/માહિતી અંગે અલગ અલગ ઓફિસોમાં જવાનું રહે છે. તે ઉપરાંત કામગીરી સંભાળનાર અધિકારી/કર્મચારીને પણ અલગ અલગ જગ્યાએથી સંકલનમાં રહી કામગીરી કરવાની થતી રહેતી હોઇ, કામગીરીમાં એકસુત્રતા રહેતી ના હોઇ, સમયનો વ્યય થતો હોઇ, તથા જાહેર જનતાને પણ માહિતી/કામગીરીમાં અગવડ પડતી હોઇ, હાલમાં અમદાવાદ શહેરના ઝડપથી થઇ રહેલ વિકાસને અનુરૂપ શહેરના યોગ્ય પ્લાનીંગને ઝડપથી પૂર્ણ કરી અમલમાં મુકી શકાય તે હેતુસર ઉક્ત તમામ કામગીરી એકજ જગ્યાએથી થાય તે હેતુથી "અર્બન હાઉસ" નું નિર્માણ કરવું આવશ્યક જણાય છે. જેમાં સંલગ્ન કામગીરીને લગતા વિભાગો જેવાકે સીટી પ્લાનીંગ વિભાગ, એસ્ટેટ અને નગર વિકાસ વિભાગ, નગર રચના અધીકારીશ્રીઓની કચેરીઓ વિગેરે કચેરીઓ કાર્યરત થઇ શકે તેવું "અર્બન હાઉસ" નું નિર્માણ કરવા સને ૨૦૧૨-૨૦૧૩ના આગામી બજેટમાં પ્રારંભિક ધોરણે રૂા.૩૩૫.૮૨ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૪૩). વોટર પ્રોજેક્ટના કામો માટે વધુ રૂા. ૫ કરોડની ફાળવણી

ઠરાવ કર્યો કે શહેરમાં વોટર પ્રોજેક્ટ વિભાગ દ્વારા આયોજન કરેલ નવા વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર ઉપરાંત જરૂરીયાતવાળા વિસ્તાર માટે વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. જે માટે બજેટમાં વધુ રૂા.૫ કરોડ ફાળવવામાં આવે છે.

(૪૪). હાઉસીંગ બોર્ડ તથા સ્લમ ક્લીયરન્સ બોર્ડની વસાહતોમાં સુવિધા માટે વધુ રૂા.૧૦ કરોડની ફાળવણી

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં આવેલ સ્લમ કલીયરન્સ બોર્ડ તેમજ હાઉસીંગ બોર્ડની વસાહતોમાં પ્રાથમિક સુવિધાઓ ડ્રેનેજ, પાણી, લાઈટ, રસ્તા, ફૂટપાથ, ગાર્ડન વગેરેની જવાબદારી સરકારશ્રી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપેલ છે. સ્લમ ક્લીયરન્સ તેમજ હાઉસીંગ બોર્ડની વસાહતોમાં વધુ સુવિધાઓના કાર્યો માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ નાણાંકીય જોગવાઇ ઉપરાંત અંદાજપત્રમાં વધુ રૂા.૧૦ કરોડ ફાળવવામાં આવે છે.

(૪૫). સ્વીમીંગપુલ, જીમ્નેશીયમ તથા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની સુવિધાઓ તથા વિકાસ માટે

ઠરાવ કર્યો કે શહેરના નાગરિકોની સુખાકારી માટે શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વીમીંગ પુલના રીનોવેશન તેમજ વિવિધ જીમ્નેશીયમ માટે સાધનો તથા પાયાની સુવિધા વિકસાવવાના હેતુથી રૂા.૨.૦૦ કરોડ તેમજ સ્પોર્ટસ ફેસીલીટી માટે નવા શરૂ કરાયેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં સુવિધાની જાળવણી તેમજ નવી સુવિધાઓ માટે રૂા.૧.૦૦ કરોડ એમ કુલ રૂા.૩.૦૦ કરોડ ઉપરોક્ત હેતુ માટે ફાળવવામાં આવે છે.

(૪૬). હેલ્થ કલબ - વ્યાયામશાળા - લાયબ્રેરી

ઠરાવ કર્યો કે શહેરનાં વિવિધ વિસ્તારમાં આવેલ હેલ્થ કલબ- વ્યાયામશાળા, લાયબ્રેરીનાં નવીનીકરણ તથા નવા મ્યુનિ. હેલ્થ કલબ અને લાયબ્રેરી તૈયાર કરવા આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂા. ૨ કરોડની ફાળવણી કરવામાં આવે છે.

(૪૭). રાત્રી ખાણીપીણી બજાર

ઠરાવ કર્યો કે શહેરમાં વિવિધ વિસ્તારમાં રાત્રી ખાણી પીણી બજાર ભરાય છે. આ પ્રકારના બજારમાં આરોગ્યલક્ષી ઉંચા ધોરણની જાળવણી માટે લારીની એક સરખી ડીઝાઈન, સ્વચ્છતા, મીનરલ પાણી, ડિસ્પોઝેબલ ડીસ, ડસ્ટબીન તથા રાત્રી બજાર પૂર્ણ થતાં બજારની સમગ્ર જગ્યાની સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તે પ્રકારનું આયોજન કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૮). ઝૂંપડપટ્ટી, ચાલી, પોળ, ખડકીમાં સુવિધા માટે વધુ રૂા.૧૦.૦૦ કરોડની ફાળવણી

ઠરાવ કર્યો કે ઝૂંપડપટ્ટી, ચાલી, પોળ, ખડકીમાં પાણી, લાઈટ, પથ્થર પેવિંગ, ડ્રેનેજ વિગેરેની સુવિધા માટે કુલ છ ઝોનમાં રૂા.૧૦.૦૦ કરોડની જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૪૯). અ.મ્યુ.ટ્રા.સ.ને લોન

ઠરાવ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના વહીવટને સરળતાથી ચલાવવા માટે તેમજ નાણાંકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમની માંગણી મુજબ વર્ષ દરમ્યાન વધુ રૂા.૩૨૬૦.૦૦ લાખ લોન તરીકે ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૦). શેઠ વા.સા.જન.હોસ્પિટલને ગ્રાન્ટ

ઠરાવ કર્યો કે શેઠ શ્રી વા.સા.જનરલ હોસ્પિટલ વ્યવસ્થાપક મંડળે સામાન્ય ખર્ચ માટે રૂા.૧૦૬૩૭.૫૮ લાખ અને અસામાન્ય ખર્ચ માટે રૂા. ૯૦૧.૫૦ લાખ મળી કુલ ખર્ચ રૂા. ૧૧૫૩૯.૦૮ લાખમાંથી આવક રૂા. ૯૧૦.૨૦ લાખ બાદ થતાં રૂા.૧૦૬૨૮.૮૮ લાખ પૈકી રૂા.૨૦૦.૦૦ લાખ રાજ્ય સરકારશ્રી પાસેથી ગ્રાન્ટ તરીકે મેળવવાની રકમ બાદ થતાં રૂા.૧૦૪૨૮.૮૮ લાખ ગ્રાન્ટ પેટે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ સામાન્ય ખર્ચ અને અસામાન્ય ખર્ચ પેટે કુલ રૂા.૮૧૧૦.૦૦ લાખ ગ્રાન્ટ તરીકે આપવા અંદાજપત્રમાં જોગવાઇ કરેલ છે. પરંતુ વ્યવસ્થાપક મંડળના ઠરાવ મુજબ હોસ્પિટલના જુદા જુદા કાર્યો હાથ ધરવા, નવા અદ્યતન સાધનોની ખરીદી, તબીબી સેવા અદ્યતન અને અસરકારક બનાવવા તેમજ હોસ્પિટલના વિકાસ કાર્યને આગળ ધપાવવા ગ્રાન્ટની રકમ અપૂરતી હોઇ આ માટે ખૂટતી રકમ સામાન્ય ખર્ચ પેટે તેમજ અસામાન્ય ખર્ચમાં મળી વધુ રકમ રૂા. ૨૩૧૮.૮૮ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૧). શેઠ મા.જે.પુસ્તકાલયને ગ્રાન્ટ

ઠરાવ કર્યો કે શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયના વ્યવસ્થાપક મંડળે રૂા.૬૮૭.૩૦ લાખ ગ્રાન્ટ તરીકે આપવા ઠરાવેલ છે. તેની સામે મ્યુ. કમિશનરશ્રીએ કોર્પો.ના અંદાજપત્રમાં રૂા.૩૭૫.૦૦ લાખની જોગવાઇ કરી છે પરંતુ શહેરના સુજ્ઞ નાગરિકોની વાંચન ભૂખને સંતોષવા વધુ સારી સુવિધાઓ ઉભી કરી શકાય અને નવી પેઢીને સંસ્કાર ઘડતર, સાહિત્ય પ્રત્યે રસ જાગે તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા તેમજ નવીન આધુનિક આયોજનો માટે ગ્રાન્ટ અપૂરતી હોઇ, આ માટે બજેટમાં વધુ રૂા.૩૧૨.૩૦ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૨). નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ

ઠરાવ કર્યો કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ પ્રાયમરી એજ્યુકેશન ફંડનું રૂા.૪૭,૨૮૩.૦૦ લાખનું અંદાજપત્ર મંજુર કરેલ છે. જેમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ રૂા.૩૧,૯૯૪.૦૦ લાખ અંદાજેલ છે તથા પૂર્વ પ્રાથમિક વર્ગની ફી તથા અન્ય પરચુરણ આવક રૂા.૯.૩૦ લાખ મળી એકંદરે કુલ રૂા.૩૨૦૦૩.૩૦ લાખની આવક અંદાજેલ છે. તેની સામે મ્યુ.કમિશનરશ્રીએ કોર્પોરેશનના અંદાજપત્રમાં અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સરકારી અનુદાન

સાથે કુલ રૂા.૩૫,૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. પરંતુ પ્રવર્તમાન આધુનિક સમયને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકોનો વધુ સર્વાંગી વિકાસ થઈ શકે તે હેતુસર સ્કુલબોર્ડના ઠરાવ મુજબ રાજ્ય સરકારશ્રીની પ્રાથમિક કેળવણી માટેની ગ્રાન્ટમાં વધુ રૂા.૩૯૫૩.૩૦ લાખનો વધારો અંદાજી પ્રાથમિક કેળવણીના ખર્ચમાં વધુ રૂા.૧૨,૨૮૩.૦૦ લાખ ફાળવવાનું ઠરાવવામાં આવે છે.

(૫૩). પ્લોટના વેચાણ, પ્રિમીયમની તથા એફ.એસ.આઈ.વાપરવા અંગેની ફીમાં વધારાની આવક

ઠરાવ કર્યો કે અમદાવાદ શહેરમાં જૂની તથા નવી કુલ-૧૦૦ ઉપરાંત ટાઉન પ્લાનીંગ સ્કીમ બનાવવામાં આવેલ છે. જે સ્કીમોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વિકાસના કામો માટે ૧૦ ટકા થી ૧૫ ટકા જમીન કપાતમાં લેવામાં આવી છે. આ પ્રકારના પ્લોટોને જે તે હેતુ માટે વેચાણ કરી વિકાસ હેતુ માટે નાણાં ઉભા કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રકારના પ્લોટના વેચાણથી વધારાની રૂા.૧૦૦.૦૦ કરોડની આવક અંદાજવામાં આવે છે તેમજ પ્રિમિયમની આવકમાં રૂા.૪૦.૦૦ કરોડ તથા વધારાની એફ.એસ.આઈ. વાપરવા અંગેની ફી માં રૂા.૨૫.૦૦ કરોડનો વધારો અંદાજવામાં આવે છે.

(૫૪). ટેક્ષ ફ્રી બોન્ડસ

ઠરાવ કર્યો કે શહેરનો સર્વાંગી વિકાસ ઝડપથી થાય તે માટે નાણાંકીય આયોજનના ભાગરૂપે રૂા.૫૦.૦૦ કરોડ ટેક્ષ ફ્રી બોન્ડ / કોમર્શીયલ બોરોઈંગ મારફતે મેળવવા માટે આનુષાંગિક કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૫૫). પ્રોપર્ટી ટેક્ષની જુની તથા નવી ફોર્મ્યુલાના બાકી ટેક્ષની સઘન વસુલાત

ઠરાવ કર્યો કે મ્યુ. કોર્પો.ના પ્રોપર્ટી ટેક્ષની જુની તથા નવી ફોર્મ્યુલાના બાકી ટેક્ષની વસુલાત સઘનપણે હાથ ધરીને વધુ રૂા.૭૦૪૬.૭૦ લાખની આવક મેળવવાનું તેમજ વ્યવસાય વેરાની વસુલાત સઘનપણે હાથ ધરીને વધુ રૂા.૫.૦૦ કરોડની આવક મેળવવાનું ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ - ૧

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

૧. ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે ગુજરાત રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્પેશ્યલ ઓર્ડીનન્સ નં. ૧/૨૦૦૭ તા. ૨૦-૧-૨૦૦૭ હેઠળ મિલકતવેરાને જનરલ ટેક્ષ એટલે કે સામાન્ય વેરો ગણવાનો રહેશે.

સામાન્ય વેરો = વાર્ષિક દર **x** મિલકતનું ક્ષેત્રફળ **x** (ફેક્ટર-૧ **x** ફેક્ટર-૨ **x** ફેક્ટર-૩ **x** ફેક્ટર-૪)

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે સૂચિત વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ ૧૦
બીન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ ૨૨

ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે.

	રહેઠાણની મિલકતો માટે	**અવયવ**
(અ)	**સમૃદ્ધ વિસ્તાર**	**૧.૬૦**
(બ)	**સારો વિસ્તાર**	**૧.૧૦**
(ક)	**મધ્યમ વિસ્તાર**	**૦.૯૦**
(ડ)	**નબળો વિસ્તાર**	**૦.૬૦**

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

	બિનરહેઠાણની મિલકતો માટે	**અવયવ**
(અ)	**ખૂબ જ સારી**	**૧.૬૦**
(બ)	**સારી**	**૧.૧૦**
(ક)	**મધ્યમ**	**૦.૯૦**
(ડ)	**નબળી**	**૦.૬૦**

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેક્ટર

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીશ વર્ષ સુધી	૦.૮૫
૩	વીશ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડા

(૨) ચાલી

(૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો

(૪) ફ્લેટ

(૫) રો-હાઉસ - ટેનામેન્ટ

(૬) સ્વતંત્ર બંગલા

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

	મિલકતોનો પ્રકાર	**અવયવનો દર**
(૧)	**ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા)**	**૦.૫૦**
(૨)	**પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો**	**૦.૭૦**
(૩)	**ફ્લેટ**	**૦.૭૦**
(૪)	**રો-હાઉસ - ટેનામેન્ટ**	**૧.૦૦**
(૫)	**સ્વતંત્ર બંગલા**	**૧.૫૦**

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેનો અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક)	૧	નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં	૭.૦૦
		વાણિજ્યિક હેતુઓ : બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી, સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔધોગિક એકમોની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઇમારતો ---------- -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી	
		મ્યુ.કોર્પોરેશન બીલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં રીબેટ જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
		ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
	૨	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વગેરેઃ-** દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ	૬.૦

	૩	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **ઔદ્યોગિક એકમો અને કારખાના (ફક્ત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-** વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ, લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેકશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ, ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્કીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ , સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ તા.૧-૪-૨૦૦૯ થી કરવામાં આવેલ છે. **જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ** -૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા, અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ	૨.૦
	૪	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ-** ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામુંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ	૨.૦
(ખ)		**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ-** પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય	
(ગ)		**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર, ૦.૦ વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.** મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેવયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ	

ફેકટર - ૪ : મિલકતનો ઉપયોગ કોણ કરે છે તે આધારિત ફેકટર

	મિલકતોનો ભોગવટા પરિબળ	અવયવનો દર
(૧)	**માલિકના ભોગવટાવાળી મિલકતો**	**૧.૦૦**
(૨)	**ભાડુઆત ભોગવટાવાળી મિલકતો**	**૨.૦૦**

કલમ - ૧૪૧ ઈ (૨) મુજબ બિન-રહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોનાં સામાન્યવેરામાં ૨૦% રિબેટ આપવામાં આવશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

(અ) રહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	ઝૂંપડા	---	૮૪.૦૦
૨	ચાલી	૨૫ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૩	અન્ય	૩૦ ચો.મી. થી નાના	૨૬૪.૦૦
૪	અન્ય	૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના	૩૦૦.૦૦
૫	અન્ય	૫૦ ચો.મી. થી વધુ	૩૩૦.૦૦

ઝૂંપડા માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૮૪/- તથા ૨૫ ચો.મી. થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ સામાન્ય વેરો રૂા. ૨૬૪/- રહેશે.

(બ) બિનરહેણાંકવાળી મિલકતો માટે :

	મિલકતનો પ્રકાર	મિલકતનું માપ (ચો.મીટર)	લઘુત્તમ સામાન્ય વેરો
૧	બિનરહેણાંક	૧૫ ચો.મી. થી નાના	૫૪૦.૦૦
૨	બિનરહેણાંક	૧૫ થી ૩૦ ચો.મી. સુધીના	૬૬૦.૦૦
૩	બિનરહેણાંક	૩૦ ચો.મી. થી વધુ	૭૮૦.૦૦
૪	નીચે ઉપયોગ માટે દર્શાવેલ બિનરહેણાંક	---	૯૦૦.૦૦

ઉપયોગનો પ્રકાર :

ઓપન એર થિયેટર, બ્રાસ વર્કસ, બ્રીક સીરેમીક, કલે મેન્યુફેકચરીંગ, કેમીકલ્સ, કન્ફેકશનરી, ડીસ્ટીલરી, ફાઉન્ડ્રી, ઈન્ક ફેકટરી, જોગરી મેન્યુફેકચરીંગ, લેધર મેન્યુફેકચરીંગ, લાઈમ ભઠ્ઠી, ઓઈલ એકસ્ટ્રેકશન, પેપર મેન્યુફેકચરીંગ, પોટરી, સાગોળ મેન્યુફેકચરીંગ, સોપ મેન્યુફેકચરીંગ, સુગર મેન્યુફેકચરીંગ, સ્વીટ્સ મેન્યુફેકચરીંગ, ટોબેકો, વર્કશોપ, ફેટ સ્ટેમ ઓઈલ, ફેકટરી ડી, લેબોરેટરી, ભઠીયારા ખાના, બોર્ડીંગ, હોસ્ટેલ, હોટલ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, રેસ્ટોરન્ટ્સ, ટી શોપ, હોટલ બોર્ડીંગ, પાવરલુમ, હેન્ડલુમ, ગાર્ડન-પીકનીક, હેન્ડ પ્રિન્ટીંગ, પ્રિન્ટીંગ પ્રેસ, બોન્સ વોશીંગ, બ્લીચીંગ, ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ઘાણા ફેકટરી, હેર વોશીંગ, લેધર પ્રોસેસ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સલ્ફર પ્રોસેસ, સ્ટાર્ચ પ્રોસેસ, વરીયાળી પ્રોસેસ, વુલ પ્રોસેસ, એરેટેડ વોટર, કોલ્ડ્રીંક શોપ, ફરસાણ શોપ, આઈસ્ક્રીમ શોપ, મટન શોપ, પોલ્ટ્રી ફાર્મ, હવાડા

ધોબીઘાટ, એરેટેડ વોટર ફેકટરી, સીમેન્ટ આર્ટીકલ્સ, ડેરી, આઈસ ફેકટરી, લાઈમ ચક્કી, ફેકટરી બી, ફેકટરી સી, હમામખાના, મીલ્ક-કર્ડ-શોપ, ઢોર માર્કેટ, મીલ્ક-કેટલ સ્ટેબલ

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે પાણીનો કર વસુલ કરવામાં આવે છે.

- ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ AA (b) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે હલાલખોર કર વસુલ કરવામાં આવે છે.

વોટર ટેક્સના દર

	પ્રવર્તમાન વોટર ટેકસનાદર	**મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ વોટર ટેક્સના દર**	**સ્ટે.કમિટીએ સુચવેલ સુધારો**
રહેઠાણની મિલકતોના ફેકટરના દર	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત
બીનરહેઠાણની મિલકતોના વપરાશ અંગેનો ફેકટર			
ફેકટર-૭	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૫%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૨	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૧	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત

કોન્ઝરવન્સી ટેક્સના દર

	પ્રવર્તમાન કોન્ઝરવન્સી ટેક્સના દર	મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ કોન્ઝરવન્સી ટેક્સના દર	સ્ટે.કમિટીએ સુચવેલ સુધારો
રહેઠાણની મિલકતોના ફેકટરના દર	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત
બીનરહેઠાણની મિલકતોના વપરાશ અંગેનો ફેકટર			
ફેકટર-૭	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૬	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૫%	સામાન્ય કરના ૪૦%
ફેકટર-૨	સામાન્ય કરના ૩૦%	સામાન્ય કરના ૪૦%	સામાન્ય કરના ૩૫%
ફેકટર-૧	સામાન્ય કરના ૩૦%	યથાવત	યથાવત

- ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૦૫-૨૦૦૮ થી મળેલ મંજૂરી અનુસાર નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન કર લેવામાં આવે છે.
- સ્ટે.ક.ઠ.નં.૧૦૦ તા.૨૧-૦૪-૨૦૧૧ તથા મ્યુ. કોર્પો. જનરલ બોર્ડ ઠ.નં.૧૬૩ તા.૧૩-૦૫-૨૦૧૧ થી મળેલ મંજૂરી અનુસાર આજીવન વાહનવેરાના દર વાહનના પ્રકાર પ્રમાણે વસુલ કરવાને બદલે વાહનની મુળ કિંમત ઉપર નીચે દર્શાવેલ દર મુજબ વસુલ કરવામાં આવશે.

	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર
(૧)	સ્કૂટર, મોટર સાયકલ ત્રિચક્રી વાહનો	બેઝિક પ્રાઈસના ૨.૫% લેખે
(૨)	ઓટો રીક્ષા	બેઝિક પ્રાઈસના ૧% લેખે
(૩)	લોડીંગ રીક્ષા	બેઝિક પ્રાઈસના ૧% લેખે
(૪)	મોટરકાર તથા જીપ	બેઝિક પ્રાઈસના ૧% લેખે
(૫)	મેટાડોર-મીની બસ	બેઝિક પ્રાઈસના ૧% લેખે
(૬)	ટ્રક તથા મોટી બસ	બેઝિક પ્રાઈસના ૧% લેખે

ટોકન ફી ના દર વાહન દીઠ રૂા. ૨૫.૦૦ યશાવત રહેશે.

૫. એકટની કલમ ૧૨૭ પેટા કલમ (૨) મુજબ બીજા કરો :

(અ) થિયેટર ટેક્ષ : ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં. જી.એફ.સી./૧૧/૨૦૦૦/૨૫૦૫/૨ તા.૯-૨-૨૦૦૧ના અનુસંધાને તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠ.નં.૬૦૫ તા.૨૩-૧૧-૨૦૦૧થી શો દીઠ રૂા.૫૦ વસુલ લેવામાં આવે છે.

ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : અમન-૮૦૨૦૦૮-૨૨૪૫-પી તા.૧૩-૦૭-૨૦૧૧ મુજબ.

એનેક્ષર-એ

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧-બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શિડ્યુલ-એ પ્રકરણ-૮ માં નિયમ ૮(જ) નો ઉમેરો.

૮(જ) શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્યવેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમો

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૦૧-૦૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજ્ય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે. પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરિટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો/જમીનોના વેકન્ડ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ / જમીન ઉપર વેકન્ટ લેન્ડ ટેક્ષ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપરના વેકન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુ-બાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે.
પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

મ્યુનિ. કમિશનરશ્રીએ રજૂ કરેલ સને ૨૦૧૨-૨૦૧૩ ના અંદાજપત્રમાં સ્ટેન્ડીંગ કમિટીએ ઉપર જણાવ્યા મુજબ સુધારા - વધારા કરી એકટની કલમ -૯૬ મુજબ તૈયાર કરેલ અંદાજપત્ર "એ" તથા એકટની કલમ-૯૯ માં જણાવ્યા અનુસાર ટેક્ષેસન પ્રપોઝલ મંજૂર કરવા તથા અંદાજપત્ર તા.૧૦ મી ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં રજુ કરવામાં જે વિલંબ થયો છે તે તથા સ્ટેન્ડીંગ કમિટીને પણ અંદાજપત્ર તૈયાર કરવામાં જે વિલંબ થયો છે તે કોન્ડોન કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનને ભલામણ કરવામાં આવે છે.

રેવન્યુ આવકમાં વધારો

અ.નં.	વિગત	આવકમાં વધારો (રૂા. લાખમાં)
૧.	સામાન્ય વેરાની આવક (જુની બાકી પેટે)	૭૮૪૬.૭૦
૨.	વેકન્ટ લેન્ડ ટેક્ષ	૧૦૦૦.૦૦
૩.	કોમર્શીયલ ડેવલપમેન્ટની આવક	૧૦૦૦૦.૦૦
૪.	પ્રિમીયમની આવકમાં વધારો	૪૦૦૦.૦૦
૫.	વધારાની એફએસઆઈ વાપરવા અંગેની ફી	૨૫૦૦.૦૦
૬.	પ્રાથમિક કેળવણી માટે મળતી રાજય સરકારશ્રીની ગ્રાન્ટમાં વધારા	૩૯૫૩.૩૦
૭.	વ્યવસાય વેરો	૫૦૦.૦૦
	કુલ :-	૨૯૮૦૦.૦૦

રેવન્યુ આવકમાં ઘટાડો

અ.નં.	વિગત	આવકમાં ઘટાડો (રૂા. લાખમાં)
૧.	સામાન્ય વેરાની આવક (વોટર અને કોન્ઝોરવન્સી ટેક્ષના દરમાં અંશતઃ વધારો મંજુર કરતા)	૧૮૦૦.૦૦
	કુલ :-	૧૮૦૦.૦૦

રેવન્યુ ખર્ચમાં વધારો

અ.નં.	વિગત	ખર્ચમાં વધારો (રૂા. લાખમાં)
૧.	પ્રા.શિક્ષણ સમિતિની ગ્રાન્ટમાં વધારો	૧૨૨૮૩.૦૦
૨.	શેઠ મા.જે.પુસ્તકાલયની ગ્રાન્ટમાં વધારો	૩૧૨.૩૦
૩.	શેઠ વા.સા.હોસ્પિ.ની ગ્રાન્ટમાં વધારો	૨૩૧૮.૮૮
	સ્પર્ધાઓનું આયોજન.	
૪.	શ્રી સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી	૧૨૫.૦૦
૫.	યુવાશકિત વર્ષ-(ખેલ મહાકુંભ) વિવિધ કાર્યક્રમ	૫૦.૦૦
૬.	રાષ્ટ્રીય પુસ્તક મેળાનુ આયોજન	૩૦.૦૦
૭.	ન્યુટ્રીશન-પર્યાવરણ જાગૃતિ યાત્રા	૩૦.૦૦
૮.	સફાઇ-ટ્રાફિક અને લોકજાગૃતી કાર્યક્રમ	૧૦.૦૦
૯.	ઉમ્મીદ કેન્દ્રોમાં મહિલાઓ માટે ગૃહ ઉદ્યોગ તાલીમ કેન્દ્ર	૧૦૦.૦૦
૧૦.	તબીબી સારવાર માટે ડીઝીટલ હેલ્થ કાર્ડ	૫૦.૦૦
	કુલ :	૧૫૩૦૯.૧૮

ઉપર જણાવ્યા પ્રમાણે રેવન્યુ ખર્ચમાં રૂા.૧૫૩૦૯.૧૮ લાખનો વધારો થવા પામેલ છે. જેની સામે કુલ રેવન્યુ આવકમાં નેટ રૂા.૨૮૦૦૦.૦૦ લાખનો વધારો થવા પામેલ છે. તથા રૂા.૧૧૪૦૪૦.૦૦ લાખ વિકાસ કામો માટે ટ્રાન્સફર કરતાં આખરી સિલક રૂા. ૧૪.૪૩ લાખ રહેવા પામે છે.

રેવન્યુ એકાઉન્ટ જમાબાજુ (રૂા. લાખમાં)

અ.નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૨-૧૩ મ્યુ. કમિ.શ્રીએ સૂચવેલ અંદાજ	સ્ટે. કમિટી તરફથી સૂચિત વધારો-ઘટાડો	સને ૨૦૧૨-૧૩ કમિટીએ તૈયાર કરેલ અંદાજ
	ઉઘડતી સિલક...	**૮.૬૧**		**૮.૬૧**
૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૯૦૯૩૭.૦૦	૦૦.૦૦	૯૦૯૩૭.૦૦
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર			
	(અ) જનરલ ટેક્ષ	૪૦૧૦૨.૦૦	૫૦૪૬.૭૦	૪૫૧૪૮.૭૦
	(બ) વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૧૯૧૦૦.૦૦	૨૦૦૦.૦૦	૨૧૧૦૦.૦૦
૩	વ્યવસાય વેરો	૧૦૦૦૦.૦૦	૫૦૦.૦૦	૧૦૫૦૦.૦૦
૪	નોન ટેક્ષ રેવન્યુ આવક	૬૧૪૯૮.૦૦	૧૨૫૦૦.૦૦	૭૩૯૯૮.૦૦
૫	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૨૮૩૯.૫૯	૩૯૫૩.૩૦	૪૬૭૯૨.૮૯
૬	બીજી આવક	૧૧૯૭૮.૪૧	૪૦૦૦.૦૦	૧૫૯૭૮.૪૧
	રેવન્યુ આવકનું કુલ...	**૨૭૬૪૫૫.૦૦**	**૨૮૦૦૦.૦૦**	**૩૦૪૪૫૫.૦૦**
	એકંદરે કુલ...	**૨૭૬૪૬૩.૬૧**		**૩૦૪૪૬૩.૬૧**

રેવન્યુ એકાઉન્ટ ખર્ચ બાજુ (રૂ.લાખમાં)

અ.નં.	બજેટહેડના નામ	સને ૨૦૧૨-૧૩ મ્યુ.કમિ.શ્રી તરફથી સૂચવેલ અંદાજ	સ્ટે.કમિટીનો વધારો-ઘટાડો	સને ૨૦૧૨-૧૩નો સ્ટે.કમિટીએ તૈયાર કરેલ અંદાજ
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૭૩૨૯૪.૫૭	૦.૦૦	૭૩૨૯૪.૫૭
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૬૬૭૮.૮૫	૧૭૫.૦૦	૬૮૫૩.૮૫
૩	મરામત અને નિભાવ	૧૫૫૯૬.૧૪	૦.૦૦	૧૫૫૯૬.૧૪
૪	પાવર અને બળતણ	૧૩૮૧૪.૪૬	૦.૦૦	૧૩૮૧૪.૪૬
૫	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૧૫૫૯૨.૫૪	૨૨૦.૦૦	૧૫૮૧૨.૫૪
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૫૦૩૭.૫૯	૧૪૯૧૪.૧૮	૫૯૯૫૧.૭૭
૭	લોન ચાર્જીસ	૩૭૬૨.૮૫	૦.૦૦	૩૭૬૨.૮૫
૮	અન્ય ખર્ચ	૧૩૨૩.૦૦	૦.૦૦	૧૩૨૩.૦૦
(અ)	**રેવન્યુ ખર્ચનું કુલ**	**૧૭૫૧૦૦.૦૦**	**૧૫૩૦૯.૧૮**	**૧૯૦૪૦૯.૧૮**
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૧૦૧૩૫૦.૦૦		૧૧૪૦૪૦.૦૦
	આખરી સિલક	**૧૩.૬૧**		**૧૪.૪૩**
	એકંદરે કુલ.....	**૨૭૬૪૬૩.૬૧**		**૩૦૪૪૬૩.૬૧**

: સ્ટેન્ડીંગ કમિટીએ સુચવેલ વિકાસ કાર્યો :

		(રૂા. લાખમાં)
૧	હાઈડ્રો પાવર એનર્જી	૨૫૦.૦૦
૨	હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગમાં પેક્સ સીસ્ટમ	૧૭૦.૦૦
૩	મ્યુનિસિપલ હોસ્પિટલમાં દવાની દુકાનો	૫૦.૦૦
૪	૫ નંગ મોબાઈલ ટોઈલેટવાન તથા ૫ શબ વાહીની	૧૫૦.૦૦
૫	નવા પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફીક ચીલ્ડ્રન પાર્ક	૧૦૦.૦૦
૬	આઈ કેર મેડીકલવાન	૫૦.૦૦
૭	ક્રાંતિ યાત્રા	૨૦.૦૦
૮	આંગણવાડીનાં મકાનો - આંગણવાડી દત્તક યોજના	૧૦૦૦.૦૦
૯	ફલાય ઓવરબ્રિજ તથા રેલ્વે ઓવર બ્રિજ	૨૫૦૦.૦૦
૧૦	નાનાં તળાવોનો વિકાસ	૫૦૦.૦૦
૧૧	ખારીકટ કેનાલને સમાંતર રસ્તા નવીનીકરણ તથા ડેકોરેટીવ સ્ટ્રીટ લાઈટ	૩૦૦.૦૦
૧૨	ખારી નદી - ઓવરબ્રીજ	૫૦૦.૦૦
૧૩	આશ્રમ રોડના રેલ્વે સમાંતર રસ્તાનો વિકાસ	૧૦૦.૦૦
૧૪	૧૦૦ જંકશન ઉપર ટ્રાફિક સિગ્નલ-સી.સી. ટી.વી. કેમેરા	૧૦૦.૦૦
૧૫	બાલવાટીકા નવીનીકરણ	૫૦.૦૦
૧૬	ગાર્ડનમાં સીનીયર સીટીઝન કોર્નર	૧૦૦.૦૦
૧૭	હરીયાળુ શહેર - સરદાર પટેલ રીંગ રોડના ૭૬ કિ.મી.ના પટ્ટા ઉપર વૃક્ષારોપણ	૧૦૦.૦૦
૧૮	નવા વિસ્તારમાં રસ્તાની સુવિધા	૫૦૦.૦૦
૧૯	સુવિધાપૂર્ણ સ્મશાનગૃહ - નવા સ્મશાનગૃહ	૧૦૦.૦૦

		(રૂા. લાખમાં)
૨૦	ગામતળના વિકાસ માટે નાણાં ફાળવણી	૧૦૦૦.૦૦
૨૧	ઓક્સીજન પાર્ક -થીક ફોરેસ્ટ	૧૫.૦૦
૨૨	વોર્ડના સમતોલ વિકાસનું આયોજન	૧૭૦૦.૦૦
૨૩	ડીસીલ્ટીંગ માટે વધારાના નાણાંની જોગવાઇ	૧૦૦૦.૦૦
૨૪	કોમ્યુનીટી હોલોનું નવીનીકરણ	૩૦૦.૦૦
૨૫	ટાઉનહોલ નવીનીકરણ	૨૫.૦૦
૨૬	સ્વ.શ્યામાપ્રસાદ વસાવડા મ્યુ. હોલ નવીનીકરણ	૪૦૦.૦૦
૨૭	વિજળીઘરથી કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ - એલીવેટેડ કોરીડોર	૧૫.૦૦
૨૮	" અર્બન હાઉસ "	૩૩૫.૮૨
૨૯	વોટર પ્રોજેકટના કામો માટે વધુ રૂા. ૫ કરોડની ફાળવણી	૫૦૦.૦૦
૩૦	હાઉસીંગ બોર્ડ તથા સ્લમ ક્લીયરન્સ બોર્ડની વસાહતોમાં સુવિધા માટે વધુ રૂા.૧૦ કરોડની ફાળવણીઃ-	૧૦૦૦.૦૦
૩૧	સ્વીમીંગપુલ, જીમ્નેશીયમ તથા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની સુવિધાઆ તથા વિકાસ માટે	૩૦૦.૦૦
૩૨	હેલ્થ કલબ - વ્યાયામશાળા - લાયબ્રેરી	૨૦૦.૦૦
૩૩	ઝૂંપડપટ્ટી, ચાલી, પોળ, ખડકીમાં સુવિધા માટે વધુ રૂા.૧૦.૦૦ કરોડની ફાળવણી	૧૦૦૦.૦૦
૩૪	અ.મ્યુ.ટ્રા.સ.ને લોન	૩૨૬૦.૦૦
	કુલ :	**૧૭૬૯૦.૮૨**

સને ૨૦૧૨-૨૦૧૩ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન

સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રૂા. ૨૬૦૬૯૦.૮૨ લાખના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

અ.નં.	વિગત	૨૦૧૨-૧૩ ના વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે. કમિટીએ સૂચવેલ અંદાજી આવક (રૂા. લાખમાં)
૧	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૧૪૦૪૦.૦૦
૨	ચાલુ કામો માટેની પુરાંત (બાકી આગળ)	૭૦૩૬.૦૭
૩	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૧૨૦૭.૦૦
૪	ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન)	૨૫૦૦૦.૦૦
૫	સફાઈ કામદાર આવાસ યોજના માટે લોન અને ગ્રાન્ટ	૩૦૦.૦૦
૬	સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ	૧૧૦૦.૦૦
૭	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૧૫૦૦.૦૦
૮	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૫૦૦૦૦.૦૦
૯	૧૩માં નાણા પંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ	૩૦૦.૦૦
૧૦	ફાયર ટેક્ષની આવક	૧૨૦૦.૦૦
૧૧	અન્ય	૫૦૭.૭૫
૧૨	SRFDCL દ્વારા મ્યુનિ. કોર્પો.ની લોનની ચુકવણી	૧૦૦૦૦.૦૦
૧૩	EWS યોજના અન્વયે લાભાર્થીનો ફાળો	૬૦૦૦.૦૦
૧૪	હુડકો - ગેપ ફંડ લોન	૧૫૦૦૦.૦૦
૧૫	JnNURM - ફેઝ-૨ અન્વયે સરકારશ્રીની ગ્રાંટ	૭૫૦૦.૦૦
	કુલ ...	**૨૬૦૬૯૦.૮૨**

સને ૨૦૧૨-૨૦૧૩ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં મ્યુ.કમિશનરશ્રીએ સુચવેલ વિકાસના કામોમાં રૂા.૧૭૬૯૦.૮૨ લાખનો વધારો કરીને રૂા.૨૬૦૬૯૦.૮૨ લાખનાં વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂા. લાખમાં)

અ.નં.	વિગત	૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	૨૦૧૨-૧૩નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૩૫૫૦૦.૦૦	૩૮૨૦૦.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૭૦૦૦.૦૦	૮૨૫૦.૦૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૩૪૦૦.૦૦	૬૪૧૫.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૮૮૦૦.૦૦	૯૫૫૦.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૭૬૩૭.૮૮	૮૮૮૭.૮૮
૬.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૨૬૬૦.૦૦	૩૬૬૦.૦૦
૭.	મકાન	૬૦૦૦.૦૦	૮૨૩૫.૮૨
૮.	જાહેર સ્થળો	૪૦૦૦.૦૦	૫૪૮૫.૦૦
૯.	સ્ટ્રીટ લાઈટ	૩૦૦૦.૦૦	૩૧૨૫.૦૦
૧૦.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૮૦૦૦.૦૦	૮૬૨૦.૦૦
૧૧.	ઈ-ગવર્નન્સ	૧૧૧૫.૦૦	૧૧૧૫.૦૦
૧૨.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૨૭૭.૩૬	૨૭૭.૩૬
૧૩.	જમીન સંપાદન	૫૦૦.૦૦	૫૦૦.૦૦
૧૪.	અન્ય	૧૯૫.૦૦	૧૯૫.૦૦
	(ક) નું કુલ	**૮૮૦૮૫.૨૪**	**૧૦૨૫૧૬.૦૬**
(ખ)	**એ.એમ.ટી.એસ. ને લોન**	**૧૩૦૦૦.૦૦**	**૧૬૨૬૦.૦૦**
(ગ)	**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ**	**૨૨૬૦૦.૦૦**	**૨૨૬૦૦.૦૦**
(ઘ)	**અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)**	**૫૦૦.૦૦**	**૫૦૦.૦૦**

(રૂા. લાખમાં)

અ.નં.	વિગત	૨૦૧૨-૨૦૧૩ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	૨૦૧૨-૧૩નાં વર્ષમાં વિકાસ ખર્ચનો સ્ટે.કમિટીએ સૂચવેલ અંદાજ
(ચ)	**અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ - (AJL)**	**૩૦૦.૦૦**	**૩૦૦.૦૦**
(છ)	**એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ**	**૫૦૦.૦૦**	**૫૦૦.૦૦**
(જ)	**JnNURM ના કામો**		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ (ઈન્ફ્રાસ્ટ્રકચર)	૧૭૮૪૦.૦૦	૧૭૮૪૦.૦૦
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ (બસ)	૮૦૦૦.૦૦	૮૦૦૦.૦૦
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૩૦૦.૦૦	૩૦૦.૦૦
૪.	EWS હાઉસીંગ	૯૦૦૦.૦૦	૯૦૦૦.૦૦
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૨૬૦.૦૦	૨૬૦.૦૦
૬.	ડ્રેનેજ પ્રોજક્ટ	૮૦૦૦.૦૦	૮૦૦૦.૦૦
૭.	વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન	૧૦૦.૦૦	૧૦૦.૦૦
૮.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૩૫૦૦.૦૦	૩૫૦૦.૦૦
૯.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૩૦૦.૦૦	૩૦૦.૦૦
૧૦.	ઇ ગવર્નન્સ	૧૦૦૦.૦૦	૧૦૦૦.૦૦
	(જ) નું કુલ	**૪૮૩૦૦.૦૦**	**૪૮૩૦૦.૦૦**
(ઝ)	**JnNURM ફેઝ-૨**	**૧૫૦૦૦.૦૦**	**૧૫૦૦૦.૦૦**
(ટ)	**ગ્રાન્ટના કામો**		
૧.	મુખ્યમંત્રીશ્રીની શહેરી વિકાસ યોજના	૫૦૦૦૦.૦૦	૫૦૦૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૧૯૯૩.૫૦	૧૯૯૩.૫૦
૩.	જી.એમ.એફ.બીની ગ્રાન્ટ	૬૧૦.૦૦	૬૧૦.૦૦
૪.	સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૧૦૦૦.૦૦	૧૦૦૦.૦૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૯૧૧.૨૬	૯૧૧.૨૬
૬.	અન્ય ગ્રાન્ટ	૨૦૦.૦૦	૨૦૦.૦૦
	(ટ) નું કુલ	**૫૪૭૧૪.૭૬**	**૫૪૭૧૪.૭૬**
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	**૨૪૩૦૦૦.૦૦**	**૨૬૦૬૯૦.૮૨**

અંદાજપત્ર - સને ૨૦૧૨-૨૦૧૩ (રૂપીયા કરોડમાં)

વિગત	મ્યુ.કમિશનરશ્રીની દરખાસ્ત	વધારો	સ્ટે. કમિટીએ તૈયાર કરેલ અંદાજપત્ર
રેવન્યુ ખર્ચ	૧૭૫૧.૦૦	૧૫૩.૦૯	૧૯૦૪.૦૯
વિકાસના કામો	૨૪૩૦.૦૦	૧૭૬.૯૧	૨૬૦૬.૯૧
કુલ બજેટ	**૪૧૮૧.૦૦**	**૩૩૦.૦૦**	**૪૫૧૧.૦૦**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
અંદાજપત્ર : સને ૨૦૧૨-૨૦૧૩

રૂપિયા કયાંથી આવશે ?

૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૩૦ પૈસા
૨	પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય સીધા કર	
	(અ) જનરલ ટેક્ષ	૧૫ પૈસા
	(બ) વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૦૭ પૈસા
૩	પ્રોફેશનલ ટેક્ષ	૦૩ પૈસા
૪	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૪ પૈસા
૫	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૬ પૈસા
૬	અન્ય આવક	૦૫ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

રૂપિયા કયાં જશે ?

૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૪ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૦૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૦૫ પૈસા
૪	વિજળી અને બળતણ	૦૪ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૦૬ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૨૦ પૈસા
૭	લોન ચાર્જીસ	૦૧ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૮ પૈસા
	કુલ :	**૧૦૦ પૈસા**

મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ગુજરાત રાજ્યના વિકાસના ગ્રોથ એન્જીન તરીકે પ્રસ્થાપિત થયેલ અમદાવાદ શહેર ફોર્બ્સ - આંતરરાષ્ટ્રીય સામયિક દ્વારા વિશ્વના સૌથી ઝડપથી વિકસી રહેલ શહેરોમાં ત્રીજા નંબરનું સ્થાન પામેલ છે તથા ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સર્વે તેમજ અહેવાલ મુજબ સમગ્ર વિશ્વના રહેવાલાયક શહેરોમાં અમદાવાદ ચોથા નંબરે તથા ભારતમાં પ્રથમ નંબરે આવેલ છે. રાજ્યની આર્થિક રાજધાની અમદાવાદ મહાનગર ૪૬૬ ચો.કિ.મી. નો વિસ્તાર અને આશરે ૬૫ લાખ જનસંખ્યા અને વૈશ્વિક સુવિધા ધરાવતું મહાનગર બન્યું છે. અમદાવાદ શહેરમાં આકાર લઈ રહેલ જનમાર્ગ - બી.આર.ટી.એસ., સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, કિડ્ઝ સિટી, શહેરી ગરીબો માટે આવાસ યોજના જેવા પ્રોજેક્ટોએ અમદાવાદ મહાનગરની આગવી ઓળખ ઉભી કરી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી આંતરમાળખાકિય સુવિધાઓ સુદૃઢ બને અને શહેરનો સમતોલ સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલા જુદા-જુદા પ્રોજેક્ટસ તેમજ જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત બી.આર. ટી.એસ. સ્ટોર્મ વોટર ડ્રેઈન, જળવિતરણ વ્યવસ્થાપન, સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, શહેરી ગરીબો માટે આવાસ યોજના, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા પ્રોજેક્ટસને કારણે અમદાવાદ શહેરની સને ૨૦૨૧ ની જરૂરિયાતને પહોંચી શકાય તે મુજબનું લાંબાગાળાનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરને સ્વચ્છ બનાવવા માટે ચાલુ વર્ષમાં શહેરમાંથી ઉત્પન્ન થતાં કચરાનું એકત્રીકરણ તથા તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા અસરકારક વ્યવસ્થાતંત્ર ઉભું કરીને સઘન પ્રયાસો કરવામાં આવેલ છે. જેને પરિણામે જુલાઈ-૨૦૧૧ ના માસમાં દૈનિક સરેરાશ ૩૦૦૦ મેટ્રીક ટન ઘન કચરાનું એકત્રીકરણ અને નિકાલ થતો હતો, જે ડિસેમ્બર-૨૦૧૧ માં વધીને ૩૭૫૦ મેટ્રીક ટન થયેલ છે. જુલાઈ-૨૦૧૧ માં ૨૨૪ જેટલાં ન્યુસન્સ સ્પોટ હતાં, જે અસરકારક કામગીરીના પરિણામે ઘટીને ડિસેમ્બર-૨૦૧૧ દરમ્યાન ૧૪૪ થયેલ છે અને સઘળા ન્યુસન્સ સ્પોટ ઉપરથી કચરો એકત્ર કરવામાં આવે છે. આગામી વર્ષમાં ૧૦૦% કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા તથા ઈફેક્ટિવ ડેબ્રીજ કલેકશન સિસ્ટમ ઉભી કરવા આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરમાંથી ઘન કચરાના એકત્રીકરણ તથા નિકાલ માટે અન્ય વિકસીત શહેરમાં ઉપલબ્ધ હોય તેવા તમામ આધુનિક વાહનો ખરીદવાનું આયોજન કરેલ છે. હાલમાં ઉત્પન્ન થતાં

દૈનિક સરેરાશ ૩૭૫૦ મેટ્રીક ટન સોલીડ વેસ્ટ તથા ભવિષ્યમાં ઉત્પન્ન થનાર ૪૨૦૦ મેટ્રીક ટન સોલીડ વેસ્ટને આધુનિક ટેકનોલોજીથી પ્રોસેસીંગ કરી મિક્સ સોલીડ વેસ્ટમાંથી ખાતર, પેલેટ્સ/આર.ડી.એફ. (ઔધોગિક ફ્યુઅલ) બનાવવાની તથા હયાત ડમ્પ સાઈટનો જૂના મિક્સ વેસ્ટને કેપીંગ કરવા માટે વાઈબ્રન્ટ ગ્લોબલ ગુજરાત સમિટ ૨૦૧૧ અંતર્ગત વિવિધ કંપનીઓ દ્વારા આવેલ દરખાસ્તોનું ટેકનિકલ - કોમર્શિયલ ઈવેલ્યુએશન કરવાની કામગીરી ચાલુ વર્ષે "Deloittee" સંસ્થાને સોંપવામાં આવેલ છે. "Deloittee" સંસ્થા દ્વારા મૂલ્યાંકન કરી તે અંગેનો રિપોર્ટ માર્ચ-૨૦૧૨ સુધીમાં રજૂ કરવામાં આવશે અને રિપોર્ટના આધારે આગામી વર્ષમાં તેનું અમલીકરણ કરવામાં આવશે.

કચરાનું એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશન કરતાં વાહનોનો મહત્તમ ઉપયોગ થાય, ફ્યુઅલનો વપરાશ ઘટે, મહત્તમ ફેરા કરાવી પૂરેપૂરી કાર્યક્ષમતાથી કચરાનો નિકાલ થાય તે માટે છ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સફાઈ અંગેની બાબતોમાં નાગરિકોમાં જાગૃતિ આવે, વિવિધ ધંધાકિય/સામાજીક સંસ્થાઓનું યોગદાન મળી રહે તથા કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરીનું તેમજ ભવિષ્યના આયોજન અંગે નાગરિકોને જાણકારી મળી રહે તે માટે Information Education Communication (IEC) Activity કરવામાં આવશે. શહેરમાં ઉત્પન્ન થતાં કચરાના પ્રાઈમરી કલેકશન, સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશન, પ્રોસેસીંગ, ડિસ્પોઝલ, વાહનોની વ્યવસ્થા વિગેરે બાબતે ભારતના બેંગ્લોર, મુંબઈ, દિલ્હી જેવા મુખ્ય શહેરો તથા અન્ય વિકસિત શહેરોએ અપનાવેલી પોલિસી, પદ્ધતિ મુજબ શહેરનો વિસ્તાર, વસ્તી, વિકાસ, ચાલી-ઝૂંપડાઓ, ગીચતા વિગેરેને ધ્યાનમાં લઈને કામગીરી ગોઠવવા અંગે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન ૨૦૩૧ તૈયાર કરવામાં આવશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરમાં પ્રથમ તબક્કામાં મંજૂર થયેલ ૬૦૩ કામો પૈકી ૨૭૭ કામો પૂર્ણ થયેલ છે. બાકીના કામો ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. આ યોજના અંતર્ગત શહેરમાં ૯૪.૩૦ કિ.મી. લંબાઈના જુદા-જુદા ૨૭ રોડને મોડેલ રોડ તરીકે ડેવલપ કરવામાં આવશે તે પૈકી પ્રથમ તબક્કામાં રૂા.૧૧૩.૦૦ કરોડના ખર્ચે ૪૫.૩૦ કિ.મી. લંબાઈના જુદા-જુદા ૮ (આઠ) રસ્તાઓ મોડેલ રોડ તરીકે વિકસાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ મોડેલ રોડ નેશનલ હાઈવે રોડની ડિઝાઈન મુજબ વોલ ટુ વોલ રોડ કરીને સંપૂર્ણ ડસ્ટ ફ્રી, એક સરખી ડિઝાઈનની સેન્ટ્રલ વર્જ અને તેના ઉપરની ગ્રીલ, જંકશન ડેવલપમેન્ટ તથા ફૂટપાથની કર્બીંગ ઉપર રેટ્રો રીફલેક્ટીવ પેઈન્ટ,

થર્મોપ્લાસ્ટ પેઈન્ટથી રોડ માર્કીંગ, પાર્કિંગ માટેની નિર્ધારિત જગ્યા, રોડ સાઈનેજ તથા બેઠકની વ્યવસ્થા અને સેન્ટ્રલ વર્જની પહોળાઈ મુજબ એક સમાન પ્લાન્ટેશનની કામગીરી કરવામાં આવશે. મોડેલ રોડ પરના તમામ પ્રકારના દબાણો દૂર કરીને દબાણ મુક્ત કરવામાં આવશે. મોડેલ રોડ ઉપર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે આધુનિક ટોઈલેટ બનાવવામાં આવશે.

મોડેલ રોડના રસ્તાઓ ઉપર આવતાં સિગ્નલાઈઝ્ડ જંકશન ઉપર હોટ એપ્લાઈડ થર્મોપ્લાસ્ટીક પેઈન્ટનો ઉપયોગ કરી જંકશન પેઈન્ટીંગ જેવી કે સ્ટોપ લાઈન, લેન લાઈન, એરો, સ્ટોપ લખાણ વિગેરે કરવા તેમજ જંકશન ઉપર રાહદારીઓ સરળતાથી રસ્તો ઓળંગી શકે તે માટે ઝીબ્રા ક્રોસીંગ પેઈન્ટીંગ કરવા તેમજ જંકશન ઉપર સોલર કેટ-આઈ ફીક્ષ કરવામાં આવશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વી.એસ. હોસ્પીટલ સંકુલમાં ૭૦ મીટર ઊંચાઈનું નોર્મ્સ મુજબનુ ગ્રીન સસ્ટેનેબલ મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીંગ બનાવવામાં આવશે. જેમાં ૧૩૫૦ જનરલ અને ૩૦૦ પેઈડ બેડની સગવડતા મળશે તથા નવી બનેલ એલ.જી. હોસ્પીટલ ખાતે મલ્ટી સ્ટોરીડ હોસ્ટેલ બિલ્ડીંગ/ઓડીટોરીયમ ઉભું કરવામાં આવશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સફાઈની કામગીરી માટે બોબકેટ મશીન, ખાળકૂવા સફાઈના ટેન્કરો, ન્યુસન્સ ટેન્કર તથા રોડ રોલર ખરીદવામાં આવશે. દબાણ હટાવવાની કામગીરીમાં અસરકારકતા લાવવા છ નંગ નવી દબાણની ગાડીઓ તથા નવી વોટર ટેન્કર ખરીદવામાં આવશે.

અમદાવાદ શહેરમાં મુખ્ય રોડ પર શાકભાજી વેચનારાઓ માટે વેન્ડર રીલોકેશન પોલિસી અંતર્ગત વેન્ડરોને ખસેડીને તેમને જગ્યા ફાળવવા દરેક ઝોનમાં બે-ત્રણ જગ્યાએ થડા-શાકમાર્કેટ બનાવવામાં આવશે. જેના પરિણામે શાકભાજી વેચનારાઓને કાયમી જગ્યા મળશે તથા મોડેલ રોડની સુંદરતામાં વધારો થશે તથા ટ્રાફિકની ગીચતા દૂર કરવામાં મદદરૂપ થશે.

મેગા સિટી બનેલ શહેરના નાગરિકોની મ્યુનિસિપલ સેવાઓ માટે અપેક્ષાઓ વધતી જાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના મર્યાદિત નાણાંકીય સ્રોતમાંથી તમામ અપેક્ષાઓ પૂરી કરી શકાય તેમ ન હોવાથી તથા વિકાસના કામોમાં લોકભાગીદારી કેળવાય તે હેતુથી મ્યુનિસિપલ સેવાઓને લગતાં વિકાસના કાર્યો વધુ માત્રામાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે થાય તે મુજબનું આયોજન કરવામાં આવશે. આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ સેલ ઉભું કરવામાં આવશે.

દરેક ઝોનમાં મુખ્ય રસ્તાઓ ઉપર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે પેશાબખાના બનાવવામાં આવશે. બગીચાના કચરાના નિકાલ માટે ૬ ઝોનના ૬ ગાર્ડનમાં પીપીપી ધોરણે મિની ગ્રીન વેસ્ટ કમ્પોઝીટ પ્લાન્ટ બનાવવામાં આવશે તથા શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર વાહનોના પાર્કિંગની સમસ્યા નિવારણના ભાગ રૂપે શહેરમાં ત્રણ જગ્યાએ પી.પી.પી. ધોરણે અદ્યતન મલ્ટી સ્ટોરીડ પાર્કિંગ બનાવવામાં આવશે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટ, ઘન કચરાનું પ્રોસેસીંગ, પબ્લિક ટ્રાન્સપોર્ટ, ગાર્ડન ડેવલપમેન્ટ, પબ્લિક ટોયલેટ, એમ્યુઝમેન્ટ પાર્ક, વેસ્ટ વોટર રિસાઈકલ વિગેરે કામો પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે કરવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની વિવિધ સેવાઓ માટે વપરાતી વિજળી પેટે દર માસે રૂા.૧૦.૦૦ કરોડ જેટલો માતબર ખર્ચ થાય છે. વિજળી વપરાશના ખર્ચને ઓછો કરવા માટે વિજળીની બચત થાય તે પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એનર્જી સેવિંગ્સ એન્ડ કન્ઝર્વેશન સેલ ઉભું કરવામાં આવશે. આગામી વર્ષે પશ્ચિમ ઝોનની તમામ સ્ટ્રીટ લાઈટોમાં તથા ૨૫ ટ્રાફિક સિગ્નલ ઉપર હયાત હાઈપ્રેશર સોડીયમ લેમ્પની જગ્યાએ આધુનિક એલ.ઈ.ડી. લાઈટ લગાવવામાં આવશે. મ્યુનિસિપલ હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટના કામોમાં આધુનિક પ્રકારના એલ. ઈ.ડી. લાઈટ લગાવવામાં આવશે. આ માટે આગામી વર્ષના બજેટમાં રૂા.૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. કોર્પોરેશનની તમામ ઓફિસમાં સાદી લાઈટની જગ્યાએ સીએફએલ અથવા ટી-૫ પ્રકારની એનર્જી સેવિંગ્સ લાઈટ લગાવવામાં આવશે. એનર્જી સેવિંગ્સ અન્વયે નવા હેલ્થ સેન્ટર, સ્કુલ બિલ્ડીંગ કે અન્ય બિલ્ડીંગો ગ્રીન બિલ્ડીંગ ડિઝાઈન કન્સેપ્ટથી બનાવવામાં આવશે. વોટર અને ડ્રેનેજના જૂના પંપોનું રિપ્લેસમેન્ટ કરવામાં આવશે. જેથી તેની કાર્યક્ષમતા વધતાં વીજ વપરાશમાં બચત થશે. ઉર્જા બચતના ભાગરૂપે બિનપરંપરાગત ઉર્જાનો વપરાશ કરવા માટે શહેરમાં મેમ્કો ખાતે તૈયાર થયેલ આધુનિક રમત-ગમત સંકુલ સોલર ઉર્જાથી કાર્યરત કરવામાં આવશે તથા તેમાં સફળતા મળેથી સરદાર પટેલ સ્ટેડીયમ તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ પણ સોલર ઉર્જાથી ચલાવવા કામગીરી હાથ ધરવામાં આવશે.

શહેરની ઓળખ સમાન બની ગયેલ જનમાર્ગ - બી.આર.ટી.એસ. ને અત્યાર સુધીમાં ૪ રાષ્ટ્રીય અને ૨ આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળેલ છે. ચાલુ વર્ષે કેન્દ્ર સરકારશ્રી દ્વારા બેસ્ટ આઈ.ટી. સિસ્ટમનો એવોર્ડ આપવામાં આવેલ છે. જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત રૂા.૯૮૧.૪૪ કરોડના અંદાજીત ખર્ચે મંજૂર

થયેલ ૮૮.૮ કિ.મી. લંબાઇના બી.આર.ટી.એસ. કોરીડોર પૈકી ૪૫ કિ.મી.ના કોરીડોરની કામગીરી પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. બાકીના ૪૩.૮ કિ.મી.ના કોરીડોરની કામગીરી ચાલુ છે. જે આગામી વર્ષમાં પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવામાં આવશે. સરદાર પટેલ રીંગ રોડ, નારોલ-વટવા-નરોડા જી.આઈ. ડી.સી., સાયન્સ સિટી તેમજ પૂર્વ અને પશ્ચિમના નવા વિસ્તારોને બી.આર.ટી.એસ. સાથે કનેક્ટિવિટી આપવા માટે જુદા-જુદા વિસ્તારોમાં ૪૦ કિ.મી. નો બી.આર.ટી.એસ. કોરીડોર (ફેઝ-૩) બનાવવાનું તથા તેના માટે જરૂરી બી.આર.ટી.એસ. બસો અને ફીડર બસો સાથે અંદાજીત રૂા.૧૦૦૦.૦૦ કરોડનો પ્રોજેક્ટ જેએનએનયુઆરએમ ફેઝ-૨ માં લેવાનું આયોજન કરેલ છે. સદર બી.આર.ટી.એસ. ફેઝ-૩ સાથે બી.આર.ટી.એસ. કોરીડોરની કુલ લંબાઇ ૧૨૯ કિ.મી. થશે.

બી.આર.ટી.એસ. માં પેપર લેસ ટિકીટીંગ સિસ્ટમ અમલી બનાવવા ૩૧મી ડીસેમ્બર-૨૦૧૧ થી સ્માર્ટકાર્ડ સિસ્ટમ શરૂ કરવામાં આવેલ છે. બસ પરિવહન સેવામાં સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરવામાં અમદાવાદ જનમાર્ગ લિ. (બીઆરટીએસ) ભારતભરમાં પ્રથમ સંસ્થા બની છે. સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરવાથી મુસાફરોને ટિકીટ માટે લાઇનમાં ઉભું રહેવું પડતું નથી જેથી સમયનો બચાવ થાય છે. અત્યાર સુધી ૯૦૦૦ જેટલા મુસાફરોને સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કરેલ છે. આ ઉપરાંત ટૂંક સમયમાં પેપર ટિકીટની જગ્યાએ RFID બેઈઝ્ડ ટોકનની સુવિધા શરૂ કરવામાં આવશે.

શહેરમાં ટ્રાફિકની સુવિધા માટે તથા નાગરિકોને ટ્રાફિક અંગે સરળતાથી માર્ગદર્શન મળતું રહે તે માટે ૮૦ ફૂટ થી ઉપરના આશરે ૫૬ કિ.મી. બી.આર.ટી.એસ. રૂટ તથા આશરે ૧૪૦૦ કિ.મી. ના હયાત રસ્તાઓ ઉપર કટ પટ્ટા થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ કરવામાં આવશે તે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

શહેરના ૧૦૦% વિસ્તારોમાં વોટર નેટવર્કથી આવરી લેવા માટે નવા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો બનાવવા તથા વોટર પાઈપ લાઈન નાંખવા આગામી વર્ષના બજેટમાં રૂા.૨૨૬.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે તથા શહેરના ૧૦૦% વિસ્તારને સુઅરેજ નેટવર્ક આવરી લેવા માટે આગામી વર્ષના બજેટમાં રૂા.૨૮૩.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

શહેરના તમામ વોટર પંપીંગ સ્ટેશન તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર્ફોમન્સને લગતો જરૂરી તમામ ડેટા સરળતાથી ઉપલબ્ધ થાય તથા તેના ઉપયોગથી નિયમિત મોનીટરીંગ કરવા તથા પંપીંગ

સ્ટેશનો અને ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોની કાર્યક્ષમતામાં વધારો કરવા અને નોન રેવન્યુ વોટર લોસીસને નિયંત્રણમાં લાવવા માટે રૂા.૩૪.૩૯ કરોડના ઓટોમાઈઝેશન સાથે સ્કાડા સિસ્ટમનો ડીપીઆર તૈયાર કરીને જેએનએનયુઆરએમમાં મંજૂરી અર્થે રજૂ કરેલ છે તથા તમામ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુઅરેજ પમ્પીંગ સ્ટેશનો એક જ જગ્યાએથી માસ્ટર કન્ટ્રોલ સિસ્ટમ મારફતે મોનીટરીંગ થઇ શકે અને ડેટાનું સંકલન થઇ શકે તથા તે મુજબ જરૂરી રીપેરીંગ અંગેનો ઝડપથી નિર્ણય લઇ શકાય તે હેતુથી સુઅરેજ સિસ્ટમમાં સ્કાડાના અમલીકરણ માટે રૂા.૨૫.૦૬ કરોડનો ડીપીઆર તૈયાર કરીને મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

શહેરી ગરીબો માટે મેસ્કોન ટેકનોલોજીથી બનાવવામાં આવી રહેલ બે રૂમ રસોડાના કુલ ૨૦૧૬૦ આવાસો પૈકી ૧૪૯૫૪ આવાસો બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના આવાસો બનાવવાની કામગીરી આગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેરી ગરીબો માટેની આવાસ યોજનાને ભારત સરકાર દ્વારા ૨૦૧૧ ના વર્ષમાં Best City in Implementation of Basic Service to Urban Poor નો રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવેલ છે. શહેરને સ્લમ ફ્રી સિટી બનાવવા માટે રાજીવ આવાસ યોજના (RAY) અંતર્ગત રૂા.૧૫૨.૩૦ કરોડના ખર્ચે સ્લમ રિલોકેશન મોડેલથી નવા ૪૦૦૦ મકાનો, ૧૦૦૦ મકાનોમાં ઈન સીટુ અપગ્રેડેશન તથા પીપીપી મોડેલ અંતર્ગત ૫૦૦ આવાસો બનાવવામાં આવશે તથા આઉટર ઈન્ફ્રાસ્ટ્રકચર સ્ટ્રેન્ધનીંગની કામગીરી કરવામાં આવશે.

શહેરમાં આવેલ ઝૂંપડપટ્ટીને જે-તે જગ્યાએ ડેવલપ કરીને ઝૂંપડાવાસીઓને પાકા મકાન આપવાની રાજ્ય સરકારની ઝૂંપડાઓના પુનઃવસન અને પુનઃવિકાસ પોલિસી અંતર્ગત આવેલ ૧૫ જગ્યાની દરખાસ્તો પૈકી અત્યાર સુધીમાં ૭ જગ્યાની દરખાસ્તો મંજૂર થયેલ છે. મંજૂર થયેલ ૭ જગ્યાની દરખાસ્તોમાં ૧૯૯૯ જેટલા ઝૂંપડાવાસીઓને પાકા મકાનો બનાવી આપવાનું આયોજન કરેલ છે.

શહેરી ગરીબોની માળખાગત સુવિધાયુકત આવાસો પુરા પાડવાની કામગીરી ઉપરાંત તેઓના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ ૨૦૫૦૦ જેટલા શહેરી ગરીબ યુવાનોને રોજગાર લક્ષી તાલીમ આપવામાં આવેલ છે. તેનો વ્યાપ વધારવાનુ આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત ચાલીઓ તથા સ્લમ વિસ્તારમાં પાણી, ગટર, રસ્તાઓ જેવી માળખાગત સુવિધાના કામો માટે તથા સ્લમ કલીયરન્સ બોર્ડની વસાહતોમાં પ્રાથમિક સુવિધાના કામો માટે આગામી વર્ષમાં રૂા.૩૬.૭૫ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

શહેરી ગરીબોને આરોગ્યલક્ષી સેવાઓ ઘર આંગણે મળી રહે તે હેતુથી દરેક વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. હાલમાં કાર્યરત ૫૭ અર્બન હેલ્થ સેન્ટરોની સંખ્યા વધારીને આગામી નાણાંકીય વર્ષમાં ૬૪ કરવામાં આવશે તથા સ્થળ ઉપર સારવાર મળી રહે તે માટે ૫ નવી મેડીકલ વાન ખરીદવામાં આવશે. થેલેસેમીયા મેઝર બાળકો જન્મતાં રોકવા માટે આ કાર્યક્રમને વ્યાપક બનાવવા રૂા.૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. મધ્ય ઝોનમાં ગીતા મંદિર ખાતે આવેલ એસ.ટી. બસ સ્ટેન્ડને અધતન કરવામાં આવી રહ્યું છે ત્યારે મુસાફરોને તથા શહેરીજનોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે આસ્ટોડીયા ટી.બી. હોસ્પીટલ કમ્પાઉન્ડમાં હયાત ટી.બી. હોસ્પીટલને તોડીને ૧૦૩૧૨ ચો.મી. પ્લોટ એરીયામાં ૫૨૧૭ ચો.મી. બીલ્ટ એરીયાની ગ્રાઉન્ડ ફલોર તથા બે માળનું આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર ધરાવતું આરોગ્ય ભવન બનાવવાનું આયોજન કરેલ છે.

શહેરમાં રહેતાં ઘરવિહોણાને સુવાની વ્યવસ્થા મળે તે માટે ૪૫ જગ્યાએ રૂા.૫.૫૦ કરોડના ખર્ચે નાઈટ શેલ્ટર બનાવવામાં આવશે તથા અસંગઠિત કામદારોના ઉત્થાન માટે તેમજ તેમનું શોષણ રોકવા રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી રૂા.૧.૫૦ કરોડના ખર્ચે સર્વિસ એક્ષચેન્જ પ્રમોશન સેન્ટર બનાવવામાં આવી રહેલ છે.

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત બહુલક્ષી ઉદ્દેશો ધરાવતાં સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત નદીના બંને કાંઠે જરૂરી રોડ, ફૂટપાથ, લાઈટીંગ, બાગ-બગીચા, લેન્ડસ્કેપીંગ, ૩ અન્ડરપાસ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતી કામગીરી આગામી વર્ષે પૂર્ણ કરવામાં આવશે. ઈન્ફોર્મલ માર્કેટ-ગુજરી બજાર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે મે-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. નદીના કાંઠે હેરીટેજ પાર્ક અને એક્ઝિબીશન સેન્ટરના કામો હાથ ધરવામાં આવશે તથા રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન (ડીસીઆર) ફાઈનલ કરીને ડેવલપમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે.

નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર સાબરમતી નદીના કાંઠે રહેતાં ૧૦૮૫૭ વિસ્થાપિત કુટુંબોમાંથી ૭૪૧૪ કુટુંબોને જેએનએનયુઆરએમ યોજના હેઠળ બાંધવામાં આવતાં આવાસોમાં મકાનો ફાળવીને પુનઃવસન માટેની વ્યવસ્થા કરેલ છે તથા બાકીના વિસ્થાપિત કુટુંબોને આવાસો ફાળવવાની કામગીરી ચાલુ છે.

ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં ભદ્રના કિલ્લાની આજુ-બાજુના વિસ્તારને ડેવલપ કરવા પબ્લિક ટોયલેટ, પાર્કિંગ, બાગ-બગીચા, રસ્તા ડેવલપમેન્ટ, સ્ટ્રીટ લાઈટ, રિક્ષા-ટેક્ષી સ્ટેન્ડ, પાથરણાં બજાર વિગેરે કામગીરી કરવામાં આવશે. ત્રણ દરવાજાથી ભદ્રકાળી મંદિર સુધીના માર્ગને પેડેસ્ટ્રીઅન પ્લાઝા તરીકે વિકસાવીને આ વિસ્તારમાં વાહનોની અવર-જવર નિયંત્રિત કરવામાં આવશે. ભદ્ર વિસ્તારની સીધી કનેક્ટિવિટી સાબરમતી રીવર ફ્રન્ટ સાથે કરવાનું આયોજન કરેલ છે. આઝમ ખાન સરાઈના રિસ્ટ્રોરેશનના કામ માટેનો ડી.પી.આર. તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે તથા પ્રવાસીઓને આકર્ષવા શહેરની ઐતિહાસિક ઈમારતોને કાયમી ધોરણે લાઈટીંગથી સુશોભિત કરીને આકર્ષક બનાવવામાં આવશે. શહેરના ૬૦૦ વર્ષ જૂના ઐતિહાસિક વારસાની જાળવણી કરીને શહેરનો ટુરિઝમ સિટી તરીકે વિકાસ કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં શહેરમાં જુદા-જુદા ૧૦ સ્થળોના વિકાસ માટે રૂા.૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. ભારતનું માન્ચેસ્ટર ગણાતાં અમદાવાદ શહેરની કેલીકો મિલના ઐતિહાસિક કેલીકો ડોમને રિનોવેશન કરીને ઐતિહાસિક વારસાની જાળવણી કરવામાં આવશે તથા શહેરની ઓળખસમા કોટ વિસ્તારના ઐતિહાસિક વારસાની ઝાંખી કરાવતી હેરીટેજ વૉકના વિસ્તારનો વિકાસ કરવામાં આવશે.

શહેરના નાગરિકોના આનંદપ્રમોદની સુવિધા માટે બનાવવામાં આવેલ કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ વધુ રમણીય, સુંદર અને સહેલાણીઓના મનોરંજન માટે વિવિધ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. દેશભરમાં વિશિષ્ટ એવી ૨ મિની ટ્રેન, આકર્ષક લેન્ડ સ્કેપ, કિડ્ઝ સિટી, બલૂન સફારી, ડેઝર્ટ સફારી, બંજી ઈજેકશન બંજી ટ્રેમ્પોલીન, બેબીકાર રાઈડ, વોટર બબલ, ઓબ્સ્ટેકલ્સ કોર્સીસ અને આર્ટીફિસીયલ રોક ક્લાઈમ્બીંગ જેવા વિશિષ્ટ આકર્ષણોનો ઉમેરો કરવામાં આવેલ છે. ઉપરાંત વન ટ્રી હીલ ગાર્ડન ખાતે નવો બટરફ્લાય પાર્ક તથા બેબી સ્વીમીંગ પુલનું ભૂમિ પૂજન કરવામાં આવેલ છે તથા પિકનીક હાઉસ અને બળવંતરાય હોલનું રિનોવેશન કરવાનું હોઈ તેનું પણ ભૂમિ પૂજન કરવામાં આવેલ છે. આગામી વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાના પબ્લિક પાર્ક, રિક્રિએશન પ્લેસ ઉપલબ્ધ થાય તે હેતુથી કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં તેમજ લેક ફ્રન્ટ તરફના વિવિધ માર્ગો પર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટ્રીટ લાઈટ સાઈનેજ તેમજ સ્ટ્રીટ ફર્નિચર વિકસાવવામાં આવશે. સદરહુ પાયલોટ પ્રોજેક્ટ માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૭૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

શહેરીજનોને ઇ-ગવર્નન્સ મારફતે પુરી પાડવામાં આવતી સેવાઓ તેમના વોર્ડમાં જ મળી રહે તે હેતુથી શહેરના દરેક વોર્ડમાં સીટી સીવિક સેન્ટર બનાવવાનુ નક્કી કરવામાં આવેલ છે. જે માટે હયાત ૪૦ સીટી સીવિક સેન્ટરોની સંખ્યામાં વધારો કરીને તમામ ૬૪ વોર્ડમાં સીવિક સેન્ટર બનાવવામાં આવશે. સિક્યુરીટી

વ્યવસ્થા સુદૃઢ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પીટલોમાં, જાહેર સ્થળોએ તથા ટ્રાફિક સિગ્નલ ઉપર સીસી ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ કાર્યવિન્ત કરવાનું આયોજન છે. વોર્ડ દીઠ નાગરિક ફરિયાદ નિવારણ માટે ઓનલાઇન કમ્પ્લેઇન રીડ્રેસલ સિસ્ટમનું અમલીકરણ કરવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુખાકારી માટે કરોડો રૂપિયાના ઇન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. સદરહુ પ્રોજેક્ટના કામો નિયત સમયમર્યાદામાં ગુણવત્તાસભર પૂર્ણ થાય તે માટે પ્રોજેક્ટનું પ્રોપર પ્લાનીંગ, ડિઝાઇનીંગ અને ટેન્ડરીંગ કરવું ખૂબ જ જરૂરી છે. કેપેસિટી બિલ્ડીંગના ભાગરૂપે પ્રોજેક્ટના પ્લાનીંગ, ડિઝાઇનીંગ અને ટેન્ડરીંગ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકનિકલ નિષ્ણાંત અધિકારીઓના એક અલાયદા સેલની રચના કરવામાં આવશે. કેપેસિટી બિલ્ડીંગના ભાગરૂપે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા જરૂરી તાલીમ માટે રૂા.૫૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં હાઇરાઇઝ બિલ્ડીંગનું બાંધકામ દિવસે ને દિવસે વધી રહ્યું છે. હાઇરાઇઝ બિલ્ડીંગોમાં રેસ્ક્યુ તેમજ ફાયર ફાઇટીંગની કામગીરી ઝડપથી, અસરકારક રીતે સલામતી પૂર્વક કરી શકાય તે માટે રૂા.૧૪.૦૦ કરોડના અંદાજીત ખર્ચે આધુનિક હાઇડ્રોલિક પ્લેટફોર્મ તથા ટર્ન ટેબલ લેડર વસાવવામાં આવશે તથા Water Bouser with Foam, Hydrulic Pumping System with Hose layer, Water Tanker વિગેરે આધુનિક સાધનો ખરીદવામાં આવશે. મેમનગર, દાણાપીઠ તથા જમાલપુરના હયાત ફાયર સ્ટેશનને રૂા.૩૦.૦૦ કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે.

શહેરમાં રોજગાર અર્થે કામ કરતી બહારગામની મહિલાઓ તથા ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કરતી મહિલાઓને સુરક્ષિત રહેઠાણની સુવિધા મળી રહે તે માટે પશ્ચિમ ઝોન તથા દક્ષિણ ઝોનમાં મ્યુનિસિપલ પ્લોટમાં લેડીઝ હોસ્ટેલ બનાવવાનું આયોજન કરેલ છે. આ માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૨.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

શહેરના વિકાસની સાથે-સાથે ઔધોગિકરણને કારણે પર્યાવરણ ઉપર થતી અસરોનો અભ્યાસ કરવા તથા પર્યાવરણમાં ફેરફારોને કારણે થતી અસરોનો અભ્યાસ કરી પર્યાવરણનું સંતુલન જાળવવા અસરકારક આયોજન થઈ શકે તે માટે એક અલાયદા પર્યાવરણ સેલની રચના કરવામાં આવશે.

શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ પ્રદૂષણ મુક્ત અને હરીયાળુ શહેર બને તે માટે આગામી વર્ષમાં પૂર્વ ઝોનમાં નિકોલ, બાપુનગર, પશ્ચિમ ઝોનમાં આંબાવાડી ટ્રસ્ટ પાસેના મ્યુનિસિપલ પ્લોટ, ઉત્તર ઝોનમાં નરોડા, નોબલનગર અને નરોડા મુઠીયામાં, નવા પશ્ચિમ ઝોનમાં સાયન્સ સિટી રોડ ઉપર નવા ગાર્ડન ડેવલપ કરવામાં આવશે. આ ઉપરાંત હયાત ગાર્ડનનો વિકાસ કરવામાં આવશે.

સને ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રથી શરૂ કરવામાં આવેલા વોર્ડ વાઈઝ બજેટના કામો અગાઉથી નક્કી કરીને તેના અગ્રતાક્રમ મુજબ નાણાંની ફાળવણી કરવાની પરંપરાને આગળ ધપાવતાં વોર્ડ કમિટી દ્વારા આગામી નાણાંકીય વર્ષ માટેના કામોની પસંદગી અને અગ્રિમતા આપીને તે મુજબ આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં ઝોનલ પ્રાયોરિટી વર્કસ માટે રૂા.૩૫૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે તથા આગામી વર્ષથી નવી બનનાર વોર્ડ ઓફિસના બિલ્ડીંગમાં સિવીક સેન્ટર તથા આંગણવાડી સાથે વોર્ડ ઓફિસ બનાવવામાં આવશે.

શહેરમાં આવેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના ખુલ્લા પ્લોટોમાં દબાણ ના થાય તે માટે પ્લોટને ફરતે ફેન્સીંગ કરીને તેની જાળવણી કરવામાં આવશે તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના ૫૦૦ ચો.મી. થી નાના પ્લોટો જે નાગરિક સેવાના હેતુ માટે ઉપયોગ કરવા માટે નાના પડતાં હોવાથી તેનો ઉપયોગ થઈ શકતો નથી અને તેમાં ગેરકાયદેસર દબાણ ઉભા થાય છે આથી ૫૦૦ ચો.મી. થી નાના પ્લોટો વેચાણ કરીને વિકાસના કામો માટે આવક ઉભી કરવામાં આવશે.

સ્ટે.ક.ઠ.નં.૧૦૦ તા.૨૧-૦૪-૨૦૧૧ તથા મ્યુ. કોર્પો. જનરલ બોર્ડ ઠ.નં.૧૬૩ તા.૧૩-૦૫-૨૦૧૧ થી મળેલ મંજૂરી અનુસાર આજીવન વાહનવેરાના દર વાહનના પ્રકાર જેવા કે સ્કૂટર, મોટર સાયકલ દ્વિચક્રી વાહનો ઉપર બેઝિક પ્રાઈસના ૨.૫% લેખે તથા ઓટો રીક્ષા, લોડીંગ રીક્ષા, મોટરકાર તથા જીપ, મેટાડોર-મીની બસ, ટ્રક તથા મોટી બસની બેઝિક પ્રાઈસના ૧% લેખે વાહનવેરો વસુલ કરવામાં આવશે. આ સાથે રૂા. ૨૫.૦૦ ટોકન ફી પેટે લેવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૨૦૦૧-૦૨ થી નવી ક્ષેત્રફળ આધારિત મિલકતવેરો લેવાનું નક્કી કરેલ છે અને તેના ખૂબ જ સારા પરિણામો મળેલ છે. દર વર્ષે આ મિલકતવેરાની આવકમાં વધારો થયેલ છે અને તેથી અગાઉના ૧૦ વર્ષમાં નાગરિકો ઉપર સામાન્ય કરમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી તે મુજબ આ વર્ષે પણ કોઈપણ વેરામાં વધારો સૂચવવામાં આવેલ નથી. આગામી વર્ષમાં આ વેરાની

ઘનિષ્ઠ વસુલાત કરીને જ આવક મેળવવાનું આયોજન કરેલ છે. પરંતુ જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) મુજબ પાણી, ગટર તથા સફાઈ સેવા પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચાની ૧૦૦% વસુલાત યુઝર ટેક્ષ/ચાર્જીસ મારફતે કરવાની થાય છે. હાલમાં લેવાતાં વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષની આવકમાંથી આ સેવાઓ પાછળ કરવામાં આવતાં ખર્ચની ૬૦% જેટલી રકમ વસુલ થઈ શકે છે. મ્યુનિસિપલની હદમાં વધારો થતાં પાણી ગટર અને સફાઈ સેવાઓની જાળવણી પાછળ કરવામાં આવતાં ખર્ચમાં નોંધપાત્ર વધારો થયેલ છે. આથી આગામી નાણાંકીય વર્ષથી બિન-રહેણાંકવાળી મિલકતો પર વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષમાં સામાન્ય વેરાની ટકાવારીમાં વધારો સૂચવેલ છે. હાલમાં વોટર ટેક્ષ સામાન્ય વેરાના ૩૦% અને કોન્ઝર્વન્સી ટેક્ષ સામાન્ય વેરાના ૩૦% છે. જે વધારીને બિન-રહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૨ માં સામાન્ય વેરાના ૪૦%, ફેકટર-૬ માં સામાન્ય વેરાના ૪૫% અને ફેકટર-૭ માં સમાવિષ્ટ બિન-રહેણાંકવાળી મિલકતોમાં સામાન્ય વેરાના ૪૦% વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ લેવાની ભલામણ કરેલ છે. સામાન્ય નાગરિકોને આ વધારાનો બોજો ના પડે તે માટે રહેણાંકવાળી મિલકતોમાં કોઈ વધારો સૂચવેલ નથી તથા ફેકટર-૧ માં સમાવિષ્ટ બિન-રહેણાંકવાળી મિલકતોમાં પણ કોઈ વધારો સૂચવેલ નથી.

આમ, અમદાવાદ શહેરના સમતોલ તથા સર્વાંગી વિકાસ માટે સ્વર્ણિમ સિધ્ધિ વર્ષથી શરૂ કરવામાં આવેલા આંતરમાળખાકિય સુવિધાના કામો, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામો, "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજનાના વિકાસના ચાલતાં માળખાગત સુવિધાઓના તથા સામાજીક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓના કામો સહિત તમામ ઝોનલ પ્રાયોરિટી વર્કસના વિકાસ કાર્યોના સંકલિત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહીવટ સાથેના આગામી વર્ષના રૂ.૧૦૧૩.૫૦ કરોડ રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અંદાજીત રૂ.૨૪૩૦.૦૦ કરોડના વિકાસ કાર્યો સાથેનું નાણાંકિય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ નું રૂ.૪૧૮૧.૦૦ કરોડનું અંદાજપત્ર રજૂ કરતાં અત્યંત આનંદ અનુભવુ છું.

૧. સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષની ખરેખર પરિસ્થિતિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના સુધારેલા અંદાજપત્ર સામે સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષની ખરેખર આવક તથા ખર્ચમાં રહેલ છેવટની પરિસ્થિતિ તથા તેની વિગતો અને કેટલીક મુખ્ય હકીકતો નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

૧. રેવન્યુ એકાઉન્ટ

(રૂ.લાખમાં)

અ.નં.	વિગત	૨૦૦૯-૨૦૧૦ના વર્ષનું ખરેખર આવક/ખર્ચ	સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનો રીવાઈઝડ અંદાજ	વધ-ઘટ	સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનું ખરેખર આવક/ ખર્ચ
આવક					
૧	ઉઘડતી સિલક	૨૫.૬૪	૧૯.૭૭	૦.૦૦	૧૯.૭૭
૨	રેવન્યુ આવક	૧૬૧૬૯૩.૭૩	૨૨૩૫૩૫.૧૪	-૩૩૫૭૭.૫૨	૧૮૯૯૫૭.૬૨
	કુલ	૧૬૧૭૧૯.૩૭	૨૨૩૫૫૪.૯૧	-૩૩૫૭૭.૫૨	૧૮૯૯૭૭.૩૯
ખર્ચ					
૧	રેવન્યુ ખર્ચ	૧૧૫૫૯૯.૬૦	૧૩૪૯૪૫.૯૭	-૨૬૬૬.૮૮	૧૩૨૨૭૯.૦૯
૨	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૪૬૧૦૦.૦૦	૮૮૬૦૦.૦૦	-૩૦૯૨૦.૦૦	૫૭૬૮૦.૦૦
૩	આખરી સિલક	૧૯.૭૭	૮.૯૪	૯.૩૬	૧૮.૩૦
	કુલ	૧૬૧૭૧૯.૩૭	૨૨૩૫૫૪.૯૧	-૩૩૫૭૭.૫૨	૧૮૯૯૭૭.૩૯

૧.૧ રેવન્યુ આવક :

સને ૨૦૧૦-૨૦૧૧ ના સુધારેલા અંદાજપત્ર અનુસાર રેવન્યુ આવક રૂ.૨૨૩૫૩૫.૧૪ લાખ અંદાજવામાં આવેલી હતી જે સામે ખરેખર આવક રૂ.૧૮૯૯૫૭.૬૨ લાખ થયેલ છે. આમ સુધારેલ અંદાજ કરતાં રૂ.૩૩૫૭૭.૫૨ લાખ ની આવક ઓછી થવા પામેલ છે. જેના કારણોમાં મુખ્યત્વે ઓક્ટ્રોયની સરકારશ્રીની ગ્રાન્ટમાં અંદાજવામાં આવેલ ગ્રોથ રેટ ન મળવો, ટેક્ષ તેમજ નોન ટેક્ષ આવકમાં ધારણા મુજબનો વધારો ન થવો વિગેરે છે.

રેવન્યુ આવકનું પત્રક

(રૂ. લાખમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં થયેલ ખરેખર આવક	સને ૨૦૧૦-૧૧ ના વર્ષનો સુધારેલ અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં થયેલ ખરેખર આવક
	ઉઘડતી સિલક	૨૫.૬૪	૧૯.૭૭	૦.૦૦	૧૯.૭૭
૧.	**ઓક્ટ્રોયને બદલે સરકારશ્રીની ગ્રાન્ટ**	૮૨૬૭૨.૭૨	૧૦૮૫૦૦.૦૦	-૨૫૮૩૭.૫૦	૮૨૬૬૨.૫૦
૨.	**પ્રોપર્ટી ટેક્ષ**	૨૬૬૭૪.૬૯	૩૦૦૦૦.૦૦	૧૯૨.૭૬	૩૦૧૯૨.૭૬
૩.	**વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ**	૧૧૨૪૦.૯૮	૧૨૫૦૦.૦૦	૨૦૯.૬૦	૧૨૭૦૯.૬૦
૪.	**પ્રોફેશનલ ટેક્ષ**	૬૧૦૫.૩૬	૭૧૫૦.૦૦	-૨૬૭.૩૯	૬૮૮૨.૬૧
૫.	**નોન ટેક્ષ રેવન્યુ આવક**	૧૧૬૯૪.૯૦	૩૦૦૦૦.૦૦	-૫૨૯૮.૮૫	૨૪૭૦૧.૧૫
૬.	રેવન્યુ ગ્રાન્ટ, સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૧૮૪૧૫.૧૯	૨૮૦૦૦.૦૦	-૩૮૦૪.૦૯	૨૪૧૯૫.૯૧
૭.	**બીજી આવક**	૪૮૮૯.૮૯	૭૩૮૫.૧૪	૧૨૨૭.૯૫	૮૬૧૩.૦૯
	રેવન્યુ આવકનું કુલ	૧૬૧૬૯૩.૭૩	૨૨૩૫૩૫.૧૪	-૩૩૫૭૭.૫૨	૧૮૯૯૫૭.૬૨
	એકંદરે કુલ...	૧૬૧૭૧૯.૩૭	૨૨૩૫૫૪.૯૧	-૩૩૫૭૭.૫૨	૧૮૯૯૭૭.૩૯

✧ રાજ્ય સરકારશ્રી તરફથી ઓકટ્રોય સામે સને ૨૦૧૦-૨૦૧૧ માં મળેલ ગ્રાન્ટની આવક રૂા. ૮૨૬૬૨.૫૦ લાખ થવા પામેલ છે. જે સુધારેલ અંદાજ મુજબની આવક રૂા.૧૦૮૫૦૦.૦૦ લાખ થી રૂા.૨૫૮૩૭.૫૦ લાખ ઓછી થવા પામેલ છે.

✧ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનો બીજો મહત્ત્વનો સ્રોત મિલકતવેરામાં સને ૨૦૧૦-૨૦૧૧ માં જનરલ ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ/ચાર્જની આવક રૂા.૪૨૯૦૨.૩૬ લાખ સામે સને ૨૦૦૯-૨૦૧૦ માં થયેલ આવક રૂા.૩૭૯૧૫.૬૭ લાખ થવા પામેલ છે જે સને ૨૦૦૯-૧૦ માં થયેલ આવક કરતા રૂા.૪૯૮૬.૬૯ લાખ વધુ છે એટલે કે આશરે ૧૩.૧૫% જેટલો વધારો થયો છે. શહેરમાં આવેલ મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની ચાલુ વર્ષની રીકવરી તથા પાછલા વર્ષોના બાકી રીકવરી માટે કરવામાં આવેલ ઘનિષ્ઠ પ્રયાસોને કારણે પ્રોપર્ટી ટેક્ષ તથા વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષની આવકમાં વધારો થયેલ છે.

નોન ટેક્ષ રેવન્યુની આવકના ગ્રુપમાં ભાડુ, સેવાઓનો ચાર્જ તથા ટી.ડી.ઓ.ની આવકમાં વધારો થતાં સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રૂા.૧૩૦૦૬.૨૫ લાખનો વધારો થયેલ છે.

આમ સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના સુધારેલ અંદાજ રૂા.૨૨૩૫૩૫.૧૪ લાખની સામે ખરેખર રેવન્યુ આવક રૂા.૧૮૯૯૫૭.૬૨ લાખ થયેલ છે. જે રૂા.૩૩૫૭૭.૫૨ લાખનો ઘટાડો સૂચવે છે તથા સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષમાં ખરેખર રેવન્યુ આવક રૂા.૧૬૧૬૯૩.૭૩ લાખની સામે રૂા.૨૮૨૬૩.૮૯ લાખનો વધારો થયેલ છે.

૧.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૦-૨૦૧૧ ના સુધારેલા અંદાજોમાં રેવન્યુ ખર્ચ રૂ.૧૩૪૯૪૫.૯૭ લાખ અંદાજવામાં આવેલ. જે સામે વર્ષાન્તે ખરેખર ખર્ચ રૂ. ૧૩૨૨૭૯.૦૯ લાખ થયેલ છે. આમ અંદાજેલ ખર્ચ સામે ખરેખર થયેલ ખર્ચમાં રૂ.૨૬૬૬.૮૮ લાખનો ઘટાડો થયેલ છે. રેવન્યુ ખર્ચના મુખ્ય સદર પ્રમાણે થયેલ ખર્ચની વિગત નીચે જણાવેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. લાખમાં)

અ.નં.	બજેટ હેડના નામ	સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ	સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો સુધારેલો અંદાજ	વધ/ઘટ	સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં થયેલ ખરેખર ખર્ચ
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૫૧૨૯૬.૨૫	૬૧૧૨૧.૫૦	૧૮૭૭.૧૯	૬૨૯૯૮.૬૯
૨	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૨૭૬૮.૧૯	૩૩૬૫.૦૦	૧૮૮.૭૪	૩૫૫૩.૭૪
૩	મરામત અને નિભાવ	૮૮૨૯.૧૨	૧૧૦૨૫.૦૦	-૧૧૧૯.૧૧	૯૯૦૫.૮૯
૪	પાવર અને બળતણ	૧૧૫૮૬.૦૧	૧૨૨૦૦.૦૦	૩૨૨.૫૪	૧૨૫૨૨.૫૪
૫	સર્વિસીસ તથા પ્રોગ્રામના ખર્ચા	૪૮૮૬.૮૩	૯૦૦૩.૭૧	-૨૪૪૭.૯૯	૬૫૫૫.૭૨
૬	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૨૯૭૮૫.૫૦	૩૬૫૦૦.૦૦	-૧૦૬૪.૦૭	૩૫૪૩૫.૯૩
૭	લોન ચાર્જીસ	૬૩૮૯.૮૦	૧૪૪૪.૭૬	-૨૪૫.૦૧	૧૧૯૯.૭૫
૮	અન્ય ખર્ચ	૫૭.૯૦	૨૮૬.૦૦	-૧૭૯.૧૭	૧૦૬.૮૩
	રેવન્યુ ખર્ચનું કુલ...	૧૧૫૫૯૯.૬૦	૧૩૪૯૪૫.૯૭	-૨૬૬૬.૮૮	૧૩૨૨૭૯.૦૯
	કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર	૪૬૧૦૦.૦૦	૮૮૬૦૦.૦૦	-૩૦૯૨૦.૦૦	૫૭૬૮૦.૦૦
	આખરી સિલક ...	૧૯.૭૭	૮.૯૪	૯.૩૬	૧૮.૩૦
	એકંદરે કુલ ...	૧૬૧૭૧૯.૩૭	૨૨૩૫૫૪.૯૧	-૩૩૫૭૭.૫૨	૧૮૯૯૭૭.૩૯

- એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચમાં સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં સુધારેલ અંદાજ રૂ.૬૧૧૨૧.૫૦ લાખની સામે ખરેખર રૂ.૬૨૯૯૮.૬૯ લાખનો ખર્ચ થયેલ છે. જે સુધારેલ અંદાજની સામે રૂ.૧૮૭૭.૧૯ લાખનો વધારો દર્શાવે છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ તથા મ્યુનિસિપલ મિલકતોના મરામત-નિભાવની કામગીરી પાછળ સને ૨૦૦૯-૨૦૧૦ ની સરખામણીમાં સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રૂ.૧૦૭૬.૭૭ લાખનો વધારે ખર્ચ કરવામાં આવેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્કુલ બોર્ડ, વી. એસ. હોસ્પિટલ, એમ. જે. લાયબ્રેરી તેમજ અન્યને આપવામાં આવતી ગ્રાન્ટના ખર્ચમાં સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રૂ.૫૬૫૦.૪૩ લાખનો વધારો થયેલ છે તથા સર્વિસ અને પ્રોગ્રામના ખર્ચમાં સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષની સરખામણીમાં સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં રૂ.૧૬૬૮.૮૯ લાખનો વધારો થયેલ છે.

આમ, સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં થયેલ કુલ રેવન્યુ આવક રૂ.૧૮૯૯૫૭.૬૨ લાખ સામે કુલ રેવન્યુ ખર્ચ રૂ.૧૩૨૨૭૯.૦૯ લાખ થયેલ જેથી રૂ.૫૭૬૮૦.૦૦ લાખની રકમ વિકાસના કામો માટે કેપીટલ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

૧.૩ કેપીટલ ખર્ચ :

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં કેપીટલ એકાઉન્ટમાં વિકાસ કામો માટે કુલ રૂ.૧૨૬૯૯૦.૮૦ લાખ ખર્ચ થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. જેમાં મુખ્યત્વે મ્યુનિસિપલ ફંડમાંથી રૂ.૨૮૮૧૭.૭૧ લાખ અને JnNURM હેઠળ રૂ.૪૫૫૮૨.૬૩ લાખના અલગ-અલગ કામો કરવામાં આવેલ છે. આ ઉપરાંત એ.એમ.ટી.એસ., સાબરમતી રીવર ફ્રન્ટ કંપની, અમદાવાદ જનમાર્ગ લિ. તથા એ.એમ.સી. મેટને કુલ રૂ.૨૫૮૦૧.૦૧ લાખ આપવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

અ. નં.	વિગત	૨૦૦૯-૨૦૧૦ નું ખરેખર	૨૦૧૦-૨૦૧૧નો સુધારેલ અંદાજ	૨૦૧૦-૨૦૧૧ નું ખરેખર
(ક)	મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો			
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૧૯૯૭૪.૬૫	૩૦૨૮૯.૯૩	૨૨૩૬૯.૮૫
૨.	રસ્તા	૮૨૫૪.૨૯	૪૭૦૯.૪૨	૩૨૨૦.૪૫
૩.	પુલો	૩૪૧૭.૧૬	૪૫૩૭.૭૭	૨૭૨૫.૨૧
૪.	પાણી પુરવઠો	૫૪૫૬.૯૫	૫૨૧૫.૬૨	૬૬૨૫.૭૧
૫.	ડ્રેનેજ	૧૧૬૯.૪૬	૩૨૯૧.૭૭	૨૨૯૯.૯૯
૬.	મકાન	૪૭૮૮.૬૩	૪૫૬૯.૧૩	૩૬૦૨.૭૮
૭.	જાહેર સ્થળો	૪૧૬૫.૭૧	૨૪૦૭.૭૩	૨૫૦૨.૧૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૩૦૨.૦૭	૨૫૧૦.૦૦	૪૮૩.૬૬
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૯૩૭.૧૨	૨૨૨૫.૦૦	૭૩૮.૯૬
૧૦.	ઈ-ગવર્નન્સ	૩૧૩.૧૩	૪૦૦.૦૦	૩૪૦.૩૭
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૮૨.૬૮	૩૦૦.૦૦	૩.૧૦
૧૨.	જમીન સંપાદન	૨૦૧.૫૫	૮૦.૦૦	૬૨.૬૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૭૮.૮૧	૪૫૦૭.૮૮	૨૬.૫૨
૧૪.	અન્ય	૨૫.૪૨	૧૮.૮૨	૧૮.૮૧
	(ક) નું કુલ	૪૯૧૬૭.૬૩	૬૫૦૬૩.૦૭	૪૫૦૨૦.૧૧
(ખ)	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર	૦.૦૦	૦.૦૦	૧૬૨૦૨.૪૦
	કોર્પોરેશન ફંડનું કુલ (નેટ) (ક-ખ)	૪૯૧૬૭.૬૩	૬૫૦૬૩.૦૭	૨૮૮૧૭.૭૧
(ગ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૧૯૩૨.૭૨	૧૩૦૦૦.૦૦	૧૩૮૦૮.૨૬
(ઘ)	સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ	૧૦૮૨૯.૭૭	૧૧૭૯૯.૩૧	૧૦૫૯૨.૭૫

અ. નં.	વિગત	૨૦૦૯-૨૦૧૦ નું ખરેખર	૨૦૧૦-૨૦૧૧નો સુધારેલ અંદાજ	૨૦૧૦-૨૦૧૧ નું ખરેખર
(ચ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૧૦૦.૦૦	૧૨૦૦.૦૦	૧૨૦૦.૦૦
(છ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ (AJL)	૦.૦૦	૨૦૦.૦૦	૨૦૦.૦૦
(જ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૫૦૦.૦૦	૧૦૦૦.૦૦	૦.૦૦
(ઝ)	JnNURM ના કામો			
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ	૨૧૭૬૯.૯૧	૧૮૮૯૨.૨૭	૧૩૩૦૨.૧૨
૨.	બી.આર.ટી.એસ. - બસ	૦.૦૦	૫૪૦૦.૦૦	૨૦૬૮.૦૦
૩.	વાસણા-પીરાણા પંપીંગ સ્ટેશન	૨૨૮૬.૨૬	૧૧૪૪.૮૩	૫૭૬.૮૯
૫.	સ્ટૉર્મ વોટર ડ્રેઇન	૧૧૬૬૬.૮૦	૭૪૫૩.૩૧	૫૫૪૩.૩૮
૬.	EWS હાઉસીંગ	૧૨૧૨૮.૯૯	૧૦૦૨૮.૭૩	૯૦૯૭.૨૦
૭.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૨૭૯૨.૪૫	૨૬૭૪.૧૧	૨૦૪૪.૬૦
૮.	પાણી પુરવઠાના કામો	૧૬૭૮.૯૩	૧૫૯૬.૭૦	૯૩૯.૯૯
૯.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૫૩૬.૯૧	૧૧૪૬૨.૭૪	૧૧૪૬૮.૫૭
૧૦.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૭૦૪.૨૬	૭૫૯.૩૩	૫૪૧.૮૮
૧૧.	હેરીટેજ	૦.૦૦	૩૦૦.૦૦	૦.૦૦
૧૨.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૨૦.૯૮	૦.૦૦	૦.૦૦
૧૩.	ઈ-ગવર્નન્સ	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	(ઝ) નું કુલ	૫૪૫૮૫.૪૯	૫૯૭૧૨.૦૨	૪૫૫૮૨.૬૩
(ટ)	ગ્રાન્ટના કામો			
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૦.૦૦	૨૨૫૦૦.૦૦	૨૩૮૧૬.૮૯
૨.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૩.૬૫	૧૦૦.૦૦	૦.૦૦
૩.	સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૭૪૭.૫૮	૭૬૫.૯૯	૫૮૭.૬૧
૪.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૮૬૬.૮૪	૯૨૨.૪૪	૮૮૦.૯૩
૫.	સફાઈ કામદાર આવાસ યોજના	૭૭૦.૮૫	૧૨૪૯.૩૭	૧૪૫૮.૦૨
૬.	અન્ય ગ્રાન્ટ	૦.૦૦	૧૦૯.૩૨	૪૬.૦૦
	(ટ) નું કુલ	૨૩૮૮.૯૨	૨૫૬૪૭.૧૨	૨૬૭૮૯.૪૫
	કુલ ખર્ચ(ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	**૧૨૯૫૦૪.૫૩**	**૧૭૭૬૨૧.૫૨**	**૧૨૬૯૯૦.૮૦**

૧.૪ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

વર્ષ આખરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની બાકી દેવાની લોન વાઈઝ વિગતો નીચે મુજબ છે.

સને ૨૦૧૦-૨૦૧૧ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂા.લાખમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૦ ના રોજ ઉઘડતી સિલક	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરેલ લોન	તા.૩૧-૩-૧૧ ના રોજની આખરની સિલક
૧.	સરકારી લોન	૮૦૧૦.૬૪	0.00	૮૦૧૦.૬૪	0.00	૮૦૧૦.૬૪
૨.	પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઇંગ)	૧૨૫૦.૦૧	0.00	૧૨૫૦.૦૧	૪૫૦.00	૮૦૦.૦૧
૩.	આર્થિક રીતે નબળા વર્ગ માટે નેશનલ હાઉસીંગ બેંકની લોન	૧૦૬.૯૮	0.00	૧૦૬.૯૮	૧૦૬.૯૮	0.00
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫૯૦.00	0.00	૧૫૯૦.00	0.00	૧૫૯૦.00
૫.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૨૬૯૦.00	0.00	૨૬૯૦.00	0.00	૨૬૯૦.00
૬.	હુડકો લોન (ગેપ ફંડ)	0.00	૧૨૯૦૦.00	૧૨૯૦૦.00	0.00	૧૨૯૦૦.00
કુલ		૧૩૬૪૭.૬૩	૧૨૯૦૦.00	૨૬૫૪૭.૬૩	૫૫૬.૯૮	૨૫૯૯૦.૬૫

૨. સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ માટેના સુધારેલ અંદાજો આ સાથેના રેવન્યુ આવક તથા રેવન્યુ ખર્ચના પત્રક મુજબ રાખવા યોગ્ય જણાયેલ છે.

૨.૧ રેવન્યુ આવક :

(રૂ. લાખમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો સુધારેલ અંદાજ
	ઉઘડતી સિલક...	૮.૯૪	૯.૩૬	૧૮.૩૦
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૧૩૦૦૦૦.૦૦	-૪૭૩૩૦.૦૦	૮૨૬૭૦.૦૦
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૪૬૫૦૦.૦૦	-૧૧૯૯૮.૦૦	૩૪૫૦૨.૦૦
૩.	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૧૯૦૦૦.૦૦	-૫૫૦૦.૦૦	૧૩૫૦૦.૦૦
૪.	પ્રોફેશનલ ટેક્ષ	૯૩૦૦.૦૦	-૧૩૦૦.૦૦	૮૦૦૦.૦૦
૫.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૫૯૨૦૦.૦૦	-૧૭૨૬૮.૦૧	૪૧૯૩૧.૯૯
૬.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૪૨૬૩૦.૦૦	-૮૬૪૧.૫૩	૩૩૯૮૮.૪૭
૭.	બીજી આવક	૧૩૧૨૩.૫૦	-૩૭૪૭.૯૮	૯૩૭૫.૫૨
	રેવન્યુ આવકનું કુલ...	૩૧૯૭૫૩.૫૦	-૯૫૭૮૫.૫૨	૨૨૩૯૬૭.૯૮
	એકંદરે કુલ	૩૧૯૭૬૨.૪૪	-૯૫૭૭૬.૧૬	૨૨૩૯૮૬.૨૮

સને ૨૦૧૧-૨૦૧૨ ના સુધારેલ અંદાજમાં ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ તેમજ વર્ષના શરૂઆતના છ માસની આવકોને ધ્યાને લઈ અંદાજીત કુલ રેવન્યુ આવક રૂ.૩૧૯૭૫૩.૫૦ લાખમાં રૂ.૯૫૭૮૫.૫૨ લાખનો ઘટાડો કરી સુધારેલ આવક રૂ.૨૨૩૯૬૭.૯૮ લાખ અંદાજેલ છે.

૨.૨ રેવન્યુ ખર્ચ :

રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. લાખમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો અંદાજ	વધ / ઘટ	સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો સુધારેલ અંદાજ
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૭૦૮૦૯.૬૨	-૧૫૨૯.૭૧	૬૯૨૭૯.૯૧
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૪૯૮૦.૦૦	૫૯૭.૪૪	૫૫૭૭.૪૪
૩.	મરામત અને નિભાવ	૧૫૨૦૨.૭૨	-૨૪૦૪.૩૯	૧૨૭૯૮.૩૩
૪.	પાવર અને બળતણ	૧૪૨૦૦.૦૦	૭૧૧.૪૭	૧૪૯૧૧.૪૭
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૧૦૩૦૧.૦૦	૭૮૮.૬૬	૧૧૦૮૯.૬૬
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ, અને સબસીડી	૫૯૮૨૬.૦૮	-૧૭૫૮૬.૮૨	૪૨૨૩૯.૨૬
૭.	લોન ચાર્જીસ	૨૩૭૯.૬૬	૧૦૫૦.૯૪	૩૪૩૦.૬૦
૮.	અન્ય ખર્ચ	૧૩૩૧.૦૦	-૩૦.૦૦	૧૩૦૧.૦૦
	રેવન્યુ ખર્ચનું કુલ...	૧૭૯૦૩૦.૦૮	-૧૮૪૦૨.૪૧	૧૬૦૬૨૭.૬૭
	વિકાસના કાર્યોમાં ટ્રાન્સફર	૧૪૦૭૦૦.૦૦	-૭૭૩૫૦.૦૦	૬૩૩૫૦.૦૦
	આખરી સિલક...	૩૨.૩૬	-૨૩.૭૫	૮.૬૧
	એકંદરે કુલ....	૩૧૯૭૬૨.૪૪	-૯૫૭૭૬.૧૬	૨૨૩૯૮૬.૨૮

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ જે સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષનાં અંદાજમાં રૂ.૭૦૮૦૯.૬૨ લાખ અંદાજવામાં આવેલ જે સુધારેલ અંદાજમાં રૂ.૬૯૨૭૯.૯૧ લાખ (છઠ્ઠા પગારપંચના એરિયર્સ સાથે) થવાનો અંદાજ છે તેમ છતાં કુલ રેવન્યુ આવકના ૨૭.૩૪% થી વહિવટી ખર્ચ વધવા દેવામાં આવેલ નથી. પાવર અને બળતણનો ખર્ચ સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષનો અંદાજ રૂ.૧૪૨૦૦.૦૦ લાખ અંદાજેલ. જે સુધારેલ અંદાજમાં રૂ.૧૪૯૧૧.૪૭ લાખ થવાનો અંદાજ છે.

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં રેવન્યુ ખર્ચના રૂ.૧૭૯૦૩૦.૦૮ લાખ ના અંદાજ સામે સુધારેલ અંદાજમાં રૂ.૧૬૦૬૨૭.૬૭ લાખ અંદાજીને રૂ.૬૩૩૫૦.૦૦ લાખ વિકાસના કામો માટે ટ્રાન્સફર કરવાનું અંદાજેલ છે. સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષની આખરે રેવન્યુ એકાઉન્ટમાં રૂ.૮.૬૧ લાખની આખરી સિલક રહેવા અંદાજ છે.

૨.૩ વિકાસ કાર્યો :

સને ૨૦૧૧-૨૦૧૨ માં અંદાજેલ રૂ.૨૮૬૦૭૦.૦૦ લાખના વિકાસ કાર્યોની સામે રીવાઈઝ અંદાજમાં રૂ.૧૬૩૧૮૫.૪૦ લાખના કામો થવાનો અંદાજ છે.

(રૂ. લાખમાં)

અ. નં.	વિગત	૨૦૧૧-૨૦૧૨ નો અંદાજ	૨૦૧૧-૨૦૧૨નો સુધારેલ અંદાજ
(ક)	**મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો**		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૪૦૫૨૦.૦૦	૨૨૯૦૨.૨૭
૨.	રસ્તા	૮૦૬૧.૦૦	૩૫૦૦.૦૦
૩.	પુલો	૯૮૪૪.૧૭	૧૦૦૦.૦૦
૪.	પાણી પુરવઠો	૧૪૪૫૨.૮૩	૩૦૦૦.૦૦
૫.	ડ્રેનેજ	૫૭૩૬.૦૦	૪૦૦૦.૦૦
૬.	મકાન	૧૧૭૦૦.૦૦	૧૮૦૦.૦૦
૭.	જાહેર સ્થળો	૫૯૮૦.૦૦	૧૨૦૦.૦૦
૮.	સ્ટ્રીટ લાઈટ	૪૩૬૨.૦૦	૧૦૦૦.૦૦
૯.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૫૨૩૦.૦૦	૨૦૦૦.૦૦
૧૦.	ઈ-ગવર્નન્સ	૬૦૦.૦૦	૧૧૯૭.૦૦
૧૧.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૫૦૦.૦૦	૭૫૦.૦૦
૧૨.	જમીન સંપાદન	૫૦૦.૦૦	૬૦૦.૦૦
૧૩.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૬૭૦૦.૦૦	૬૦૦.૦૦
૧૪.	અન્ય	૪૦.૦૦	૭૦.૦૦
	(ક) નું કુલ	૧૧૪૨૨૬.૦૦	૪૩૬૧૯.૨૭
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૮૫૪૪.૦૦	૧૫૦૦૦.૦૦
(ગ)	સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ	૧૬૪૦૦.૦૦	૧૬૬૪૦.૧૭
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૧૨૦૦.૦૦	૨૦૦.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ - (AJL)	૫૦૦.૦૦	૨૦૦.૦૦

અ. નં.	વિગત	૨૦૧૧-૨૦૧૨ નો અંદાજ	૨૦૧૧-૨૦૧૨નો સુધારેલ અંદાજ
(છ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૧૨૦૦.૦૦	૨૦૦.૦૦
(જ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૨૧૪૦૦.૦૦	૧૩૯૪૦.૧૬
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૧૨૦૦૦.૦૦	૯૫૦૦.૦૦
૩.	વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન	૨૦૦.૦૦	૩૦૦.૦૦
૪.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૫૦૦.૦૦	૭૦૦.૦૦
૫.	EWS હાઉસીંગ	૮૦૦૦.૦૦	૫૩૦૦.૦૦
૬.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૧૨૦૦.૦૦	૨૦૦૦.૦૦
૭.	પાણી પુરવઠાના કામો	૨૦૦.૦૦	૩૯૦.૫૩
૮.	સોલીડવેસ્ટ મેનેજમેન્ટ	૮૦૦૦.૦૦	૩૦૦૦.૦૦
૯.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૩૫૦૦.૦૦	૭૦૦૦.૦૦
૧૦.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૫૦૦.૦૦	૫૦.૦૦
૧૧.	હેરીટેજ	૩૦૦૦.૦૦	૧૦૦.૦૦
૧૨.	ઇ-ગવર્નન્સ	૩૫૦૦.૦૦	૩૦૦.૦૦
	(જ) નું કુલ	૭૨૦૦૦.૦૦	૪૨૫૮૦.૬૯
(ઝ)	ગ્રાન્ટના કામો		
૧.	મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનાં કામો	૫૭૫૦૦.૦૦	૩૯૭૮૩.૧૪
૨.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૨૦૦.૦૦	૧૨૨૫.૦૦
૩.	સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૮૦૦.૦૦	૯૨૦.૦૦
૪.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૧૩૦૦.૦૦	૧૧૯૦.૦૦
૫.	સફાઈ કામદાર આવાસ યોજના	૨૧૪૫.૪૫	૧૫૭૨.૧૩
૬.	અન્ય ગ્રાન્ટ	૫૪.૫૫	૫૫.૦૦
	(ઝ) નું કુલ	૬૨૦૦૦.૦૦	૪૪૭૪૫.૨૭
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ)	૨૮૬૦૭૦.૦૦	૧૬૩૧૮૫.૪૦

૨.૪ કેપીટલ આવક :

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં કેપીટલ આવકનો સુધારેલ અંદાજ નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

અ.નં.	વિગત	૨૦૧૧-૨૦૧૨ નો સુધારેલ અંદાજ
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૬૩૩૫૦.૦૦
૨.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૪૨૦૦.૦૦
૩.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૪૩૬૦૦.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ	૧૦૦૦૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૨૪૩.૪૦
૬.	સંસદસભ્ય/ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં વિકાસ કામો માટેની ગ્રાન્ટ	૯૦૦.૦૦
૭.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૧૦૦.૦૦
૮.	નાણાંપંચની ગ્રાન્ટ	૮૦૦.૦૦
૯.	ફાયર ટેક્ષની આવક	૧૧૦૦.૦૦
૧૦.	સફાઈ કામદાર માટે આવાસ યોજનાની ગ્રાન્ટ	૧૦૦.૦૦
૧૧.	અન્ય આવક	૬૦૯.૦૦
૧૨.	SRFDCL - દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનની લોનની ચૂકવણી	૧૧૧૮૩.૦૦
૧૩.	EWS - યોજના અન્વયે લાભાર્થીનો ફાળો	૬૦૦૦.૦૦
	કુલ.....	૧૬૩૧૮૫.૪૦

૨.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લોન વાઈઝ નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

સને ૨૦૧૧-૨૦૧૨ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂ. લાખમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૧ ના રોજ ઉઘડતી સિલક	નવી લોન	કુલ લોન	ભરપાઇ કરેલ લોન	તા.૩૧-૩-૧૨ ના રોજની આખરની સિલક
૧.	સરકારી લોન	૮૦૧૦.૬૪	0.00	૮૦૧૦.૬૪	0.00	૮૦૧૦.૬૪
૨.	પબ્લીક લોન (ઓપન માર્કેટ બોરોઇંગ)	૮૦૦.૦૧	0.00	૮૦૦.૦૧	૮૦૦.૦૧	0.00
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫૯૦.00	0.00	૧૫૯૦.00	0.00	૧૫૯૦.00
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૨૬૯૦.00	0.00	૨૬૯૦.00	0.00	૨૬૯૦.00
૫.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૨૯૦૦.00	0.00	૧૨૯૦૦.00	૬૫૫.૯૫	૧૨૨૪૪.૦૫
૬.	ટેક્ષ ફ્રી બોન્ડ	0.00	૧૦૦૦૦.00	૧૦૦૦૦.00	0.00	૧૦૦૦૦.00
	કુલ	૨૫૯૯૦.૬૫	૧૦૦૦૦.૦૦	૩૫૯૯૦.૬૫	૧૪૫૫.૯૬	૩૪૫૩૪.૬૯

૩. સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનું અંદાજપત્ર :

⇛ સામાન્ય વેરાના દર :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સને ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષથી લોકમાન્ય અને નિર્વિવાદિત એવી કારપેટ એરીયા બેઈઝ મિલકતવેરાની પદ્ધતિ અમલમાં મૂકેલ છે. જેના પરિણામ સ્વરૂપ દરેક નાગરિક માત્ર ઘરે બેસીને પોતાની જાતે ટેક્ષની ગણતરી કરી શકે તેવી સવલત ઉભી થયેલ છે. સદરહુ પદ્ધતિમાં મિલકતવેરો નીચેની ફોર્મ્યુલા મુજબ નક્કી કરવામાં આવે છે.

મિલકત વેરા = સામાન્ય વેરો + પાણી કર + હલાલ ખોર કર

આ પદ્ધતિમાં સામાન્ય કર નીચે પ્રમાણે ગણતરીથી લેવામાં આવે છે.

સામાન્ય કર = મિલકતનું ક્ષેત્રફળ x સામાન્ય વેરાનો વાર્ષિક દર x લોકેશન ફેકટર x બાંધકામનાવર્ષનું ફેકટર x મિલકતનો પ્રકાર/વપરાશનું ફેકટર x વપરાશકારનું ફેકટર

આ અંદાજપત્રમાં સામાન્ય વેરાના વાર્ષિક દરમાં કોઈપણ ફેરફાર કરવાનું સૂચવવામાં આવતું નથી અને તેનો દર નીચે મુજબ રાખવાનું સૂચવવામાં આવે છે.

- રહેઠાણની મિલકતો માટે રૂ.૧૦
- બિનરહેણાંકની મિલકતો માટે રૂ.૨૨

સને ૨૦૦૧-૨૦૦૨ થી સામાન્ય વેરાનો દર નક્કી કરવામાં આવેલ ત્યારબાદ આ દરમાં ગત ૧૦ વર્ષ દરમિયાન કોઈપણ ફેરફાર કરવામાં આવેલ નથી તેમજ ચાલુ વર્ષમાં પણ કોઈ વધારો સૂચવવમાં આવેલ નથી.

⇛ વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ :

અર્બન એરીયાનો ચોક્કસ દિશામાં સર્વાંગી વિકાસ થાય તથા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી માળખાગત સેવાઓની બાબતમાં આર્થિક રીતે સ્વાયત્ત બને તે હેતુથી મ્યુનિસિપલ કોર્પોરેશનોને નાણાંકિય સહાય આપવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન

રીન્યુઅલ મીશન" (JnNURM) નું ગઠન કરવામાં આવેલ છે. સદરહુ મીશનની શરતો મુજબ આગામી સાત વર્ષોમાં અમલી બનાવવાના થતાં વહીવટી સુધારણા તેમજ આર્થિક વ્યવસ્થાપનના ટાઈમ બાઉન્ડ રીફોર્મ એજન્ડા સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત રાજ્ય સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી વચ્ચે ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) કરવામાં આવેલ છે. જેમાં મિલકત વેરાનું માળખું તેમજ તેના દરો, મિલકત વેરાની વસુલાત તથા ફરિયાદ નિવારણ પદ્ધતિ, પાણી, ગટર, સફાઈ તથા પરિવહન સેવા પાછળ થતાં મહેસુલી ખર્ચની યુઝર ચાર્જીસ/ટેક્ષ દ્વારા વસુલાત, હિસાબી પદ્ધતિ, ઈ-ગવર્નન્સ, કોમ્યુનીટી પાર્ટીસીપેશન, પબ્લિક ડીસ્કલોઝર વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) અંતર્ગત કરવામાં આવેલ ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU) મુજબ પાણી, ગટર તથા સફાઈ સેવા પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચની વસુલાત યુઝર ટેક્ષ/ચાર્જીસ મારફતે વર્ષવાઈઝ નીચે મુજબ કરવાની થાય છે.

વર્ષ	૨૦૦૫-૦૬	૨૦૦૬-૦૭	૨૦૦૭-૦૮	૨૦૦૮-૦૯	૨૦૦૯-૧૦	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨
મહેસુલી ખર્ચ પૈકી વસુલાતના ટકા	૨૫	૩૫	૫૦	૬૫	૮૦	૯૦	૧૦૦

જેએનએનયુઆરએમ અંતર્ગત કરવામાં આવેલ ટ્રાઈ પાર્ટી મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ (MOU) માં કરવામાં આવેલ કમીટમેન્ટ મુજબ ઉપર પાણી, ગટર અને સફાઈની સેવાઓ પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચની વસુલાત માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૦૦૮-૨૦૦૯ ના વર્ષથી સામાન્ય વેરાના ૩૦% લેખે વોટર ટેક્ષ અને સામાન્ય વેરાના ૩૦% લેખે કોન્ઝર્વન્સી ટેક્ષ લેવામાં આવે છે. સને ૨૦૦૮-૦૯ ના વર્ષ પછી તેમાં કોઈપણ જાતનો વધારો કરવામાં આવેલ નથી. જેની સામે મ્યુનિસિપલ હદમા વધારો થતાં પાણી, ગટર અને સફાઇ સેવાઓની જાળવણી પાછળ કરવામાં આવતા ખર્ચમા નોંધપાત્ર વધારો થયેલ છે.

હાલમાં લેવામાં આવતાં સામાન્ય વેરાના ૩૦% લેખે વોટર ટેક્ષ અને ૩૦% લેખે કોન્ઝર્વન્સી ટેક્ષમાંથી પાણી, ગટર તથા સફાઈની સેવા પાછળ કરવામાં આવતાં મહેસુલી ખર્ચના ૬૦ ટકા જેટલો યુઝર ટેક્ષ/ચાર્જીસ વસુલ થાય છે. જે જેએનએનયુઆરએમ અંતર્ગત કરવામાં આવેલ ઉપરોકત કમિટમેન્ટ મુજબ સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં મહેસુલી ખર્ચના ૧૦૦% જેટલો યુઝર ચાર્જીસ વસુલ કરવાનો થાય.

આથી સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.૧૪૮૮ તા.૦૬-૦૨-૨૦૦૮ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં.૧૧૮૮ તા.૧૭-૦૨-૨૦૦૮ તેમજ ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ ૧૪૧AA (a) હેઠળ મળેલ સત્તાની રૂએ કલમ ૧૪૧ B હેઠળ સને ૨૦૦૮-૦૯ ના વર્ષથી સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે વોટર ટેક્ષ તથા સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે કોન્ઝર્વન્સી ટેક્ષ વસુલ કરવામાં આવે છે તેમાં સામાન્ય વેરાની બિનરહેણાંક મિલકતોમાં ફેકટર-૨, ફેકટર-૬ અને ફેકટર-૭ માં સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતોના વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષમાં નીચે મુજબનો વધારો કરવા ભલામણ છે.

- **વોટર ટેક્ષ**

મિલકતનો પ્રકાર	હયાત દર ટકાવારીમાં	સૂચિત દર ટકાવારીમાં
સામાન્ય વેરાની બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૨ કે જેમાં ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે) ના હેડ હેઠળ સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતો	૩૦	૪૦
સામાન્ય વેરાની બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૬ કે જેમાં દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરેના હેડ હેઠળ સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતો	૩૦	૪૫
સામાન્ય વેરાની બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૭ કે જેમાં વાણિજ્યિક હેતુઓના હેડ હેઠળ સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતો	૩૦	૪૦

- **કોન્ઝર્વન્સી ટેક્ષ**

મિલકતનો પ્રકાર	હયાત દર ટકાવારીમાં	સૂચિત દર ટકાવારીમાં
સામાન્ય વેરાની બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૨ કે જેમાં ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે) ના હેડ હેઠળ સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતો	૩૦	૪૦
સામાન્ય વેરાની બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૬ કે જેમાં દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વિગેરેના હેડ હેઠળ સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતો	૩૦	૪૫
સામાન્ય વેરાની બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૭ કે જેમાં વાણિજ્યિક હેતુઓના હેડ હેઠળ સમાવિષ્ટ બિનરહેણાંકવાળી મિલકતો	૩૦	૪૦

શહેરના સામાન્ય નાગરિકો ઉપર ટેક્ષનું ભારણ વધે નહીં તે માટે રહેણાંકવાળી મિલકતો ઉપર વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષમાં વધારો કરવામાં આવેલ નથી તથા બિનરહેણાંકવાળી મિલકતોમાં ફેકટર-૧ માં આવતી પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી બોર્ડિંગ, લોજીંગ, હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલયનો સમાવેશ થતો હોઈ તેમાં વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષમાં વધારો કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત વધારો કરવાથી વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષની આવકમાં રૂ.૪૦.૦૦ કરોડ જેટલો વધારો થશે.

⇛ વાહનવેરો :

બીપીએમસી એક્ટની કલમ ૧૪૨(૧) મુજબ તથા ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક અમન/૮૦૨૦૦૮/૧૦૮૯/પી તા.૧૬-૫-૦૮ થી મળેલ મંજુરી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવા રજીસ્ટર્ડ થયેલા વાહનો ઉપર આજીવન વાહનવેરો તા.૦૧-૦૪-૧૯૯૯ થી વસુલ કરવામાં આવે છે. હાલમાં વાહનવેરાના દર વર્ષ ૨૦૦૮-૦૯ થી અમલમાં છે. વાહનના પ્રકાર મુજબ હાલમાં લેવામાં આવતાં દર નીચે મુજબ છે.

પત્રક-અ

અ. નં.	વાહનનો પ્રકાર	તા.૧-૪-૨૦૦૮ થી આજીવન ટેકસનો દર રૂ.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	૧૦૦૦.૦૦
૨	ઓટોરીક્ષા	૧૨૦૦.૦૦
૩	લોડીંગ રીક્ષા	૧૫૦૦.૦૦
૪	મોટર કાર તથા જીપ ૧૦૦૦ સી.સી. સુધી તથા પ્રત્યેક વધારાના સી.સી. દીઠ રૂા.૨/- વધારાના લેવાના	૨૦૦૦.૦૦
૫	મેટાડોર - મીનીબસ	૫૦૦૦.૦૦
૬	ટ્રક તથા મોટી બસ	૮૦૦૦.૦૦

આ ઉપરાંત હયાત ટોકન ફી રૂા.૫/- ને બદલે રૂા.૨૫/- ટોકન ફી લેવામાં આવે છે.

સ્ટે.ક.ઠ.નં.૧૦૦ તા.૨૧-૪-૨૦૧૧ તથા મ્યુ.કોર્પો.જનરલ બોર્ડ ઠ.નં.૧૬૩ તા.૧૩-૫-૨૦૧૧ થી મળેલ મંજુરી અનુસાર આજીવન વાહનવેરાના દર પત્રક-અ માં જણાવેલ દરની જગ્યાએ વાહનની મુળ કિંમત ઉપર નીચે દર્શાવેલ પત્રક-બ મુજબ આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ થી વાહનવેરો લેવામાં આવશે.

પત્રક-બ

અ. નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર રૂા.
૧	સ્કુટર, મોટર સાયકલ અને ટ્રીચક્રી વાહનો	બેઝીક પ્રાઇઝના ૨.૫% લેખે
૨	ઓટોરીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૪	મોટર કાર તથા જીપ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૫	મેટાડોર - મીનીબસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૬	ટ્રક તથા મોટી બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે

ટોકન ફીના દર વાહન દીઠ રૂા.૨૫/- યથાવત રહેશે.

ઉપરોક્ત વધારો કરવાથી દર્શાવેલ ટકાવારી મુજબ આજીવન વાહનવેરાની આવકમાં અંદાજે રૂા.૨૦.૦૦ કરોડ નો વધારો થશે.

⇛ ખુલ્લી જમીન ઉપર સામાન્ય વેરો (વેકેન્ટ લેન્ડ ટેક્ષ) :

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા છે જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને આગામી વર્ષથી એન.એ. થયેલા છે જ્યાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર સામાન્ય વેરો અગાઉની દરખાસ્ત મુજબ વસુલ લેવામાં આવશે.

ગત ચાર વર્ષ દરમિયાન થયેલ ખરેખર આવક અને ખર્ચની સરેરાશને તથા ચાલુ વર્ષના આવકના પ્રવાહ તથા કરદરને તથા વસુલાતની પદ્ધતિને વધુ સુદ્દઢતાને તથા વોટર અને કન્જર્વન્સી ટેક્ષના દરોમાં વધારાને ધ્યાનમાં લઈ આગામી ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રેવન્યુ આવક રૂ.૨૭૬૪૫૫.૦૦ લાખ અંદાજવામાં આવેલ છે. કોર્પોરેશનના હ્યાત સ્રોતના કાર્યક્ષમ ઉપયોગ તથા ઉત્પાદકતા અને ક્ષમતા વધારવાના અભિગમ સાથે ખર્ચમાં કરકસર કરી રેવન્યુ ખર્ચ રૂ.૧૭૫૧૦૦.૦૦ લાખ અંદાજીને રૂ.૧૦૧૩૫૦.૦૦ લાખ રેવન્યુ પુરાંત કેપીટલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને આગામી વર્ષમાં રૂ.૨૪૩૦૦૦.૦૦ લાખના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સને ૨૦૧૨-૨૦૧૩ ના નાણાંકીય વર્ષના અંતે રેવન્યુ એકાઉન્ટમાં રૂ.૧૩.૬૧ લાખની સિલક રહેવાનો અંદાજ છે.

આગામી વર્ષ સને ૨૦૧૨-૨૦૧૩ નું અંદાજપત્ર નીચે મુજબ સૂચવવામાં આવે છે.

૩.૧ રેવન્યુ આવક :

રેવન્યુ આવકનું પત્રક

(રૂા. લાખમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો સુધારેલ અંદાજ	સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષનો મ્યુનિ. કમિશ્નરશ્રી એ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
	ઉઘડતી સિલક...	૧૮.૩૦	૮.૬૧	
૧.	ઓક્ટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૮૨૬૭૦.૦૦	૯૦૯૩૭.૦૦	૧૦.૦૦%
૨.	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૩૪૫૦૨.૦૦	૪૦૧૦૨.૦૦	૧૬.૨૩%
૩.	વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૧૩૫૦૦.૦૦	૧૯૧૦૦.૦૦	૪૧.૪૮%
૪.	પ્રોફેશનલ ટેક્ષ	૮૦૦૦.૦૦	૧૦૦૦૦.૦૦	૨૫.૦૦%
૫.	નોન ટેક્ષ રેવન્યુ આવક	૪૧૯૩૧.૯૯	૬૧૪૯૮.૦૦	૪૬.૬૬%
૬.	રેવન્યુ ગ્રાન્ટ સબસીડી અને કોન્ટ્રીબ્યુશન	૩૩૯૮૮.૪૭	૪૨૮૩૯.૫૯	૨૬.૦૪%
૭.	બીજી આવક	૯૩૭૫.૫૨	૧૧૯૭૮.૪૧	૨૭.૭૬%
	રેવન્યુ આવકનું કુલ...	૨૨૩૯૬૭.૯૮	૨૭૬૪૫૫.૦૦	૨૩.૪૩
	એકંદરે કુલ...	૨૨૩૯૮૬.૨૮	૨૭૬૪૬૩.૬૧	



આવકના મુખ્ય સ્રોત ઓકટ્રોય નાબૂદ થતાં તેના બદલે સરકારશ્રી તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ, મિલકતવેરા તથા વોટર ટેક્ષ અને કોન્ઝર્વન્સી ટેક્ષના દરમાં વધારાને ધ્યાનમાં રાખીને સને ૨૦૧૧-૨૦૧૨ ના સુધારેલ અંદાજમાં **૨૩.૪૩% વધારો** કરીને **રૂ.૫૨૪૮૭.૦૨ લાખ**ની વધારાની આવક અંદાજેલ છે. આ સાથે સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં કુલ રેવન્યુ આવક **રૂ.૨૭૬૪૫૫.૦૦ લાખ** અંદાજેલ છે.

આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૨-૨૦૧૩ માં રૂપિયાની આવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	આવક	૨૦૧૨-૨૦૧૩
૧	ઓકટ્રોયની અવેજીમાં રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ	૩૩ પૈસા
૨	જનરલ ટેક્ષ તથા અન્ય સીધા કર	૧૫ પૈસા
૩	વોટર અને કોન્ઝર્વન્સી ટેક્ષ	૭ પૈસા
૪	પ્રોફેશનલ ટેક્ષ	૪ પૈસા
૫	નોન ટેક્ષ રેવન્યુ આવક તથા ખાસ કાયદા મુજબની આવક	૨૨ પૈસા
૬	ગ્રાન્ટ, સબસીડી કોન્ટ્રીબ્યુશન	૧૫ પૈસા
૭	અન્ય આવક	૪ પૈસા
	કુલ	૧૦૦ પૈસા


REVENUE INCOME
RS. IN CRORE
3000
2500
2000
1500
1000
500
0
562.58
561.84
615.64
690.67
807.08
902.38
1196.04
1400.90
1554.17
1616.94
1899.58
2239.68
2764.55
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12(RE)
2012-13(B)
YEAR

૩.૨ રેવન્યુ ખર્ચ :

સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં ખર્ચમાં રેવન્યુ ખર્ચનો અંદાજ રૂ.૧૭૫૧૦૦.૦૦ લાખ અંદાજવામાં આવેલ છે. અંદાજીત રેવન્યુ ખર્ચનું પત્રક નીચે મુજબ છે.

રેવન્યુ ખર્ચનું પત્રક

(રૂ. લાખમાં)

અ. નં.	બજેટ હેડના નામ	સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૨-૨૦૧૩ના વર્ષનો મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ	વધ / ઘટ ટકાવારી
૧.	એસ્ટાબ્લીશમેન્ટ	૬૯૨૭૯.૯૧	૭૩૨૯૪.૫૭	૫.૭૯%
૨.	એડમીનીસ્ટ્રેટીવ અને જનરલ ખર્ચ	૫૫૭૭.૪૪	૬૬૭૮.૮૫	૧૯.૭૪%
૩.	મરામત અને નિભાવ	૧૨૭૯૮.૩૩	૧૫૫૯૬.૧૪	૨૧.૮૬%
૪.	પાવર અને બળતણ	૧૪૯૧૧.૪૭	૧૩૮૧૪.૪૬	-૭.૩૬%
૫.	સર્વિસ આપવાના તથા પ્રોગ્રામના ખર્ચા	૧૧૦૮૯.૬૬	૧૫૫૯૨.૫૪	૪૦.૬૦%
૬.	કોન્ટ્રીબ્યુશન, ગ્રાન્ટ અને સબસીડી	૪૨૨૩૯.૨૬	૪૫૦૩૭.૫૯	૬.૬૨%
૭.	લોન ચાર્જીસ	૩૪૩૦.૬૦	૩૭૬૨.૮૫	૯.૬૮%
૮.	અન્ય ખર્ચ	૧૩૦૧.૦૦	૧૩૨૩.૦૦	૧.૬૯%
	રેવન્યુ ખર્ચનું કુલ	૧૬૦૬૨૭.૬૭	૧૭૫૧૦૦.૦૦	૯.૦૦%
	વિકાસના કામો માટે ટ્રાન્સફર	૬૩૩૫૦.૦૦	૧૦૧૩૫૦.૦૦	
	આખરી સિલક	૮.૬૧	૧૩.૬૧	
	એકંદરે કુલ.....	૨૨૩૯૮૬.૨૮	૨૭૬૪૬૩.૬૧	



સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રેવન્યુ ખર્ચમાં સને ૨૦૧૧-૨૦૧૨ ના સુધારેલ અંદાજની સરખામણીમાં ૯.૦૦% જેટલો વધારો અંદાજેલ છે. આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓને અસરકારક બનાવવા માટેના આવશ્યક ખર્ચાઓ કરવાના અભિગમ સાથે આગામી ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં **રૂ.૧૭૫૧૦૦.૦૦ લાખ**નો રેવન્યુ ખર્ચ અંદાજેલ છે.

આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સને ૨૦૧૨-૨૦૧૩ માં રૂપિયાની જાવક નીચે પ્રમાણે રહેશે.

ક્રમ	ખર્ચ	૨૦૧૨-૨૦૧૩
૧	એસ્ટાબ્લીશમેન્ટ	૨૭ પૈસા
૨	એડમિનિસ્ટ્રેટીવ તથા જનરલ ખર્ચ	૨ પૈસા
૩	મરામત અને નિભાવ	૬ પૈસા
૪	વિજળી અને બળતણ	૫ પૈસા
૫	સર્વિસ તથા પ્રોગ્રામ ખર્ચ	૬ પૈસા
૬	ગ્રાન્ટ અને કોન્ટ્રીબ્યુશન	૧૬ પૈસા
૭	લોન ચાર્જીસ	૧ પૈસા
૮	રેવન્યુ પુરાંતની વિકાસ કાર્યોમાં ટ્રાન્સફર	૩૭ પૈસા
	કુલ	૧૦૦ પૈસા


REVENUE EXPENDITURE
RS. IN CRORE
2000
1800
1600
1400
1200
1000
800
600
400
200
0
561.2
559.54
581.9
562.64
605.58
628.60
779.17
915.81
910.44
1155.99
1322.79
1606.28
1751.00
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12(RE)
2012-13(B)
YEAR


ESTABLISHMENT EXP.
RS. IN CRORE
0
100
200
300
400
500
600
700
800
253.53
235.23
237.71
245.27
246.74
269.40
310.81
378.39
358.74
512.96
629.99
692.80
732.94
2000-01
2001-02
2002-03
2003-04
2004-05
2005-06
2006-07
2007-08
2008-09
2009-10
2010-11
2011-12(RE)
2012-13(B)
YEAR

LOAN CHARGES



TRANSFER TO CAP. A/C



૩.૩ સને ૨૦૧૨-૨૦૧૩ ના વિકાસ કાર્યો માટે નાણાંકીય આયોજન :

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષના ચાલુ કામો તથા સને ૨૦૧૨-૨૦૧૩ ના નવા કામો સાથે સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં રૂ.૨૪૩૦૦૦.૦૦ લાખના વિકાસ કાર્યો કરવા માટે નીચે મુજબ આવક અંદાજવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

અ. નં.	વિગત	૨૦૧૨-૨૦૧૩ ના વર્ષના વિકાસ કાર્યો માટે મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજી આવક
૧.	રેવન્યુ પુરાંતમાંથી વિકાસ કાર્યો માટે તબદીલ	૧૦૧૩૫૦.૦૦
૨.	JnNURM અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૨૧૨૦૭.૦૦
૩.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના	૫૦૦૦૦.૦૦
૪.	ટેક્ષ ફ્રી બોન્ડ (ઓપન માર્કેટ લોન)	૨૦૦૦૦.૦૦
૫.	કેપીટલ એકાઉન્ટનું બેલેન્સ	૭૦૩૫.૨૫
૬.	સફાઈ કામદાર આવાસ યોજના માટે લોન અને ગ્રાન્ટ	૩૦૦.૦૦
૭.	સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીના મતવિસ્તારનાં વિકાસ કામોની ગ્રાન્ટ	૧૧૦૦.૦૦
૮.	જી.એમ.એફ.બી.ની ગ્રાન્ટ	૧૫૦૦.૦૦
૯.	૧૩મા નાણા પંચની ભલામણ મુજબ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ	૩૦૦.૦૦
૧૦.	ફાયર ટેક્ષની આવક	૧૨૦૦.૦૦
૧૧.	અન્ય	૫૦૭.૭૫
૧૨.	SRFDCL - દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનની લોનની ચૂકવણી	૧૦૦૦૦.૦૦
૧૩.	EWS - યોજના અન્વયે લાભાર્થીનો ફાળો	૬૦૦૦.૦૦
૧૪.	હુડકો ગેપ ફંડ લોન	૧૫૦૦૦.૦૦
૧૫.	JnNURM ફેઝ-૨ અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ	૭૫૦૦.૦૦
	કુલ ...	૨૪૩૦૦૦.૦૦

૩.૪ સને ૨૦૧૨-૨૦૧૩ ના વિકાસ કાર્યો :

સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષના બજેટના ચાલુ કામો તથા સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં હાથ ધરવાના નવા કામો સાથે સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં **રૂ.૨૪૩૦૦૦.૦૦ લાખ**ના વિકાસ કાર્યો કરવા માટેનું આયોજન છે.

(રૂ. લાખમાં)

અ. નં.	વિગત	સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(ક)	મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના કામો		
૧.	ઝોનલ કેપીટલ વર્કસ	૨૨૯૦૨.૨૭	૩૫૫૦૦.૦૦
૨.	રોડ પ્રોજેક્ટ	૩૫૦૦.૦૦	૭૦૦૦.૦૦
૩.	બ્રીજ પ્રોજેક્ટ	૧૦૦૦.૦૦	૩૪૦૦.૦૦
૪.	વોટર પ્રોજેક્ટ	૩૦૦૦.૦૦	૮૮૦૦.૦૦
૫.	ડ્રેનેજ પ્રોજેક્ટ	૪૦૦૦.૦૦	૭૬૩૭.૮૮
૬.	આર્થિક રીતે નબળા વર્ગના લોકોના કામો	૬૦૦.૦૦	૨૬૬૦.૦૦
૭.	મકાન	૧૮૦૦.૦૦	૬૦૦૦.૦૦
૮.	જાહેર સ્થળો	૧૨૦૦.૦૦	૪૦૦૦.૦૦
૯.	સ્ટ્રીટ લાઈટ	૧૦૦૦.૦૦	૩૦૦૦.૦૦
૧૦.	મેડીકલ સાધનો, ફાયર અને સોલીડ વેસ્ટ સાધનો તથા વાહનો	૨૦૦૦.૦૦	૮૦૦૦.૦૦
૧૧.	ઈ-ગવર્નન્સ	૧૧૯૭.૦૦	૧૧૧૫.૦૦
૧૨.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૭૫૦.૦૦	૨૭૭.૩૬
૧૩.	જમીન સંપાદન	૬૦૦.૦૦	૫૦૦.૦૦
૧૪.	અન્ય	૭૦.૦૦	૧૯૫.૦૦
	(ક) નું કુલ	૪૩૬૧૯.૨૭	૮૮૦૮૫.૨૪
(ખ)	એ.એમ.ટી.એસ. ને લોન	૧૫૦૦૦.૦૦	૧૩૦૦૦.૦૦
(ગ)	સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ	૧૬૬૪૦.૧૭	૨૨૬૦૦.૦૦
(ઘ)	અમદાવાદ જનમાર્ગ લિમીટેડ (AJL)	૨૦૦.૦૦	૫૦૦.૦૦
(ચ)	અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ - (AJL)	૨૦૦.૦૦	૩૦૦.૦૦

અ. નં.	વિગત	સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષનો સુધારેલો અંદાજ	સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં વિકાસ ખર્ચનો મ્યુ.કમિશનરશ્રીએ સૂચવેલ અંદાજ
(છ)	એ.એમ.સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ	૨૦૦.૦૦	૫૦૦.૦૦
(જ)	JnNURM ના કામો		
૧.	બી.આર.ટી.એસ.-જનમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર	૧૩૯૪૦.૧૬	૧૭૮૪૦.૦૦
૨.	બી.આર.ટી.એસ. - જનમાર્ગ બસ	૯૫૦૦.૦૦	૮૦૦૦.૦૦
૩.	સ્ટૉર્મ વોટર ડ્રેઈન	૭૦૦.૦૦	૩૦૦.૦૦
૪.	EWS હાઉસીંગ	૫૩૦૦.૦૦	૯૦૦૦.૦૦
૫.	બ્રીજ તથા ફ્લાય ઓવર	૨૦૦૦.૦૦	૨૬૦.૦૦
૬.	પાણી પુરવઠાના કામો	૩૯૦.૫૩	૦.૦૦
૭.	ડ્રેનેજ પ્રોજક્ટ	૭૦૦૦.૦૦	૮૦૦૦.૦૦
૮.	વાસણા-પીરાણા સુએજ પંપીંગ સ્ટેશન	૩૦૦.૦૦	૧૦૦.૦૦
૯.	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૩૦૦૦.૦૦	૩૫૦૦.૦૦
૧૦.	સ્લમ નેટવર્કીંગ પ્રોજેક્ટ	૫૦.૦૦	૦.૦૦
૧૧.	હેરીટેજ (ભદ્ર વિસ્તારનો વિકાસ)	૧૦૦.૦૦	૩૦૦.૦૦
૧૨.	ઈ-ગવર્નન્સ	૩૦૦.૦૦	૧૦૦૦.૦૦
	(જ) નું કુલ	૪૨૫૮૦.૬૯	૪૮૩૦૦.૦૦
(ઝ)	JnNURM ફેઝ-૨	૦.૦૦	૧૫૦૦૦.૦૦
(ટ)	ગ્રાન્ટના કામો		
૧.	મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના	૩૯૭૮૩.૧૪	૫૦૦૦૦.૦૦
૨.	સફાઈ કામદાર આવાસ યોજના	૧૫૭૨.૧૩	૧૯૯૩.૫૦
૩.	જી.એમ.એફ.બી. ની ગ્રાન્ટ	૧૧૯૦.૦૦	૬૧૦.૦૦
૪.	સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો	૯૨૦.૦૦	૧૦૦૦.૦૦
૫.	નાણા પંચની ગ્રાન્ટના કામો	૧૨૨૫.૦૦	૯૧૧.૨૬
૬.	અન્ય ગ્રાન્ટ	૫૫.૦૦	૨૦૦.૦૦
	(ટ) નું કુલ	૪૪૭૪૫.૨૭	૫૪૭૧૪.૭૬
	કુલ ખર્ચ (ક+ખ+ગ+ઘ+ચ+છ+જ+ઝ+ટ)	૧૬૩૧૮૫.૪૦	૨૪૩૦૦૦.૦૦

૩.૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના દેવાની વિગત :

સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષને અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની લોન વાઈઝ નીચે મુજબ બાકી દેવું રહેવાનો અંદાજ છે.

સને ૨૦૧૨-૨૦૧૩ ના અંતે મ્યુનિસિપલ કોર્પોરેશનનું કુલ દેવું

(રૂ. લાખમાં)

અ. નં.	લોનનો પ્રકાર	તા.૦૧-૪-૧૨ ના રોજ ઉઘડતી સિલક	નવી લોન	કુલ લોન	ભરપાઇ થનાર લોન	તા.૩૧-૩-૧૩ ના રોજની આખરની સિલક
૧.	સરકારી લોન	૮૦૧૦.૬૪	0.00	૮૦૧૦.૬૪	0.00	૮૦૧૦.૬૪
૨.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૪	૧૫૯૦.00	0.00	૧૫૯૦.00	0.00	૧૫૯૦.00
૩.	ટેક્ષ ફ્રી બોન્ડ-૨૦૦૫	૨૬૯૦.00	0.00	૨૬૯૦.00	૮૮૭.૭૦	૧૮૦૨.૩૦
૪.	હુડકો લોન (ગેપ ફંડ)	૧૨૨૪૪.૦૫	૧૫000.00	૨૭૨૪૪.૦૫	૮૭૪.૬૦	૨૬૩૬૯.૪૫
૫.	ટેક્ષ ફ્રી બોન્ડ	૧0000.00	૨0000.00	૩0000.00	0.00	૩0000.00
	કુલ	૩૪૫૩૪.૬૯	૩૫000.00	૬૯૫૩૪.૬૯	૧૭૬૨.૩૦	૬૭૭૭૨.૩૯

૧. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૧૨

ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને ગુજરાતમાં વધતી જતી શહેરીકરણની ઝડપ સાથે અને તદ્અન્વયે ઉપસ્થિત થતાં પડકારોને પહોંચીવળવા શહેરોની માળખાગત સુવિધાઓની જરૂરિયાત પુરી કરવાના આશયથી રાજ્ય સરકારશ્રીએ સ્વર્ણિમ જયંતિ - મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ થી કરવાનું ઠરાવેલ છે. આ યોજનાનો આશય શહેરી સ્વરાજની સંસ્થાઓ સક્ષમ બને, તેમનો વહીવટ પારદર્શક તેમજ નાગરિક કેન્દ્રિત બને અને આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભૂમિકા ભજવે તે માટે તેઓની જરૂરિયાત મુજબની ઉડીને આંખે વળગે તેવી આંતરમાળખાકિય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને વિકાસ કાર્યોમાં સક્ષમ અને સહભાગીદાર બનાવવાનો છે.

સદરહુ યોજના અંતર્ગત નાગરિકોને વિકાસની પ્રક્રિયામાં સાંકળી શહેરોની માળખાકિય સુવિધાઓને અગ્રતા આપવાની સાથે-સાથે ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં શહેરો સ્લમ ફ્રી સીટી બને અને શહેરોમાં ''નિર્મળ જમીન'', ''નિર્મળ વાયુ'' અને ''નિર્મળ જળ'' ઉપલબ્ધ થાય તે મુજબની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

દેશ અને વિદેશમાં અમદાવાદ શહેરની વિશિષ્ટ ઓળખ પ્રસ્થાપિત કરવા માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવા રાજ્ય સરકાર દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પ્રોજેક્ટને પરિપૂર્ણ કરવા અમદાવાદ શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં રોડ, બ્રીજ, ફ્લાય ઓવર, જળ વિતરણ વ્યવસ્થા, ગટર યોજના, શાળાઓનું આધુનિકરણ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનો વિકાસ, અર્બન હેલ્થ સેન્ટરોનું નવિનીકરણ વિગેરે પ્રોજેક્ટની રૂા.૧૯૫૧.૦૦ કરોડની દરખાસ્ત મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કરવામાં આવેલ તે પૈકી ફેઝ-૧ માં રૂા.૬૩૬.૦૦ કરોડના અંદાજીત રકમના ૬૦૩ કામો મંજૂર થયેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા ડીસેમ્બર-૨૦૧૧ સુધીમાં રૂા.૪૦૦.૦૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવેલ છે ડીસેમ્બર-૨૦૧૧ સુધીમાં રૂા.૩૪૫.૯૨ કરોડ (૮૬.૮૭%) નો ખર્ચ થયેલ છે અને મંજૂર થયેલ ૬૦૩ કામો પૈકી ૨૭૭ કામો પૂર્ણ થયેલ છે તથા ૩૨૧ કામો ચાલુ છે. બાકી રહેલ કામો ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સેક્ટર વાઈઝ કામની સંખ્યા તથા થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

અ. નં.	ઘટક	સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ				થયેલ ખર્ચ
		કામની સંખ્યા	પૂર્ણ થયેલ કામ	ચાલુ કામ	મંજૂર થયેલ રકમ	
૧	મુખ્ય રસ્તા -પેવર રોડ	૬૨	૩૦	૩૨	૪૫.૦૦	૨૩.૮૩
૨	બ્રીજ - ઓવર બ્રીજ	૩	૩	૦	૭૦.૦૦	૬૯.૯૫
૩	જળસંચયના કામો	૧	૧	૦	૧૨.૦૦	૮.૬૯
૪	હેરીટેજ	૨	૦	૦	૧૦.૦૦	૦.૦૦
૫	ગટરના કામો	૧૨	૫	૭	૧૫.૪૦	૯.૭૫
૬	પાણી પુરવઠાના કામો	૫૨	૧૨	૪૦	૧૪૧.૬૦	૩૫.૪૨
૭	અન્ય કામો (ફાયર સ્ટેશન, હોસ્પીટલ બિલ્ડીંગ, સ્કુલ અપગ્રેડેશન, સ્ટેડીયમ વિગેરે)	૧૦૪	૪૩	૬૧	૨૭૭.૦૦	૧૯૦.૭૩
૮	ગરીબ સમૃદ્ધિ યોજનાના કામો (રસ્તા, પાણી, ગટર)	૧૯૭	૮૦	૧૧૭	૪૫.૩૮	૫.૧૦
૯	સ્લમ વિસ્તારમાં સામાજીક સેવાઓ સુદ્રઢ બનાવવાના કામો (આરોગ્યલક્ષી અને શૈક્ષણિક સેવાઓ - આંગણવાડી)	૧૬૬	૧૦૩	૬૩	૭.૬૨	૨.૪૫
૧૦	નિર્મળ ગુજરાતની સિધ્ધિના કામો	૪	૦	૧	૧૨.૦૦	૦.૦૦
કુલ		૬૦૩	૨૭૭	૩૨૧	૬૩૬.૦૦	૩૪૫.૯૨

સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આગામી વર્ષ ૨૦૧૨-૧૩ અને ત્યાર પછીના વર્ષ માટે ફેઝ-૨ માં રૂા.૧૩૨૫.૦૦ કરોડના કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી આગામી વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૫૦૦.૦૦ કરોડના કામો કરવામાં આવશે. જે પૈકી મુખ્ય ઘટકની વિગતો નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

અ. નં.	ઘટક	તે પૈકી ૨૦૧૨-૧૩ ના વર્ષમાં કરવાના કામોની અંદાજીત રકમ
૧	રોડના કામો (મોડેલ રોડ તથા સરદાર પટેલ રીંગ રોડને જોડતાં રોડ)	૧૭૦.૦૦
૨	બ્રીજ	૭૦.૦૦
૩	પાણી	૮૨.૦૦
૪	ડ્રેનેજ	૭૭.૦૦
૫	હોસ્પીટલ બિલ્ડીંગ	૩૦.૦૦
૬	ફાયર સ્ટેશન	૨૫.૦૦
૭	હેલ્થ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટેના સાધનો - વાહનો	૨૦.૦૦
૮	હેરીટેજ	૨.૦૦

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના મુખ્ય કામો

⇛ બ્રીજ અને ફ્લાય ઓવર :

સદરહુ યોજના હેઠળ ફેઝ-૧ માં રૂા.૭૦.૦૦ કરોડના ખર્ચે ઉત્તર ઝોનમાં નરોડા આઈ.ટી.આઈ. ક્રોસીગ નં.૮ ઉપર અન્ડરપાસ, જમાલપુર જંકશન ઉપર ફ્લાય ઓવર તથા અમદાવાદ-દિલ્હી બ્રોડગેજ રેલ્વે લાઈન ઉપર ગોતા ક્રોસીગ નં.૨ આગળ રેલ્વે ઓવરબ્રીજ બનાવવામાં આવેલ છે તથા આગામી વર્ષ ૨૦૧૨-૧૩ માં રાણીપ અને આઈઆઈએમ ખાતે ફ્લાય ઓવર તથા સી.આર.આર.આઈ. ના ટ્રાફિક સર્વે બાદ પ્રાયોરિટી મુજબ બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

⇛ મોડેલ રોડ :

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરમાં આવેલ મુખ્ય રસ્તાઓ પૈકી ૯૪.૩૦ કિ.મી. ના રસ્તાનો મોડેલ રોડ તરીકે વિકાસ કરવાનું નક્કી કરેલ છે. જે પૈકી ફેઝ-૧ માં રૂા.૧૧૩.૦૦ કરોડના ખર્ચે ૪૫.૩૦ કિ.મી. લંબાઈના જુદા-જુદા ૮ (આઠ) રસ્તાઓ મોડેલ રોડ તરીકે વિકાસ કરવાની કામગીરી ચાલુ છે. મોડેલ રોડ તરીકે આવરી લેવાયેલ રસ્તાઓમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવશે.

- નેશનલ હાઈવેની રોડની ડિઝાઈન મુજબ વોલ ટુ વોલ રોડ કરીને સંપુર્ણ ડસ્ટ - ફ્રી કરવામાં આવશે.
- રસ્તાઓ ઉપર એક સરખી ડિઝાઈનની સેન્ટ્રલ વર્જ તથા સેન્ટ્રલ વર્જ ઉપર ગ્રીલ બનાવવામાં આવશે તથા સેન્ટ્રલ વર્જની પહોળાઈ મુજબ એક સમાન પ્લાન્ટેશન કરવામાં આવશે.

- મોડેલ રોડ ને તમામ પ્રકારના દબાણ દુર કરી દબાણ મુક્ત કરવા તેમજ હોર્ક્સ મુક્ત કરી વોલ ટુ વોલ રસ્તા બનાવવામાં આવશે.
- રોડ ઉપર વાહન ચાલકોને ટ્રાફિકની સુવિધા માટે તેમજ માર્ગદર્શન મળી રહે તે હેતું રેટ્રો રીફલેકટીવ મટીરીયલનો ઉપયોગ કરી જુદા જુદા સાઇનેજીસ જેવા કે મેન્ડેટરી, ઈન્ફોર્મેટીવ, કોશનરી અને ડાયરેક્શન સાઈનેજીસ તેમજ કીપ - લેફ્ટ બોલાર્ડ લગાવવામાં આવશે.
- વાહન ચાલકોને રોડ ઉપર લેન ની માહિતી મળી રહે તે હેતુ થી હોટ એપ્લાઇડ થર્મોપ્લાસ્ટીક પેઇન્ટનો ઉપયોગ કરી કટ પટ્ટા, સેન્ટ્રલ વર્જની નજીકના એજ લાઇન અને ફુટપાથની નજીક શોલ્ડર લાઇન પેઇન્ટ કરી રેટ્રો-રીફલેક્ટીવ કેટ-આઇ ફીક્ષ કરવામાં આવશે.
- મોડેલ રોડના રસ્તાઓ ઉપર આવતા સિગ્નલાઇઝડ જંક્શન ઉપર હોટ એપ્લાઇડ થર્મોપ્લાસ્ટીક પેઇન્ટનો ઉપયોગ કરી જંક્શન પેઇન્ટીગ જેવી કે સ્ટોપ લાઇન, લેન લાઇન, એરો, સ્ટોપ લખાણ વિગેરે કરવા તેમજ જંક્શન ઉપર રાહદારીઓ સરળતાથી રસ્તો ઓળંગી શકે તે માટે ઝીબ્રા ક્રોસીંગ પેઇન્ટીંગ કરવા તેમજ જંક્શન ઉપર સોલર કેટ-આઇ ફીક્ષ કરવામાં આવશે.
- મોડેલ રોડ ઉપર નિયમીત અંતરે અથવા તો જરૂર જણાય ત્યાં બેંચ મુકવા તથા આ રસ્તાઓ ઉપર સ્વચ્છતા જળવાય તે માટે ડસ્ટ બીન મુકવામાં આવશે.
- મોડેલ રોડ ઉપર શક્ય હોય તો અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસની મંજુરી મેળવી ઓન-રોડ પાર્કીગની જગ્યા આપવામાં આવશે.
- મોડેલ રોડ ઉપર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે આધુનિક ટોયલેટ બનાવવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૨-૧૩ ના વર્ષમાં રૂા.૧૨૭.૦૦ કરોડના ખર્ચે ફેઝ-૨ ના ૪૯ કિ.મી. લંબાઈના ૧૯ રસ્તાઓને મોડેલ રોડ તરીકે વિકાસ કરવામાં આવશે.

⇛ વી.એસ. હોસ્પીટલ સંકુલમાં નવું મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીંગ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના વી.એસ. હોસ્પીટલ સંકુલમાં નવું મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ (કુલ ૧૬૫૦ બેડ કેપેસીટી તથા ૧૦ લાખ ચો.ફુટ બાંધકામ ધરાવતું) બિલ્ડીગ સ્ટ્રક્ચરલ સ્ટીલ અને તેના માટે જરુરી આર.સી.સી. થી બનાવવાનું નક્કી થયેલ છે. જે અંગે આર્કીટેક્ચરલ, સ્ટ્રક્ચરલ ડીઝાઈન તથા કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ કન્સલટન્સી સર્વિસીઝ માટે મે. આર્કી-મીડીઝ (ઈન્ડીયા) કન્સલટન્ટ્સ પ્રા. લી. (AICPL) ની સ્ટે.કમિટિ ઠ.નં.- ૧૮૫૩ તા.૧૦-૩-૨૦૧૧ થી થયેલ નિમણુંક કરવામાં આવેલ છે. સદર નવું મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીગ (૩- ટાવર) અંદાજીત ૭૦ મીટર ની હાઈટ નું ગ્રીન સસ્ટેઈનેબલ બિલ્ડીગ નોર્મ્સ મુજબ બનનાર છે. જેમાં ૧૩૫૦ જનરલ અને ૩૦૦ પેઈડ બેડ ની સગવડતા મળશે. આ નવાં બનનાર બિલ્ડીગ નાં ટાવર્સમાં જનરલ ઓ. પી.ડી., ઈમર્જન્સી / ટ્રોમા, રેડીયોલોજી, હાઈ એન્ડ લો ડાયગ્નોસ્ટીક, સેમ્પલ કલેક્શન, બ્લડ બેંક, ૩૬ - ઓપરેશન થીએટર, ઓર્થોપેડીક, ન્યુરોલોજી, કાર્ડીયાક કેથ લેબ, ૨૫૦ બર્થીગ બેડ, પેડીયાટ્રીક ઈન્સેન્ટીવ, નીઓનેટલ વિગેરે સારવાર અર્થે જરુરી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

⇛ AMC-MET ડેન્ટલ કોલેજ કેમ્પસ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં AMC-MET દ્વારા ટી.પી.-૭ એફ.પી.-૪૬ જુની ભાલાકીયા મીલ કમ્પાઉન્ડમાં ડેન્ટલ કોલેજ, ડેન્ટલ કોલેજની હોસ્પિટલ,હોસ્ટેલ તથા સ્ટાફ ક્વાટર્સ બનાવવાનું આયોજન કરવામાં આવેલ. સદર ડેન્ટલ કોલેજ તેમજ ડેન્ટલ હોસ્પિટલ કંપાઉન્ડમાં હાલ હોસ્ટેલ(ગ્રાઉન્ડ+૨), સ્ટાફ ક્વાટર્સ (ક્લાસ-૧ અને ક્લાસ-૩) બનાવવાનું કામ પુર્ણ થયેલ છે.

સદર ડેન્ટલ કોલેજ કેમ્પસમાં ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં નોર્મ્સ મુજબ ત્રીજા, ચોથા તેમજ પાંચમાં વર્ષનાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સવલત ઉભી કરવાની થાય છે.અને તે માટે નવી બનાવેલ હોસ્ટેલ ઉપર વધારાનું બાંધકામ કરવા વધુ ૪ માળ બનાવવાનાં થાય છે. આમ સદર બિલ્ડીગ કુલ સાત માળની ઊંચાઈનું બનશે. અગાઉ બનાવવામાં આવેલ ગ્રાઉન્ડ ફલોર + બે માળના સ્ટ્રકચરના ફાઉન્ડેશન તેમજ કોલમ-બીમ અને ફ્રેમ સ્ટ્રકચરની ડિઝાઈન ભવિષ્યમાં સાત માળ સુધીના બાંધકામ ને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે અને બાંધકામ પણ તે પ્રમાણે કરવામાં આવેલ છે. આ સંજોગોમાં સૂચિત વર્ટીકલ એકસ્ટેન્શન માટે હયાત સ્ટ્રકચર ઉપયોગમાં લેવામાં આવશે. તદઉપરાંત ડેન્ટલ હોસ્પીટલનાં કંપાઉન્ડમાં ક્લાસ-૨ અને ક્લાસ-૪નાં સ્ટાફનાં રેસીડેન્સ કવાટર્સ પણ બનાવવાનાં થાય છે. જેનો અંદાજીત ખર્ચ ૨૦.૧૬ કરોડ નો થાય તેમ છે.

⇛ શેઠ એલ.જી. હોસ્પીટલ ખાતે મલ્ટીસ્ટોરીડ હોસ્ટેલ બિલ્ડીંગ/ઓડીટોરીયમ :

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં AMC-MET દ્વારા એલ. જી. હોસ્પીટલ સંકુલમાં AMC-MET સંચાલિત મણીનગર મેડીકલ કોલેજ તથા ૭૦૦ બેડ કેપેસીટીની નવી આધુનિક મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં MCI નાં નોર્મ્સ મુજબ નું કોલેજ નું પ્રથમ ૩- વર્ષ નું કામ ૨૦૧૧ માં પુર્ણ થયેલ છે. જેનાં ભાગરુપે સદર કેમ્પસમાં MCI નોર્મ્સ મુજબ કુલ ૫- વર્ષનાં ૬૦૦ વિદ્યાર્થીઓ ઓડીટોરીયમ અને હોસ્ટેલની સવલત ઉભી કરવાની થાય છે. આ નવી હાઇરાઇઝ હોસ્ટેલમાં કુલ ૧૪ માળ બનાવવાનાં થાય છે. જેનો અંદાજીત ખર્ચ ૬૮.૨૦ કરોડ નો થાય તેમ છે. આ સમગ્ર કામ ૨૦૧૪ સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આગામી વર્ષમાં નીચેના કામો કરવાનું આયોજન છે.

- ✧ સરદાર પટેલ રીંગ રોડને જોડતાં શહેરના જુદા-જુદા રોડને રૂા.૬૦.૦૦ કરોડના અંદાજીત ખર્ચે રી-સરફેઈસ/રોડ વાઈડનીંગ કરવામાં આવશે.
- ✧ મેમનગર, દાણાપીઠ તથા જમાલપુરના હયાત ફાયર સ્ટેશનને રૂા.૨૫.૦૦ કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે.
- ✧ સફાઈની કામગીરી માટે બોબકેટ મશીન નંગ ૭, ખાળકૂવા સફાઈના ટેન્કરો, ન્યુસન્સ ટેન્કર તથા રોડ રોલર ખરીદવામાં આવશે. શહેરના રસ્તાઓ ઉપરના ગેરકાયદેસર દબાણ હઠાવવાની કામગીરીમાં અસરકારકતા લાવવા ૬ નંગ નવી દબાણની ગાડીઓ ખરીદવામાં આવશે તથા ટેન્કર મારફતે પાણી પૂરૂ પાડવાની ગાડીઓ ખૂબ જ જૂની થઈ ગયેલ હોવાથી નવી વોટર ટેન્કર ખરીદવામાં આવશે.

૨. "જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન" (JnNURM) યોજના

દેશના વસ્તીના આધારે મોટા શહેરોની માળખાગત સુવિધાઓની બાબતમાં સર્વાંગી તથા ચોકકસ દિશામાં વિકાસ થાય તે માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા ૦૩-૧૨-૨૦૦૫ નાં રોજ જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (જેએનએનયુઆરએમ)ની રચના કરવામાં આવેલ છે.સદરહુ મિશનમાં ૪ મિલિયનથી ઉપરની વસ્તીના ૭ મેગા સીટી તથા ૧ મિલિયનથી ઉપરના શહેરોનો સમાવેશ થાય છે.અંતર્ગત મિશન દ્વારા સમાવવામાં આવેલ શહેરોને ગ્રાંટ આપવામાં આવી રહેલ છે.

જેએનએનયુઆરએમની માર્ગદર્શિકા અનુસાર અમદાવાદ શહેરના સમતોલ અને સર્વાંગી તથા સાતત્યપૂર્ણ વિકાસ માટેની વિવિધ યોજનાઓના આયોજનબધ્ધ અને તબક્કાવાર અમલીકરણ માટે કરવામાં આવેલ લાંબાગાળાના, મધ્યમગાળાના અને ટૂકાગાળાના ત્રિપાંખિય આયોજન અનુસાર આગામી વર્ષોમાં શહેરના સર્વાંગી વિકાસ માટે તેની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૫૧૧૧.૦૦ કરોડનો અને ઔડા વિસ્તારનો રૂા.૩૦૦૦.૦૦ કરોડ મળીને કુલ રૂા.૮૧૧૧.૦૦ કરોડનો સીટી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરીને રાજય સરકારશ્રી મારફત કેન્દ્ર સરકારની મંજૂરી લેવામાં આવેલ છે.

સદરહુ યોજના હેઠળ અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ગવર્નન્સ (યુઆઈજી) પ્રોજેક્ટ્સ જેવા કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, માર્ગો અને પરિવહન સેવા વિગેરે માટે મંજૂર થયેલ પ્રોજેક્ટની રકમના ૩૫% પ્રમાણેની ગ્રાંટ કેન્દ્ર સરકારશ્રી દ્વારા તથા ૧૫% પ્રમાણેની ગ્રાંટ રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવી રહેલ છે, બાકીની રકમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભોગવવામાં આવી રહેલ છે. જ્યારે બેઝીક સર્વિસીસ ટુ અર્બન પુઅર (બી.એસ.યુ.પી.) પ્રોજેક્ટ્સ હેઠળ આર્થિક રીતે નબળા (શહેરી ગરીબો) વ્યક્તિઓના આવાસો માટે મંજૂર થયેલ પ્રોજેક્ટની રકમના ૫૦% પ્રમાણેની ગ્રાંટ કેન્દ્ર સરકારશ્રી દ્વારા, ૨૦% રાજ્ય સરકારશ્રી દ્વારા તથા બાકીની ૩૦% રકમ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા લાભાર્થી દ્વારા ભોગવવામાં આવી રહેલ છે. આ ઉપરાંત ટેન્ડર પ્રિમીયમ તથા ભાવ વધારાની રકમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભોગવવામાં આવે છે.

જેએનએનયુઆરએમ યોજના હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂા.૨૬૫૨.૪૧ કરોડના ૨૨ પ્રોજેક્ટો તથા ઔડાના રૂા.૫૫૪.૨૭ કરોડના ૧૦ પ્રોજેક્ટો મળીને અમદાવાદ શહેર માટે રૂા.૩૨૦૬.૬૮ કરોડના ૩૨ પ્રોજેક્ટો મંજુર થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(રૂા.કરોડમાં)

અ. નં.	સેકટર	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન		ઔડા	
		મંજુર થયેલ પ્રોજેક્ટની સંખ્યા	સીએસએમસી દ્વારા મંજુર થયેલ રકમ	મંજુર થયેલ પ્રોજેક્ટની સંખ્યા	સીએસએમસી દ્વારા મંજુર થયેલ રકમ
૧	બીઆરટીએસ	૦૩	૯૮૧.૪૫	૦	૦.૦૦
૨	વોટર સપ્લાય અને નેટવર્ક	૦૧	૫૩.૮૩	૦	૦.૦૦
૩	સુઅરેજ નેટવર્ક અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૦૪	૩૯૩.૬૩	૨	૧૪૩.૭૩
૪	સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક	૦૩	૩૦૨.૮૫	૧	૧૦૪.૭૫
૫	બ્રીજ	૦૫	૯૬.૬૨	૪	૭૦.૫૧
૬	રોડ	૦	૦	૧	૫૦.૧૩
૭	સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ	૦૧	૧૧૮.૮૫	૦	૦.૦૦
૮	હેરીટેજ ડેવલપમેન્ટ	૦૧	૭૪.૩૯	૦	૦.૦૦
૯	ઈડબલ્યુએસ હાઉસીંગ	૦૨	૩૭૮.૮૦	૨	૧૮૫.૧૫
૧૦	બસ પ્રોક્યુરમેન્ટ	૦૨	૨૫૧.૯૯	૦	૦.૦૦
	કુલ	**૨૨**	**૨૬૫૨.૪૧**	**૧૦**	**૫૫૪.૨૭**

જેએનએનયુઆરએમ યોજના હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તથા ઔડા દ્વારા અમલીકરણ કરવામાં આવેલ પ્રોજેક્ટોના પ્રોગ્રેસની વિગત નીચે મુજબ છે.

(રૂા.કરોડમાં)

	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન	ઔડા	કુલ
મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યા	૨૨	૧૦	૩૨
મંજૂર થયેલ પ્રોજેક્ટની રકમ	૨૬૫૨.૪૧	૫૫૪.૨૭	૩૨૦૬.૬૮
ડિસેમ્બર-૨૦૧૧ સુધી પૂર્ણ થયેલ પ્રોજેક્ટ	૧૨	૯	૨૧
ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ	૧૦૦૨.૧૭	૩૦૪.૧૦	૧૩૦૬.૨૭
ડિસેમ્બર-૨૦૧૧ સુધી થયેલ ખર્ચ	૧૮૫૮.૫૧	૫૭૩.૬૩	૨૪૩૨.૧૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમલીકરણ કરવામાં આવતાં જેએનએનયુઆરએમ યોજના હેઠળના પ્રોજેક્ટ

જનમાર્ગ (બી.આર.ટી.એસ.) :

જેએનએનયુઆરએમ અંતર્ગત અમદાવાદ શહેરના ભારે ટ્રાફીક ધરાવતા જાહેર રસ્તા ઉપર શહેરને આગવી ઓળખ આપી શકે તેવા માત્ર જાહેર પરીવહન સેવા માટે ડેડીકેટેડ બીઆરટીએસ કોરીડોર બાંધવાની કામગીરી માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૯૮૧.૪૪ કરોડના ૮૮.૮ કિ.મી. લંબાઈના કોરીડોરના ડી.પી.આર. મંજૂર કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

(રૂા.કરોડમાં)

અ. નં.	પ્રોજેક્ટનું નામ	મંજૂર થયેલ રકમ	રાજ્ય સરકાર (૧૫%) અને કેન્દ્ર સરકાર (૩૫%) ની આવેલ ગ્રાન્ટ	થયેલ ખર્ચ રકમ (ડિસેમ્બર-૧૧ સુધી)
૧	ફેઝ-૧ (પાયલોટ પ્રોજેક્ટ) આર.ટી.ઓ. થી ચંદ્રનગર (૧૨.૫ કિ.મી.)	૮૭.૬૦	૪૩.૮૦	૯૧.૭૦
૨	ફેઝ-૧ચંદ્રનગર થી મણિનગર, નારોલ, નરોડા અને આર.ટી.ઓ. થી વાડજ થઈ દિલ્હી દરવાજા, નરોડા થી નરોડા ગામ (૪૬ કિ.મી.)	૪૦૫.૭૨	૨૦૨.૮૬	૪૯૪.૮૮
૩	ફેઝ-૨શીવરંજની થી બોપલ, સોલા થી ભૂયંગદેવ, આર.ટી.ઓ. થી ચાંદખેડા અને દિલ્હી દરવાજા થી કાલુપુર એલીવેટેડ કોરીડોર અને સોનીની ચાલી થી ઓઢવ (૩૦.૩ કિ.મી.)	૪૮૮.૧૩	૬૧.૦૧	૭૨.૧૯

જનમાર્ગ - બી.આર.ટી.એસ. યોજના હેઠળ મંજૂર થયેલ ૮૮.૮ કિ.મી. લંબાઈના કોરીડોર પૈકી ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં નીચે મુજબના ૪૫ કિ.મી. ના કોરીડોરની કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

હાલમાં બાકીના કોરીડોર - શીવરંજની થી બોપલ, સોલા ક્રોસ રોડ થી એસ.જી. હાઈવે, આરટીઓ થી ચાંદખેડા, સોનીની ચાલ થી ઓઢવ, નહેરૂનગર થી ગુલબાઈ ટેકરા થી ગુજરાત કોલેજ થી એલિસબ્રિજ થઇ ગીતામંદિર, સારંગપુર થી સોની ની ચાલી, કાલુપુર થી મેમ્કો થઇ નરોડા ગામ, શાહ આલમ થી ગીતામંદિર સુધીના બી.આર.ટી.એસ. કોરીડોરની કામગીરી ચાલુ છે. જે આગામી ડિસેમ્બર-૨૦૧૨ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

બી.આર.ટી.એસ. યોજનામાં ટ્રાફિકની સુવિધા માટે બી.આર.ટી.એસ. કોરીડોર ઉપર આવતાં મુખ્ય જંકશનો ઉપર ફ્લાય ઓવર બ્રીજ તથા રિવર બ્રીજ અને રેલ્વે બ્રીજ બનાવવામાં આવી રહેલ છે.

અ. નં	બ્રિજનું નામ	પ્રોજેક્ટની અંદાજીત રકમ (રૂા. કરોડમાં)	ભૌતિક સ્થિતિ
૧.	ઈસનપુર જંકશન ફ્લાય ઓવર	૨૪.૯૪	કામ પૂર્ણ
૨.	જશોદાનગર જંકશન ફ્લાય ઓવર	૨૮.૩૬	કામ પૂર્ણ
૩.	સીટીએમ જંકશન ફ્લાય ઓવર	૪૨.૯૩	કામ પૂર્ણ
૪.	સોનીની ચાલી જંકશન ફ્લાય ઓવર	૨૧.૮૪	કામ પૂર્ણ
૫.	ઠક્કરબાપાનગર જંકશન ફ્લાય ઓવર	૨૯.૭૦	૯૨%
૬.	શાહીબાગ-ગીરધરનગર રેલ્વે ઓવરબ્રીજ	૨૧.૫૫	કામ પૂર્ણ
૭.	વાડજ દુધેશ્વરબ્રીજ રિવર બ્રીજ	૩૩.૪૮	કામ પૂર્ણ
૮.	ગુજરાત કોલેજ ફ્લાય ઓવર	૫૪.૭૫	૨૫%

અમદાવાદના શહેરીજનો માટે સરળ, પ્રદૂષણરહિત, ઝડપી, સસ્તી પરીવહન સેવા ઉપલબ્ધ થાય તે હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "Special Purpose Vehicle" તરીકે કંપનીઝ એકટ હેઠળ અમદાવાદ જનમાર્ગ લી. ની સ્થાપના કરી આંતરરાષ્ટ્રીય કક્ષાની બસ, બસ સ્ટેન્ડ, પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ઓટોમેટીક વ્હીકલ લોકેશન સિસ્ટમ જેવી આધુનિક સગવડો ધરાવતી બસ સેવા બી.આર.ટી.એસ. કોરીડોર ઉપર શરૂ કરવામાં આવેલ છે. હાલમાં આર.ટી.ઓ. થી મણીનગર અને દાણીલીમડા થી નારોલ થઈ નરોડા તેમજ આર.ટી.ઓ. થી દિલ્હી દરવાજા રૂટ ઉપર કુલ ૪૫ કિ.મી. ના રૂટમાં બી.આર.ટી.એસ. બસ સેવાકાર્યરત છે. હાલમાં સમગ્ર રૂટ ઉપર પી.પી.પી. ધોરણે ૧૦૨ બસો કાર્યરત છે. જેમાં દૈનિક ૧.૪૦ લાખ જેટલા નગરજનો મુસાફરી કરે છે તથા દૈનિક રૂા.૮.૨૫ લાખ જેટલી આવક થાય છે.

શહેરી વિકાસ તથા પરીવહન ક્ષેત્રે જોડાયેલા તજજ્ઞો, અભ્યાસુઓ, શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ, રાજનીતિજ્ઞો, સંશોધકો માટે સીમાચિહન રૂપ બનેલા જનમાર્ગ બી.આર.ટી.એસ.ની મુલાકાતે દેશ-વિદેશમાંથી અનેક લોકો અભ્યાસ મુલાકાત લઈ પરીવહન સેવાના ઉત્તમ પર્યાય બનેલા જનમાર્ગ બી.આર.ટી.એસ.માંથી પ્રેરણા લઈ પોતાના શહેરના વિવિધ પરીબળોને ધ્યાને લઈ બી.આર.ટી.એસ. સેવા શરૂ કરવા પ્રયત્નો કરી રહયા છે. તે અમદાવાદના તમામ શહેરીજનો માટે ખૂબ જ આનંદ અને ગૌરવની બાબત છે. અમદાવાદ જનમાર્ગ લી.ને બી.આર.ટી.એસ. સેવા બદલ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય લેવલે મળેલ એવોર્ડસની વિગત નીચે મુજબ છે.

- ✧ "BEST MASS RAPID TRANSIT SYSTEM" નેશનલ કક્ષાએ એવોર્ડ
- ✧ ભારત સરકાર દ્વારા સને - ૨૦૦૯માં "Best Mass Transist System" નો રાષ્ટ્રીય એવોર્ડ
- ✧ સને - ૨૦૧૦માં વોશિંગ્ટન ખાતે "SustainableTransport-2010" નો આંતરરાષ્ટ્રીય એવોર્ડ
- ✧ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ દ્વારા ૨૦૧૦માં "Outstanding Innovation in Public Transport" એવોર્ડ
- ✧ ભારત સરકાર દ્વારા સને - ૨૦૧૦ માં "Award for Excellence" નો રાષ્ટ્રીય એવોર્ડ
- ✧ ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ ફોરમ અને ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ પબ્લિક ટ્રાન્સપોર્ટ દ્વારા "Daring Ambition" નો એવોર્ડ
- ✧ ભારત સરકાર દ્વારા સને - ૨૦૧૧ માં "Best ITS Project" નો રાષ્ટ્રીય એવોર્ડ

બી.આર.ટી.એસ. યોજના માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ ના વર્ષના બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસમાં રૂા.૧૭૮.૪૦ કરોડ અને બસ ખરીદીમાં રૂા.૮૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

⇛ બી.આર.ટી.એસ. ફેઝ-૩ :

સરદાર પટેલ રીંગ રોડ, નારોલ-વટવા-નરોડા જી.આઈ.ડી.સી. સાથે તેમજ સાયન્સ સિટી તેમજ પૂર્વ અને પશ્ચિમના નવા વિસ્તારોની બી.આર.ટી.એસ. સાથે કનેક્ટિવિટી કરીને આ વિસ્તારના લોકોને ઝડપી અને આધુનિક અને સુવિધાજનક પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા મળી રહે તે માટે બી.આર.ટી.એસ. ફેઝ-૩માં નીચે મુજબના ૪૦ કિ.મી. બી.આર.ટી.એસ. કોરીડોર બનાવવાનું તથા તેના માટે જરૂરી બી.આર.ટી.એસ. બસો અને ફીડર બસો સાથે અંદાજીત રૂા.૧૦૦૦.૦૦ કરોડનો પ્રોજેક્ટ જેએનએનયુઆરએમ ફેઝ-૨ માં લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ✧ નારોલ થી અસલાલી રીંગ રોડ
- ✧ જશોદાનગર થી હાથીજણ રીંગ રોડ
- ✧ સીટીએમ - હાટકેશ્વર - ખોખરા- ન્યુ કલોથ માર્કેટ

- ✧ ખોખરા - રખિયાલ - સીવીલ હોસ્પીટલ - ઘેવર સર્કલ - ડફનાળા - અચેર
- ✧ નરોડા - મુક્તિધામ - રીંગ રોડ
- ✧ ચાંદખેડા - ઝુંડાલ સર્કલ, ન્યુ સી.જી. રોડ - વિસત જંકશન - આઈ.આઈ.ટી .
- ✧ અખબારનગર-ગોતા
- ✧ સોલા ફલાય ઓવર થી સાયન્સ સિટી
- ✧ શિવરંજની થી સરખેજ એપીએમસી માર્કેટ

બી.આર.ટી.એસ. ફેઝ-૩ યોજના માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટમાં રૂા.૧૫૦.૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુઅરેજ નેટવર્ક :

દિન-પ્રતિદિન શહેરની સતત વધતી વસતીને ધ્યાનમાં રાખી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વિશાળ સુઅરેજ નેટવર્ક અને ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામો શરૂ કરી સને ૨૦૨૧ માં થનાર સંભવિત સુએજ ઉત્પાદન ૧૦૭૫ એમ.એલ.ડી. ની સામેની ટ્રીટમેન્ટ ક્ષમતા ૨૦૧૧ માં પ્રાપ્ત કરવાનું આયોજન કરેલ છે. આ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જેએનએનયુઆરએમ યોજના હેઠળ રૂા.૮૦.૫૭ કરોડના ખર્ચે પિરાણા ખાતે ૧૮૦ એમ.એલ.ડી. તથા ૬૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા વાસણા ખાતે ૩૫ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે તથા ઔડા દ્વારા વાસણા ખાતે ૨૪૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને વિંઝોલ ખાતે ૭૦ એમ.એલ.ડી. નો સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે.

શહેરની ૧૦૦% વસ્તીને ભૂગર્ભ ગટર યોજના હેઠળ આવરી લેવા માટે નવા સમાવિષ્ટ પૂર્વ વિસ્તારમાં રૂા.૭૭.૬૫ કરોડના ખર્ચે અને પશ્ચિમ વિસ્તારમાં રૂા.૨૩૫.૪૧ કરોડના ખર્ચે જેએનએનયુઆરએમ યોજના હેઠળ સુઅરેજ નેટવર્ક નાંખવાની કામગીરી ચાલુ છે. જે આગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

અ. નં.		મંજૂર થયેલ રકમ (રૂા. કરોડમાં)	સુઅરેજ નેટવર્ક ની લંબાઈ	ડીસેમ્બર-૨૦૧૧ સુધી થયેલ ભૌતિક પ્રગતિ (%)
૧	અમદાવાદ શહેરના પૂર્વ ઔડા વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક	૭૭.૬૫	૧૭૮ કિ.મી.	૮૫%
૨	અમદાવાદ શહેરના પશ્ચિમ ઔડા વિસ્તારમાં સુઅરેજ નેટવર્ક	૨૩૫.૪૧	૨૭૩ કિ.મી.	૬૭%

વર્ષ ૨૦૧૧-૧૨ માં સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સુઅરેજ નેટવર્ક પ્રોજેક્ટમાં રૂા.૭૩.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં રૂા.૮૧.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં ઉત્પન્ન થતાં ઘન કચરાના આખરી નિકાલની કામગીરી માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો રૂા.૧૧૮.૮૪ કરોડના ડી.પી.આર.ને ભારત સરકારની મંજૂરી મળેલ છે. સદરહુ પ્રોજેક્ટ અન્વયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના છ ઝોનમાં છ ટ્રાન્સફર સ્ટેશનો ઉભા કરવાની કાર્યવાહી ચાલુ છે. આ ટ્રાન્સફર સ્ટેશન ઉપર જે-તે ઝોનમાં નજીકની જગ્યાએથી વાહનો દ્વારા કચરો લાવી આ કચરો હેવી કેપેસીટીના કન્ટેઈનરો અને હાઈડ્રોલિક વાહનો દ્વારા જે-તે ઝોનમાંથી કચરાનું પરિવહન કરી સુએઝ ફાર્મ, પીરાણા રોડ ખાતે આવેલ ડમ્પીંગ સાઈટ ઉપર આખરી નિકાલ કરવાનો થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં ઉત્પન્ન થતાં ઘન કચરાના આખરી નિકાલની કામગીરીમાં સરળતા રહે તે સારૂ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જેએનએનયુઆરએમ અંતર્ગત ૩૫ નંગ હાઈડ્રોલિક ડમ્પર પ્લેસર વાહનો, ૭ ક્યુ.મી. કેપેસીટીના ૪૦૦ નંગ કન્ટેઈનર્સ, ૫૩ નંગ હાઈડ્રોલિક ડમ્પર પ્લેસર વાહનો અને ૧૮૩૬ નંગ કન્ટેઈનર્સ, ૨ નંગ હેવી ડ્યુટી ટ્રન્ક માઉન્ટેડ રોડ વેક્યુમ સ્વીપીંગ મશીન, ૬ નંગ HCV કેબ ચેસીસ સાથે સ્કીપ લિફ્ટર યુનિટ, ૨ નંગ ફ્રન્ટ એન્ડ લોડર મશીન (જેસીબી ટાઈપ), ૨૦,૦૦૦ નંગ પી.ઈ. કન્ટેઈનરની ખરીદી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૬ નંગ મિકેનીકલ પાવર સ્વીપર ટ્રન્ક માઉન્ટેડ રોડ વેક્યુપ સ્વીપર મશીન, ૩ નંગ એસ્કેવેટર મશીન, બુલડોઝર, ટ્રીપર ટ્રક, ૨ નંગ ડેડ એનીમલ કલેકશન વાન વિગેરે સોલીડ વેસ્ટના નિકાલ માટેના સાધનોની ખરીદી કરવાની કાર્યવાહી ચાલુ છે.

વર્ષ ૨૦૧૧-૧૨ માં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટમાં રૂા.૩૦૦૦.૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં રૂા.૩૫૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

હેરીટેજ ડેવલપમેન્ટ :

⇛ ભદ્ર એરિયા વિસ્તારનો વિકાસ :

અમદાવાદ શહેરમાં ભદ્રનો કિલ્લો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આ સ્થળની આજુ-બાજુનો વિસ્તાર જુદી-જુદી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધબકતો હોય છે. ભદ્રના કિલ્લાથી સાબરમતી નદી સુધી તેમજ ત્રણ દરવાજા તથા માણેકચોકનો વિસ્તાર ડેવલપ કરવાની જરૂર છે.

આ માટે સમગ્ર ભદ્ર વિસ્તારને "No Vehicle Zone" તરીકે વિકસાવી સમગ્ર વિસ્તારને પ્રદૂષણ રહિત અને વધુ લોકભોગ્ય બનાવવાનું આયોજન વિચારવામાં આવેલ છે. જેમાં રાહદારીઓ માટે સુગમ અને સલામત રસ્તાઓ, સાઈનેજ, લાઈટનીંગ, લેન્ડ સ્કેપીંગ, આકર્ષક સ્ટ્રીટ ફર્નિચર વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં ભદ્રનો કિલ્લો તથા લાલ દરવાજા બસ સ્ટેશન જેવા મહત્ત્વના સ્થળોના રીસ્ટોરેશન અને રીસ્ટ્રકચરીંગની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ભદ્રના કિલ્લા ખાતે મ્યુઝીયમ તેમજ સીટી સેન્ટર વિકસાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આમ ભદ્ર વિસ્તારને ડેવલપ કરવા પબ્લિક ટોઈલેટ, પાર્કિંગ, બાગ-બગીચા, રસ્તા ડેવલપમેન્ટ, સ્ટ્રીટ લાઈટ, રિક્ષા-ટેક્ષી સ્ટેન્ડ, પાથરણાં બજાર તથા ઐતિહાસિક ઈમારતોનું લાઈટીંગ વિગેરે કામગીરી કરવાનું આયોજન છે. ત્રણ દરવાજા થી ભદ્રકાળી મંદિર સુધીના માર્ગને પેડેસ્ટ્રીઅન પ્લાઝા તરીકે વિકસાવી આ વિસ્તારમાં વાહનોની અવર-જવર નિયંત્રિત કરવામાં આવનાર છે. તદ્ઉપરાંત ભદ્ર વિસ્તારની સીધી કનેક્ટીવીટી સાબરમતી રીવર ફ્રન્ટ સાથે થાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ રૂા.૭૪.૩૯ કરોડનો ડી.પી.આર. મંજૂર થયેલ છે. સદરહુ યોજના હેરીટેજ કેટેગરીમાં આવતી હોવાથી આર્કોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ કામગીરી કરવા અંગે ASI સાથે એમ. ઓ.યુ. કરવામાં આવેલ છે. સને ૨૦૧૧-૧૨ માં સદર કામના પ્રથમ તબકકાની કામગીરીના અમલીકરણ માટે રૂા.૨૫.૮૨ કરોડની ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. ટુંક સમયમાં કામગીરી ચાલુ કરવમાં આવશે. ભદ્ર કીલ્લાના રીસ્ટ્રોરેશન માટે સેપ્ટ યુનિવર્સિટી દ્વારા ૪.૪૮ કરોડનો ડી.પી.આર. બનાવી ASI ની મંજુરી માટે મોકલવામાં આવેલ છે. આઝમખાન સરાઈના રીસ્ટ્રોરેશનનું કામ માટેની ડી.પી.આર. તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે. ભદ્ર કીલ્લા અને આઝમખાન સરાઈના રીસ્ટ્રોરેશનનું કામ ASI કરનાર છે.

વર્ષ ૨૦૧૧-૧૨ માં હેરીટેજ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં રૂા.૧.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં રૂા.૩.૦૦ કરોડ નું બજેટ ફાળવવામાં આવેલ છે.

શહેરી ગરીબો માટે આવાસ યોજના (EWS) :

અમદાવાદ શહેરને સ્લમ મુક્ત બનાવવા માટે જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ અંતર્ગત ૧૮૯૭૬ આવાસો બનાવવા માટે રૂા.૩૩૮.૭૬ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે. આ આવાસો બે રૂમ, કીચન તેમજ ટોઈલેટ અને બાથરૂમ સહિત ૩૬.૫ ચો.મી. સુપર બીલ્ટઅપ અને ૨૬.૭૭ ચો.મી. કારપેટ એરીયાના છે. આ આવાસો મેસ્કોન એલ્યુમીનીયમ ફોમ વર્કની આધુનિક ટેકનોલોજી થી તમામ દિવાલો આર.સી.સી. ની અને આકર્ષક ફિનીશીંગવાળી બનાવવામાં આવેલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ૬.૭૨ લાખ ચો.મી. જમીનમાં જુદી-જુદી ૩૫ જગ્યાઓએ કુલ ૧૮૯૭૬ આવાસો બનાવવામાં આવી રહેલ છે. કુલ જમીન ૬.૭૨ લાખ ચો.મી. માં બંધ મીલોની મળેલી ૧.૭૧ લાખ ચો.મી. જમીનનો સમાવેશ થાય છે. સદરહુ આવાસોમાં રોડ, પેવીંગ, કમ્પાઉન્ડ વોલ, ૨૪x૭ વોટર સપ્લાય, સુઅરેજ સિસ્ટમ, સ્ટૉર્મ વોટર ડ્રેનેજ, સોલીડ વેસ્ટ કલેકશન અને ડીસ્પોઝલ વ્યવસ્થા તથા સ્ટ્રીટ લાઈટની માળખાકિય સુવિધાઓ ઉપરાંત ૫૦૦ થી વધારે આવાસો ધરાવતા દરેક પ્લોટમાં કોમન ઓપન સ્પેસ, રમત-ગમતના મેદાન, હેલ્થ સેન્ટર, આંગણવાડી જેવી સામાજીક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ચાલુ વર્ષે ૧૧૮૪ આવાસો બનાવવા માટેનો રૂા.૪૦.૦૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. સદરહુ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં ૧૪૯૫૪ મકાનો બનાવવામાં આવેલ છે. બાકીના આવાસો બનાવવાની કામગીરી ચાલુ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેરી ગરીબો માટેની આવાસ યોજનાને ભારત સરકાર દ્વારા સને ૨૦૧૦ માં “Innovations in Services to Urban Poor (Housing) Award” નો રાષ્ટ્રીય એવોર્ડ તથા સને ૨૦૧૧ માં “Best City in implementation of BSUP” નો રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૧-૧૨ માં શહેરી ગરીબો માટે આવાસ યોજનામાં રૂા.૫૩.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં રૂા.૯૦.૦૦ કરોડ નું બજેટ ફાળવવામાં આવેલ છે.

ઓટોમેશન સાથે SCADA (સુપરવાઈઝરી કન્ટ્રોલ અને ડેટા એક્વિઝીશન સિસ્ટમ) :

કોર્પોરેશન દ્વારા ૪ (ચાર) વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણીનું શુદ્ધિકરણ કરીને ૧૩૪ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો મારફતે શહેરના નાગરિકોને પીવાનું ચોખ્ખું પાણી પૂરૂ પાડવામાં આવે છે. શહેરને આપવામાં આવી રહેલ પાણી પુરવઠો રૉ-વોટર સ્ટોરેજ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ટ્રન્ક સુઅર લાઈનો તથા વોટર પંપીંગ અને ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો જેવા વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. પાણી પુરવઠાને લગતી આ તમામ ગતિવિધિઓનું ઓટોમાઈઝેશન કરી તેના મીનીટ ટુ મીનીટ વોટર સ્ટોરેજ, વોટર ફ્લો, પ્રેશર, એનર્જી વગેરેને લગતાં ડેટા મેળવી તેનું વિશ્લેષણ તેમજ મોનીટરીંગ કરી પાણી પુરવઠાને લગતાં પ્રશ્નો હલ કરી શકાય તે હેતુથી સ્કાડા સીસ્ટમનું અમલીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે જેએનએનયુઆરએમ યોજના અંતર્ગત રૂા.૩૪.૩૯ કરોડનો ડીપીઆર તૈયાર કરીને મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

SCADA ના અમલીકરણથી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઈનકંમીગ વોટર અને આઉટ ગોઈંગ વોટરની કવોન્ટીટી તથા કવોલીટી (ટર્બીડીટી, કલોરીન, પી.એચ. વિગેરે) વિશે માહિતી પ્રાપ્ત કરી શકાશે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટોના ઓપરેશન અને મેઈન્ટનન્સમાં મેન પાવર, એનર્જી, કેમીકલનો વપરાશ જેવી માહિતીનું મોનીટરીગ કરી યોગ્ય દિશામાં પગલા લઈ ખર્ચમાં ઘટાડો કરી શકાશે, વોટર પ્રોડકશન યુનિટથી જે તે વોટર ડિસ્ટ્રીબ્યુશન પંપીગ સ્ટેશન સુધીની ટ્રન્ક મેઈન લાઈનના નોન રેવન્યુ વોટર લોસીસની ચોક્કસ માત્રા જાણી શકાશે તથા તેને નિયંત્રણમાં લાવવાના યોગ્ય પગલાં ભરીને નોન રેવન્યુ વોટર લોસીસ ઓછો કરી શકાશે. વોટર પ્રોડકશન યુનિટના સતત ચાલતાં પંપોની કાર્યક્ષમતા બાબતે એનર્જી ઓડીટની ચોક્કસ માહિતી મળશે. જેને કારણે પંપોમાં જરૂરી સુધારા-વધારાની કામગીરી કરવાથી પંપોની કાર્યક્ષમતામાં સુધારો કરી વીજ વપરાશમાં બચત કરી શકાશે. દરેક વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશન દ્વારા સપ્લાય દરમ્યાન કેટલું પાણી પંપીંગ કરી શહેરીજનોને આપવામાં આવ્યું તેની વોટર ઓડીટ તથા એનર્જી ઓડીટની ચોક્કસ માહિતી મળશે તથા વોટર ડીસ્ટ્રીબ્યુશન પંપીંગ સ્ટેશનોનું નિયમિત અને પારદર્શક મોનીટરીંગ કરી શકાશે. જેની પ્રેશરની ફરિયાદ મહ્દઅંશે હલ થઈ શકશે.

શહેરમાં ૮ ટર્મીનલ સુઅરેજ પંપીંગ સ્ટેશન સાથે ૪૩ સુઅરેજ પંપીંગ સ્ટેશન અને ૭ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે ગંદા પાણીનો ટ્રીટમેન્ટ કરીને નિકાલ કરવામાં આવે છે. આ તમામ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સુઅરેજ પંપીંગ સ્ટેશનોનું એક જ જગ્યાએથી માસ્ટર કન્ટ્રોલ સિસ્ટમ મારફતે મોનીટરીંગ થઈ શકે, એક જ જગ્યાએથી દરેક પંપીંગ સ્ટેશન અને પ્લાન્ટના ડેટાનું સંકલન થઈ શકે તથા તે મુજબ જરૂરી રીપેરીંગ અંગેનો ઝડપથી નિર્ણય લઈ શકાય તે હેતુથી, સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના પ્રોસેસ વ્યવસ્થિત રહે તો જીપીસી નોર્મ્સ પ્રમાણે એફ્લ્યુઅન્ટના રીઝલ્ટ મળી શકે. પરંતુ પ્રોસેસ કયા ઈક્વિપમેન્ટમાંથી બગડે તે આગોતરી જાણ મળી શકે તે માટે SCADA મારફતે સુઅરેજ સિસ્ટમનું ઓટોમેશન કરવાનું આયોજન કરેલ છે. આ માટે જેએનએનયુઆરએમ યોજના હેઠળ રૂા.૨૫.૦૬ કરોડનો ડીપીઆર તૈયાર કરીને મંજૂરી અર્થે મોકલેલ છે.

૩. મ્યુનિસિપલ કોર્પોરેશન ફંડના વિકાસ કાર્યો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વભંડોળ તેમજ પબ્લિક બોન્ડમાંથી નીચે મુજબના વિકાસ કાર્યો કરવાનું આયોજન કરેલ છે.

૩.૧ ઝોનલ પ્રાયોરીટી વર્કસ :

સને ૨૦૦૪-૨૦૦૫ માં ઝોનવાઈઝ ફંડ ફાળવી શરૂ કરવામાં આવેલ વિકાસ કાર્યોની પરંપરામાં સને ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રથી સુધારો કરી તેને પ્રથમવાર વોર્ડ વાઈઝ કામો અગાઉથી નક્કી કરી તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ. આ પરંપરાને આગળ વધારતાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં કરવાના થતાં ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળના કામો માટે વોર્ડ વાઈઝ ગઠન કરવામાં આવેલ વોર્ડ કમિટીની બેઠક બોલાવી વોર્ડ વાઈઝ કરવાના થતાં વિકાસ કાર્યો નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે. જેની ઝોન વાઈઝ અને વોર્ડ વાઈઝ વિગતો નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

ક્રમ	ઝોનનું નામ	ફાળવવામાં આવેલ રકમ
૧	મધ્ય ઝોન	૪૦૦૦.૦૦
૨	પશ્ચિમ ઝોન	૫૦૦૦.૦૦
૩	ઉત્તર ઝોન	૬૦૦૦.૦૦
૪	પૂર્વ ઝોન	૬૫૦૦.૦૦
૫	દક્ષિણ ઝોન	૭૦૦૦.૦૦
૬	નવા પશ્ચિમ ઝોન	૭૦૦૦.૦૦
	કુલ	૩૫૫૦૦.૦૦

આગામી નાણાંકિય વર્ષમાં રૂા.૨૩૭૧૬.૧૬ લાખના નવા ઝોનલ વિકાસ કાર્યો તથા પાછલા વર્ષોના ચાલુ રૂા.૧૧૭૮૩.૮૪ લાખ વિકાસ કાર્યો મળી કુલ રૂા.૩૫૫૦૦.૦૦ લાખની ઝોનલ પ્રાયોરીટી વર્કસ હેઠળ ફાળવવામાં આવેલ છે.

આગામી વર્ષમાં અમદાવાદ શહેરમાં મુખ્ય રોડ ઉપર શાકભાજી વેચનારાઓ માટે વેન્ડર રીલોકેશન પોલિસી અંતર્ગત વેન્ડરોને ખસેડીને તેમને જગ્યા ફાળવવા દરેક ઝોનમાં બે-ત્રણ જગ્યાએ થડા-શાક માર્કેટ બનાવવામાં આવશે તથા દરેક ઝોનમાં મોટા રોડ ઉપર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે પેશાબખાના બનાવવામાં આવશે. આ ઉપરાંત ઝોન દ્વારા આગામી વર્ષમાં કરવાના મુખ્ય વિકાસ કાર્યોની વિગતો નીચે મુજબ છે.

⇛ મધ્ય ઝોન

- ✧ માધુપુરા વોર્ડમાં હયાત સબઝોનલ ઓફિસનું મકાન નાનું હોવાથી તથા માધુપુરા વોર્ડમાં સીટી સીવીક સેન્ટર ન હોવાથી ભીલવાસમાં આવેલ પ્લોટમાં અદ્યતન સીટી સીવીક સેન્ટર તથા માધુપુરા સબઝોનલ ઓફિસ બનાવવાનું આયોજન કરેલ છે.

- ✧ સરદારબાગમાં આવેલ હયાત ટેમ્પરરી શેડવાળા સીવીક સેન્ટરના મુખ્ય સર્વર રૂમમાં તાજેતરમાં લાગેલ આગને કારણે સદર સીવીક સેન્ટર હાલ બંધ હાલતમાં છે તેની જગ્યાએ નજીકના મ્યુનિસિપલ કોર્પોરેશનના માલિકીના પ્લોટમાં પાકા બાંધકામવાળું અદ્યતન સુવિધા ધરાવતું સીટી સીવીક સેન્ટર બનાવવાનું આયોજન છે.

- ✧ ખાડીયા વોર્ડમાં ગાંધી રોડ કોટ વિસ્તારને સ્ટેશનથી જોડતાં મુખ્ય માર્ગ ઉપર રાહદારી તથા વાહનોની પુષ્કળ પ્રમાણમાં અવર-જવર રહે છે. આ રોડ ૧૨ થી ૧૪ વર્ષ પહેલાં રી-સરફેઈસ કરવામાં આવેલ. આગામી વર્ષમાં સદરહુ રોડને રૂા.૧૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે રી-સરફેઈસ કરવામાં આવશે.

- ✧ જમાલપુર વોર્ડમાં આવેલ વર્ષો જૂના ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા પંપીંગ સ્ટેશનમાં આવેલ ઓફિસોને ને રૂા.૬૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે રીનોવેશન તથા અપગ્રેડ કરવામાં આવશે.

- ✧ સેન્ટ્રલ વર્કશોપના જુદા-જુદા સેકશનોમાં બારી-બારણાં, શેડના પતરાં વર્ષો જૂના હોવાથી સડી ગયેલ છે તથા ફ્લોરીંગ, ચણતર, પ્લાસ્ટર વિગેરે તૂટી તેમજ ઉખડી ગયેલ છે. આથી રૂા.૪૫.૦૦ લાખના અંદાજીત ખર્ચે સેન્ટ્રલ વર્કશોપના રીનોવેશન કરવાનું આયોજન છે.

- ગીતા મંદિર ખાતે આવેલ એસ.ટી. બસ સ્ટેન્ડને મોટું કરીને અદ્યતન કરવામાં આવે છે ત્યારે મુસાફરોને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે તે માટે આસ્ટોડીયા ટી.બી. હોસ્પીટલ કમ્પાઉન્ડમાં હયાત ટી.બી. હોસ્પીટલને તોડીને ૧૦૩૧૨ ચો.મી. પ્લોટ એરીયામાં ૫૨૧૭ ચો.મી. બીલ્ટ એરીયાની ગ્રાઉન્ડ ફ્લોર તથા બે માળનું આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર ધરાવતું આરોગ્ય ભવન બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં હેલ્થ ખાતાના જુદા-જુદા વિભાગો માટે ઓફિસની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

- જમાલપુર વોર્ડમાં બહેરામપુરા વિસ્તારમાં આવેલ રેફરલ હોસ્પીટલની બિલ્ડીંગ જૂની પુરાણી હોઈ રૂા.૩૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે રીનોવેશન કરવામાં આવશે.

- શહેરની મધ્યમાં આર્થિક પ્રવૃત્તિથી ધમધમતાં વિસ્તારમાં સાબરમતી નદીના કિનારે આવેલ લાલ દરવાજા સરદારબાગમાં વોકીંગ ટ્રેક, પેવીંગ, પાર્કિંગ સાથેનું એન્ટ્રસ, કમ્પાઉન્ડ વોલ તથા ચિલ્ડ્રન પ્લે ગ્રાઉન્ડ તેમજ ગ્રીન હાઉસ, કેકટાઈ હાઉસ, ફુડ કોર્ડ વિગેરે બનાવી સરદારબાગનું નવિનીકરણ કરવામાં આવશે.

⇛ પશ્ચિમ ઝોન

- શહેરમાં કામ કરતી મહિલાઓ તથા ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે રહેવા માટે પશ્ચિમ ઝોનમાં મ્યુનિસિપલ પ્લોટમાં લેડીઝ હોસ્ટેલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- પાલડી વિસ્તારમાં આવેલ મ્યુનિસિપલ હસ્તક ટાગોર હોલને રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે રીનોવેશન તેમજ અન્ય સિવીલ કામ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ગુજરાત સહિત ભારતભરમાં એક ઉત્તમ લાયબ્રેરી તરીકે નામના મેળવેલ એમ.જે. લાયબ્રેરીને રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે રીનોવેશન કરવાનું આયોજન છે.

- પાલડી વોર્ડમાં આવેલ નરોત્તમ ઝવેરી હોલ આશરે ૩૫ વર્ષ જૂનો છે અને તેની ડિઝાઈન ખૂબ જ જૂની છે તેમજ સ્ટ્રકચર ઘણું નબળું પડી ગયેલ હોઈ આ હોલને તોડીને નવેસરથી ડિઝાઈન કરીને હોલ બનાવવા માટે આગામી વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- શહેરના નાગરિકોના આરોગ્યની જાળવણી માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જનરલ હોસ્પીટલની સાથે-સાથે સ્પેશ્યલાઈઝ નગરી આંખની હોસ્પીટલ ચલાવવામાં આવે છે. સદરહુ હોસ્પીટલમાં આંખોના નંબર ઉતારવા જેવી વધારાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે હયાત બિલ્ડીંગને એક્ષટેન્શન કરવું જરૂરી છે. આથી નગરી હોસ્પીટલના એક્ષટેન્શન તથા રીનોવેશન માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૪૫.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- વાસણા વોર્ડમાં રૂા.૧૫૦.૦૦ લાખના ખર્ચે અદ્યતન સાધનો સાથેનું ફિઝીયોથેરાપી સેન્ટર બનાવવાનું આયોજન છે. જે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- પરિમલ ગાર્ડનથી ગુજરાત કોલેજ સુધીના ટ્રાફિકથી ધમધમતાં રોડને પહોળો કરવા માટે રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ચાંદખેડા મોટેરા વોર્ડમાં જૂની ચાંદખેડા નગરપાલિકાની હયાત ઓફિસનો સબ ઝોનલ ઓફિસ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ વોર્ડના નાગરિકોની સરળતા માટે બંને વોર્ડની વચ્ચે અમદાવાદ-ગાંધીનગર હાઈવે ઉપર વોર્ડ ઓફિસ તથા અદ્યતન સીવીક સેન્ટર બનાવવા રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ચાંદખેડા મોટેરાનો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવેશ થયા પહેલાં ઔડા દ્વારા અંશતઃ વોટર નેટવર્ક નાંખવામાં આવેલ છે. આથી જે વિસ્તારમાં પાણીનું નેટવર્ક નથી ત્યાં નેટવર્ક ઉભું કરવા તથા જે જગ્યાએ પી.વી.સી. પાઈપ નાંખવામાં આવેલ છે ત્યાં ડી.આઈ. પાઈપલાઈન નાંખીને હયાત નેટવર્કને સ્ટ્રેન્ધન કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૦૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ચાંદખેડા મોટેરા વોર્ડમાં મુખ્ય ડ્રેનેજ નેટવર્કની કામગીરી ચાલુ છે. નેટવર્કની કામગીરી પૂરી થયા બાદ બ્રાન્ચ લાઈનો નાંખીને મેઈન લાઈનમાં જોડાણ કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- વાસણા વોર્ડમાં આવેલ સ્નાનાગરની આજુ-બાજુની બિલ્ડીંગોના રહેવાશીઓને અગવડ ના પડે તે માટે રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે ડોમ બનાવવામાં આવશે. જે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૫૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ✧ સિનીયર સિટીઝનોને શાંતિથી બેસવા તથા હરવા-ફરવા માટે અને બાળકોના રમત-ગમત અને રિક્રીએશન માટે નવા વાડજ વોર્ડમાં કલ્પતરૂ ફ્લેટની સામે ખુલ્લા પ્લોટમાં રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે ગાર્ડન ડેવલપ કરીને સિનીયર સિટીઝન પાર્ક તથા સ્કેટીંગ રીંગ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ✧ નવા વાડજ વોર્ડમાં ટી.પી. નં.૨૮ ઋષિકાની સામેલ આવેલ પ્લોટમાં રૂા.૭૫.૦૦ લાખના ખર્ચે જોગર્સ પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ✧ જૂના વાડજ વોર્ડમાં રામાપીર ટેકરા વિસ્તારમાં આવેલ જુદી-જુદી ચાલીઓમાં રહેતાં ગરીબ બાળકોને ભણવા માટે આજુ-બાજુ કોઈ શાળા ન હોઈ સદર જગ્યાએ પોર્ટેબલ સ્કુલ બનાવવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૯૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

- ✧ પશ્ચિમ વિભાગના મધ્યમાં આવેલ ડી.કે. પટેલ હોલનો આજુ-બાજુના નાગરિકો બહોળા પ્રમાણમાં લાભ લે છે. આ હોલ વર્ષો જૂનો હોઈ તેને અદ્યતન કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

⇛ ઉત્તર ઝોન

- ✧ શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે મ્યુનિસિપલ કોપેરિશન દ્વારા દરેક ઝોનના દરેક વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું નકકી થયેલ છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં ઉત્તર ઝોનના નોબલનગર, મેઘાણીનગર, કૃષ્ણનગર વોર્ડમાં રૂા.૧૬૫.૦૦ લાખના ખર્ચે અદ્યતન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરેલ છે.

- ✧ કુબેરનગર અને કૃષ્ણનગર વોર્ડમાં રૂા.૧૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે નવું સ્કુલ બિલ્ડીંગ તેમજ હયાત સ્કુલ બિલ્ડીંગને એક્ષટેન્શન કરવાનું આયોજન છે.

- ✧ અસારવા તેમજ સરદારનગર વોર્ડમાં રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે પાર્ટી પ્લોટ બનાવવાનું આયોજન કરેલ છે.

- ✧ કૃષ્ણનગર વોર્ડમાં આવેલ ધનુષધારી સ્મશાનગૃહને રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે ડેવલપ કરવાનું આયોજન છે.

- શારદાબેન હોસ્પીટલમાં રૂા.૩૦૦.૦૦ લાખના ખર્ચે હયાત ડૉકટર ક્વાટર્સની જગ્યાએ હાઈરાઈઝ બિલ્ડીંગ, પ્રિલીમિનરી મેડીસીન વિભાગ તથા જુદા-જુદા વોર્ડનું રીનોવેશન કરવાનું આયોજન છે.

⇛ પૂર્વ ઝોન

- શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક ઝોનના દરેક વોર્ડમાં અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું નકકી થયેલ છે. જે મુજબ આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં નિકોલ વોર્ડમાં, રાજપુર વોર્ડમાં, રામોલ/ હાથીજણ વોર્ડમાં અદ્યતન અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરેલ છે.
- નિકોલ વોર્ડમાં નવી સબઝોનલ ઓફિસ તથા સીવીક સેન્ટર બનાવવાનું આયોજન કરેલ છે.
- પૂર્વઝોનમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં જયાં જયાં જુની પંચાયત વખતની પાણીની પી.વી.સી. / આર.સી.સી. / એ.સી. પ્રેશર લાઈન છે તે તમામ લાઈનો ડી.આઈ. માં બદલવાનું આયોજન કરેલ છે.
- નિકોલ વોર્ડમાં નવું સ્મશાનગૃહ બનાવવાનું આયોજન કરેલ છે.
- નવા સમાવિષ્ટ રામોલ / હાથીજણ વોર્ડના નાગરિકોને લગ્ન પ્રસંગ તથા અન્ય સામાજીક પ્રસંગોએ સસ્તા દરે હોલની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે નવો કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે.

⇛ દક્ષિણ ઝોન

- શહેરમાં કામ કરતી મહિલાઓ તથા ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે રહેવા માટે દક્ષિણ ઝોનમાં મ્યુનિસિપલ પ્લોટમાં લેડીઝ હોસ્ટેલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૧૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.
- શહેરના નવા સમાવિષ્ટ ઈન્દ્રપુરી વોર્ડના નાગરિકોને આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે સુરેલીયા ચાર રસ્તા પાસે સ્વસ્તિક મોલ પાસે ૧૪૨૧ ચો.મી. પ્લોટમાં અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરેલ છે. જે પૈકી ચાલુ વર્ષે રૂા.૪૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ✧ વટવા વોર્ડમાં સ્થાનિક રહીશોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ટી.પી. સ્કીમ ઘોડાસર-૧ માં ૬૯૪૬ ચો.મી. ના પ્લોટમાં રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે જોગીંગ પાર્ક બનાવવામાં આવશે. જેમાં વોકીંગ ટ્રેક, વોટર બોડીઝ સ્ટ્રકચર, એમ્ફી થિયેટર, સિનીયર સિટીઝન માટે સીટીંગ એરિયા, ગાર્ડનીંગ વિગેરે સુવિધા પૂરી પાડવામાં આવશે. જે પૈકી ચાલુ વર્ષે રૂા.૪૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ✧ ઘોડાસર વોર્ડની સબ ઝોનલ ઓફિસમાં નવું સીવીક સેન્ટર બનાવવા તેમજ ઉમ્મીદ કાર્યક્રમ માટે સેન્ટર શરૂ કરવાનું આયોજન હોઈ હયાત એક માળની બિલ્ડીંગને રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે એક્ષન્ટેશન કરવામાં આવશે.

- ✧ ઈસનપુર તળાવ પાસે આવેલ સ્મશાન ગૃહમાં જરૂરી રીનોવેશન કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૩૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- ✧ ખોખરા વોર્ડમાં આવેલ રૂક્ષ્મણીબેન હોસ્પીટલમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૫૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

⇛ નવા પશ્ચિમ ઝોન

- ✧ નવા પશ્ચિમ ઝોનમાં જે જગ્યાએ પાણીના નેટવર્ક માટે પી.વી.સી. પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે ત્યાં રૂા.૧૧૦૦.૦૦ લાખના ખર્ચે પી.વી.સી. પાઈપ લાઈનના બદલે નવી ડી.આઈ. પાઈપ લાઈન નાંખીને હયાત પાણીના નેટવર્કને સ્ટ્રેન્ધન કરવામાં આવશે.

- ✧ મધ્યમ તથા ગરીબ વર્ગના લોકોને તદ્દન ઓછા ખર્ચે આરોગ્યની સેવાઓ ઘર નજીક મળી શકે તે માટે રાણીપ વોર્ડમાં રૂા.૮૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે અર્બન હેલ્થસેન્ટર બનાવવામાં આવશે.

- ✧ લગ્ન તેમજ અન્ય સામાજીક પ્રસંગોએ નાગરિકોને હોલની સુવિધી પૂરી પાડવા માટે રાણીપ વોર્ડમાં રૂા.૧૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે.

- ✧ રાણીપ, કાળી, ચાંદલોડીયા વોર્ડના રહીશોને સામાજીક પ્રસંગોએ હોલની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે કાળી વોર્ડમાં રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે ગાર્ડન તથા કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે.

- કાળી વોર્ડમાં રૂા.૬૫.૦૦ લાખના અંદાજીત ખર્ચે તળાવ નજીક પાર્ટી પ્લોટ બનાવવામાં આવશે.
- ગોતા વોર્ડમાં રૂા.૮૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે વોર્ડ ઓફિસની સાથે આંગણવાડી તેમજ સીવીક સેન્ટર બનાવવામાં આવશે.
- બોડકદેવ વોર્ડમાં રૂા.૩૨૫.૦૦ લાખના ખર્ચે અદ્યતન સુવિધાવાળો એરકન્ડીશન કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- જોધપુરવોર્ડમાં આશાવરી ટાવર પાસે રૂા.૮૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે ગાર્ડન ડેવલપ કરવામાં આવશે. જેમા વોક-વે, બાળકોના રમત ગમતના સાધનો વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ગોતા, ઓગણજ, હેબતપુર, ચેનપુર વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોને રૂા.૭૦.૦૦ લાખના ખર્ચે રીનોવેશન કરવામાં આવશે.

આગામી નાણાંકીય વર્ષમાં કરવાના થતાં ઝોનલ વિકાસ કાર્યોની વોર્ડ વાઈઝ ફાળવણી આ સાથે સામેલ પત્રકો મુજબ છે.

સને ૨૦૧૨-૨૦૧૩

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

મધ્ય ઝોન

(રૂા. લાખમાં)

અ. નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/ અન્ય	કુલ
૧	૧૯	ગીરધરનગર	૨૬૦.૦૦	૪૫.૦૦	૧૧૫.૦૦	૮૦.૦૦	૫૦૦.૦૦
૨	૨૦	માધુપુરા	૨૭૭.૦૦	૩૫.૦૦	૯૮.૦૦	૪૭.૦૦	૪૫૭.૦૦
૩	૨૧	દુધેશ્વર	૧૭૨.૦૦	૨૦.૦૦	૯૨.૦૦	૧૦૫.૦૦	૩૮૯.૦૦
૪	૨૮	શાહપુર	૨૭૭.૦૦	૨૦.૦૦	૪૯.૦૦	૪૦.૦૦	૩૮૬.૦૦
૫	૨૯	દરિયાપુર	૨૨૮.૦૦	૫૩.૦૦	૧૬૦.૦૦	૫૩.૦૦	૪૯૪.૦૦
૬	૩૮	કાલુપુર	૨૫૦.૦૦	૬૦.૦૦	૬૨.૦૦	૫૫.૦૦	૪૨૭.૦૦
૭	૩૯	રાયખડ	૮૩.૦૦	૧૩.૦૦	૩૧.૦૦	૨૩.૦૦	૧૫૦.૦૦
૮	૪૪	જમાલપુર	૧૮૯.૦૦	૪૦.૦૦	૧૬૨.૦૦	૮૮.૦૦	૪૭૯.૦૦
૯	૪૫	ખાડિયા	૧૮૩.૦૦	૩૦.૦૦	૧૫૪.૦૦	૧૬૩.૦૦	૫૩૦.૦૦
કુલ			૧૯૧૯.૦૦	૩૧૬.૦૦	૯૨૩.૦૦	૬૫૪.૦૦	૩૮૧૨.૦૦

સને ૨૦૧૨-૨૦૧૩

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

પશ્ચિમ ઝોન

(રૂા. લાખમાં)

અ. નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૪૦	પાલડી	૨૨૯.૫૪	૧૬.૦૦	૧૮.૦૦	૩૫.૦૦	૨૯૮.૫૪
૨	૪૧	વાસણા	૯.૭૩	૨૦.૦૦	૬૫.૦૦	૬૫.૦૦	૧૫૯.૭૩
૩	૨૬	આંબાવાડી	૬૭.૭૩	૭૮.૦૦	૧૭.૦૦	૧૨૩.૦૦	૨૮૫.૭૩
૪	૨૭	નવરંગપુરા	૧૨૮.૭૩	૩૫.૦૦	૨૭.૦૦	૮૯.૦૦	૨૭૯.૭૩
૫	૨૨	સ્ટેડિયમ	૧૩૪.૨૩	૨૫.૦૦	૨૧.૦૦	૧૭.૦૦	૧૯૭.૨૩
૬	૯	નારણપુરા	૧૫૫.૭૩	૮૦.૦૦	૧૦.૦૦	૮.૦૦	૨૫૩.૭૩
૭	૧૧	નવા વાડજ	૧૬૪.૭૩	૪૦.૦૦	૩૦.૦૦	૧૫.૦૦	૨૪૯.૭૩
૮	૧૦	જૂના વાડજ	૫૯.૭૩	૩૧.૦૦	૭૩.૦૦	૩૫.૦૦	૧૯૮.૭૩
૯	૫	સાબરમતી	૫૮.૩૦	૭૦.૦૦	૧૫.૦૦	૪૨.૦૦	૧૮૫.૩૦
૧૦	૪	ચાંદખેડા-મોટેરા	૩૦૩.૪૨	૬૦.૦૦	૦.૦૦	૦.૦૦	૩૬૩.૪૨
કુલ			૧૩૧૧.૮૬	૪૫૫.૦૦	૨૭૬.૦૦	૪૨૯.૦૦	૨૪૭૧.૮૭

સને ૨૦૧૨-૨૦૧૩

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

ઉત્તર ઝોન

(રૂા.લાખમાં)

અ. નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૧૨	સરદારનગર	૨૫૫.૨૫	૪૫.૦૦	૮૯.૦૦	૦.૦૦	૩૮૯.૨૫
૨	૧૩	નોબલનગર	૧૦૭.૫૦	૧૦૦.૦૦	૧૧૦.૦૦	૮૦.૦૦	૩૯૭.૫૦
૩	૧૪	નરોડા	૩૦૦.૦૦	૧૫.૦૦	૫૨.૫૦	૧૫.૦૦	૩૮૨.૫૦
૪	૧૫	કુબેરનગર	૧૬૭.૦૦	૩૦.૦૦	૫૧.૦૦	૬૫.૦૦	૩૧૩.૦૦
૫	૧૬	સૈજપુર	૧૬૩.૦૦	૫૦.૦૦	૭૮.૦૦	૧૫.૦૦	૩૦૬.૦૦
૬	૧૭	મેઘાણીનગર	૧૮૮.૦૦	૨૫.૦૦	૭૭.૦૦	૫૮.૦૦	૩૪૮.૦૦
૭	૧૮	અસારવા	૧૭૩.૦૦	૪૫.૦૦	૪૫.૦૦	૬૫.૦૦	૩૨૮.૦૦
૮	૩૦	નરોડા રોડ	૧૧૯.૦૦	૧૩૬.૫૦	૧૧૧.૪૬	૨૫.૦૦	૩૯૧.૯૬
૯	૩૧	ઈન્ડીયા કોલોની	૨૭૩.૮૦	૧૫.૦૦	૨૦.૦૦	૧૭.૦૦	૩૨૫.૮૦
૧૦	૩૨	કૃષ્ણનગર	૧૫૬.૦૬	૨૧.૧૫	૨૭.૯૮	૪૩.૨૦	૨૪૮.૩૯
૧૧	૩૩	ઠક્કરનગર	૧૯૨.૦૦	૧૦.૦૦	૧૦૫.૦૦	૩૨.૦૦	૩૩૯.૦૦
૧૨	૩૭	સરસપુર	૧૩૫.૦૦	૧૧૫.૦૦	૧૦૨.૦૦	૧૫.૦૦	૩૬૭.૦૦
કુલ			૨૨૨૯.૬૧	૬૦૭.૬૫	૮૬૮.૯૪	૪૩૦.૨૦	૪૧૩૬.૪૦

સને ૨૦૧૨-૨૦૧૩

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

પૂર્વ ઝોન

(રૂા. લાખમાં)

અ.નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૩૬	બાપુનગર	૭૮.૦૦	૭૦.૦૦	૨૪.૯૨	૨૦.૦૦	૧૯૨.૯૨
૨	૪૮	રખિયાલ	૧૬૫.૦૦	૧૦૦.૦૦	૮૫.૦૦	૧૬૦.૦૦	૫૧૦.૦૦
૩	૪૭	ગોમતીપુર	૩૦૦.૦૦	૧૪૦.૦૦	૪૦.૦૦	૨૦.૦૦	૫૦૦.૦૦
૪	૪૯	રાજપુર	૧૮૪.૦૦	૩૦.૦૦	૨૦.૦૦	૮૫.૦૦	૩૧૯.૦૦
૫	૫૬	અમરાઈવાડી	૧૪૫.૦૦	૧૦.૦૦	૨૯.૦૦	૩૦.૦૦	૨૧૪.૦૦
૬	૫૫	ભાઈપુરા	૩૧૦.૦૦	૨૫.૦૦	૪૩.૦૦	૭૦.૦૦	૪૪૮.૦૦
૭	૩૪	નિકોલ	૨૪૦.૦૦	૪૭૫.૦૦	૧૨૦.૦૦	૧૫૦.૦૦	૯૮૫.૦૦
૮	૫૧	ઓઢવ	૯૮.૦૦	૪૫.૦૦	૪૫.૦૦	૩૮.૦૦	૨૨૬.૦૦
૯	૫૨	વસ્ત્રાલ	૮૦.૦૦	૬૫.૦૦	૧૭.૦૦	૬૩.૦૦	૨૨૫.૦૦
૧૦	૫૪	મહાવીરનગર	૨૩૭.૦૦	૧૩૫.૦૦	૪૨.૦૦	૪૫.૦૦	૪૫૯.૦૦
૧૧	૩૫	વિરાટનગર	૫૫.૦૦	૧૦.૦૦	૫.૦૦	૨૦.૦૦	૯૦.૦૦
૧૨	૫૦	અર્બુદાનગર	૨૬૫.૦૦	૪૫.૦૦	૩૩.૦૦	૧૧૦.૦૦	૪૫૩.૦૦
૧૩	૬૪	રામોલ/હાથીજણ	૧૩૫.૦૦	૬૦.૦૦	૧૧૯.૦૦	૯૦.૦૦	૪૦૪.૦૦
કુલ			૨૨૯૨.૦૦	૧૨૧૦.૦૦	૬૨૨.૯૨	૯૦૧.૦૦	૫૦૨૫.૯૨

સને ૨૦૧૨-૨૦૧૩

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

દક્ષિણ ઝોન

(રૂ. લાખમાં)

અ.નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૪૩	બેહરામપુરા	૧૨૫.૦૦	૭૦.૦૦	૬૦.૦૦	૪૦.૦૦	૨૯૫.૦૦
૨	૪૬	કાંકરિયા	૧૫૦.૦૦	૨૫.૦૦	૭૦.૦૦	૪૫.૦૦	૨૯૦.૦૦
૩	૫૩	ઈન્દ્રપુરી	૧૫૦.૦૦	૩૦.૦૦	૫૨.૦૦	૫૫.૦૦	૨૮૭.૦૦
૪	૫૭	ખોખરા	૧૫૦.૦૦	૨૫.૦૦	૪૫.૦૦	૧૧૩.૦૦	૩૩૩.૦૦
૫	૫૮	મણીનગર	૧૬૦.૦૦	૨૫.૦૦	૫૦.૦૦	૬૦.૦૦	૨૯૫.૦૦
૬	૫૯	દાણીલીમડા	૧૦૦.૦૦	૭૦.૦૦	૪૭.૦૦	૦.૦૦	૨૧૭.૦૦
૭	૬૦	લાંભા	૨૫૦.૦૦	૧૩૫.૦૦	૧૪૦.૦૦	૩૦.૦૦	૫૫૫.૦૦
૮	૬૧	ઈસનપુર	૧૯૭.૩૩	૪૦.૦૦	૪૫.૦૦	૫૫.૦૦	૩૩૭.૩૩
૯	૬૨	ઘોડાસર	૧૨૦.૦૦	૨૦.૦૦	૩૫.૦૦	૬૫.૦૦	૨૪૦.૦૦
૧૦	૬૩	વટવા	૧૫૦.૦૦	૪૫.૦૦	૭૦.૦૦	૧૦૭.૦૦	૩૭૨.૦૦
કુલ			૧૫૫૨.૩૩	૪૮૫.૦૦	૬૧૪.૦૦	૫૭૦.૦૦	૩૨૨૧.૩૩

સને ૨૦૧૨-૨૦૧૩

વિકાસ કાર્યો માટે વોર્ડ - વિભાગવાર બજેટ ફાળવણી

નવા પશ્ચિમ ઝોન

(રૂા. લાખમાં)

અ.નં.	વોર્ડ નં.	વાર્ડનું નામ	રોડ-ફૂટપાથ	પાણી	ડ્રેનેજ	બિલ્ડીંગ/અન્ય	કુલ
૧	૨૩	બોડકદેવ	૯૫..૦૦	૧૫૦.૦૦	૦.૦૦	૨૨૫.૦૦	૪૭૦.૦૦
૨	૨	ચાંદલોડીયા	૨૪૦.૫૦	૭૧.૦૦	૬૮.૫૦	૧૯.૦૦	૩૯૯.૦૦
૩	૪૨	વેજલપુર	૩૩૦.૦૦	૧૧૨.૦૦	૧૫.૦૦	૦.૦૦	૪૫૭.૦૦
૪	૨૫	જોધપુર	૩૯૮.૦૦	૧૪૦.૦૦	૧૦૦.૦૦	૫૦.૦૦	૬૮૮.૦૦
૫	૩	કાળી	૯૧.૦૦	૮૦.૦૦	૨૫.૦૦	૨૦૫.૦૦	૪૦૧.૦૦
૬	૬	રાણીપ	૨૦૫.૦૦	૬૦.૦૦	૨૫.૦૦	૧૦૦.૦૦	૩૯૦.૦૦
૭	૨૪	સરખેજ	૧૨૦.૦૦	૧૯૫.૦૦	૧૬૦.૦૦	૧૫.૦૦	૪૯૦.૦૦
૮	૮	થલતેજ	૪૧૫.૦૦	૧૫૦.૦૦	૨૫.૦૦	૦.૦૦	૫૯૦.૦૦
૯	૭	ઘાટલોડીયા	૩૦૫.૦૦	૨૫.૦૦	૧૦.૦૦	૦.૦૦	૩૪૦.૦૦
૧૦	૧	ગોતા	૫૨૦.૦૦	૨૦૫.૦૦	૯૮.૬૫	૦.૦૦	૮૨૩.૬૫
કુલ			૨૭૧૯.૫૦	૧૧૮૮.૦૦	૫૨૭.૧૫	૬૧૪.૦૦	૫૦૪૮.૬૫

વોટર પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરમાં ૧૦૦% વિસ્તારમાં પાણી પુરવઠાની સુવિધા ઉપલબ્ધ થઈ શકે તે માટે વોટર નેટવર્ક તથા ડિસ્ટ્રીબ્યુશનના નીચે જણાવ્યા પ્રમાણેના કામો આગામી નાણાંકીય વર્ષમાં આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા કેનાલની મરામત અને નિભાવણી વખતે સંજોગોવસાત પાણી પૂરવઠો બંધ થાય તો શહેરીજનોને નિયમિત રીતે હયાત સ્ટોરેજમાંથી પાણી પૂરવઠો આપી શકાય તે માટે જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ૧૫ દિવસનાં પાણીની જરૂરીયાત માટે સ્ટોરેજ પોન્ડ બનાવવાનું આયોજન કરેલ છે.

- શહેરમાં હયાત ઈન્ફ્રાસ્ટ્રકચરો જેવા કે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન, ઈન્ટેક વેલ તથા જેકવેલ વિગેરેમાં મહત્તમ વીજ વપરાશ થાય છે. જેમાં એનર્જી ઓડીટ હાથ ધરી, જરુરી પંપીગ મશીનરી તથા ટ્રાન્સફોર્મર બદલી વીજળીનો કરકસર યુક્ત ઉપયોગ કરી વીજબચત કરવાનું આયોજન હાથ ધરેલ છે.

- હાલના વૈશ્વિક વાતાવરણમાં રીન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરી વીજબચત કરવા માટે કોતરપુર ખાતે સૌર ઉર્જામાંથી વીજ ઉત્પાદન કરવાનું આયોજન કરેલ છે.

- હયાત પાણીની જળવિતરણ વ્યવસ્થાનું જરુરી નિયમન એક જ જગ્યાએથી થાય તેમજ તમામ જેવી કે પાણીનો જથ્થો, પ્રેશર, વીજ વપરાશ તથા રેસીડયૂઅલ કલોરીન વિગેરે વિગતોનુ એકત્રીકરણ હાથ ધરી શકાય તે માટે SCADA (Supervisory Control and Data Acquisition Systems) અમલીકરણ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

- હાલમાં નર્મદા કેનાલ પરના એસ્કેપ મારફતે સાબરમતી નદીમાં પાણી ઠલવાય છે અને નદીમાંથી ઈન્ટેક વેલ મારફતે પાણી મેળવી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુધ્ધ કરવામાં આવે છે. જેમાં નદીના વિશાળ પટમાં પાણીનું શોષણ થઈ પાણીનો મહત્તમ વ્યય થાય છે. આથી ગત વર્ષના અનુભવને ધ્યાને લઈ નર્મદા કેનાલથી અન્ય એક વધારાની ગ્રેવીટી પાઈપ લાઈન કોતરપુર વોટર વર્કર્સ સુધી લાવવાનું આયોજન કરેલ છે. જેના કારણે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને વીજ વપરાશમાં આર્થિક બચત થશે.

- નવા સમાવિષ્ટ વિસ્તારોમાં નર્મદા નદીનું સરફેઈસ સ્ત્રોતનું પાણી આપી શકાય તે માટે જાસપુર ખાતે ૧૨૫ એમ.એલ.ડી. ક્ષમતા વધારવાનું તથા રાસ્કા ખાતે ઈન્ટેક વેલ બનાવવાનું આયોજન કરેલ છે. જેથી ભૂગર્ભ જળ (બોરવેલ)નો વપરાશ બંધ કરી વધુ સારી ગુણવત્તાવાળું નર્મદા નદીનું પાણી શહેરીજનોને આપી સ્વાસ્થયમાં ઉત્તરો ઉત્તર તંદુરસ્તી વધે તેમજ પાણી જન્ય રોગો ઉપર કાબુ મેળવી શકાશે.

- શહેરીજનો દ્વારા પાણીનો વ્યય થતો અટકાવી શકાય તે માટે પ્રાયોગીક ધોરણે જોધપુર વોર્ડમાં મીટર સહીત ૨૪ x ૭ વોટર સપ્લાય સ્કીમ લાગુ કરવા અંગે ટેન્ડરની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- શહેરીજનોને અપાતા પાણી પૂરવઠાની ગુણવત્તા નિયમિત રીતે સુનિયોજીત ચકાસણી હાથ ધરી શકાય તે માટે દૂધેશ્વર વોટર વર્કર્સ ખાતે સેન્ટ્રલ લેબોરેટરીનું નવુ બીલ્ડીંગ બનાવવા તથા મોબાઈલ વાન અને અન્ય જરૂરી ચકાસણી માટેના સાધનો ખરીદવાનું આયોજન હાથ ધરેલ છે.

- નવા સમાવિષ્ટ વિસ્તારોમાં નર્મદા નદીનું પાણી આપવા માટે નવા પશ્ચિમ તથા પશ્ચિમ ઝોનમાં રૂા.૬૩૦૦.૦૦ લાખના ખર્ચે ૧૦ વો.ડી. સ્ટેશન, દક્ષિણ ઝોનમાં રૂા.૧૯૦૦.૦૦ લાખના ખર્ચે ૩ વો.ડી. સ્ટેશન, ઉત્તર ઝોનમાં રૂા.૧૯૦૦.૦૦ લાખના ખર્ચે ૩ વો.ડી. સ્ટેશન તથા પૂર્વ ઝોનમાં રૂા.૧૨૦૦.૦૦ લાખના ખર્ચે ૩ વો.ડી. સ્ટેશન બનાવવાનું તેમજ જુના શહેરી વિસ્તારમાં પાણીના પ્રેશરમાં સુધારો કરવા રૂા.૬૪૦૦.૦૦ લાખના ખર્ચે ૧૨ વો.ડી. સ્ટેશન બનાવવા તથા ૩ ઉંચી ટાંકી બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. જે અંતર્ગત આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૮૮૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ :

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં નીચે જણાવેલ કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- શહેરના પશ્ચિમ વિસ્તારમાં જૂના વાડજ ખાતે આવેલ ચંદ્રભાગાના વહોળામાં આવતું ગંદુ પાણી સાબરમતી નદીમાં વહન થાય છે જેને કારણે નદીમાં પ્રદૂષણ ફેલાય છે. ચંદ્રભાગાના વહોળામાં આવતું ગંદુ પાણી અટકાવવા માટે રૂા.૨૦૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે રાણીપ અને ચેનપુર ખાતે નવું ડ્રેનેજ પંપીંગ સ્ટેશન તથા ડ્રેનેજની ગ્રેવિટી તથા રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાનું આયોજન કરેલ છે.

- ઉત્તર ઝોનમાં અસારવા વોર્ડમાં મેઘાણીનગરના છેલ્લા બસ સ્ટોપ પાસે રૂા.૧૪૦૦.૦૦ લાખના ખર્ચે તથા નોબલનગર વોર્ડમાં નવા ચિલોડા ખાતે રૂા.૧૨૦૦.૦૦ લાખના ખર્ચે નવું સુઅરેજ પંપીંગ સ્ટેશન બનાવવાની તથા સુઅરેજ નેટવર્ક સાથે રાઈઝીંગ મેઈન લાઈન નાંખવાનું આયોજન કરેલ છે.

- દક્ષિણ ઝોનના દાણીલીમડા બહેરામપુરા વિસ્તારમાં રૂા.૧૨૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે સુઅરેજ પંપીંગ સ્ટેશન બનાવવા તથા સુઅરેજ નેટવર્ક નાંખવાનું આયોજન કરેલ છે. દક્ષિણ ઝોનમાં સુઅરેજ નેટવર્કથી વંચિત નવા સમાવેલ લાંભા, સૈજપુર, ગોપાલપુર, પીપળજ, લક્ષ્મીપુરા વિસ્તારોમાં રૂા.૧૨૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે સુઅરેજ નેટવર્ક નાંખવાનું આયોજન કરેલ છે.

- શહેરમાં ઘણી જગ્યાએ હયાત ડ્રેનેજ લાઈનો જૂની થઈ ગયેલ હોવાથી તેમાં વરસાદી સિઝનમાં ભંગાણ પડે છે. આવી જૂની લાઈનોમાં ભંગાણ પડતું અટકાવવા માટે દક્ષિણ ઝોન તથા પશ્ચિમ ઝોનની કાંકરીયા બળવંતરાય મહેતા હોલથી ભૈરવનાથ સુધીની તથા નહેરૂનગરથી જ્હાન્વી સુધીની હયાત ડ્રેનેજ લાઈનને રૂા.૧૬૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે ટ્રેન્ચલેસ પદ્ધતિથી પુનઃસ્થાપિત કરીને સ્ટ્રેન્ધન કરવામાં આવશે.

- શહેરના નવા સમાવિષ્ટ ઘાટલોડીયા વિસ્તારમાં ભરાતાં વરસાદી પાણીના ત્વરિત નિકાલ માટે સ્ટૉર્મ વોટર ડ્રેઈન તથા ચાંદલોડીયા વિસ્તારમાં ગંદા પાણીના નિકાલ માટે સિસ્ટેમેટીક ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી કરવામાં આવશે.

- શહેરના ૪૩ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોમાં પંપો વર્ષો જુના હોઈ તેની પંપીંગ કેપેસીટી ઘટતી જાય છે. જેનું એનર્જી ઓડીટ કરાવી નવા પંપો મુકાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે તેમજ આગામી વર્ષમાં પણ આયોજન કરેલ છે. જેના કારણે સુઅરેજના નિકાલની એફીશીયન્સીમાં વધારો થશે અને એનર્જી ખર્ચમાં બચત થશે.

- નામદાર હાઈકોર્ટના આદેશ અનુસાર ડ્રેનેજ લાઈનના ડીસીલ્ટીંગની કામગીરી મશીન દ્વારા કરાવવા માટે સુપર સકર મશીન, ટ્રક માઉન્ટેડ રોડીંગ મશીન, હાઈ ફ્લો જેટીંગ મશીન, કમ્બાઈન્ડ મશીન, રિસાઈકલીંગ મશીન, હાઈ કેપેસીટી ડીવોટરીંગ મશીન વિગેરે જેવા અત્યાધુનિક મશીનની ખરીદી કરવાનું આયોજન છે.

- હયાત પીરાણા ૧૦૬ એમ.એલ.ડી. યુ.એ.એસ.બી. ટાઈપ સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઉત્પન્ન થતાં બાયોગેસમાંથી ઈલેકટ્રીક એનર્જી ઉત્પન્ન કરી વીજ બચત કરવા માટે રૂા.૨૦૦.૦૦ લાખના ખર્ચે ગેસ એન્જીન/ટર્બાઈન ઈન્સ્ટોલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

✧ આજના વૈશ્વિક જમાનામાં દુનીયાના જુદા જુદા શહેરોમાં શુધ્ધ પાણીનો બગાડ અટકાવવાના મહત્તમ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. તે ધ્યાને લઈને અમદાવાદમાં પણ હાલમાં એસ.ટી.પી. માં શુધ્ધીકરણ કરેલ પાણીનો નીકાલ સાબરમતી નદીમાં કરવામાં આવે છે. જેના મહત્તમ ઉપયોગ માટે પી.પી.પી. ધોરણે જુદી જુદી ચાર એજન્સીઓ સાથે કરાર કરી પાણીને રીસાયકલ કરી ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનું તેમજ પ્લાન્ટેશન માટે ઉપયોગ કરી શકાય તે મુજબનું એમ.ઓ.યુ. કરેલ છે. સદર કામ પુર્ણ થયેથી અંદાજીત ૫૫૦ એમ.એલ.ડી. પાણીનો બગાડ અટકાવી રીયુઝ કરી શકાશે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૭૬૩૭.૮૮ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

રોડ પ્રોજેક્ટ :

અમદાવાદ શહેરના કુલ ૪૪૬ ચો.કિ.મી. ના ક્ષેત્રફળમાં અંદાજીત ૨૪૦૦ કિ.મી. લંબાઈના ટી.પી. રસ્તા આવેલા છે. શહેરના ઔદ્યોગિક વિકાસની સાથે સાથે વસ્તી તથા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહેલ છે. વાહનોની ગીચતાને કારણે શહેરમાં ટ્રાફિકના પ્રશ્નો પણ એટલા જ વિકટ બનતા જાય છે તથા શહેરના રસ્તાની બંને બાજુએ વોલ ટુ વોલ કાર્પેટીંગ કરવામાં ન આવેલ હોવાથી રસ્તાની બંને બાજુ સરફેઈસ નહીં થયેલા ભાગમાંથી ધૂળ ઉડીને રસ્તા ઉપર જમા થવાથી રસ્તાઓ ગંદા દેખાતા હોય છે. આથી શહેરમાં આવેલ ૬૦ ફૂટ અથવા ૬૦ ફૂટથી વધારે પહોળાઈમાં હયાત મુખ્ય રસ્તાઓ જે ખરાબ થયેલ હોય તેને રીગ્રેડ કરી રીસરફેસ કરવાની, રસ્તા વાઈડનીંગ કરવાની તથા નવી ફુટપાથ બનાવવાની કામગીરી માટે આગામી વર્ષમાં રૂા.૭૦૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ :

મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ ૨૦૦૦ તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ગાઈડ લાઈન મુજબ શહેરમાંથી ઉત્પન્ન થતાં દૈનિક સરેરાશ ૩૭૫૦ મેટ્રીક ટન જેટલા ઘનકચરાનો નિકાલ કરવામાં આવે છે. અર્બન લોકલ બોડી માટે નિયત થયેલ માપદંડ અંતર્ગત "ધી સર્વિસ લેવલ બેંચમાર્કિંગ" તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ તથા વર્ષ ૨૦૧૧-૧૨ માટે ઘન કચરાનાં નિકાલની વ્યવસ્થા અને સેવાઓના અમદાવાદ શહેર માટે નીચે મુજબનાં માપદંડ / લક્ષ્યાંક નકકી કરવામાં આવેલ છે.

(બેંચ માર્ક %માં)

ક્રમ	માપ દંડ/ લક્ષ્યાંકની વિગત	બેંચ માર્ક	વર્ષ ૨૦૧૦-૧૧ માટે	વર્ષ ૨૦૧૧-૧૨ માટે	વર્ષ ૨૦૧૨ - ૧૩ માટે આયોજીત માપદંડ/ લક્ષ્યાંક
૧	ઘેર ઘેરથી કચરો એકત્ર કરવાની સેવાનું કવરેજ	૧૦૦	૯૬	૯૯	૧૦૦
૨	ઘન કચરો એકત્ર કરવાની કાર્યક્ષમતા	૧૦૦	૯૬	૯૮	૧૦૦
૩	ઘન કચરાનું સેગ્રીગેશન	૧૦૦	૫	૨૦	૨૫
૪	ઘન કચરા નિકાલની રીકવરી	૮૦	૧૫	૭૫	૮૦
૫	વૈજ્ઞાનિક રીતે ઘન કચરાનો નિકાલ	૮૦	૯૦	૯૫	૯૫
૬	નાગરિકોની ફરિયાદોનાં નિરાકરણની ક્ષમતા	૮૦	૯૦	૯૫	૧૦૦
૭	ઘન કચરાનાં નિકાલની સેવા માટેનાં ખર્ચની થતી રીકવરી	૧૦૦	૨૦	૪૦	૬૦
૮	ઘન કચરો એકત્ર કરવાનાં ચાર્જીસની વસૂલાતની કાર્યક્ષમતા	૯૦	૨૦	૪૦	૬૦

ઉપરાક્ત લક્ષ્યાંકો સિદ્ધ કરવા તથા શહેરમાંથી ઉત્પન્ન થતાં ૧૦૦% કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા તથા ઈફેક્ટિવ ડેબ્રીજ કલેકશન સિસ્ટમ ઉભું કરવા નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત શહેરની વસ્તીને ધ્યાનમાં લઈને અન્ય શહેરમાં ઉપલબ્ધ હોય તેવા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટેના તમામ આધુનિક વાહનો ખરીદવાનું આયોજન કરેલ છે.

- ✧ શહેરનાં ૬ ઝોનમાંથી જુલાઈ - ૨૦૧૧ માસમાં દૈનિક સરેરાશ ૩૦૦૦ મેટ્રીક ટન કચરાનુ કલેકશન તથા નિકાલ થતો હતો. હાલમાં ડીસેમ્બર - ૨૦૧૧ માસ દરમ્યાન ૩૭૫૦ મેટ્રીક ટન ઘન કચરાનું કલેકશન તથા નિકાલ કરવામાં આવેલ છે. આગામી સમયમાં દૈનિક સરેરાશ ૪૨૦૦ મેટ્રીક ટન કચરાનુ કલેકશન તથા નિકાલ કરવાનુ આયોજન કરવામાં આવેલ છે.

- ઘન કચરાનું કલેકશન તથા નિકાલ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ૧૮૦ વાહનો તથા કોન્ટ્રાકટરનાં ૭૦૦ વાહનો એમ બંન્ને મળી કુલ ૮૮૦ વાહનો દ્વારા દૈનિક સરેરાશ ૧૧૭૫ ટ્રીપ દ્વારા કચરાનું કલેકશન તથા નિકાલની કામગીરી રાઉન્ડ ધ કલોક કરવામાં આવે છે. આગામી વર્ષમાં વધારાના ૨૪ વાહનો/મશીનરી ખરીદીને ઝોનની સફાઇ કામગીરી માટે મુકવામાં આવનાર છે.

- ડોર / ગેટ ટુ ડમ્પ પધ્ધતિ હેઠળ જુલાઈ - ૨૦૧૧ દરમ્યાન દૈનિક સરેરાશ ૧૧૧૨ મેટ્રીક ટન જેટલા કચરાનો નિકાલ કરવામાં આવતો હતો. સદર વ્યવસ્થાનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી ખામીઓ નિવારી યોજનાને વધુ સુદ્રઢ બનાવવા તથા મજબૂત અને અસરકારક વ્યવસ્થાતંત્ર ગોઠવીને વ્યવસ્થા સુદ્રઢ બનાવવામાં આવેલ. જેને પરિણામે હાલમાં દૈનિક સરેરાશ ૧૪૭૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે. જયારે આગામી સમયમાં સદર પધ્ધતિ હેઠળ ૧૬૫૦ મેટ્રીક ટન કચરો એકત્ર થાય તેવું આયોજન કરવામાં આવેલ છે તથા ડોર ટુ ડમ્પનાં વાહનોમાં જી.પી.એસ. સીસ્ટમ નાંખવા અંગે અને કોર્મશીયલ યુનિટો માટે ૪૦ લીટર ક્ષમતાનાં ૭૦૦૦ નંગ અને ૮૦ લીટર ક્ષમતાનાં ૭૦૦૦ નંગ એમ પ્રાથમિક તબકકે ૧૪૦૦૦ પી.ઈ. વેસ્ટ બીન મુકવાનુ તથા દૈનિક ધોરણે ખાલી કરવાનું આયોજન ગોઠવવામાં આવેલ છે.

- કચરાના નિકાલની કામગીરી માટે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન ૨૦૮૪ નંગ હાથલારીઓ અને તે માટે જરૂરી ૨૦૦૦૦ નંગ પીઈ કન્ટેઇનરો ખરીદ કરવામાં આવેલ છે. જ્યારે અગામી સમયમાં વધુ ૨૦૦૦ હાથલારીઓ ખરીદ કરવામાં આવનાર છે.

- નાગરિકો દ્વારા મકાનનું સમારકામ / રીપેરીંગ દરમ્યાન નવા બાંધકામ સમયે નીકળતી બિલ્ડીંગ ડેબ્રીજ પ્રત્યેક ઝોનમાં નિયત થયેલ સ્થળે હાલમાં એકત્ર કરવામાં આવે છે તથા જેસીબી - ટ્રક તથા ટ્રેકટર જેવા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં / ભાડાનાં વાહનો દ્વારા નિકાલ માટે લઈ જવામાં આવે છે. શહેરમાંથી હાલમાં સરેરાશ દૈનિક ૩૩૦ મેટ્રીક ટન જેટલો બિલ્ડીંગ ડેબ્રીજ વેસ્ટ/માટી આવે છે. પ્રત્યેક ઝોનમાં ૨ થી ૩ પ્લોટ આઈડેન્ટીફાઈ કરી ઝોનમાંથી નીકળતી બિલ્ડીંગ ડેબ્રીજ/માટી ત્યાં એકત્ર કરવાની તથા બિલ્ડીંગ ડેબ્રીજ ચાર્જેબલ બેઝીસ જરૂરીયાતવાળા નાગરિકો / સંસ્થાને ફીલીંગ માટે આપવાની, કલેકશન માટે કોલ સેન્ટર ઉભુ કરી, કમ્પલેઈન રીડ્રેસલ સેન્ટર ઉભુ કરવા અલગ બિલ્ડીંગ ડેબ્રીજ પોલીસી નવેસરથી બનાવી કામગીરી કરવા આયોજન હાથ ધરવામાં આવેલ છે.

✧ શહેરમાં આવેલ ૫૦૫ જેટલા સ્પોટ ઉપર નાગરિકો દ્વારા કચરો નાંખવામાં આવે છે તેને મ્યુનિસિપલ કોર્પોરેશનનાં / કોન્ટ્રાકટરનાં ૧૦૦ જેટલા ટ્રેકટરો દ્વારા દૈનિક ધોરણે ૮૦૦ મેટ્રીક ટન જેટલા કચરાનું લીફટીંગ કરવામાં આવે છે. જુલાઈ - ૨૦૧૧ માં ૨૨૪ જેટલા ન્યુસંસ સ્પોટ ઘટાડીને ડીસેમ્બર - ૨૦૧૧ દરમ્યાન ૧૪૪ જેટલા ન્યુસંસ સ્પોટ ઉપરથી કચરો એકત્ર કરવામાં આવે છે. આમ ૮૦ જેટલા ન્યુસંસ સ્પોટમાં ઘટાડો થયો છે. ન્યુસંસ સ્પોટની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવા નાગરિકોને માહિતગાર કરવા, સમજૂતી આપવા તેમજ વિધિવત કન્ટેઈનર મુકતથી ન્યુસન્સ સ્પોટમાં નોંધપાત્ર ઘટાડો થયેલ છે.તથા આગામી સમયમાં આ કામગીરી ઘનિષ્ઠ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

✧ નવા પાશ્ચિમ ઝોનના જુદા જુદા વિસતારોમાં ડોર/ગેટ ટુ ડમ્પના ધોરણે થતા કચરાના નિકાલ ઉપરાંત સ્ટ્રીટ સ્વીપીગની કામગીરી દરમ્યાન તેમજ નાગરિકો દ્વારા ફેંકવામાં આવતો વેસ્ટ નજીકના સ્થળ ઉપર ઓપન જગ્યામાં એકત્ર કરી ત્યાર બાદ એકઠા થયેલ કચરાને ટ્રેક્ટર-ટ્રોલી દ્વારા એકત્ર કરી નિકાલ કરવામાં આવે છે.આ પ્રકારની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરી એક ક્યુબીક મીટર ક્ષમતા ધરાવતી કોમ્પેક્ટર-ટ્રોલી મુકીને

આવી ટ્રોલીમાં એકઠો થતો કચરો રેફયુઝ કોમ્પેક્ટર પ્રકારના ક્લોઝબોડી મીકેનીઝમ ધરાવતા હાઈડ્રોલીક વાહનોમાં એકઠો કરી તેનો નિકાલ કરવા આયોજન કરવામાં આવેલ છે જે માટે આગામી બજેટમાં ૩૦૦ નંગ ટ્રોલીઓ તથા ૨૦ કોમ્પેક્ટર ખરીદવા આયોજન કરવામાં આવેલ છે.

✧ મરેલા જાનવરોના નિકાલ માટે ગ્યાસપુર કાર્કશ ડેપો ખાતે જેસીબી મશીનથી ઉંડા ખાડા કરી મીઠુ નાંખી જાનવરોને દાટી તેનો નિકાલ કરવાની વ્યવસ્થા હાલમાં ગોઠવવામાં આવેલ છે. આગામી સમયમાં ખાનગી કંપનીની લોક ભાગીદારી ધોરણે મરેલા જાનવરો / સ્લોટર હાઉસ વેસ્ટ જેવા ઓર્ગેનિક કચરામાંથી ઈંધણ બનાવવા માટે આ પ્રકારની કામગીરીની અનુભવી સંસ્થા દ્વારા આવેલ દરખાસ્ત હાલમાં વિચારણા હેઠળ છે.

✧ શહેરનો વિસ્તાર વધતાં શહેરમાં જુદા જુદા સ્થળોએ અવારનવાર નાના મોટા જાનવરોનાં મૃત્યુનાં બનાવ વધવા પામેલ છે આ સંજોગોમાં આવી વધેલી કામગીરીને પહોંચી વળવા સારૂ અને દૈનિક ધોરણે આવેલ જે તે ફરીયાદોનો સમયસર નિકાલ થઇ શકે અને આવા મૃત જાનવરોનો શહેરમાંથી ત્વરીત નિકાલ થઇ શકે તે સારૂ વધુ ૨ નંગ ડેડ એનિમલ કલેકશન વાન ખરીદ કરવામાં આવશે.

- હોટલ / રેસ્ટોરન્ટ / કેન્ટીન / ખાણી-પીણીનાં ધંધાવાળાઓ તથા લગ્નમંડપ / વાડી / હોલ વિગેરેમાં ઉત્પન્ન થતાં કિચન વેસ્ટનાં નિકાલ માટે પશ્ચિમઝોન અને નવા પશ્ચિમઝોનમાં સહારા પબ્લીક હેલ્થ આર્ગેનાઈઝેશનને પ્રતિ કી.ગ્રા. ૦.૨૭ પૈસાનાં ભાવથી તથા મધ્યઝોન અને દક્ષિણઝોનમાં ૦.૪૯ પૈસા તેમજ પૂર્વઝોન અને ઉત્તરઝોનમાં રૂા.૧/- પ્રતિ કિ.ગ્રા.નાં ભાવથી અભિષેક સેનેટરી માર્ટ સહકારી મંડળી લી.ને શહેરનાં તમામ ઝોનમાં આવેલ હોટલ/રેસ્ટોરન્ટ/ કેન્ટીન/ખાણી -પીણીનાં ધંધાવાળાઓ તથા લગ્નમંડપ/વાડી/હોલ વિગેરેમાં ઉત્પન્ન થતાં કિચન વેસ્ટનાં નિકાલની કામગીરી સોંપવામાં આવેલ છે. આ કામગીરી સારૂ સંસ્થાઓ દ્વારા કુલ ૧૫ જેટલા બંધ બોડીનાં વાહનો દૈનિક ઉપયોગમાં મુકવામાં આવે છે. આ એજન્સીઓ દ્વારા એકત્ર કરવામાં આવતો આ પ્રકારનો કચરો એકસલ ઈન્ડસ્ટ્રીઝ લી. ને આપવામાં આવે છે. જેમાંથી ઉત્તમ પ્રકારનું ખાતર તૈયાર થાય છે.

- મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની પાંચ જનરલ હોસ્પિટલો તથા રેફરલ હોસ્પિટલો, પ્રસૂતિગૃહ, અર્બન હેલ્થ કેર સેન્ટર, કાંકરીયા પ્રાણી સંગ્રહાલય વિગેરેમાં રોજે રોજ ઉત્પન્ન થતા બાયો મેડીકલ વેસ્ટને એકત્ર કરી કોન્ટ્રાકટરોનાં ઈન્શીનરેશન પ્લાન્ટ ઉપર લાવી તેના આખરી નિકાલની કામગીરી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માન્ય સંસ્થાઓને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦ - ૧૧ માં કુલ ૨,૫૨,૬૦૦ કિ.ગ્રા.જેટલો બાયો મેડીકલ વેસ્ટ એકત્ર કરી, વહન કરી અને તેનો આખરી નિકાલ કરવામાં આવેલ છે.

- એકત્ર થયેલા કચરાના સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશન માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ૬૪ વાહનો દ્વારા ત્રણે શીફટમાં દૈનિક સરેરાશ ૩૨૫ જેટલા કન્ટેઈનરોનું એટલે કે ૯૦% લીફટીંગ કરવામાં આવે છે. ૩૮૨ કન્ટેઈનરો ઉપાડવાની કામગીરી એજન્સીઓને સોંપવામાં આવેલ છે. જેનાં દ્વારા દૈનિક સરેરાશ ૪૨૫ જેટલા કન્ટેઈનરોનું લીફટીંગ એટલે કે ૧૧૧% જેટલી કામગીરી કરવામાં આવે છે. આમ હાલમાં ઓવરઓલ લીફટીંગ રેશીયો ૯૫% છે. જેને ૧૦૦% સુધી કરવાનુ આયોજન થયેલ છે.

- શાક માર્કેટ, ફીશમાર્કેટ, મટન માર્કેટ, ખાણી-પીણીનાં બજારો, ફુટ માર્કેટ, રેલ્વે ઓથોરીટી, મોટા કોર્મશીયલ એકમો, લગ્નપ્રસંગની વાડીઓ, ધાર્મિક મેળાવડાઓ, પાર્ટી પ્લોટ, મોટી હોસ્પિટલ,

મોટી હોટલ વિગેરે કે જયાં મોટા પ્રમાણમાં કચરો કન્ટેઈનરમાં નાંખવામાં આવે છે તથા નિયત ચાર્જ નકકી કરાવી કન્ટેઈનર લીફટીંગની સેવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરી પાડવા અલગથી પોલીસી બનાવી કામગીરી કરવાનુ આયોજન કરવામાં આવે છે.

✧ અમદાવાદ શહેરમાં જુદા જુદા ઝોન / વિસ્તારોમાં સેકન્ડરી વેસ્ટ સ્ટોરેજ સાઈટો નિયત કરવામાં આવેલ છે અને આવી સાઈટો પર બંધ બોડીનાં કન્ટેઈનરો મુકવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન અ.મ્યુ.કો. દ્વારા વધુ ૪૦૦ નંગ કન્ટેઈનરો ખરીદ કરવામાં આવેલ છે જેથી આવી સાઈટો પર એકઠા થયેલ કચરાને બંધ બોડીના કન્ટેઈનરોમાં જ ટ્રાન્સપોર્ટ કરી શકાય અને કચરાના શીફટીંગ દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર કચરો ઢોળાવવાનાં કે અન્ય પ્રશ્ન ન બને.

✧ મ્યુનિસિપલ હદમાં નવા ઉમેરાયેલા વિસ્તારો, નવા બાંધકામ - વસવાટવાળા સ્થળો, વધુ ગીચતાવાળી જગ્યાઓનો સર્વે કરાવી વધારાનાં ૧૫૦ કન્ટેઈનરો મુકવાનું આયોજન કરેલ છે તેમજ ખર્ચનું ભારણ ઘટાડવા જે ઝોનમાં મ્યુનિ.કોર્પોની કન્ટેનર લીફટીંગની વ્યવસ્થા ગોઠવાયેલ છે. તેના સ્થાને દૈનિક સરેરાશ ૫૦૦ કન્ટેઈનરોનું લીફટીંગ કરવા માટે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી કોન્ટ્રાકટથી કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

✧ શહેરમાં મુકવામાં આવેલ ૭ ક્યુ.મી. કેપેસીટીનાં એમ.એસ. કન્ટેઈનરોને દૈનિક ઓછામાં ઓછી એકવાર લીફટ કરી તેમાં રહેલ કચરો જે તે નિયત સ્થળ પર ટ્રાન્સપોર્ટ કરી ખાલી કરી શકાય તે સારૂ જરૂરી હાઈડ્રોલીક ડમ્પર પ્લેસર વાહનો નંગ - ૪૦ ખરીદ કરવામાં આવેલ છે.

✧ શહેરમાં આવેલ જુદી જુદી હેવી લોડેડ કચરા પેટી સાઈટો પર કે જયાં ૩ કરતાં વધારે કન્ટેઈનરો મુકવાની જરૂરીયાત પડે છે અને તેને કારણે આવા સ્થળે ટ્રાફીકની અડચણ વિગેરે ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ઉભી થવા પામે છે તેવી સ્થિતિને નિવારવા અને કચરાને વધુ સારી રીતે મોટા જથ્થામાં કોમ્પેકટેડ મેનેરમાં ટ્રાન્સપોર્ટ કરી શકાય આવી કચરા પેટી સાઈટો પર રેફયુઝ કોમ્પેકટર પ્રકારનાં કુલ ૨૪ જેટલા મશીનો ઉપયોગમાં મૂકવામાં આવશે.

✧ કચરાના પરિવહનનો ખર્ચ ઘટાડવા તથા પ્રદૂષણમાં ઘટાડો થાય તે હેતુથી શહેરમાં ઉત્પન્ન થતો કચરો એકત્ર કરી તેનો નિકાલ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએઝ ફાર્મ ડમ્પ સાઈટ ખાતે ન મોકલતાં શહેરમાં કામચલાઉ રીતે ઉભા કરવામાં આવેલ ટ્રાન્સફર સ્ટેશન ખાતે ખાલી કરાવી મોટા આઈવા પ્રકારનાં બંધ બોડીના વાહનો મારફતે તેનો નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

- શહેરમાંથી હાલમાં ૧૦૦૦ મેટ્રીક ટન દૈનિક સરેરાશ ઉત્પન્ન થતાં કચરાનાં પ્રોસેસીંગ કરી ખાતર, પેલેટસ્, વિગેરે બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત હંજર બાયોટેક એનર્જીસ લી. ના દૈનિક સરેરાશ ૫૦૦ મેટ્રીક ટન મીકસ વેસ્ટમાંથી ખાતર, અન્ય પ્રોડકટસ્ તથા પેલેટસ્ / આર. ડી.એફ. (ઔધોગિક ફયુઅલ) બનાવવા માટે થયેલ પ્લાન્ટ આગામી જૂન - ૨૦૧૨ થી કાર્યાન્વિત કરવામાં આવનાર છે. ક્રીએટીવ ઈકો - રીસાયકલ પોર્ટ પ્રા.લી. દ્વારા દૈનિક સરેરાશ ૮૦૦ ટન મીકસ વેસ્ટમાંથી ખાતર અને આર.પી.પી.ડબલ્યુ.એફ. / પેલેટસ્ / આર.ડી.એફ (ઔધોગિક ફયુઅલ) બનાવવા સારૂ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે અને પ્લાન્ટ વર્ષ ૨૦૧૨ માં કાર્યન્વિત કરવામાં આવશે.

- હાલમાં ઉત્પન્ન થતાં દૈનિક સરેરાશ ૩૭૫૦ મેટ્રીક ટન મીકસ વેસ્ટ તથા ભવિષ્યમાં જનરેટ થનાર ૪૨૦૦ મેટ્રીક ટન મીકસ વેસ્ટને પહોંચી વળવા વધારાની પ્રોસેસીંગ કેપેસીટી માટે આધુનિક ટેકનોલોજીથી પ્રોસેસ થાય તે માટે વાઈબ્રન્ટ ગુજરાત સમીટમાં ઓફરો જુદી જુદી સંસ્થાઓ દ્વારા આવેલ છે જેનું ઈવેલ્યુએશન કરવાની કામગીરી "Deloittee" સંસ્થાને સોંપવામાં આવેલ છે તે અંગેનો રિપોર્ટ માર્ચ-૨૦૧૨ સુધીમાં રજૂ કરવામાં આવશે અને આગામી વર્ષમાં તેનું અમલીકરણ કરીને ૧૦૦% ઘન કચરાનું પ્રોસેસીંગ કરવાનું આયોજન હાથ ધરાયેલ છે.

- અમદાવાદ શહેરમાં હાલમાં દૈનિક ધોરણે ૩૭૫૦ ટન કરતાં વધારે કચરાનો પિરાણા સ્થિત ડમ્પ સાઈટ પર નિકાલ કરવામાં આવે છે આટલા મોટા જથ્થામાં આવતા કચરાને દૈનિક ધોરણે લેવલીંગ, ડોઝીંગ વિગેરે કરીને કચરાની સાઈટને સતત કાર્યરત રાખી શકાય અને તેનું અસરકારક મેનેજમેન્ટ થઇ શકે તે સારૂ ચાલુ વર્ષે ૦૨ એસ્કેવેટર્સ મશીનો, ૦૨ સોઈલ કોમ્પેટર મશીનો અને ૦૧ નંગ બુલડોઝર મશીન નવા ખરીદ કરી ઉપયોગમાં મુકવામાં આવેલ છે. જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં જ વધુ ૦૧ એસ્કેવેટર્સ મશીન અને ૦૩ હેવી ડ્યુટી લોડર કમ ડોઝર પ્રકારનાં મશીનો ખરીદ કરી ઉપયોગમાં મુકવામાં આવશે.

- કચરાનું એકત્રીકરણ અને ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનોનો મહત્તમ ઉપયોગ થાય, ફયુઅલનો વપરાશ ઘટે, કુલ ખર્ચ ઘટે, મહત્તમ ફેરા કરાવી પુરેપુરી કાર્યક્ષમતાથી કચરાનો નિકાલ થાય તે માટે પૂર્વઝોન, પશ્ચિમઝોન, નવા પશ્ચિમઝોન, દક્ષિણઝોન, ઉત્તરઝોન ઝોન એમ કુલ ૫ ઝોનમાં રૂા.૫૧૦.૦૦ લાખના ખર્ચે જેએનએનયુઆરએમ યોજના હેઠળ ૬ ટ્રાન્સફર સ્ટેશન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- સફાઇ વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા આગામી વર્ષમાં રોડ વેકયુમ સ્વીપર મશીન - ટ્રક માઉન્ટેડ-૨ અને ટ્રેકટર માઉન્ટેડ-૧, જેસીબી મશીન-૩, જેસીબી ટ્રક, બાોબકેટ મશીન-૩, ન્યુસંસ ટેન્કર-૫, સ્કીપ લીફટર વાહનો, ડમ્પર પ્લેસર વાહનો-૪૦, સ્કીપ કન્ટેઈનર,રેફયુજ કોમ્પેક્ટર-૨૪,સેસપુલ ટેન્કર-૧૭ વિગેરે સાધનો ખરીદવામાં આવશે.

- શહેરમાં આવેલ વિવિધ બગીચાઓ તથા ખાણી-પીણીના સ્થળેથી ઉત્પન્ન થતો ફુડ વેસ્ટ, પાંદડા, ડાળા-ડાખરા, જેવા વેસ્ટમાંથી ખાતર બનાવવા વેસ્ટ કન્વર્ટર મશીન લો-ગાર્ડન ખાતે એકસલ ઈન્ડસ્ટ્રીઝ લી. સંસ્થા દ્વારા પ્રાયોગિક ધોરણે મુકવામાં આવે છે. જેમાં નાગરીકો દ્વારા આપવામાં આવતા કચરાની સામે ખાતર ઈકો ફ્રેન્ડલી ક્લબ મારફતે આપવામાં આવે છે. શહેરમાં આવેલા અન્ય બગીચાઓ, ખાણી-પીણીના સ્થળો, ફ્રુટ માર્કેટ, શાક માર્કેટ વિગેરે સ્થળેથી ઉત્પન્ન થતા ઓર્ગેનિક વેસ્ટ માટે દરેક ઝોનમાં ૧ એમ ૬ ઝોન માટે વધુ ૬ મશીનો લોકભાગીદારી ધોરણે આગામી સમયમાં મુકવાનું આયોજન કરવામાં આવેલ છે. જેથી દુર્ગંધયુક્ત આ કચરાનો પધ્ધતિસર નિકાલ જે તે ઝોનમાં થાય.

- અમદાવાદ શહેરની ૬૦ લાખની વસ્તીને ધ્યાને લેતા જુલાઇ-૨૦૧૧ માં દૈનિક માથાદીઠ ૫૦૦ ગ્રામ મુજબ દૈનિક ૩૦૦૦ મે.ટન કચરો જનરેટ થતો હતો. ૪૦ લાખથી વધારે વસ્તી ધરાવતા શહેરોમાં દૈનિક માથા દીઠ ૬૦૦ ગ્રામના ધોરણ મુજબ ડીસેમ્બર -૨૦૧૧ દરમ્યાન દૈનિક સરેરાશ ૩૭૫૦ મેટ્રીક ટન કચરાના નિકાલ કરવામાં આવેલ છે. આમ મોટા શહેરોમાં કચરાના નિકાલ માટે નિયત માથાદીઠ ૬૦૦ ગ્રામ મુજબ કચરાના નિકાલનો લક્ષ્યાંક હાસલ થયેલ છે. શહેરમાં ઉત્પન્ન થતા કચરાનુ પ્રમાણ વધેલ હોઇ તેમજ આગામી સમયમાં તેમાં થનાર વધારાને પહોચી વળવા પ્રાઈમરી કલેકશન, સેકન્ડરી ટ્રાન્સપોર્ટેશન, પ્રોસેસીંગ, ડીસ્પોસલ, વાહનોની વ્યવસ્થા વિગેરે બાબતે ભારતના બેંગલોર, મુંબઇ, દિલ્હી જેવા મુખ્ય શહેરો તથા અન્ય વિકસિત શહેરોએ અપનાવેલ પોલિસી પદ્ધતિ મુજબ શહેરના ૪૬૬ ચો.કિ.મી. વિસ્તારનો કાર્યવિસ્તાર, વસતિ, વિકાસ, ચાલીઓ ગીચતા વિગેરેને લક્ષમાં લેતા કામગીરી ગોઠવવા અંગે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માસ્ટર પ્લાન ૨૦૩૧ તૈયાર કરવાની પ્રોફેશનલ સંસ્થા અર્બન મેનેજમેન્ટ કન્સલ્ટન્સીને કામગીરી સોંપવામાં આવેલ છે.

- શહેરમાં નાગરિકોની સુખાકારી/સુવિધા માટેના પબ્લીક ટોઇલેટ, પેશાબખાના, વિગેરેની દૈનિક ધોરણે સફાઇની કામગીરી વધુ સુદૃઢ બનાવવા માટેના મ્યુનિ.કોર્પો.ના હાલના ૯ ન્યુસન્સ ટેન્કર ઉપરાંત ઝોન દ્વારા ભાડેથી મેળવીને કામગીરી કરાવવામાં આવે છે.હાલમાં ન્યુસન્સ ટેન્કર ભાડેથી પણ મેળવવામાં મુશ્કેલી પડતા મ્યુનિ.કોર્પોની આવશ્યક કામગીરીને અસર ન થાય તે માટે આગામી વર્ષના વધારાના ૫ ન્યુસન્સ ટેન્કર ખરીદીને ઝોનની કામગીરીમાં મુકવામા આવનાર છે.

- શહેરમાં આવેલા જુદા જુદા અનડ્રેઇન વિસ્તારોમાં આવેલા ખાળકુવાઓની સમયસર સફાઇ કરાવી શકાય તથા નાગરિકોની ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય તે માટે મ્યુનિ.કોર્પોના હાલમાં ૧૩ સેસપુલ ટેન્કર ઉપરાંત વધારાના ૮ સેસપુલ ટેન્કર ખરીદીને ઝોનની કામગીરી માટે મુકવામાં આવનાર છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાનો નિકાલ પીરાણા સ્થિત ૮૪ એકર જમીનમાં ફેલાયેલ સુએઝ ફાર્મ ડમ્પ સાઈટ ઉપર કરવામાં આવે છે. આ ૮૪ એકર જમીન પૈકી ૪૫ એકર જમીન ઉપર ઘણાં વર્ષોથી કચરો ડમ્પ કરવામાં આવતો હોઈ ૧૫-૨૦ મીટર ઉંચાઈ સુધી આશરે ૧૨ લાખ મેટ્રીક ટન કચરાનું પુરાણ કરવામાં આવેલ છે. જેએનએનયુઆરએમ પ્રોજેકટ અંતર્ગત ભવિષ્યનાં આયોજનનાં ભાગરૂપે આ ડમ્પસાઈટને વૈજ્ઞાનિક પધ્ધતિથી કેપીંગ કરી લેન્ડ રીકલેમેશન દ્વારા સદર જગ્યા પર બગીચો,ગોલ્ફ કોર્સ કે રમત-ગમતનું મેદાન બનાવી શકાય તે માટેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

- અમદાવાદ શહેરમાં સફાઈનું ધોરણ ઉંચું લઈ જવા, આદર્શ સફાઈ વ્યવસ્થા ઉભી કરવામાં નાગરિકોનો સહકાર મળી રહે, સફાઈ અંગેની બાબતો અંગે નાગરિકોમાં જાગૃતિ આવે, વિવિધ ધંધાકીય / સામાજીક સંસ્થાઓનું યોગદાન મળી રહે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હાલની કામગીરીની તેમજ ભવિષ્યનાં આયોજન અંગે નાગરિકોને જાણકારી મળે તથા સફાઈની કામગીરી અંગે જાગૃતિ આવે તે માટે Information Education Communication (IEC) Activity કરવામાં આવશે. જે અંગે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૨૫.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં કુલ રૂા.૭૧૦૦.૦૦ લાખ બજેટ જુદી-જુદી યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ છે.

મલ્ટી સ્ટોરીડ પાર્કિંગ :

શહેરમાં વાહનોની સંખ્યામાં દિન-પ્રતિદીન વધારો થતો રહે છે. હાલમાં શહેરમાં ૧૪ લાખ વાહનો રજીસ્ટર્ડ છે. પ્રાઈવેટ વાહનોની સંખ્યામાં ખૂબ જ વધારો થવાને કારણે વાહનોના પાર્કિંગની સમસ્યા જટીલ બનતી જાય છે. શહેરમાં વાહનોના પાર્કિંગની સમસ્યા નિવારણના ભાગરૂપે અમદાવાદ શહેરનાં મણિનગર વિસ્તારમાં કાંકરીયા તળાવની સામે, વ્યાયામશાળા પાસે રૂા.૨૮૧૫.૦૦ લાખના ખર્ચે આશરે ૩૦૦૦ ચો.મી.ની જગ્યામાં આશરે ૨૫૦ કાર તથા ૨૫૦ ટુ વ્હીલર પાર્ક કરી શકાય તે મુજબનું મલ્ટી સ્ટોરીડ કાર પાર્કીંગ બનાવવામાં આવી રહેલ છે. આ બહુમાળી પાર્કિંગમાં બેઝમેન્ટ + ગ્રાઉન્ડ + સાત માળ તથા આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં કાર પાર્કિંગ ઓટોમેટીક પધ્ધતિથી થશે. એટલેકે સદર પાર્કિંગમાં વર્ટીકલ મુવમેન્ટ માટે બે નંગ લીફટ મુકવામાં આવનાર છે જે પાર્ક થવા આવનાર ગાડીઓને મુખ્ય એન્ટ્રી પાસેથી જે તે માળે લઇ જવા ઉપયોગ કરી શકાશે. જ્યારે આ પાર્કિંગમાં બે નંગ શટલ મુકવાના છે. જે તે ફલોર ઉપર આવેલ કારને હોરીઝોન્ટલ મુવમેન્ટ કરી નિશ્ચિત કરેલ પાર્કિંગ જગ્યાએ પાર્ક કરશે. વધુમાં સદર ટેકનોલોજીમાં મીકેનીકલ પાર્ટસને એવા પ્રકારે ડિઝાઇન કરવામાં આવેલ છે કે જેથી ટ્રાવેલીંગ સ્પીડ વધી શકે. નિયત જગ્યાએ પાર્ક થયેલ ગાડીઓને વધુમાં વધુ ત્રણ થી ચાર મિનીટમાં મુખ્ય એન્ટ્રી સુધી પાછી લાવી શકશે.

પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે શહેરમાં અન્ય ત્રણ જગ્યાએ મલ્ટી સ્ટોરીડ પાર્કિંગ બનાવવાનું આયોજન કરેલ છે. જે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૫૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ :

શહેરમાં પર્સનલ મોટોરાઈઝ વ્હીકલની મોટી સંખ્યાને લીધે શહેરના રોડ ઉપર ટ્રાફિક જામના પ્રશ્નો સર્જાય છે તથા સમય અને ઈંધણનો બગાડ થાય છે. વધતા જતા ટ્રાફિકની સમસ્યાના નિવારણનાં ભાગ રૂપે શહેરમાં ૩૭ જંકશનો પર રૂા.૩૩૧.૦૦ લાખના ખર્ચે ટ્રાફિક સિગ્નલ્સ લગાવવાની કામગીરી ચાલુ છે. આગામી નાણાંકીય વર્ષમાં શહેરમાં અન્ય ૩૦ જંકશનો પર અંદાજીત રૂા.૪૦૦.૦૦ લાખના ખર્ચે ટ્રાફિક સિગ્નલ્સ લગાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૨૦૦.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

કોર્પોરેશનમાં આવેલ ૬૦ ફૂટ થી મોટા રસ્તા ઉપર આશરે ૪ થી ૫ વર્ષ પહેલાં પટ્ટા તથા કટ પટ્ટા થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ કરવામાં આવેલ હતાં. સદરહુ પટ્ટાઓ હાલમાં મહદ્‌અંશે ભૂંસાઈ ગયેલ છે. ટ્રાફિકની સુવિધા તથા સરળતાથી નાગરિકોને માર્ગદર્શન મળી રહે તે માટે સદરહુ રસ્તા પર નવેસરથી પટ્ટા તથા કટ પટ્ટા દોરવા જરૂરી

છે. આથી આગામી વર્ષમાં ૮૦ ફૂટ થી ઉપરના આશરે ૫૬ કિ.મી. બી.આર.ટી.એસ. રૂટ તથા આશરે ૧૪૦૦ કિ.મી. હયાત રસ્તાઓ ઉપર કટ પટ્ટા થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ કરવાનું આયોજન કરેલ છે. તદ્ઉપરાંત ઈસનપુર વટવા જતાં ગેબનશાહ પાસે ખારીકટ કેનાર ઉપર તથા ઘોડાસર પાસે નેશનલ હાઈવે બી.આર.ટી.એસ. રૂટ ઉપર કલવર્ટ નાંખવામાં આવશે તથા પુનિતનગર રેલ્વે ક્રોસીંગ નં.૭, જનતાનગર રેલ્વે ક્રોસીંગ નં.૭, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે આવેલ બુટ ભવાની ક્રોસીંગ નં.૨૧, થલતેજ ગામથી હેબતપુર જતાં રેલ્વે ક્રોસીંગ નં.૧૧, થલતેજ ગામથી શીલજ જતાં રેલ્વે ક્રોસીંગ નં.૧૧ ને પહોળા કરવાની કામગીરી કરવામાં આવશે. જે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટમાં રૂા.૧૫૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

આરોગ્યલક્ષી સેવાઓ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે તથા શહેરી ગરીબોને આરોગ્યલક્ષી સેવાઓ ઘરની નજીક મળે તે મુજબનું આયોજન આગામી વર્ષમાં કરવામાં આવેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દરેક વોર્ડવાઈઝ એક મુજબ હાલમાં કુલ ૫૭ અર્બન હેલ્થ સેન્ટરો કાર્યરત છે. જે શહેરની વધેલ વસ્તી તથા નવા સીમાંકન મુજવ ૬૪ વોર્ડ થતા આવનાર વર્ષમાં દરેક વોર્ડ દીઠ એક મુજબ કુલ ૬૪ અર્બન હેલ્થ સેન્ટરો તથા સબ સેન્ટરો કાર્યરત કરવાનું આયોજન કરેલ છે.

- શહેરી ગરીબો માટે દિવસ દરમ્યાન કામ પર જતાં મજૂર વર્ગના લોકોને આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે ૧૦ અર્બન હેલ્થ સેન્ટરો ઉપર સાંજના ૫.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ વાગ્યા સુધી ઓ.પી.ડી. શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

- ગરીબ વિસ્તારમાં સ્થળ ઉપર જ સારવાર મળી રહે તે માટે ૫ (પાંચ) નવી મેડીકલ વાન ખરીદવામાં આવશે.

- નોબલનગર અને દાણીલીમડા અર્બન હેલ્થ સેન્ટર માટે નવા મકાન બનાવવાની કાર્યવાહી હાલ ચાલુ છે, કુબેરનગર, કૃષ્ણનગર વોર્ડમાં ઉપલબ્ધ મકાનમાં અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવાની કાર્યવાહી ચાલુ છે.

- શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સને-૨૦૧૧માં કુલ ૧૧,૮૧,૮૩૬ જેટલા બાળકોની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવેલ છે અને ૧,૭૫,૩૮૨ બાળકોને સ્થળ ઉપર જ તબીબી સારવાર આપવામાં આવેલ છે અને ૧૬૭૬ બાળકોને જરૂરી સંદર્ભિત સેવાઓ માટે મોકલવામાં આવેલ છે અને આગામી વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

- તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે તપાસ માટે આવતી સગર્ભા બહેનોનું થેલેસેમીયા ટેસ્ટીંગ માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી થેલેસેમીયા મેજર બાળકો જન્મતા રોકી શકાય. આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધી ૮,૯૦૬ માતાઓનું ટેસ્ટીંગ કરતાં ૯ જેટલા કેસોમાં થેલેસેમીયા મેજર આવેલ, જેઓને એબોર્શન કરાવી થેલેસેમીયા મેજર બાળકો જન્મતા રોકી શકાયેલ છે. આગામી નાણાંકીય વર્ષમાં આ કાર્યક્રમ માટે રૂા.૧૦૦.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

- મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલયાણ વિભાગના સહયોગથી ડાયાબીટીશ અને હાઇ બ્લડ પ્રેશરનું સર્વેક્ષણ કરવા સ્લમ વિસ્તારમાં ૧.૩૦ પોપ્યુલેશનનું સ્ક્રીનીંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે.

- મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં અગાઉના વર્ષમાં ૧૧૫૬ આંગણવાડીઓ કાર્યરત હતી. નવા વિસ્તાર સમાવેશ થતા તથા અમુક બાલવાડીઓને આંગણવાડીઓ તરીકે રૂપાંતરીત કરતાં કુલ ૨૦૪૨ આંગણવાડી કાર્યરત થયેલ છે. આંગણવાડીઓના ૧૦૩ નવા પ્રિ-ફેબ્રીકેટેડ મકાનો તૈયાર કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં આંગણવાડી માટે વધુ નવા પ્રિ-ફેબ્રીકેટેડ મકાનો તૈયાર કરવાનું આયોજન છે.

- આરોગ્ય શિક્ષણ દ્વારા રોગચાળો અટકાવવા અંગે ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે અને સ્વૈ. સંસ્થાઓ સાથે ગલી, મહોલ્લામાં ગ્રુપ મીટીંગો દ્વારા તેમજ ટી.વી.ચેનલ અને દૈનિક સમાચાર પત્રો દ્વારા જન જાગૃતિ અંગેનું આયોજન કરવામાં આવેલ છે.

એનર્જી સેવીંગ્સ એન્ડ કન્ઝર્વેશન :

શહેરની સ્ટ્રીટલાઇટીંગ વીજ-વપરાશનું બીલ કુદકે ને ભુસકે વધતું જાય છે. હાલમાં દર મહિને રૂા.૧૭૫.૦૦ લાખનો બોજો કોર્પોરેશન ઉપર પડે છે. આ બોજાને હળવો કરવા માટે ESCO યોજના હેઠળ શહેરના મહત્ત્વના રોજ માર્ગો ઉપરની સ્ટ્રીટલાઇટોને ડીમીંગ કરી વીજળીની બચત કરી શકાય તેમ છે. તે માટે ખાતા દ્વારા હાલમાં ભારતની વિખ્યાત કંપનીઓ દ્વારા શહેરના ૬ ઝોનમાં જુદા જુદા સ્થળોએ ૧૧ સ્ટ્રીટલાઇટ એનર્જી સેવીંગ્સ યુનિટસ મુકવામાં આવેલ છે અને તેમાં ૩૫ ટકાનું એનર્જી સેવીંગ્સ મળેલ છે. આજ પ્રમાણે વધુ આજ પ્રકારના વધુ યુનિટસ મુકી વધુ સેવીંગ્સ મેળવવાનું આયોજન કરવામાં આવનાર છે.

આ ઉપરાંત એનર્જી સેવીંગ્સ માટે આગામી વર્ષમાં નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- પશ્ચિમ ઝોનની તમામ સ્ટ્રીટ લાઈટોમાં તથા ૨૫ ટ્રાફિક સિગ્નલ ઉપર હયાત હાઈપ્રેશર સોડીયમ વેપર લેમ્પની જગ્યાએ આધુનિક પ્રકારના એલ.ઈ.ડી. લાઈટ લગાવવામાં આવશે.

- શહેરમાં મ્યુનિસિપલ હદમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ૧૦૦% સ્ટ્રીટલાઈટ કવરેજ કરવાના આયોજન સાથે સ્ટ્રીટલાઈટમાં આધુનિક પ્રકારના પાવર એલ.ઈ.ડી. લાઈટ નાંખવામાં આવશે. જે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૫૦૦.૦૦ લાખનું પ્રોવિઝન કરવામાં આવેલ છે.

- કાંકરિયા લેક ફ્રન્ટમાં તળાવની ફરતે ૨૦૦ જેટલી સપ્તરંગી હેલોઝન લાઈટની જગ્યાએ ઓટો ઓપરેશનવાળી થીમ બેઈઝ્ડ એલ.ઈ.ડી. લાઈટ લગાવવામાં આવશે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ ઓફિસમાં સાદી લાઈટની જગ્યાએ સીએફએલ અને ટી-૫ પ્રકારની એનર્જી સેવીંગ્સ લાઈટ લગાવવામાં આવશે.

- સરદાર પટેલ રીંગ રોડ ઉપર પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણે એલ.ઈ.ડી. પ્રકારની સ્ટ્રીટ લાઈટ લગાવવાનું આયોજન કરેલ છે.

- ✧ એલ.ઈ.ડી. લાઈટનો ઉપયોગ કરવાથી હયાત સ્ટ્રીટલાઈટના વિજળી બીલમાં કાયમી ધોરણે લગભગ ૩૫% જેટલી બચત થશે.

- ✧ ઉર્જા બચતનાં ભાગરૂપે બિન પરંપરાગત ઉર્જાનો વપરાશ કરવા માટે શહેરમાં મેમ્કો ખાતે તૈયાર થયેલ આધુનિક રમત ગમત સંકુલ સોલાર ઉર્જાથી કાર્યરત કરવા અંગેની કામગીરી કરવા માટે ગુજરાત સરકારશ્રીની એજન્સી "GEDA" સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે, જેમાં સફળતા મળ્યેથી સરદાર પટેલ સ્ટેડિયમ તેમજ અ.મ્યુ.કો.ની દાણાપીઠ ખાતે આવેલ મુખ્ય કચેરીમાં બનેલ નવી અદ્યતન ઓફિસ પણ સોલાર ઉર્જાથી ચલાવવા ખાતા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે.

એનર્જી સેવીંગ્સ માટે નવા હેલ્થ સેન્ટર, સ્કુલ બિલ્ડીંગ કે અન્ય બિલ્ડીંગો ગ્રીન બિલ્ડીંગ ડિઝાઈન કન્સેપ્ટથી બનાવવામાં આવશે.

તળાવનો વિકાસ :

શહેરના નવા સમાવિષ્ટ વિસ્તારમાં આવેલા તળાવોમાં ઘણા તળાવો અવિકસિત અને કુદરતી સ્વરૂપે હોવાથી તેની આજુ-બાજુ રહેઠાણો થવાથી અને વ્યાપારીકરણને લીધે તળાવની પાસે અને ઘણી જગ્યાએ તળાવની અંદર ગેરકાયદેસર બાંધકામ થયેલ છે. આવા તળાવોનો વિકાસ કરવામાં આવે તો વરસાદી પાણીના નિકાલ માટેનો કુદરતી ઢાળ તળાવ તરફનો હોવાથી રસ્તા ઉપર ભરાતાં વરસાદી પાણીની સમસ્યાનો હલ થાય છે. વરસાદી પાણીનો સંગ્રહ થવાથી ભૂગર્ભના પાણીના સ્તર રિચાર્જ થવાના કારણે પાણીના સ્તર ઉંચા આવે છે તથા રિક્રીએશન સેન્ટર બને છે. જેનાથી નાગરિકોને મનોરંજનનું સ્થળ મળી રહે છે. આથી રૂા.૪૦૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે લાંભા, શીલજ, મોટેરા તથા વટવા ખાતેના ગામતળના તળાવોને ખોદાણ કરીને ઉંડું કરવાની, વરસાદી પાણીના આઉટલેટ બનાવવા, તળાવના કિનારે એપ્રોચ રોડ, પ્લાન્ટેશન, લેન્ડ સ્કેપીંગ, જોગીંગ ટ્રેક, લાઈટીંગ તથા ફુવારા જેવી સુવિધાઓ સાથે વિકાસ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૧૦૫૧.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ :

દર વર્ષે તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન કાંકરિયા કાર્નિવલનું વર્ષ-૨૦૧૧માં ચોથી વખત આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોક નૃત્ય,હોર્સ અને ડોગ શો, યોગને લગતી કસરત, વોટર અને એડવેન્ચર સ્પોર્ટસ, રંગોળી સ્પર્ધા, ચિલ્ડ્રન ટોય-બુક-ફિલ્મ ફેસ્ટિવલ, પેરાસેઈલીંગ અને પેરાજમ્પીંગ, ભારતીય સેના અને ગુજરાત પોલીસ દ્વારા શસ્ત્ર પ્રદર્શની, બોન્સાઈ ટ્રી ડિસ્પ્લે, વિસરાતી જતી રમતોનું પ્રદર્શન, થીમ પેવેલિયન, બાયોસ્કોપ દ્વારા વિવિધ વિષયોની ઝાંખી, ભવ્ય આતશબાજી, લેસર શો અને આવા અનેક સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. દરવર્ષની જેમ આ વર્ષે પણ ૨૫ લાખથી વધુ સહેલાણીઓએ કાંકરિયા કાર્નિવલ-૨૦૧૧ દરમ્યાન કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લીધેલ.

કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે વિવિધ આકર્ષણો પૈકી દેશભરમાં વિશિષ્ટ એવી અટલ એક્સપ્રેસ ટ્રેન અને સ્વર્ણિમ જયંતી એક્સપ્રેસ ટ્રેન, વિવિધ જાણીતી કંપનીના ફુડ સ્ટોલ્સ, આકર્ષક લેન્ડ સ્કેપ્સ, સુમધુર ડિજીટલ મ્યુઝિક, આકર્ષક રોશની, નગીના વાડી, અલ્ટ્રા ફાસ્ટ લેસર શો, વન ટ્રી હિલ ગાર્ડન, બાળકો માટે પ્લે સ્ટેશન વિગેરે તેમજ દેશભરમાં સર્વપ્રથમ એવા કિડ્સ સિટી અને બલુન સફારીનો સમાવેશ થાય છે. કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાતે આવનાર મુલાકાતીઓને તેમની મુલાકાત દરમ્યાન નવા આકર્ષણોનો રોમાંચ મળે તે હેતુથી ડેઝર્ટ સફારી, બંજી ઈજેક્શન અને બંજી ટ્રેમ્પોલીન, ઓબ્સ્ટેકલ કોર્સિસ, બેબીકાર રાઈડ, વોટર બબલ રાઈડ વિગેરેનો ઉમેરો કરવામાં આવેલ છે. વધુમાં, કાંકરિયા તળાવની અંદર કાંકરિયાની પાળે ગુજરાતના ભવ્ય ઈતિહાસના પ્રસંગોને સાંકળતું સેન્ડ સ્ટોન મ્યુરલ્સના ફેઝ-૧નું પણ લોકાર્પણ કરવામાં આવેલ છે.

આમ, કાંકરિયા લેક ફ્રન્ટ શહેરીજનો અને દેશ-વિદેશમાંથી અમદાવાદની મુલાકાત લેતા મુલાકાતીઓ માટે હરવા-ફરવા અને આનંદ પ્રમોદ માટેના એક ઉત્તમ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે.

કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લેતાં સહેલાણીઓની સગવડતા માટે પબ્લિક એડ્રેસ સિસ્ટમ, લોસ્ટ એન્ડ ફાઉન્ડ, સીસી ટી.વી. સર્વેલન્સ, દરેક ગેટ પર વ્હિલચેર, ફર્સ્ટ એડ વિગેરેની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવેલ છે.

રિક્રિએશન એક્ટિવીટીસની માહિતી સુચારું રૂપે અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં પબ્લિકપાર્ક-રિક્રિએશન પ્લેસની જેમ ઉપલબ્ધ થાય તે હેતુથી કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં તેમજ કાંકરિયા લેક ફ્રન્ટ તરફના વિવિધ માર્ગો જેવાકે કાંકરિયા લેક ફ્રન્ટ પેરિફરીમાં અને તમામ રિક્રિએશન એક્ટિવીટીસ, કાંકરિયા લેક ફ્રન્ટ ફરતે રીંગરોડ, રાયપુર-બીગ બજાર થી કાંકરિયા-વ્યાયામ વિદ્યાલય પર માહિતી સભર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટ્રીટ સાઈનેજ અને સ્ટ્રીટ ફર્નિચર વિકસાવવાનુ નક્કી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે પાયલોટ પ્રોજેક્ટ માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂા.૭૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

- **લારી-ગલ્લા કલ્સ્ટર માટે રૂફ શેડની વ્યવસ્થા :**

કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે ૪૫ જેટલા પ્રોજેક્ટ અફેક્ટેડ વેન્ડર્સ/હોકર્સને પુનઃસ્થાપિત કરવામાં આવેલ છે. તમામને ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ મારફતે ટ્રેનીંગ આપવામાં આવેલ છે તેમજ સ્ટોલદીઠ રૂપિયા બે લાખની મર્યાદામાં લોનની વ્યવસ્થા પણ કરી આપવામાં આવેલ છે. વધુમાં, દરેક સ્ટોલદીઠ વ્યક્તિગત સી.એન.જી.કનેક્શન અને ઈલેક્ટ્રીસીટી કનેક્શનની વ્યવસ્થા પણ ગોઠવી આપવામાં આવેલ છે. આમ, કાંકરિયા લેક ફ્રન્ટ ખાતે પ્રોજેક્ટ અફેક્ટેડ વેન્ડર્સ/હોકર્સનું પુનઃસ્થાપન એક ઉદાહરણરૂપ બનેલ છે. સ્ટોલ આગળ પુરા પાડવામાં આવેલ સીટીંગ એરિયાને રૂફ-શેડ કે કોઈ અન્ય રીતે કવર કરવામાં આવેલ નથી. જેને કારણે ગરમીના દિવસો, વરસાદના દિવસો તેમજ દૈનિક બપોર પછીના સમયમાં પણ દરેક સ્ટોલ્સવાળા ગરમી, વરસાદ અને તાપથી બચવા પોતપોતાની આગવી વ્યવસ્થા મેણિયું, પોલીથીન, ગ્રીનનેટ, અમ્બ્રેલા વિગેરે બાંધીને કરે છે જેને કારણે લારી-ગલ્લાં કલ્સ્ટર્સનો દેખાવ જોઈએ તેવો આવતો નથી. આ સમસ્યાનું સમાધાન લાવવા અને લારી-ગલ્લાં કલ્સ્ટર્સ એક પ્રોફેશનલી મેનેજન્ડ ફુડકોર્ટ જેવું દેખાય તે હેતુથી મોર્ડન ડિઝાઈનનો રૂફ-શેડ બનાવવા અને જરૂરી લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે રૂા.૪૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

- **લેન્ડસ્કેપીંગ**

કાંકરિયા લેક ફ્રન્ટ તરફ દોરતાં વિવિધ રસ્તાઓને હરીયાળા અને વધુ આકર્ષક બનાવવા, બિનજરૂરી ઘસારો તેમજ ફેરિયાઓનો અનઅધિકૃત વપરાશ ટાળવા, હયાત સ્પોટ-જગ્યા પર જ નમૂનારૂપ લેન્ડસ્કેપ કરવું જરૂરી જણાય છે. જે ધ્યાને લેતા, પ્રાથમિક તબક્કે અપ્સરા સિનેમા અને ફુટબોલ ગ્રાઉન્ડ વચ્ચે ટ્રાફિક આઈલેન્ડ, પિકનીક હાઉસ-લેક સાઈડ ફેસીંગવાળો એરિયા, ફટબોલ ગ્રાઉન્ડ ગેટ નંબર-૨ની અંદર બલુન સફારી તરફ ઉપર જવાનો રસ્તો, પુષ્પકુંજ પ્લાઝા, દેડકી ગાર્ડન-બાલવાટિકા ગેટ વિસ્તારમાં નમૂનારૂપ આકર્ષક લેન્ડ સ્કેપીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે રૂા.૩૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

પ્રાણી સંગ્રહાલય (ઝૂ) નો વિકાસ :

- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓને વન્યપ્રાણીઓ વિશેની માહિતી મળી શકે તે માટે રૂા.૬૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે ઈન્ટરપ્રિટેશન સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
- શહેરમાંથી કરડતા વાનરો તથા ઘાયલ પક્ષીઓ વિગેરે માટે રૂા.૬૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે રેસકયુ સેન્ટર બનાવવામાં આવશે.
- કાંકરિયા પ્રાણીસંગ્રહાલય હસ્તક આવેલ વન્ટ્રી હિલ ગાર્ડનના એક ભાગમાં રૂા.૧૫૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે બટરફલાય પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં સુંદર ફૂલ-છોડ ઉગાડીને પાણીના ફુવારા, પાણીનો ધોધ વિગેરે ચાલુ કરાવીને બટરફલાય પાર્ક બનાવવામાં આવશે.
- કાંકરિયા પ્રાણીસંગ્રહાલય હસ્તક આવેલ વન્ટ્રી હિલ ગાર્ડનમાં રૂા.૨૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે નોકટરનલ એનીમલ હાઉસ બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે હાલમાં પ્રાણીસંગ્રહાલયમાં રાખવામાં આવેલ નિશાચર પશુ પક્ષીઓને નોકટરનલ હાઉસ બનાવ્યા પછી ત્યાં મુકવામાં આવશે. આ નિશાચર પ્રાણીઓની મોટાભાગની વર્તણુંકો રાત્રિ દરમિયાન થતી હોય છે જે મુલાકાતીઓને જોવા મળતી નથી. પરંતુ આ નોક્ટરનલ હાઉસ બનવાથી આ નિશાચર પ્રાણીઓની વર્તણુંકો મુલાકાતીઓ દિવસ દરમિયાન નિહાળી શકશે.
- રસાલા ગાર્ડન (એલીસબ્રીજ)માં આવેલ પાંજરાઓને રૂા.૩૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે રીનોવેશન તથા નવા વધુ પાંજરાઓ બનાવીને વિવિધ જાતિના સુંદર પક્ષીઓ મુકવામાં આવશે.

ટુરીઝમ સિટી તરીકે વિકાસ :

દેશનું સાતમું મેગાસિટી બનેલ અમદાવાદ શહેર માળખાગત સુવિધાના વિસ્તાર, વિકાસ અને વિશ્વસનીયતા ક્ષેત્રે હરળફાળ ભરી રહેલ છે. તાજેતરમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ પ્રમાણે જગતના શ્રેષ્ઠ રહેવાલાયક શહેરોમાં અમદાવાદને ચોથું સ્થાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત અમદાવાદને ઐતિહાસિક વારસો તથા ગાંધીઆશ્રમના કારણે અમદાવાદ વૈશ્વિક સહેલાણીઓમાં લોકપ્રિય થતું જાય છે શહેરના ૬૦૦ વર્ષ જૂના ઐતિહાસિક વારસાની જાળવણી કરીને શહેરને ટુરીઝમ સિટી તરીકે વિકાસ કરવા માટે આગામી નાણાંકીય વર્ષમાં શહેરમાં જુદા-જુદા ૧૦ સ્થળોના વિકાસ માટે રૂા.૫૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે. આ હેતુસર ટુરીઝમ ફીલ્ડને આગળ વધારવા માટે ૫૦% લેખે રૂા.૨૫૦.૦૦ લાખ સરકારશ્રી તરફથી ગ્રાન્ટ આપવામાં આવશે.

સ્મશાનગૃહનો વિકાસ :

ચાલુ વર્ષે રૂા.૧૮૦.૦૦ લાખના ખર્ચે વેજલપુર, દુધેશ્વર, નરોડા, વાસણા તથા સાબરમતી એમ કુલ પાંચ સ્મશાનગૃહોમાં પાંચ નવી સી.એન.જી. ગેસ આધારિત ભઠ્ઠીઓ ઈન્સ્ટોલ કરવાનો ઓર્ડર આપવામાં આવેલ જે પૈકી વેજલપુર સ્મશાનગૃહમાં નવી સી.એન.જી. ગેસ આધારિત ભઠ્ઠી ઈન્સ્ટોલ કરી ચાલુ કરી જાહેર જનતાના વપરાશમાં મૂકવામાં આવેલ છે. જ્યારે અન્ય ભઠ્ઠીઓનાં ઇન્સ્ટોલેશનની કામગીરી ચાલુ છે.

આગામી વર્ષે રૂા.૧૧૦.૦૦ લાખના ખર્ચે થલતેજ, લીલાનગર તથા જમાલપુર એમ કુલ ત્રણ સ્મશાનગૃહોમાં ત્રણ નવી સી.એન.જી. ગેસ આધારિત ભઠ્ઠીઓ ઇન્સ્ટોલ કરવાનું તેમજ રૂા.૧૦૦.૦૦ લાખના ખર્ચે એલીસબ્રીજ તેમજ જમાલપુર સ્મશાનગૃહોમાં આવેલ ચાર નંગ ઇલેકટ્રીકલ આધારિત ભઠ્ઠીઓને સી.એન.જી. ગેસ આધારિત ભઠ્ઠીઓમાં રૂપાંતર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સી.એન.જી. ગેસ આધારિત ભઠ્ઠીઓ વાપરવાથી ઉર્જા બચત થાય છે તેમજ પ્રદૂષણમાં ઘટાડો થાય છે.

સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ :

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો ધરાવતા સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ઝડપથી,સરળતાથી તથા અસરકારક રીતે સાકાર કરવાના હેતુસર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા સને ૧૯૯૭ માં કંપનીધારા ૧૯૫૬ હેઠળ (SRFDCL) સ્વાયત્ત કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે.જેના દ્વારા નદીના કાંઠાનો વિકાસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.સાબરમતી નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદના પર્યાવરણની જાળવણી સારૂ આ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના બંને કાંઠાના વિઝનરી વિકાસ આયોજન અંગેની તથા પર્યાવરણીય પાસાઓ સાથે નદીના બંને કાંઠે ઠલવાતા સુએજને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા અંગેની અને તેને સંલગ્ન કામગીરી અંગેનુ પણ આયોજન આ યોજનામાં કરવામાં આવેલ છે.

આ પ્રોજેકટ અંતર્ગત નદીની સરેરાશ પહોળાઇ અંદાજે ૨૭૫ મીટર રાખી ડાઉન સ્ટ્રીમમાં આવેલ વાસણા બેરેજના કારણે નદીમાં કરી શકાતા જળસંગ્રહની નજીકમાં હરવા ફરવા માટે બંને કાંઠે ૬ થી ૧૧ મીટર પહોળાઇના વોક-વે તૈયાર કરી રીટેઇનીગ વોલનું બાંધકામ કરી વિકાસ માટે પ્રાપ્ત જમીન ઉપર બંને બાજુ રોડનું

બાંધકામ,મોટા પાયે બગીચા તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.આ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ તૈયાર કરવામાં આવશે.આ ઉપરાંત બોટીંગ,વોટર સ્પોર્ટસ વિગેરે પણ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરી તેનું અમલીકરણ કરવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે.નદીના બંને કિનારા પર આવેલ અન્યત્ર વસાવવા પાત્ર ઝુંપડા/કુટુંબોને ઇ.ડબલ્યુ.એસ ના આવાસોમાં વસાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે.

સદરહું પ્રોજેકટ માટે જરૂરી મૂળભૂત કોમ્પોનેન્ટસનાં કામો પૂર્ણતાના આરે છે જેમાં સ્કાવર પ્રોટેકશન માટે જરૂરી આર.સી.સી.ડાયાફ્રામ વોલનાં કામ નદીનાં બંને કિનારા તરફ પૂર્ણ થયેલ છે.નદીની બંને તરફની રીટેઇનીંગ વોલનું કામ અપ્રોચ અને અંડરપાસ માટે જરૂરી જગ્યા રાખીને પૂર્ણ થયેલ છે તથા જરૂરી ઘાટ અને નીચેના વોક-વે લેવલે પહોંચવા માટે જરૂરી સીડીઓ તથા રેમ્પનાં કામો પૂર્ણ થયેલ છે.રીટેઇનીંગ વોલની પાછળ અર્થ ફીલીંગનું કામ પણ પૂર્ણતાનાં આરે છે જે નદીનાં પટમાં આવેલ વસાહતો દૂર થયેથી પૂર્ણ કરવામાં આવશે.નદીનાં બંને બાજુએ આવેલ સ્ટોર્મ વોટર આઉટલેટસમાંથી બારે માસ આવતા સુએઝને

ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા જરૂરી ઇન્ટસેપ્ટર લાઇન જંકશન ચેમ્બર અને વાસણા બેરેજ ડાઉન સ્ટ્રીમ સુધીનાં આર.સી.સી. ડકટ અને પાઇપ લાઇનનાં કામો પૂર્ણ થયેલ છે અને ઇન્ટરમીડીએટ તથા ટર્મીનલ સુએઝ પમ્પીંગ સ્ટેશનનાં કામો પૂર્ણતાના આરે છે.હાલમાં બંને કિનારાએથી ઇન્ટરમીડીએટ પમ્પીંગ સ્ટેશન પછીનુ સુએઝ પ્રોજેકટ વિસ્તારની બહાર ડાયવર્ટ કરવામાં આવે છે.નદીનાં બંને તરફ નદીના પટમાં આવેલ વસાહતીઓને નામ.ગુજરાત હાઇકોર્ટના ડાયરેકશન મુજબ પુનઃવસનની કામગીરી તથા નદીના બંને કિનારે જરૂરી રોડ, ફુટપાથ, લાઇટીંગ, બાગ બગીચા, લેન્ડસ્કેપીંગ તથા અન્ય ઇન્ફ્રાસ્ટ્રકચરને લગતી કામગીરી પ્રગતિમાં છે. વોક-વે લેવલે જરૂરી રેલીંગ સીટીંગ કરી અંતિમ ઓપ આપવાની હાથ ધરવામાં આવેલ કામગીરી મોટભાગે પૂર્ણ થયેલ છે. નદીના કિનારે ઈન્ફોર્મલ માર્કેટ - ગુર્જરી બજાર બનાવવાની કામગીરી હાથ ધરેલ છે જે મે-૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આગામી વર્ષે રીવરફ્રન્ટ ઉપર હેરીટેજ પાર્ક અને એક્ઝિબીશન સેન્ટર બનાવવાના કામો હાથ ધરવામાં આવશે. સદરહું પ્રોજેકટ અંતર્ગત પ્રાપ્ત થયેલ જમીનનાં લેન્ડ યુઝ પ્લાનની રાજ્ય સરકાર પાસેથી મંજુરી મેળવેલ છે. આગામી વર્ષમાં ડીસીઆર ફાઈનલ કરીને ડેવલપમેન્ટની એક્ટિવીટી ચાલુ કરવામાં આવશે. સદરહુ પ્રોજેક્ટ અંતર્ગત ડીસેમ્બર-૨૦૧૧ સુધીમાં રૂા.૮૭૦.૦૦ કરોડ નો ખર્ચ થયેલ છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૨૨૬.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

અગ્નિશમન સેવાઓનું આધુનિકરણ :

અમદાવાદ શહેરમાં મુજબ હાઈરાઈઝ બિલ્ડીંગનું બાંધકામ દિવસે ને દિવસે વધી રહ્યુ છે. વિકાસથી સાથે સાથે ૪૦ મીટરથી વધુ ઉંચાઈના હાઈરાઈઝ બિલ્ડીંગો માટે હાઈડ્રોલીક પ્લેટફોર્મની તથા ટર્ન ટેબલ લેડરની વ્યવસ્થા ફાયર સર્વિસ માટે જરૂરી છે. રેસ્કયુ તેમજ ફાયર ફાયટીગની કામગીરી ઝડપથી, અસરકારક રીતે સલામતી પૂર્વક સેફટીથી કરી શકાય તે માટે રૂા.૧૪૦૦.૦૦ લાખના અંદાજીત ખર્ચે આધુનિક હાઈડ્રોલીક પ્લેટફોર્મ તથા ટર્ન ટેબલ લેડર ખરીદવામાં આવશે. ઈન્ડસ્ટ્રીયલ, કોર્મશીયલ તેમજ રેસીડેન્શ કોમ્પલેક્ષમાં ફાયર ફાઈટીંગ તેમજ બચાવ કામગીરી માટે ટર્ન ટેબલ લેડર થી ખુબજ સારી થઇ શકે છે.

ઈ-ગવર્નન્સ :

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી સુધારણાના ભાગરૂપે અને હયાત માળખામાં પારદર્શિતા લાવવા હાલની કોમ્પ્યુટર ટેકનોલોજીનો વ્યાપકપણે ઉપયોગ કરી મોટા ભાગની તમામ મ્યુનિસિપલ સેવાઓને નાગરિકોના ઘર આંગણે પહોંચાડવા સીવીક સેન્ટરો ઉભા કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧માં નવા સમાવિષ્ટ મ્યુનિસિપલ એરીયામા કુલ બાર જેટલાં નવા સીટી સીવીક સેન્ટરો શરૂ કરવામાં આવેલ. હાલમાં શહેરમાં ૪૦ સીવીક સેન્ટર કાર્યરત છે. આગામી વર્ષના અંત સુધીમાં શહેરના ૬૪ વોર્ડમાં સીવીક સેન્ટર કાર્યવન્ત કરવામાં આવશે. આ ઉપરાંત આગામી વર્ષમાં નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ✧ ભારત સરકારે દરેક રાજયનાં ઈ-ગવર્નન્સના અમલીકરણ માટે નેશનલ ઈ-ગવર્નન્સ એકશન પ્લાન અમલમાં મુકેલ છે. “નેશનલ મીશન મોડ પ્રોજેકટ” હેઠળ ભારત સરકારનાં હેઠળની ગાઈડ લાઈન મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઈ-ગવર્નન્સનો ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ બનાવવાની કામગીરી મે.પ્રાઈઝ વોટર કુપરહાઉસને સોંપેલ છે. હાલમાં સદરહુ ડીપીઆર ભારત સરકારમાં મંજૂરી અર્થે રજૂ કરેલ છે. જેની મંજૂરી મળે તમામ નાગરિક સુવિધાઓ એક જ પ્લેટ ફોર્મમાં લાવી કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ અમલીકરણ આગામી વર્ષમાં કરવામાં આવશે.
- ✧ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તમામ મોટી હોસ્પિટલોમાં સીકયુરીટીની વ્યવસ્થા સુદઢ કરવા સીસીટીવી કેમેરાની સર્વેલન્સ સિસ્ટમ કાર્યવન્ત કરવામાં આવશે.

- ✧ આગામી વર્ષમાં ઇજનેર ખાતાનાં તમામ કામોનાં અંદાજથી લઇ તેના ભૌતિક અને નાણાંકીય પ્રોગ્રેસની તમામ વિગતો સાથેનું એન્જીનિયરીંગ મોડયુલનું અમલીકરણ કરવામાં આવશે.
- ✧ મ્યુનિસિપલ કર્મચારીઓના પે-રોલ તથા પર્સનલ ઇન્ફોર્મેશન સિસ્ટમ અંગેના સોફટવેર બનાવવાની કામગીરીનું સંપૂર્ણ ઓનલાઇન માહિતી મળી રહે તે પ્રકારનાં સોફટવેર બનાવવાનું અમલીકરણ કરવામાં આવશે.
- ✧ વોર્ડ દીઠ નાગરિક ફરિયાદ નિવારણ માટે ઓનલાઇન કમ્પલેઇન્ટ રીડ્રેસલ સિસ્ટમનું અમલીકરણ કરવામાં આવશે.
- ✧ ઝોનલ ઓફીસો વાયરલેસ કનેક્ટિવિટી નેટવર્કીંગ માટે જોડાય તેવુ આયોજન હાથ ધરેલ છે.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૧૧૧૫.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

કેપેસિટી બિલ્ડીગ સેલ :

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુખાકારી માટે કરોડો રૂપિયાના ઇન્ફ્રાસ્ટ્રકચરના પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. સદરહુ પ્રોજેકટના કામો નિયત સમયમર્યાદામાં ગુણવત્તાસભર પૂર્ણ થાય તે માટે પ્રોજેકટનું પ્રોપર પ્લાનીંગ, ડિઝાઇનીંગ અને ટેન્ડરીંગ કરવું ખૂબ જ જરૂરી છે. કેપેસિટી બિલ્ડીગના ભાગરૂપે પ્રોજેકટના પ્લાનીંગ,ડિઝાઇનીંગ અને ટેન્ડરીંગ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકનીકલ નિષ્ણાંત અધિકારીઓના એક અલાયદા સેલની રચના કરવામાં આવશે તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા જરૂરી તાલીમ માટે રૂા.૫૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

શહેરના સ્લમ અને ચાલી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓનું આયોજન :

⇛ સોશીયો-ઇકોનોમીક તેમજ બાયોમેટ્રીક સર્વે :

શહેરમાં આવેલ તમામ સ્લમ પોકેટના રહેવાસીઓની સોસ્યો-ઇકોનોમીક સર્વેની કામગીરી તેમજ તમામ સ્લમ વિસ્તારનો ટોટલ સ્ટેશન સર્વે જેમાં મકાનોની હયાત પરિસ્થિતિ તેમજ જે તે સ્લમ વિસ્તારમાં આવેલ ઇન્ફ્રાસ્ટ્રકચરના સર્વેની કામગીરી કરવામાં આવેલ છે. જેનાથી જે તે સ્લમમાં અધુરા ઇન્ફ્રાસ્ટ્રકચર પુરા કરવામાં આવશે તેમજ પાયાની સગવડ માટે નવા ઇન્ફ્રાસ્ટ્રકચરનું પ્લાનીંગ કરવામાં આવશે.

આ ઉપરાંત નવા ઉમેરાયેલ વિસ્તારમાં આવેલ સ્લમ વસાહતોના સોસ્યોઇકોનોમીક સર્વે તેમજ ટોટલ સ્ટેશન સર્વેની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

⇛ શહેરના ઝૂંપડાઓના પુનઃ વસન અને પુનઃ વિકાસ :

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (તે જે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ની નીતિ મુજબ અમલીકરણ કરવામાં આવનાર છે. સદરહુ નીતિ મુજબ જે સ્લમ રહેવાસી દસ વર્ષથી જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ પાકું મકાન ૨૫ ચો.મી.નું આપવાનું (ગ્રાઉન્ડ + ત્રણ માળ કે તેથી વધારે) નક્કી કરવામાં આવેલ છે. તેનું અમલીકરણ ખાનગી ડેવલપરની પ્રપોઝલ મુજબ કરવામાં આવશે. ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં નીચેના વિસ્તારની દરખાસ્તની રાજ્ય સરકારની મંજૂરી મળેલ છે.

અ નં.	ઝોન	વોર્ડ	વિસ્તારનું નામ	ટી.પી	એફ.પી.	ઝુંપડાની આશરે સંખ્યા
૧	પૂર્વઝોન	અમરાઇવાડી	ભીખાદેવાનો વાડો	૨૭	૪૮/પી	૨૭૧
૨	પૂર્વઝોન	અમરાઇવાડી	ઋષિનગર	૨૭	૪૯	૩૮૪
			તલાવડીના ઝુંપડા	૨૭	૫૦	૨૧૩
			તલાવડીના ઝુંપડા	૨૭	૫૨	૨૦૧
			તલાવડીના ઝુંપડા	૨૭	૫૧/પી	
૩	પશ્ચિમ ઝોન	આંબાવાડી	અભુજી કુવાના છાપરા	૨૧	૪૨૨	૫૫
૪	પશ્ચિમ ઝોન	સાબરમતી	કૈલાસનગર	૨૩	૪૫૦, ૪૫૧, ૪૫૨	૪૩
૫	પૂર્વઝોન	ખોખરા	બાવાજીના છાપરા	૨૫	૧૬૪	૧૯૪
૬	પૂર્વઝોન	ખોખરા	બાવાજીના છાપરા	૨૫	૧૬૨	૫૨
૭	પશ્ચિમ ઝોન	વાસણા	મંગલતલાવડીના છાપરા	૨૬	૨૭૪, ૨૭૫	૫૮૬

ઉપરોકત મંજુર થયેલ દરખાસ્તમાં મકાનોની કુલ સંખ્યા આશરે ૧૯૯૯ છે. આ ઉપરાંત કુલ ૧૫ ડેવલપરની દરખાસ્ત આવેલ છે.

⇛ સર્વિસ એક્ષચેન્જ પ્રમોશન સેન્ટર :

અસંગઠિત કામદારોના ઉત્થાન માટે તેમજ તેઓને જે તે કામગીરી માટે ટ્રેનીંગ આપવા, રજીસ્ટ્રેશન કરીને જરૂરીયાતવાળી વ્યકિતને કામગીરી મળે તે માટે સેતુરૂપ થવા તેમજ અસંગઠિત કામદારોનું શોષણ રોકવા બહેરામપુરામા આશરે રૂા.૧૫૦.૦૦ લાખના ખર્ચે રાજ્ય સરકારશ્રીની ગ્રાંટમાંથી બનાવવાની કામગીરી ચાલુ છે. જેમાં જમીન તેમજ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર મ્યુ.કોર્પો.દ્વારા પુરુ પાડવામાં આવેલ છે.

⇛ નાઈટ શેલ્ટર (રેન બસેરા) :

શહેરમાં રહેતા ઘરવિહોણા લોકો માટે કુલ ૪૫ જગ્યાએ નાઇટ શેલ્ટર્સ બનાવવાનું આયોજન કરેલ છે. નાઇટ શેલ્ટર્સમાં રસ્તા ઉપર સૂતા લોકોને રાત્રિ આશ્રય આપવામાં આવશે.નાઇટ સેલ્ટર્સમાં સૂવા મળે તેમજ શૌચાલયની વ્યવસ્થા રહેશે. ચાલુ વર્ષે ૨૦૧૧-૧૨ માં રિવાઈઝ અંદાજમાં રૂા.૫૫૦.૦૦ લાખ તથા સને ૨૦૧૨-૧૩ માં રૂા.૨૩૧.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

⇛ વ્યક્તિગત શૌચાલય :

શહેરને ઓપન ડેફિકેશનથી સંપૂર્ણ રીતે મુકત કરવાનું આગામી વર્ષમાં આયોજન કરેલ છે. જે માટે ચાલુ વર્ષ કુલ ૨૧,૦૦૦ શૌચાલય ૧૦૦ % રાજ્ય સરકારની અને મ્યુનિ.કોર્પો.ના ખર્ચે બનાવવામાં આવેલ છે, વધુમાં અમદાવાદ શહેરમાં જુદી જુદી જગ્યાએ ૧૮,૭૨૨ વ્યકિતગત શૌચાલય બનાવવાની કામગીરી ચાલુ છે.

⇛ સ્લમ ફ્રી સિટી (રાજીવ આવાસ યોજના) :

ભારત સરકાર દ્વારા શરૂ કરવામા આવેલ રાજીવ આવાસ યોજના અંતર્ગત અ.મ્યુ.કોર્પો. દ્વારા સ્લમ ફ્રી સીટી બનાવવા માટે ડી.પી.આર. બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સ્લમ ફ્રી સીટી બનાવવા નીચે મુજબના મોડલને અનસુરવાનું છે.

● સ્લમ રીલોકેશન મોડેલ :

જેમાં શહેરના સ્લમ વિસ્તારો જેવા કે નદી કિનારાના છાપરા, તળાવ કિનારાના છાપરા, ટી.પી., ડી.પી. વગેરેના ડેવલપમેન્ટમાં અડચણરૂપ ઝુંપડા, શહેરના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટમાં અડચણરૂપ ઝુંપડાને પ્રથમ પ્રાયોરીટી આપી આઈડેન્ટીફાઈ કરીને નજીકના વિસ્તારમાં નવા આવાસોનું નિર્માણ કરીને પુનઃવસાવવામાં આવશે.

- **ઈન સીટુ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન :**

જેમાં શહેરના દરેક સ્લમ વિસ્તારને ઈન્ડીવીડયુઅલ સર્વીસ કે સમગ્ર સ્લમ ને તમામ સુવિધાઓ એક સાથે પેકેજના રૂપમાં આપી અપગ્રેડ કરવામાં આવશે. મકાનના અપગ્રેડેશન માટેની સપોર્ટ વ્યવસ્થા પણ કરવામાં આવશે.

- **પી.પી.પી. મોડેલ :**

જેમાં દરેક અલગ સ્લમ વિસ્તારને મોબીલાઈઝ કરીને એજ જમીન ઉપર રીલોકેશન કરવામાં આવનાર છે અને નવા મકાનોનું નિર્માણ કરી પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે રહેવાસીઓને નવા આવાસો બાંધી આપવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજીવ આવાસ યોજના હેઠળ શહેરમાં રહેતા સ્લમ વિસ્તારના લોકોનું જીવન ધોરણ ઉચું લાવવા તેમજ પાયાની સુવિધાઓ અને આવાસો તમામ સ્લમ રહેવાસીઓને મળી રહે શહેરને સ્લમ ફ્રી સીટી બનાવવાનું આયોજન કરેલ છે. સ્લમ ફ્રી સીટી આયોજનના ભાગરૂપે શહેરની જાણીતી સંસ્થા સેપ્ટને ડી.પી.આર. બનાવવાની કામગીરી સ્લમ નેટવર્કીંગ સેલ સાથે રહીને શરૂ કરેલ છે. સદરહુ ડી.પી.આર. બનાવવા શહેરમાં આવેલ સ્લમ વિસ્તારનો ટોટલ સ્ટેશન સર્વે તેમજ સોસીયો ઈકોનોમેક સર્વે કરવામાં આવેલ છે અને નવા ઉમેરાયેલ વિસ્તાર માટે ટોટલ સ્ટેશન અને સોસીયો ઈકોનોમીક સર્વેની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

ચાલુ વર્ષમાં સ્લમ રીલોકેશન તેમજ સ્લમના મકાનોમાં ઈન સીટુ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન તેમજ હયાત આવાસો અપગ્રેડેશનની કામગીરી પ્રથમ તબક્કામાં ડી.પી.આર. મંજુર થયેલ શરૂ કરવામાં આવશે. સદરહુ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો નાણાકીય ફાળો કુલ ૭૦% મુજબ રહેશે અને બાકીના ૩૦% લાભાર્થીએ / યુએલબીએ ભોગવવાનો રહેશે.

સદરહુ યોજના અંતર્ગત ચાલુ વર્ષે નવા ૩૫૦૦ થી ૪૦૦૦ મકાનો બનાવી સ્લમ રીલોકેશનની કામગીરી તેમજ ૧૦૦૦ મકાનોમાં ઈનસીટુ અપગ્રેડેશનની કામગીરી અને પીપીપી મોડલ અંતર્ગત ૫૦૦ આવાસો જે તે પ્લોટમાં બનાવવાનું અને આઉટર ઈન્ફ્રાસ્ટ્રકચર સ્ટ્રેન્ધનીંગની કામગીરી કરવામાં આવશે.

સદરહુ કામગીરી કુલ રૂ.૧૫૨.૩૦ કરોડનો ખર્ચ અંદાજ થયેલ છે. જેમાં નાણાકીય આયોજન નીચે મુજબ રહેશે.

કેન્દ્ર સરકારનો ફાળો	-	રૂા.૭૬.૧૫ કરોડ (૫૦% મુજબ)
રાજ્ય સરકારનો ફાળો	-	રૂા.૩૦.૪૬ કરોડ (૨૦% મુજબ)
અમ.મ્યુ.કોપો.નો ફાળો	-	રૂા.૪૫.૬૯ કરોડ (૩૦% મુજબ)
કુલ રકમ	-	**રૂા.૧૫૨.૩૦ કરોડ**

જે અંતર્ગત આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૧૦.૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે.

ઉમ્મીદ કાર્યક્રમ :

રાજય સરકારશ્રીએ તાજેતરમાં શહેરી ગરીબોના આર્થિક ઉત્થાન તેમજ તેઓનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે શહેરી ગરીબી સમૃધ્ધિ યોજના અંતગર્ત "ઉમ્મીદ" તાલીમ રોજગાર કાર્યક્રમ હેઠળ શહેરી ગરીબ કુટુંબોના યુવાનો કે જેઓ કોઈપણ કારણસર અભ્યાસ પૂરો કરી શકેલ નથી તેવા યુવાન યુવક / યુવતીઓને તુર્ત જ રોજગાર ઉપલબ્ધ થાય તેવા પ્રકારના જુદા જુદા તાલીમવર્ગો ઉમ્મીદ કાર્યક્રમ હેઠળ હાથ ધરવામાં આવેલ છે. જે અનુસંધાનમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં જુદા જુદા વોર્ડ વિસ્તારમાં સ્થાનિક શહેરી ગરીબ કુટુંબના યુવાનોને આ પ્રકારની તાલીમ રાજય સરકાર ધ્વારા નક્કી થયેલ ધોરણો મુજબ છ સંસ્થા મારફત હાથ ધરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત જુદા-જુદા રોજગારલક્ષી વિષયોની તાલીમ આપવામાં આવે છે. જેથી તાલીમાર્થીઓને તરત જ જે તે ફીલ્ડમાં કામગીરી મળી રહે છે અને તેઓ તેમનું તેમજ તેમના કુટુંબનું સ્વમાનભેર ભરણપોષણ કરે છે. સદરહુ યોજના હેઠળ ડિસેમ્બર-૨૦૧૧ સુધીમાં ૨૦૪૯૫ શહેરી ગરીબ યુવાનોને તાલીમ આપવામાં આવેલ છે તે પૈકી ૧૬૦૭૫ યુવાનોને રોજગારી મળેલ છે.

સફાઈ કામદારો માટે આવાસ યોજના :

આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કામદારોના આવાસો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ના ઉપક્રમે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કામદારોનું જીવનધોરણ ઉંચુ આવે તેમજ તેમને સારા રહેણાંક મળી રહે તે માટેના આયોજન પૈકી પ્રથમ તબક્કામાં કુલ ૧૦૨૪ આવાસો તેમજ બીજા તબક્કામાં ૯૬૦ આવાસો બનાવવાની કામગીરી જુદી જુદી જગ્યાઓ ઉપર ચાલુ છે.

સદરહુ આવાસો અત્યંત આધુનિક ટેકનોલોજીથી મોનોલીથીક ટાઈપના કે જેમાં તમામ દિવાલો આર. સી.સી.ની અને આકર્ષક ફીનીશીંગ વાળી બનશે. આ આવાસો બે રૂમ, રસોડું, ટોયલેટ, બાથરૂમ તેમજ બાલ્કની ની સવલતવાળા તેમજ ગ્રાઉન્ડ +૩ મુજબના બનાવવામાં આવી રહેલ છે. જેનો બીલ્ટઅપ એરીયા ૩૬.૫ ચો.મી. અને કારપેટ એરીયા ૨૬.૭૭ ચો.મી. છે. સદરહુ પ્રોજેક્ટ માટે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માં રૂા.૧૯૯૩.૦૦ લાખનું બજેટ ફાળવવામાં આવેલ છે.

શહેરમાં આવેલ ચાલીઓ તથા સ્લમ વિસ્તારમાં માળખાગત સુવિધા પૂરી પાડવા માટે આગામી વર્ષ૨૦૧૨-૨૦૧૩ ના અંદાજપત્રમાં નીચે મુજબની ફાળવણી કરવામાં આવેલ છે.

	(રૂા.લાખમાં)
✧ સ્લમ અપગ્રેડેશન ઝૂંપડા સુધારણા	૨૭૭.૩૬
✧ ઝૂંપડા, ચાલી, સ્લમમાં આવશ્યક સવલત આપવા	૬૬૦.૧૧
✧ ચાલીઓ તથા ઝૂંપડાઓમાં રસ્તાઓ કરવા તથા પથ્થર પેવીંગ	૭૦૧.૮૧
✧ ચાલી તથા ઝૂંપડામાં ડ્રેનેજની સુવિધા આપવા	૭૦૨.૬૯
✧ ઝૂંપડા તથા ચાલીઓમાં પાણીની સુવિધા આપવા	૭૬૯.૭૫
✧ સ્લમ ક્લીયરન્સ બોર્ડની વસાહતમાં પ્રાથમિક સુવિધાના કામો માટે	૫૬૩.૬૧

સમાપના

સને ૨૦૧૧-૨૦૧૨ ના અંદાજપત્ર અંતર્ગત હાથ ધરવામાં આવેલ તેમજ સને ૨૦૧૨-૨૦૧૩ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ વિકાસ કાર્યોની યોજનાઓ ઝડપી અમલીકરણ દ્વારા સમય મર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ કરી જાહેર સુખાકારીમાં અને અમદાવાદ શહેરની બ્રાન્ડ ઈમેજમાં વધારો કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો અધિકારી અને કર્મચારી ગણ કટિબદ્ધ છે. તે બાબતની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

આગામી વર્ષમાં પ્રાથમિકતા તથા નાણાંકિય આયોજનને અનુલક્ષીને વિકાસના કાર્યો શરૂ કરવામાં આવશે. જેમાં સફાઈ, પાણી, ગટર, રસ્તા, બ્રીજ, જાહેર આરોગ્ય, જાહેર પરિવહન સેવા, શહેરી ગરીબો માટે માળખાગત સુવિધાના કામો તેમજ સાંસ્કૃતિક વારસાની જાળવણીને પ્રાધાન્ય આપી સમગ્રપણે નાગરિક સેવાઓનું સ્તર મેગાસીટીના સ્તર મુજબની થાય અને તે મુજબની કાળજી લેવામાં આવશે.

બી.આર.ટી.એસ., કાંકરિયા લેક ફ્રન્ટ તથા સાબરમતી રીવર ફ્રન્ટ દ્વારા સમગ્ર ભારતનું તથા વિશ્વના ધ્યાન ખેંચાયું છે તથા આવા કારણોસર ભારતના તથા વિશ્વના મોટા ઔધોગિક ગૃહો, નાણાંકીય સંસ્થાઓ વગેરેને અમદાવાદની સાથે કદમ મિલાવવાની હોંશ છે. એ નિર્વિવાદ વાત છે કે અમદાવાદ શહેરનો સર્વાંગી વિકાસ થઈ રહેલ છે. ગુજરાતમા આવા આવી રહેલ મૂડીરોકાણથી અમદાવાદ શહેરની આગવી ઓળખ વૈશ્વિક સ્તરે ઉભી થયેલ છે. વિકાસની આ હરણફાળમાં અમદાવાદ ગ્રોથ એન્જીન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. જેની જાળવણી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી તેમજ કર્મચારીગણની પ્રતિબદ્ધતા બાબતની હું વિશ્વાસપૂર્વક ખાત્રી આપુ છું.

માનનીય મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, અખબારો તથા મિડીયાના મિત્રો તેમજ અધિકારી-કર્મચારીગણ દ્વારા અત્યાર સુધી મહાનગર સેવા સદનના સંચાલનમાં જે સાથ અને સહકાર મળેલ છે તેને હું બિરદાવું છું અને ભવિષ્યમાં પણ આવો જ સાથ અને સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું.

શહેરના વિકાસ માટે જે આકરા પગલાં લેવા પડે તેમ છે તેમાં આપ સૌનો સાથ અને સહકાર પણ તેટલો જ જરૂરી છે તેવી આશા સાથે આપ સહુ અંદાજપત્રમાં સૂચવેલ દરખાસ્તો મંજૂર કરી શહેરના વિકાસમાં સહભાગી થશો તેવી અપેક્ષા સહ....

ડો.ગુરૂપ્રસાદ મોહાપાત્ર
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

તા.૨૧-૦૧-૨૦૧૨

પરિશિષ્ટ - ૧

મ્યુનિસિપલ કમિશનરશ્રીની ઉપરોક્ત નોંધમાં જણાવ્યા મુજબ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ની કલમ ૯૫(ડ) તથા તેને લગતી અન્ય કાનૂની જોગવાઈઓ અનુસાર અંદાજત્રના વર્ષ માટે નીચે પ્રમાણેના કર-દરના ધોરણો રાખવા પેશ કરવામાં આવે છે.

૧. ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૧૪૧(બી) થી ૧૪૧(એફ) અન્વયે ગુજરાત રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્પેશ્યલ ઓર્ડીનન્સ નં. ૧/૨૦૦૭ તા. ૨૦-૧-૨૦૦૭ હેઠળ મિલકતવેરાને જનરલ ટેક્ષ એટલે કે સામાન્ય વેરો ગણવાનો રહેશે.

સામાન્ય વેરો = વાર્ષિક દર **x** મિલકતનું ક્ષેત્રફળ **x** (ફેક્ટર-૧ **x** ફેક્ટર-૨ **x** ફેક્ટર-૩ **x** ફેક્ટર-૪)

નવી ફોર્મ્યુલાની સમજૂતિ

વાર્ષિક દર :

ઉપરોક્ત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નક્કી કરતી વખતે કોર્પોરેશન આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

મિલકતનું ક્ષેત્રફળ : મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નક્કી કરવામાં આવશે. કારપેટ એરિયા ગણતી વખતે મિલકતની બાહ્ય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનું રહેશે.

ખુલ્લી જમીન માટે જમીનોનું ક્ષેત્રફળ તેનું ખરેખર જે ક્ષેત્રફળ હશે તે ધ્યાને લેવામાં આવશે.

આગામી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે સૂચિત વાર્ષિક દર

રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ ૧૦
બીન રહેઠાણની મિલકતો માટે	:	પ્રતિ ચોરસ મીટર પ્રતિ વર્ષ ૨૨

ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

ફેકટર - ૧ : સ્થળ પરિસ્થિતિ (લોકેશન) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃદ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે. તેથી અલગઅલગ વિસ્તારની સમૃદ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે. તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃદ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે.

	રહેઠાણની મિલકતો માટે	**અવયવ**
(અ)	**સમૃદ્ધ વિસ્તાર**	**૧.૬૦**
(બ)	**સારો વિસ્તાર**	**૧.૧૦**
(ક)	**મધ્યમ વિસ્તાર**	**૦.૯૦**
(ડ)	**નબળો વિસ્તાર**	**૦.૬૦**

બિન રહેઠાણની મિલકતો માટે વિસ્તારનું વિભાજન વધુ વાણિજ્ય શક્યતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર ઊંચો રાખવામાં આવેલ છે. જ્યારે નબળા વાણિજ્ય શક્યતાવાળા વિસ્તારનો અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

	બિનરહેઠાણની મિલકતો માટે	**અવયવ**
(અ)	**ખૂબ જ સારી**	**૧.૬૦**
(બ)	**સારી**	**૧.૧૦**
(ક)	**મધ્યમ**	**૦.૯૦**
(ડ)	**નબળી**	**૦.૬૦**

રાજ્ય સરકારની સ્ટેમ્પ્સ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

ફેક્ટર - ૨ : મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેક્ટર

અ. નં.	મિલકતની ઉંમર	અવયવનો દર
૧	દશ વર્ષ કે તેથી ઓછા સમયની	૧.૦૦
૨	દશ વર્ષથી વધુ પરંતુ વીશ વર્ષ સુધી	૦.૮૫
૩	વીશ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી	૦.૭૦
૪	ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી	૦.૬૦
૫	ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની	૦.૫૦

ફેક્ટર - ૩ : રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેક્ટર

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છે :

(૧) ઝૂંપડા

(૨) ચાલી

(૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો

(૪) ફ્લેટ

(૫) રો-હાઉસ - ટેનામેન્ટ

(૬) સ્વતંત્ર બંગલા

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપર મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

	મિલકતોનો પ્રકાર	અવયવનો દર
(૧)	ચાલી (૨૫ ચો.મી. કરતાં ઓછા)	૦.૫૦
(૨)	પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો	૦.૭૦
(૩)	ફ્લેટ	૦.૭૦
(૪)	રો-હાઉસ - ટેનામેન્ટ	૧.૦૦
(૫)	સ્વતંત્ર બંગલા	૧.૫૦

(બ) બિનરહેઠાણવાળી મિલકતોના વપરાશ અંગેનો ફેક્ટર :

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા-જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેનો અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

(ક)	૧	નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં	૭.૦૦
		વાણિજ્યિક હેતુઓ : બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી, સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔધોગિક એકમોની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઇમારતો ---------- -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૧૦-૩૫૭૧-પી, સચિવાલય,ગાંધીનગર તા.૨૬ ઓગસ્ટ,૨૦૧૧થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૫-૧૦-૧૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી	
		મ્યુ.કોર્પોરેશન બીલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં રીબેટ જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેકસમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
		ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને "ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.	
	૨	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વગેરેઃ-** દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ	૬.૦

	૩	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **ઔદ્યોગિક એકમો અને કારખાના (ફક્ત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-** વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ, લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેકશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ, ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્કીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ , સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ -ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ક્રમાંકઃ અમન-૮૦૨૦૦૭-એમ-૬૮૦-પી, સચિવાલય,ગાંધીનગર તા.૧ઓગસ્ટ, ૨૦૦૯થી મંજુરી મળેલ જેને એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં તા. ૨૧-૦૮-૦૯ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનો અમલ તા.૧-૪-૨૦૦૯ થી કરવામાં આવેલ છે. **જે મુજબ હયાત નિયમ ૮ખ (૪) (ક) (૩) માં ઉમેરોઃ** -૮ખ (૪) (ક) ૧ અને ૨ માં દર્શાવ્યા મુજબની ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ કે જેમાં વેચાણની કામગીરી થતી ના હોય, અને વેચાણની કામગીરી થતી હોય તે મિલકતથી સદર ગોડાઉન, વેરહાઉસીસ અલગ આવેલા હોય અને તે ઈમારતનો ઉપયોગ ફકત માલસામાનનો સંગ્રહ કરવા, અને ટ્રાન્સપોર્ટ કંપનીઓના માલસામાનનો સંગ્રહ કરવા થતો હોય તેવી જ ઈમારતોના ગોડાઉન અને વેરહાઉસીસ	૨.૦
	૪	**નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં** **શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ-** ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામુંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ	૨.૦
